# ધર્મવિચાર.

[ "ગુજરાતી" ને "આર્યજ્ઞાનવર્દ્ધક" માં લખાયલા નિબંધો. ]

લખનાર

**કવિ નર્મદાશંકર લાલશંકર.**

"રાત વિતી ને વાયું વ્હાણું, અરૂણોદય દીપતો આ;
"પ્રકાશ કુમળો સુનું ઓપતું, શકુન સહૂ શુભ સોહ્યા."

પ્રગટકરનાર

**"ગુજરાતી"ના માલેકો.**

(સન ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવી છે.)

સન ૧૮૮૫.

કિંમત રૂ



## લેખક-પરિચય

**નર્મદ** (નર્મદાશંકર લાલશંકર દવે : ૧૮૩૩-૧૮૮૬) 'અર્વાચીનતા'નો પૂરો સ્પર્શ પામેલા ગુજરાતી સાહિત્યના પહેલા લેખક. જન્મ સુરતમાં. પણ પછી સમયેસમયે એમનું ભણવાનું સુરત ને મુંબઈ વચ્ચે વહેંચાયેલું રહ્યું. શિક્ષક તરીકે પણ સુરત-મુંબઈ રહ્યા. ઈ.૧૮૫૦માં મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં ગયા પણ અભ્યાસ પૂરો ન કર્યો. કૉલેજમાં વર્ડ્ઝવર્થની કવિતાથી આકર્ષાયા ને ૧૮૫૬ આસપાસથી કાવ્યલેખન શરૂ થયું. નવી અંગ્રેજી સંસ્કૃતિ ને સાહિત્ય-વિદ્યાના પ્રભાવે એ લેખક ઉપરાંત પત્રકાર અને સમાજસુધારક થયા – 'ડાંડિયો' સામયિકપત્ર ચલાવ્યું. એ નિમિત્તે ગુજરાતી ગદ્ય પણ ખેડાયું.

'યા હોમ કરીને પડો..' તથા 'જય જય ગરવી ગુજરાત' જેવાં કાવ્યોથી ને 'મંડળી મળવાથી થતા લાભ' જેવા વક્તવ્ય-નિબંધોથી બહુ-ખ્યાત બનેલા ને વીર નર્મદ તરીકે વધુ જાણીતા આ સર્જક-વિવેચક-વિચારક-સંશોધકનું ફલક ઘણું વિશાળ છે ને એમ ભાષા-સાહિત્યને એમનું પ્રદાન ખૂબ મોટું અને અવિસ્મરણીય છે.

'નર્મકવિતા'(૧૮૬૪)માં એમની સમગ્ર કવિતા સંચિત થઈ છે અને 'નર્મગદ્ય'(૧૮૬૫)માં એમનાં નિબંધાદિ સર્વ ગદ્ય-લખાણો છે. 'મારી હકીકત' નામે આત્મકથા ૧૮૬૬માં એમણે પોતાના પૂરતી જ છપાવેલી, જાહેર પ્રકાશિત ન કરેલી, એ એમના અવસાન પછી, ગુજરાતી પ્રેસે ૧૯૩૩માં પ્રગટ કરી. નર્મદનું સંશોધન-સંપાદન પણ બહોળું છે. અપ્રતિમ ઉત્સાહ અને શાસ્ત્રીય સમજવાળા અવિરત શ્રમથી એમણે 'પિંગળપ્રવેશ'(૧૮૫૭), 'નર્મકથાકોષ'(૧૮૭૦), ૧૮૬૧થી આરંભેલો 'નર્મકોશ'(શબ્દકોશ,૧૮૭૩), પ્રેમાનંદકૃત 'દશમસ્કંધ' (૧૮૭૩) અને એવાં બીજાં અનેક મહત્ત્વનાં વિદ્યાકાર્યો કર્યાં. એ ઉપરાંત 'રાજ્યરંગ'(૧૮૭૪-૭૬)માં પ્રાચીન-અર્વાચીન ઇતિહાસનું આલેખન છે, 'ધર્મવિચાર'(૧૮૮૫)માં ધર્મ અને શ્રદ્ધાની એમને નવી લાધેલી દૃષ્ટિને નિરૂપતા નિબંધો છે.

રામનારાયણ પાઠક જેવા આપણા ઉત્તમ વિવેચકે નર્મદને 'અર્વાચીન ગદ્યપદ્યનો આદ્યપ્રણેતા' તરીકે ઓળખાવ્યા છે એ સર્વથા ઉચિત છે.

–રમણ સોની

## કૃતિ-પરિચય : ધર્મવિચાર

નર્મદની હયાતીમાં પ્રગટ થયેલું એનું આ છેલ્લું ગદ્યપુસ્તક છે. નર્મદની ઉત્તરાવસ્થામાં, એના વિચાર-પરિવર્તનને આલેખતા, મુખ્યત્વે 'ગુજરાતી' સામયિકમાં અને એક 'આર્યજ્ઞાનવર્ધક' સામયિકમાં પ્રકાશિત થયેલા લેખો છે. ઇચ્છારામ દેસાઈએ એનું સંકલન કરીને એને 'ધર્મવિચાર' નામથી ૧૮૮૫માં ગ્રંથરૂપ આપ્યું.

સ્વભાવના તેમજ સુધારા વિશેના આવેગો ઓછા થતાં નર્મદ આંતરદર્શન કરે છે – આર્યધર્મ પ્રત્યે વળે છે. જે માણસ પ્રવૃત્તિ-સક્રિય હતો એ કંઈક અંશે પ્રારબ્ધવાદી બનતો જણાય છે. એની પાછળ સુધારા અને સુધારાવાદીઓની નિષ્ફળતા અને અમુક અંશે તો સુધારાની નિરર્થકતાની પ્રતીતિ પણ કારણભૂત બનેલી છે.

'સુધારો અને સુધારાવાળા' જેવા ચિકિત્સા કરતા લેખથી 'સનાતન ધર્મ અને સામાજિક ધર્મ'ની ચર્ચા કરતા આ ૭ દીર્ઘ લેખોમાં નર્મદની ધર્મપરાયણતા ક્યાંક ધર્મ-બોધરૂપે પણ વ્યક્ત થઈ છે. જેમ કે ધર્મજિજ્ઞાસા લેખ પ્રશ્નોત્તરી રૂપેમુકાયો છે તો કેટલાકમાં એની પૂર્વખ્યાત ઉદ્‌બોધનશૈલી પણ દેખાય છે. ક્યાંક તો લેખકની 'સ્વધર્મે નિધનં શ્રેયઃ' અને 'નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા' જેવી પ્રાચીન પરંપરા-નિષ્ઠતા પણ જણાય છે. વળી આ નિબંધોમાં થિયોસોફી, આર્યસમાજ, વગેરે વિચારસરણીઓ સાથે સ્પષ્ટ અસંમતિ દેખાય છે એથી કેટલાકને નર્મદની વૃદ્ધ-મનસ્થિતિ પણ એમાં જણાઈ છે.

પરંતુ, એની સાથે મતભેદ ધરાવનારને પણ આ નિબંધોમાં નર્મદની સ્પષ્ટતા, નિખાલસતા તો સ્પર્શી જાય એમ છે. એક નિબંધકાર તરીકે નર્મદની થોડીક વિલક્ષણ છતાં પૂર્વ મુદ્રા એમાં જરૂર દેખાશે.

એથી, આ લખાણોમાં પ્રવેશવું પણ રસપ્રદ નીવડશે. –રમણ સોની

મુંબઈ,
ગુજરાતી પ્રીંટીંગ પ્રેસમાં
રતનજી નશરવાનજી આંટીયાએ છાપ્યું છે.

# પ્રસ્તાવના.

આ ગ્રંથમાં છપાએલા નિબંધો એટલા બધા તો અમૂલ્ય, અને મનન કરવા યોગ્ય છે કે તેની ઘણી માંગણી થવાથી હાલનો સંગ્રહ બહાર પાડયો છે. . કવિ નર્મદાશંકરના વિચારથી જે જે વિદ્વાનો જૂદા પડતા હોય તેઓ પણ આ નિબંધોની શૈલી, તેમાંની સ્પષ્ટતા, નિરાકરણ કરવાની ઢબ, અને સૌથી ઉત્તમ એમનું નિખાલસપણું જોઈ બહુ પ્રસંશા કરે છે, એજ એમના વિચારની બલિહારી છે.

ત્રીસ વર્ષપર ગુર્જર પ્રજાજન ઉદ્યમના રંગમાં ખૂબ ખિલ્યાં હતાં, પણ સુધારાના રંગનો લહાવો લેતાં તેઓ છેકજ થાકી ગયા. મોળા પડયા અને દેશાભિમાની સ્નેહરંગ તદન ઉડી ગયો એના સંબંધમાં "ભુલ્યા ત્યાંથી ફરી ગણો" એ નીતિએ ઉદ્યોગ ચલાવી જનતાને વંશપરંપરાની ઉજળી કરવી એ આ નિબંધોનો હેતુ છે. સમય, આવી ઉત્તમ રીત ગ્રંથસ-ના માટે યોજી તેનાપર યત્ન કરવાનો નથી; પણ જે પુરૂષે સુધારાના પ્રથમ કાળમાં છેદકપણું પછી છેદકરક્ષકપણું ધર્યું; ને હવે તદન રક્ષકનીતિ ધરી છે સકારણવાદ, બહુબહુ રીતે લક્ષપૂર્વક અવલોકન કરવા યોગ્ય કવિના જેવી ઉત્તમ શક્તિ સ્પષ્ટિકરણમાં, વિચારની પ્રૌઢીમાં, દર્શનમાં અને ભાષાની નવી શૈલીમાં બીજા કોઇ પણ ગુર્જરમાં . એ સર્વ રીતે માન્ય છે. હમણાના વિદ્વાનો બનાવોના અવલોકન - ે ખરા, પણ બુદ્ધિવિચારબળે સિદ્ધાંતનું સ્વરૂપ જોતા નથી. કવિએ ા જૂદીજ રીતિ પકડી સુધારાનું ત્રીસ વર્ષનું સ્વરૂપ જોયું ને તેમાંથી જેટલું સત્ય ને ગ્રાહ્ય દીઠું તેજ રાખી અગ્રાહ્ય વસ્તુને તજી દીધીછે. ઉપલક વિચાર કરનારા વિદ્વાનોમાં કદી આને માટે મતભેદ હોય, પણ થોડો કાળ વિત્યા વિના ખરૂં સ્વરૂપ માલમ પડશે નહી. બેકન પંડિતે જે મહા સમર્થ નીતિ "વિચાર કરવા" માટે યોજી હતી, તેજ ધોરણ ક-

# પ્રસ્તાવના.

વિએ સાચવ્યું છે, પણ જેમ બેકન પંડિતના વિચારનો અમલ એક બે વીસી વિત્યા પછી થયો છે, તેમ કવિના વિચારનો જય થતાં વિલંબ લાગશે નહીં. એની પ્રત્યક્ષ સાબીતિ એજ છે કે આ ગ્રંથની ઉપરાઉપરી માંગણી થઈ છે.

આ ગ્રંથમાંના સઘળા નિબંધો ઉપર દૃષ્ટિ ફેરવવાનો સમય કવિરાજને મળ્યો નથી. ગ્રંથસંગ્રહ કરનાર ઉપર એના અક્ષરચૂકનો કે સંગ્રહ વ્યવસ્થાનો દોષ છે.

તા૦ ૧૭ મી ફેબ્રુવારી ૧૮૮૫.

પ્રગટકર્ત્તા.

# અનુક્રમણિકા.

## "ગુજરાતી"માં લખેલા નિબંધો.


| | | | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧. | સુધારો ને સુધારાવાળા. | ૨૧ મી આગષ્ટ ૧૮૮૧. | ૧ |
| ૨. | આર્યોત્કર્ષ | ૧૪ મી મે ૧૮૮૨. | ૪૭ |
| ૩. | મુક્તિતંત્ર. | ૧૫ મી જુન ૧૮૮૪. | ૧૧૭ |
| ૪. | લગ્ન. | ૭ મી આગષ્ટ ૧૮૮૧. | ૧૮૧ |
| ૫. | દેશાભિમાન. | ૧૪ મી આગષ્ટ ૧૮૮૧. | ૧૮૭ |
| ૬. | સનાતનધર્મ ને સામાજીક ધર્મ | ૨૯મી મે ૧૮૮૧. | ૧૯૬ |


## "આર્યજ્ઞાનવર્ધક"માં લખેલો નિબંધ.


૭. ધર્મજીજ્ઞાસા. ... ... ... ... ... ... ... ... ૧૪૮

# ધર્મવિચાર.

## સુધારો ને સુધારાવાળા.

(૧) પ્રત્યેક પ્રજામંડળની સ્થિતિ કાળે કાળે બદલાય છે; કોઇ કાળે અતિઘણી તથા કોઈ કાળે અતિથોડીપણ બદલાતી ને પછી બદલાયલી દેખાય છે.

બદલાતી સ્થિતિના સમયમાં કેટલાક જણ પોતપોતાના મત પ્રજાને જણાવે છે અને કેટલીક વારે બે મોટા પક્ષ સામસામાં બંધાય છે—જો કે વળી એકેક પક્ષમાં પણ મતફેર થોડો કે ઘણો હોયછેજ.

જૂના નવા વિચારની ચાલતી લડાઈમાં કેટલાક જણ પોતાનાં મતને ભૂલ ભર્યું જાણી લે તોપણ અપમાનને ભયે કે ભાવિજયની આશાએ હઠ ધરી તે મુકતા નથી; કેટલાએક ભૂલ જણાયેથી બીજા પક્ષમાં ઉતરે છે; કેટલાક તટસ્થ દિગ્મૂઢ રહી જોયાં કરે છે; કેટલાએક સંશયે નબળા કે સ્વાર્થે સબળા તે મધ્યસ્થનું ડોળ ઘાલી રહે છે; અને કોઇ વળી પ્રથમ ન દીઠામાં આવેલા તે નવી દેખા દેછે.

લડાઇ કોઇવાર બંધ પડે છે, કોઈ વાર ધીમી ચાલે છે, કોઇવાર પૂર ઊરમાં મચે છે, અને સમયની આવવાની અવધિયે જૂના નવા વિચાર છિન્નભિન્ન થયલાની નવી વ્યવસ્થા થાય છે.—નવો વિચાર તે જૂનાને નિર્મૂળ કરી શકેજ નહિ કેમકે નવો તોપણ બાપનો બેટો થાય; તે થોડો ઘણો જૂનામાં ભળે કે પોતાનું નાનું કે મોટું જૂદું રાજ્ય માંડે ને એ રીતે જીત્યો કેહવાય. જૂનો તે પોતાનામાં નવાને થોડોક દાખલ કરે (સમયને નમીને) કે નાશ કરે, કે દેશ બહાર હાંકી મૂકે, તો એ જીત્યો કેહેવાય. ઘણુંખરૂં નિત્યના જૂનામાં સમયના નવામાંના કેટલાક વિચાર ભળી રહે છે.

નવા વિચારવાળો કે જૂના વિચારવાળો જે જયી પુરૂપ સમયની છેલ્લી વ્યવસ્થા કરે તે મહાપુરૂપ કેહવાય છે—(એ બીજાને, હિંદુઓ

અવતારી કે અંશાવતાર કે આચાર્ય કે જગદ્‌ગુરૂ અને શકવર્ત્તી કે ચક્રવર્ત્તી એવે વિશેષણે ઓળખે છે).

નવા વિચારનો જ્યી પુરૂષ તે મોટો સુધારો કરનારો કે સિદ્ધ સુધારાવાળો એ શબ્દે પણ ઓળખાય. સુધારવું એટલે બગડેલું–અવ્યવસ્થિત હોય તેને ચોખ્ખું–વ્યવસ્થિત કરવું; સુધારો એટલે સુધારવા સંબંધી કર્મ કે ક્રિયા અથવા સુધરેલું કાર્ય કે સુધરેલી સ્થિતિ,–નવો વિચાર. સમયનો સિદ્ધ સુધારાવાળો દર્શન દે તેની પેહેલાં જે પુરૂષો સુધારાનાં મતનો બોધ કરનારા તે સાધક સુધારાવાળા અને એમાંના જે મોટાના સાથી તે સહાય સુધારાવાળા.

સાધક સૌનો ઉદ્દેશ સુધારાનો છતે જૂદી જૂદી બુદ્ધિયે, જૂદા જૂદા વિષયમાં, જૂદે જૂદે પ્રસંગે, જૂદી જૂદી રીતે ઉદ્યોગ કરનારા હોય. પ્રત્યેક જણ પોતપોતાના વિચાર, શ્રમ તથા કાર્ય પ્રમાણે જૂદા જૂદા યશને યોગ્ય થાય. તેઓ વિચાર કર્મમાં જીવતાં કે મુઆ પછી સિદ્ધને વધારે ઓછા અનુસરતા જણાય તે પ્રમાણે માનપાત્ર ઠરે–સમયના સુધારાવાળા રૂપે; અને એમ તુલના ન થઇ હોય ત્યાંસુધી તે પોતાનીજ વેળાના સુધારાવાળાની તુલનાએ માનપાત્ર કેહવાય. સાધકમાં પ્રથમ નવો વિચાર આપવાવાળો પણ મોટું પદ ધરાવે પછી તેણે કાંઈ કીધું હોય યા નહિ. વિષયપરત્વે ધર્મ તે પેહેલી; રાજનીતિ તે બીજી ને દેશસમૃદ્ધિ તે ત્રીજી એમ ક્રમે મહતા રાખે છે. ધર્મવિષયમાં તત્વજ્ઞાન તથા શુદ્ધધર્મ એ પેહેલી, વ્યવહાર ધર્મનીતિ એ બીજી, ઘરસંસારની નીતિરીતિ એ ત્રીજી એમ અગત્ય રાખે છે.

સાધકમાં કેટલાએક **ઉચ્છેદક** (radical), **રક્ષકછેદક** (liberal radical) ને **છેદકરક્ષક** (liberal conservative) હોય. એક તે જૂના વિચારને નિર્મૂળ કરવાને; બીજો તે નવાને વિશેષ દાખલ કરવાને; અને ત્રીજો તે જૂનોમાંનું ઘણુંક અવશ્ય રાખવાને તથા ન છુટકાના નવાને દાખલ કરવાને ઉદ્યમી હોય–જૂનાને હઠથી રાખી રહેવાને મથે તેને પ્રરક્ષક (conservative) કહીએ.

સાધકમાં કોઈ પ્રથમ ધસી તરતજ પલાયન કરે, કોઇ નિભાવ કરતાં વચમાંથી કાતર દીન થઇ રેહ, કોઇ પ્રસંગવશાત્ થોડે શ્રમે મોટો યશ મેળવે ને કોઇ મોટે શ્રમે જીવતાં યશ મેળવે નહિ. કોઇ તરતના સુધારાને મોટો માને ને કોઈ ઘણો કાળ રહે તેવાને; કોઈ ધીરા, કોઈ ઉતાવળા; કોઇ આડે માર્ગે તથા નિંદ્યપ્રપંચે ને કોઈ સૂધે માર્ગે તથા અનિંદ્યયુક્તિયે કામ કરનારા હોય; કોઇ ટોળાં કરી તેને વધારવાને મથે ને કોઇ સ્વતંત્ર વિચાર કરતા થાય તેમ લોકને બોધે.

(૨) **હિંદુ પ્રજામંડળ** છેક જૂના કાળથી સ્થાપિત છે. મનુથી તે યુધિષ્ઠિર સૂધીના ત્રણ મોટા યુગ જેટલા લાંબા કાળમાં જોકે ઘણી

ચાર ધર્મચક્ર તથા રાજ્યચક્ર બદલાયાં તોપણ સંસારનો ત્યાગ કે રાગ એ વિષયમાં પ્રજાએ ત્યાગનેજ અવશ્યે પ્રધાન જાણ્યો માન્યો પાળ્યો હતો. પછી કેટલોક કાળ તેમજ હતું. પછી વળી સતેજ બૌદ્ધ તથા નિસ્તેજ બ્રાહ્મણ એ બે ધર્મે ત્યાગનેજ મનાવ્યો હતો. વિક્રમ સંવતના આરંભથી તે શૈકા વીસના આરંભ લગીમાં શાંકર વૈષ્ણવ જૈન એ ત્રણ ધર્મે પોતાના અનેક સંપ્રદાયે સાથે અને કબીર નાનક સાધુ સંન્યાસી જોગી જતીના અનેક પંથોએ ત્યાગનેજ પ્રધાન ભણ્યો છે. અર્થાત્ નિવૃત્તિધર્મ પ્રધાન ને પ્રવૃત્તિધર્મ ગૌણ એમ હિંદુઓ પરંપરાથી માનતા આવેલા છે.

એ બે ઉલટપુલટ થાય એટલે પ્રવૃત્તિનો ધર્મ પ્રધાન મનાતો થાય—સકળ પ્રજામાં, તેવો નવો વિચાર તિસેક વર્ષ થયાં દેશમાં ધુંધું કરી રહ્યો છે ને બહુ બહુ પ્રકારે ઉધમી છે. પ્રજા પરલોક સંબંધી વિચાર કાઢી નાખે ને આ લોકના સુખભોગનોજ રાખે તેને માટે દેશાભિમાનને મહાદૈવત મનાવવાને સુધારાવાળા મથન કરે છે.

'ઉલટપુલટ' શબ્દે 'રક્ષકછેદક'નું મત અમે જણાવ્યું છે પણ વેદને ન માનનારા સ્વબુદ્ધિનો સુઝાડેલો ફેરફાર કરનારા ઉચ્છેદક તે તો એમજ ઇછે છે કે નિવૃત્તિધર્મજ ન જોઇયે. એકેશ્વરભક્તિનો નવો ધર્મ સમાજ પ્રવર્તાવે છે તે લોકનું વળું પોતાની તરફ કરવાને; કેટલાક સમજે છે કે ઇશ્વરને માનવો તે સંસારી દુઃખભોગમાં તથા સુખપ્રાપ્તિમાં સહાય કરવાને. જેમ સને ૧૭૯૩માં ફ્રેચ લોકે બુદ્ધિદેવીની સ્થાપના કરી ઉગ્ર ભયંકર ફેરફાર કીધો હતો તેમનો છેક નહિ, પણ તેવી રીતે અહીંના સુધારાવાળા દેશાભિમાનને સ્થાપી નિવૃત્તિધર્મને બ્રાહ્મણની ઠગાઈ કહી નિંદે છે; અપરોક્ષ ગ્રાહ્ય વિષય સત્ય ને પરોક્ષ અગ્રાહ્ય તે અસત્ય મનાવે છે;—મરણ પછીની ગતિ અને ઈશ્વરજ્ઞાન તથા ધર્માચરણ એ વિષે અનાદર કરાવે છે; વેદવચન તથા મહર્ષીના અનુભવ અને સાત્વિકબુદ્ધિવાદ તે અપ્રમાણ છે, પણ યુરોપના શાસ્ત્રીઓના સિદ્ધાંત તથા ત્યાંના શિષ્ટના અનુભવ અને રજસ્તમસી બુદ્ધિવાદ તે સપ્રમાણ છે એમ કહે છે. પૂર્વેના બૌદ્ધ વેદને વગોવતા ને આ જમાનાના પણ વગોવે છે અથવા નામનો માને છે; પૂર્વેના બૌદ્ધ જીવની કર્મ પ્રમાણે ગતિ, દેહાંતર ને દેવાદિયોનિ એને માનતા અને આ જમાનાના નથી માનતા;. પૂર્વેના તે એક જગદીશ્વર નથી એમ સ્પષ્ટ કહેતા ને આમાંનાં કેટલાક નાસ્તિક છે તે, ને બીજા તે, ઇશ્વર છે એમ કહે છે.

સ્થિતિબળ જોઇયે. ત્યાગધર્મ પ્રજાના હૃદયમાં ઘણા કાળથી વ્યાપિ રહ્યો છે ને રાગધર્મ તે થોડુંક થયું દેખાઈ ધું ધું કરે છે. હિંદુ પ્રજાની સંખ્યાના પ્રમાણમાં સુધારાવાળાની સંખ્યા હજી કંઇજ નથી.

અગ્રેસર કેવા છે? સનાતન ધર્મમાં આચાર્ય તથા ધર્મગુરૂ ને શિક્ષક બ્રાહ્મણ એ સ્થિતિભ્રષ્ટ છે—સાત્વિક તે સમય નથી એમ માની ટક ટક જોયાં કરે છે, રાજસી તે વિલાસમાં મગ્ન છે ને તામસી તે અર્થ સાધવે પ્રપંચ રમે છે; કેટલાક પંડિત નવા વિચારની સામા પણ થાય છે—કેટલાક પુનર્વિવાહ પ્રકરણમા ને કોઈ કોઈને સ્વામી દયાનંદના ધર્મકથનની. પ્રજાનો મોટો ભાગ સુધારાના બકવાદને ન લેખવતાં સ્વધર્માચરણ ઘરડા કરતા આવેલા તેમ કરયા જાય છે ને એમાંના કેટલાક જેને સુધારાનો પાસ લાગ્યો છે તેઓ ઘરમાં ને જ્ઞાતિમાં જૂની રીતિ રાખી રહી કે કાંઇક બદલી સુધારાને વખાણે છે પણ તે પક્ષમાં જતા નથી. સુધારાવાળામાં સેન તો દિનપરદિન વધારે વધારે ખ્રિસ્તી સાધુના સ્વપ્નતરંગમાં રમે છે. સ્વામી વેદની સંહિતાનેજ મનાવે છે ને તે પણ તેમાની હિરણ્યગર્ભસૃષ્ટિની દેવતાઓને કાઢી નાખીને; તે અમણા મુંબઇ ઇલાકાની આશા છોડી ઊત્તર હિંદુસ્થાનના તથા પંજાબના પ્રદેશમાં ઘુમે છે. પ્રાર્થનાસમાજના અગ્રેસર તો દયામણા છે. સાધક સુધારાવાળામાં હવે પછી કોઈ ગાદી ચલાવે તેવા હજીલગી તો જણાતા નથી. પ્રજામાં વેદોક્ત જ્ઞાન વિશેષ સતેજ થતું જાય છે ને જ્ઞાતિ આચાર કર્મ વિષયમાં તેણે કાંઈ કાંઇ હદ મૂકી છે. રાજયનીતિ, દેશસમૃદ્ધિ, વિદ્યાકળા, વ્યવહારચાતુર્ય એ વિષયમાં સુધારાવાળાનાં વખાણ કરે છે પણ નિવૃત્તિધર્મના વિષયમાં એ હાથ ઘાલે છે તે તેને પ્રિય નથી. સુધારાવાળાના પ્રયત્નમાં આર્યસમાજે કેટલાક અંગ્રેજી ભણેલાને વેદ માનતા કીધા છે. સૌ સુધારાવાળાએ ખ્રિસ્તી ઉપદેશકોનુ ફાવવા દીધું નથી પણ પ્રજામાં કુસંપ કીધો છે; કેટલાકને સંશયી કીધા છે; તેઓ બહુબોલા છે; કહેણી પ્રમાણે રેહેણી રાખતા નથી; વિષયસેવન યથેચ્છ કરે છે; અસત્ય, અમર્યાદા, વ્યભિચાર, મદ્યપાન, સ્વાર્થબુદ્ધિ, સંકોચવૃત્તિ એ આદિ દુર્ગુણ પ્રજામાં વધ્યા છે તે જડ શક્તિને વખાણનારા ને નીતિવિષે નિસ્પૃહ રહેનારા સુધારાવાળાની સંગતિયે. કેટલાક પંડિત બંગાલી તથા દક્ષણી પુનર્વિવાહના પક્ષમાં ગયા છે ને સુરતનો એક દક્ષણી શાસ્ત્રિ દેશાટનને પુષ્ટિ કરનારો હતો. થીઓસોફીસ્ટ અગ્રેસરોએ યોગ તથા મંત્રની સિદ્ધિ સત્ય માની એની વિરૂધ્ધ જે સુધારાવાળા તેને ઝાંખા પાડયા છે અને સનાતન ધર્મનો આદર કરવા ભણી કેટલાકની મતિ કરી છે. યુરોપના ઘણાક લોક પ્રવૃત્તિમાં મચેલા તે સાત્વિક ત્યાગવૃત્તિવાળા હિંદુને પુરૂષાતન રહિત કહે છે પણ સમજવાનું આ છે કે સત્વ મલિન થયેથી, ત્યાગવૃત્તિ ઓછી થયેથી હિંદુઓ નિર્બળ થયા છે, બાકી સત્વ

તથા ત્યાગમાં તો બળ છેજ. ગીતામાં કૃષ્ણોક્તિ છે કે "अश्वत्थमेनं सुविरूढ मूलमसंग शस्त्रेण दृढेन छित्वा"—"સંસાર જેના મૂલ બહુ ફેલાયલાં છે તેને દૃઢ અસંગ રૂપી શસ્ત્રે છેદવો"—ત્યાગજ શ્રેષ્ઠ છે.

ઉપર પ્રમાણે બંને પક્ષનું બળ જોઇયે છિયે, વળિ સ્મરણ આણિએ છિયે કે સ્વધર્મનું જાણ્યાવિના પરધર્મના મોહમાં અનુભવ વિનાના તરૂણોએ સુધારો આરંભ્યો હતો, વળી જોઇયે છિયે કે કાળ હિંદુની વૃત્તિનું વલણ પાછું ફેરવે છે ત્યારે અમને તો પ્રતીતિ થાય છે કે સમયની અવધિયે સનાતન ધર્મ તે થોડાકજ સુધારો પોતાનામાં દાખલ કરશે.

(૩) ગુર્જર હિંદુ પ્રજામાં સેન કે સ્વામીના મતના ગુજરાત કાઠિયાવાડમાં કોઈ નથી. (માત્ર મુંબઈની આર્યસમાજમાં ચાળીસેક જણ હશે ને એમાં ધર્મની સમજવાળા પાંચ પણ નથી) પ્રાર્થનાસમાજ ગુજરાતમાં છે, કાઠિયાવાડમાં નથી. એમાં નોંધાયલામાં વેદ તે ઈશ્વિરવાણી નથી એમ સ્પષ્ટ કહેનારા થોડાકજ છે ને વેદોક્ત ધર્માચરણ ધરજ્ઞાતિમાં ન રાખનારો તેવો એક પણ નથી. લગ્ન, જ્ઞાતિ, રીતભાત વિષે સભામાં બોલાય છે ને પત્રોમાં લખાય છે; દેશી કારીગીરી સંબંધી કંઇ કંઇ વડોદરાની સભા કરે છે. '(રાજ્યપ્રકરણ ને દેશી કારીગરી એને માટે સુરત અમદાવાદમાં થયલી સભાઓ ભાંગી પડી છે.)

સ્વામીએ અમદાવાદની સમાજના અગ્રેસરોને વેદ માનવા વિષે બહુ પ્રયત્ન કીધેલો પણ તેઓએ માન્યું નહોતું. રાજકોટ તથા ભરૂચમા આર્યસમાજ થયલી પણ તે તુરતજ તુટી ગઇ હતી. આર્યસમાજના થોડાક જણ થીઓસોફીસ્ટ પણ છે કે જેનું મત દેવભૂતાદિયોને પણ માનવાનું છે—સમાજના મતની સામાં.

ગુજરાતીઓમાં સુધારા સંબંધી સારી પેઠે ચરચાયલા વિષયના મોટા પ્રસંગ આ હતાઃ—જાદુમંત્રનો તે 'સુરતની માનવધર્મસભાએ આણેલો (૧૮૪૪); સ્ત્રી કેલવણીનો ગુ૦ વ૦ સભાએ આણેલો (૧૮૫૧); ઈંગ્લંડ જઈ આવેલા બ્રાહ્મણ વાણીઆ ભાટિયાના સંબંધમાં ચાલેલી ચર્ચા તે તે જ્ઞાતિયોમાં (૧૮૬૦ પછી કેટલાંક વર્ષ); પુનર્વિવાહ સંબંધી મુંબઈમાં (૧૮૬૦); મહારાજ લૈબલકેસ મુંબઇમાં (૧૮૬૦—૬૧). ગુજરાતીમાં સઘળા વિષયપર બોલાયું લખાયું છે; છોકરીઓની નિશાળ ભણાવનારી થોડીક સ્ત્રિયો બહાર પડી છે: એકવીસ વર્ષમાં તીસેક પુનર્લગ્ન થયાં હશે;—બ્રાહ્મણથી બીજી જ્ઞાતિઓમાં પાંચેક વધારે; નાગર બ્રાહ્મણ, કપોળ મોઢવાણીઆ, ભાટીઆ ને કાએચ ઈંગ્લંડ જઇ આવ્યા છે અને

કાએચ તથા ક્ષત્રી તે ચીન. વિદ્યાવૃધ્ધિના કામમાં વર્નાક્યુલર સોસૈટી (૧૮૪૮), ઍંડ્રુસ લૈબ્રેરી (૧૮૫૦), હીમાભાઈ ઇન્સટિટ્યુટ (૧૮૫૮) ને મુંબઈ ભૂલેશ્વર લૈબ્રેરી (૧૮૭૪) એ થયાં છે.

સુધારાનો ઉપદેશ કરનારાની સંખ્યા દશ વર્ષ (૧૮૫૧થી૬૧) સારી હતી ને તેમાં વધારે આગળ પડેલા તથા સર્વત્ર જણાયલા તે નર્મદાશંકર લાલશંકર (ગદ્યપદ્ય લખાણથી, ભાષણથી ને પુનર્વિવાહની ચર્ચાથી) અને કૃષ્ણદાસ મૂલજી (સત્યપ્રકાશ પત્રથી, ભાષણથી ને લૈબલકેસથી); વળી બીજા તે મુંબઈમાં ગંગાદાસ કિશોરદાસ, કૃષ્ણદાસ માધવદાસ ને ડાક્તર ધીરજરામ; સુરતમાં દુર્ગારામ મંછારામ ને અમદાવાદમાં મહીપતરામ રૂપરામ તથા કવિ દલપતરામ ડાહ્યાભાઇ એ હતા. પછી (૬૧–૭૦) મુંબઇમાં ગિરિધરલાલ દયાળદાસ, નગિનદાસ તુળસીદાસ, ઠાકુરદાસ આત્મારામ ને પાછલા ભાગમાં ટીકાકારના લખનારા. (શેરસટ્ટાના વખતથી સુધારાનું કામ બહુજ ધીમું પડી ગયું ને કેટલાક ઉપદેશક ખસી બેઠા). પછી (૭૦–૮૦) નવા દેખાયા તેમાં ભોળાનાથ સારાભાઇ (પ્રાર્થનાસમાજથી). પત્રચલાવનારામાં "ગુજરાત મિત્ર"વાળા, "હિતેચ્છુ"વાળા ને ગયા વર્ષથી "ગુજરાતી"વાળા. ભાટીઆમાં મૂળજી ઠાકરસી તથા રામદાસ ભાણજી એ નામ ગણવાનાં; અને જાદુકપટપ્રકાશવાળો ઇચ્છારામ વ્યાસ.

કૃષ્ણદાસ, નીતિ તથા સંસાર સુધારો એ વિષયમાં રક્ષક છેદક હતો પણ લૈબલકેસથી ઉચ્છેદક જણાયો. ગિરિધરલાલ લખાણ ભાષણથી ઉચ્છેદક ને આર્યસમાજના પ્રમુખ રૂપે સ્વામીની પેઠે રક્ષકછેદક કે ઉચ્છેદક હતો. મહીપતિરામ રક્ષકછેદક તે વેદને ધર્મપુસ્તક ન માનવાથી ઉચ્છેદક છે. નર્મદાશંકર રક્ષકછેદક, પછી સર્વ વિષયમાં ઉચ્છેદક જણાઇ "રાજય રંગ" લખ્યા પછી છેદકરક્ષક છે. સને ૧૮૬૮માં નર્મદાશંકરે બુદ્ધિવર્ધક સભામાં સુધારાવિષે ભાષણ કરેલું ને પછી જે મત જણાયાં તે તા૰ ૨૯ મી નવેમ્બરના ડાંડિયામાં છપાયાં હતાં: નર્મદાશંકર—"પ્રજાના તન મન ધનમાં વ્યવસ્થાપૂર્વક જે વધારો કરવો તે સુધારો;" ગિરિધરલાલ—"આગળ વિચારમાં દોડ કરયાં કરવી તે સુધારો;" ઠાકુરદાસ—"સારી વ્યવસ્થા કરવી તે સુધારો; નર્મદાશંકર—"ગિરધરલાલની વ્યાખ્યામાં આગળ ધસવા ઉપર ને ઠાકુરદાસનામાં વ્યવસ્થા ઉપર પ્રાધાન્ય છે;" નગિનદાસ—"ધર્મને વળગી રેહવાની જેવી આપણી વૃત્તિ છે તેવી હવે વિદ્યા તથા રાજદરબારી વિષયને વળગેલી તે રહે તેવું કરવું કે જેથી દેશની સ્થિતિ સારી થાય;" મનસૂખરામ સુર્યરામ—"માથે અંકુશ રાખી ચાલ્યાં કરવું તે સુધારો."

ગુજરાતી સુધારાના કામમાં દ્રવ્યનો આશ્રય આપનારા તે ભાટીઆ,

વાણીઆ, કળમી, શ્રાવક ને પારસી એ જ્ઞાતિના ગૃહસ્થો છે. વળી દક્ષણી ગૃહસ્થોની સૂચનાથી સુરત અમદાવાદમાં લવાદકોર્ટ થઈ તે કંઈ કંઈ કરે છે; એક દક્ષણી ગુજરાત કાઠિયાવાડમાં દેશી કારીગરી વિષે ભાષણ કરી ગયો છે; પુનાનો જોષી સુરતના હુલ્લડકેસમાં અધિપતિયોની મદદમાં હતો. ગુજરાતના લોકે દક્ષિણના દુકાળથી પીડાનાને માટે કેટલુંક દ્રવ્ય મોકલ્યું હતું.

સુધારાના સામા પક્ષવાળાએ ઇંગ્લંડ જઈ આવનારાને હેરાન કીધા હતા—નાગરમાં શાસ્ત્રી દિનમણિશંકર ને મહાજનના શુરૂ મુખી હતા; (જ્ઞાતિમાં દાખલ થવાના પ્રસંગમાં સુધારાવાળાઓએ સ્થિતિનીતિમાં પોતાની બહુજ નબળાઈ જણાવી હતી). સ્વામી દયાનંદની સામા ભરૂચનો દક્ષણી માધવરાવ થયો હતો ને હાલ ત્યાં પ્રાર્થનાસમાજની સામા નારાયણસભા છે. બીજા બધા પ્રાંત કર્તા ગુજરાતી પ્રજામાં જ્ઞાતિયોના બંધન વિશેષ છે. ગુજરાતમાં ધર્મવિષયનો સુધારો ભાંગી પડે તેવો છે; પુનર્વિવાહની રીતિ ધીમે ધીમે ચાલુ થાય ને તે જોડાં થોડે કાળે પોતપોતાની જ્ઞાતિમાં ભળે પણ એકવીસા વાણીઆની નવીજ્ઞાતિ થવાનો સંભવ નથી.

આખાં હિંદુસ્થાનમાં બંગાલી, મરેઠી ને ગુજરાતી એ ત્રણ પ્રજામાં સુધારો વધારે ગડબડ કરે છે; બંગાલામાં સુધારો દાખલ થયાને વધારે કાળ થયો છે તોપણ ત્યાંના લોક સ્વધર્માચરણ રાખી રહ્યા છે—કોઇ કોઇએ કેટલુંક નવું પણ દાખલ કીધું છે. દક્ષણી ગુજરાતીઓ બોલે છે બહુ પણ વર્તે છે જૂની રીતે, હજી નવું ભેળ્યું નથી. રીતભાત વિષયમાં દક્ષણી કર્તાં ગુજરાતી બૈરાંએ વધારે સુધારો દાખલ કીધો છે—દાખલો, કે નાક તથા પગ એના આભૂષણ કાઢી નાખવા માડયાં છે અને મર્યાદાનીતિમાં ગુજરાતી બૈરાં દક્ષણી કર્ત્તાં ઉતરતાં હતાં તે હવે વધારે સ્વચ્છંદે વર્તનારાં થયાં છે. સુધારાએ પુરૂષોને સ્ત્રીજિત કરવા માંડયા છે.

(૪) સાર—નિવૃત્તિધર્મવિષયમાં વેદોક્ત સનાતન ધર્મ છે તેજ લોકે પાળવો;—સુધારાનો કે સમાજવાળાનો નહિ નહિ ને નહિ. પ્રપંચી મમતીઓનો મમત મુકાવવાને અમારો મમત કે યત્ન નથી પણ સત્યાર્થ ગ્રહણ કરવાની ગરજવાળાને અને સંશયી છે તેને સમજાવવાને અમારો યત્ન છે ને તે પણ મમતથી નહિ; તેઓએ આટલી વાત વિષે પ્રથમ નક્કી કરવું.

સત્વરજતમ એ ત્રગુણવાળી બુદ્ધિ પ્રત્યેક મનુષ્યની છે પણ કોઇમાં કોઇ ગુણનો અંશ વધારે એમ જન્મથીજ હોય છે. (યુરોપના વિદ્વાનો માનતા નથી.)

વેદોક્ત ધર્મનું બંધારણ તથા તેની વ્યવસ્થા સુદ્ધસત્વબુદ્ધિ ઉપરથી છે. (બીજા કોઈ પણ ધર્મનું નહિ).

સત્વાંશ વધારે એવા હિંદુઓમાં રજસ્તમસી નીતિ ભળેજ નહિ. ધર્મને લગતા સંસારી વિષયમાં નવા વિચાર જૂનામાં દાખલ કરવાને અનેક કલ્પના થાય છે તેથી કાંઈ સિઝતું નથી માટે કોઇ પણ મુખ્ય ધોરણ રાખવું કે જેને અનુસરી અમુક રીતિ દાખલ કરવી. કાંતો આર્યનો સિદ્ધાંત કે યુરોપીઅનોનાં મત કે આત્મબુદ્ધિનો અનુભવ.

નિત્યાનિત્યનો વિચાર રાખવો; પછી બેની મેળવણી કરવી. પારકું આપણામાં ભળી શકે નહિ, ભળે તો ઝાઝું રહે નહિ એમ હોય તોપણ તે લેવું શું? આપણું પૂર્વનું બહુ સારૂં પણ અમણા આપણાથી પળાય તેવું ન હોય તોપણ તે બલાત્કારે લેવું શું? લાભ હાનિ શેમાં છે?

સ્વધર્મ શું છે તે જાણ્યાવિના વગર વિચારે પારકું લેવું એ ડહાપણ છે? સ્વધર્મ પ્રથમ જાણવો. સમાજવાળા જે નથી જાણતા તેને શું કરવા પુછવું? કાં ન પુછવું આચાર્યોને, ગુરૂને ને બ્રાહ્મણોને?

સુધારાનો ઉદ્દેશ પ્રવૃત્તિધર્મ વધારવાનો ને એને અર્થે દેશાભિમાનની પ્રતિષ્ઠા ને એનો ખરો મર્મ સ્વરાજ્ય કરવાનો ને એને માટે ઉપાય લેવાય નહિ ત્યારે સુધારાવાળાએ વર્ણાશ્રમ કાઢી નાખી લોકનું ઐક્ય કરવું યોજ્યું; એમાં કંઇ વળ્યું નહિ; હવે સ્વરાજ્ય કરવાને લોકસમસ્તના ઐક્યની અગત્ય છે કે લોકમાંના ક્ષાત્રબુદ્ધિવાળા એઓએજ માત્ર તે ઉદ્યોગ કરવો? બ્રાહ્મણબુદ્ધિવાળાએ શું કરવું? એ સર્વે વિચાર સમજુકોએ કરવા :— અને પછી સુધારાને સમયને માટે ઘટે તેટલો દાખલ કરી જૂનામાં ભેળવો એ અમારૂં કહેવું છે.

---

(૫) **પ્રવૃત્તિવિષયમાં** ઉત્તમ પ્રકારનું સુખ દેશીઓ ભોગવે તેવી શુભેચ્છા હિંદુ સુધારાએ પ્રસિદ્ધ કીધી. કોઇ પણ પ્રજાની પ્રવૃત્તિવાળી સ્થિતિનું ઉત્તમ દર્શન તે તેના સ્વદેશી સ્વધર્મી સ્વાનુકુળ રાજ્યમાંજ હોય; તો, લાંબે કાળે પણ આ દેશમાં હિંદુઓનું સ્વરાજ્ય થાય એ હેતુ હિંદુ સુધારાનો હોવો જોઇયે. સ્વરાજ્ય થાય તેને માટે દેશાભિમાન છે એમ તો સુધારો સ્પષ્ટ બોલી શકયો નહિં અમણાની સરકારની ઇતરાજી થવાની બીકે; પણ દેશી પ્રજાની સ્થિતિ સઘળી વાતે સારી થાય, દેશના અનેક ધર્મજાતના જન સામાન્ય લાભમાં સંપે કામ કરતા થાય તેને માટે દેશાભિમાન છે એવો તેણે લોકને બોધ કીધો. વળી હીંદુ-પ્રજામાં ધર્મભેદે કુસંપ છે અને ધર્મકર્મમાં બહુ કાળ ગાળવાથી તથા જ્ઞાતિના પ્રતિબંધોથી પ્રવૃત્તિનાં કામ થતાં નથી માટે નવા ધર્મની

યોજના કીધી. તીસ વર્ષનો અનુભવ કહે છે કે સુધારાનું દેશાભિમાન તે સ્વદેશી ધર્મ–નીતિ–રીતિ વિષે દેશી સમસ્તનું બહુ કાળનું જે ઉત્તમ પ્રકારનું અભિમાન તેને નિંદી નિર્મૂળ કરવાને મથન કરે છે. યુરોપના લોકમાં દેશાભિમાન એ મોટો વિચાર છે, પણ માત્ર પરદેશી સત્તાને અધીન લોક તે તેની સામા થવાના ઉદ્યોગમાં તથા સ્વદેશી રાજ્યવાળા તે પરદેશી રાજ્યવાળાની સામા થવાના પ્રસંગમાં દેશાભિમાન રાખે છે. હિંદુ પ્રજા નિવૃત્તિધર્મનો મોટો વિચાર રાખનારી તે નવા દેશાભિમાનને ઝીલતી નથી ને નવા ધર્મને લેખવતી નથી.

"સંસારશું સરસો રહે ને મન મારી પાસ,
સંસારમાં લેપે નહીં તે જાણ મારો દાસ—"

સંસારનાં કામ કરે પણ ચિત્ત નિરંતર ઇશ્વરમાં રાખે ને સંસારની આસક્તિ ન રાખે એ બોધ સમજુક અણસમજુક સર્વે હિંદુને માટે સાધારણ છે, ને સંસારને 'કાકવિષ્ટા' જેવો જાણે તે મહાપુરૂષ છે. મોટી પ્રવૃત્તિયે મોટાં પાપ થાય; રાજ્ય પ્રાપ્ત કરવાની ખટપટમાં ને પછી ઐશ્વર્યના મદમાં બહુ પાપ થાય. 'રાજને અંતે નરક' એમ પણ કેહેવાયછે.

રાજ્યપ્રાપ્તિ (ભાવિમાં) ને રાજ્યમાં સુખ (વર્તમાનમાં) એ બે પ્રકરણ અમે હિંદુ પ્રજાના ઉદ્યોગના સંબંધમાં દેખાડયાં છે; (આગસ્ટ તા० ૧૪મીનું 'ગુજરાતી' જોવું); પણ વળી પ્રસંગોપાત લખીશું. પેહેલા વિષયમાં લોકના હૃદયમાં વાસનાએ નથી અને સુધારાના અગ્રેસરોને વાસના ખરી પણ ઇચ્છા નથી; પછી વિચાર તથા ઉદ્યોગ વિષે શું કહેવું? બીજા વિષયમાં કરભાર ઘટો, ન્યાય નિર્મળ તથા થોડા કાળમાં થોડે ખરચે મળો ને ક્ષેમ રહો રાણીનું રાજ રક્ષણ કરતું તથા છૂટ આપતું એમ દેશી પ્રજા ઇચ્છે છે ને કહે છે. માત્ર થોડાક જણ છૂટા રહીને કે સભામાં ભરાઈ લોકનાં દુઃખ સરકારને જણાવે છે તથા કૃપા માગે છે અને તે થોડાકમાંના જૂજ તે, લોકના હક માટે પણ અરજ કરે છે. અર્થાત્ લોકની રાજપ્રકરણ ભણી વૃત્તિ નથી ને જેઓ એમ કરે છે તે થાક્યાના ગાળે જેવા છે.

વર્તમાન રાજ્યથી અમણાના રાજકુળમાંના ઘણાંક તો ગછ છે ને, કેટલાંક તે પોતાનાં દુઃખની અકળામણમાં તેને ભુંડું કહેતા હશે. કોઈ રાજકુળ તથા પ્રજાકુળ પૂર્વજની સારી સ્થિતિનું અભિમાન રાખતાં હશે, પણ તેવી સ્થિતિ આણવાને કોઈ વિચારતું હોય એમ અમને ભાસતું નથી, સ્થિતિ આવે તો તેમાં મળવાનો વિચાર કરે તેવાં હશે ખરાં. અને દેશાભિમાનની શુદ્ધનીતિ કે પરદેશી સત્તા કૃપાળ પણ તે ભુંડી ને સ્વદેશી

સત્તા વાસદ પણ તે રૂડી એ મોટા, ઉંચા, પૂજ્ય મનાયલા વિચારથી ભક્તિદૃઢ ને સ્વદેશીની સ્થિતિ જોઈ નિત્ય ઉદાસીન એવો એક પણ સુધારાવાળો નથી. (એવા પુરૂષો યુરોપ અમેરિકામાં છે.)

ચાલતા કાળમાં સુધારાવાળા અગ્રેસરોના પ્રયત્નથી રાજ્યપ્રકરણમાં લાભ થયો હોય તેવું નથી. આસોશીએશન વગેરે સભાઓને લોક કોઈ મદદ કરતા નથી (અગ્રેસરો સમજાવે ત્યારે વળી પરાણે સહીઓ કરી આપે કોઈ કોઈ કામમાં) અને તે સભાઓ બહુ બહુ મેહનત કરે છે ત્યારે સરકાર કાંઇક વાત વળી સાંભળે છે. લેજિસ્લેટિવ કૌંસીલમાં દેશી પ્રજાના સંબંધમાં ઘડાતા ધારાની બાબતમાં દેશી મેમ્બરોના મત ઓછા વજનનાં ગણાય છે. કોઈ કોઈ પત્ર ધારાની ચર્ચામાં બહુ કાળ કાઢે છે પણ લોક ને સરકાર બેદરકાર છે. વડોદરાના મામલામાં દેશાભિમાનથી ઉસકેરાઈ કેટલાક જણે પત્રોમાં લખાણ કીધાં પણ ત્યાંની વ્યવસ્થા સરકારે પોતે ઘટતી ધારી તેમજ કીધી. તે વખતમાં 'બ્રિટિશ રાજ્ય તે આગળ પડતું હોઇને બીજાં દેશી રાજ્યોને સાથે દોરે છે પણ કંઈ સર્વોપરિ રાજ્ય નથી' એમ કોઈ સુધારાવાળાએ અંગ્રેજી પત્રમાં લખેલું પણ રાણીશ્રી તે ચક્રવર્તી મહારાણીશ્રી થયાં છે. લેસન્સ ટાકસની બાબતમાં અધિપતિયો તથા બીજાને અરજી કરનારા લોકની સભાના સંબંધમાં સમયના અણધારયા હંગામમાં ઘણુંક વેઠવું પડયું છે. દેશાભિમાનથી ઉસકેરાઈ તોફાન મચાવનાર ફડકેને સરકારે સજા કીધી છે. અમણા કંઈ થયું નથી પણ એમ પલોટાવાથી કોઈ કાળે લોકનું બળ વધશે ને રાજ્ય પ્રકરણમાં હક મળતા થશે એ સમજ સુધારાવાળાની ભૂલ ભરેલી છે.

યુરોપના રાજનીતિકુશળ પંડિતોએ યુરોપના પ્રજામંડળ વિષે આવી રીતે લખ્યું છે કે "જે મંડળમાં સુધારો ઉચ્છિષ્ટ ને તુચ્છ મનાતો હોય, જ્યાં તે લાત ખાઈ દૂર રહેતો હોય, જ્યાં ટોળીઓને લૂટને માટે જૂદા જૂદા રસ્તા હોય, જ્યાં સત્તાધારીને લોકની દાઝ ન હોય, જ્યાં ઉંચા નીચા વર્ગના સૌ બદદાનતના હોય, જ્યાં દેશાભિમાની ને સરકારી કામદાર આમજ સમજતા હોય કે પૈસોજ દરેક કામ કરી શકે છે ને પૈસાનેજ માટે તેઓ હરકોઈ કામ કરવાને તૈયાર હોય, જ્યાં ધર્મવિષે ઉપલો વર્ગ બેદરકાર, વચલો વર્ગ જેવું હોય તેવું કબૂલ રાખનારો ને નીચલો વર્ગ ઝનુનવાળો હોય ને સૌ સ્વાર્થનેજ જોતા હોય તે મંડળ સ્વાધીન સ્વતંત્ર થઈ શકેજ નહિં." એમાનું ઘણુંએક અમણાના અહિના લોકને લાગુ પડે છે. વળી આપત્તિમાં લોક તરતની જરૂરીઆત શિવાએના બીજાં કામ કરી શકેજ નહિં. લોકની ને અગ્રેસરોની સ્થિતિનીતિ હાલમાં કેવી છે તે વિષે તો આગલા લખાણોમાં સારી પેઠે જણાવ્યું છે.

ગયા કાળમાં કેમ થયુંછે તે જોઇએ. વિક્રમની પૂર્વે ઘણાંક પરદેશી રાજ્ય હિંદુસ્થાનમાં હતાં પણ તે સમયની અવધિયે તૂટયાં ; પછી રજપૂતોનાં રાજ્ય આવ્યાં, રહયાં ને ગયાં ; અને સંવત ૧૨૫૦થી હિંદુ પ્રજા પરધર્મી સત્તાને અધીનછે કે જેમાં વચમાં વચમાં કહીં કહીંના કોઈ કોઇ લોકજથાએ થોડી થોડીવાર રાજ્યસુખ ભોગવ્યું છે, પણ તે સ્વપ્ન જેવું. પ્રજા સ્વધર્મને વળગી રહી પોતાનું હિંદુપણું રાખી રહી છે ને પડતીના કાળને જેમ તેમ નિર્ગમન કરે છે. હિંદુ પ્રજા પોતાના ધર્મરાજ્યનીજ દરકાર રાખે છે, રાષ્ટ્રરાજ્યની નહિ ; જ્યારે એ અતિ દુ:ખદ થાય છે ત્યારે પ્રજાનું રક્ષણ હરકોઇ રીતે થાય છે. પરધર્મી સત્તાની સામાં હિંદુ પ્રજાનાં રક્ષણને અર્થે સ્વધર્મી રજપૂત છેકજ અશક્ત થયા ત્યારે દક્ષણી શૂદ્ર તથા બ્રાહ્મણની હાક હતી, ને એઓ જ્યારે અશક્ત થયા ત્યારે હવે અગ્રેજ છે.

છે જાનમાલની પૂરી સલામતી ને સઘળી વાતે છૂટ, રાજ્યપ્રકરણમાં પણ મત જણાવવાની છૂટ છે (માત્ર નથી સરકારની સામા થવાની). ધર્મસંબંધી જુલમ નથી ; કેટલા બધા લોક સરકારી નોકરીમાં મહિને મહિને પગાર લેછે ને કેટલા બધા જુવાન વિદ્યાભ્યાસ કરે છે ! રેલવે પોસ્ટથી કેટલી સગવડ છે! વગેરે—તો પૃચ્છા નિકળે છે કે પરદેશી, ખ્રિસ્તી અંગ્રેજો (દૂર વિરાજતી ચક્રવર્તી રાણીશ્રીની સરકાર) જેટલું જેવું સુખ દેશી પરધર્મી લોકને સઘળી જાતને સરખી રીતે આપે છે તેવું છસેં સત્યાસી વર્ષના કાળમાં કોઇ હિંદુ કે મુસલમાન રાજ્યે આપ્યું છે? ના, રાજ્ય સારૂં છે. મુગલાઈ લુટાઈ પિંખાઈ તેવામાં અગ્રેજને બદલે ફ્રેંચનું ફાવ્યું હત તો આપણે આપણું હિંદુપણું રાખી રહત નહિ, કેમકે આપણામાં તેઓ હળતા રહત ને આપણે તેઓનું વેહેલું લત. આપણે આપણું હિંદુપણું હજી રાખવું છે માટેજ ઇશ્વરે આપણને અંગ્રેજી રાજ્યને અધિન કીધા છે.

બીજી રીતે જોઇએ—એ તો માયાવી રાજ્ય છે સ્વાર્થ સાધવે, સાચવવે વધારવે બહુજ ચોકસ કહિણુ છે. દ્રવ્ય તથા હકનું હરણ કરી લીધું છે ને હજી કરી લેશે; થોડાંક વર્ષ થયાં તો લોક કરભારથી તથા ઉદ્યોગ ન મળવાથી અતિસે પીડિત છે. ગોરાકાળાના ન્યાયમાં ભેદબુદ્ધિ વધારે દેખાય છે, ને આગલ ન્યાય હતો ને અમણા નથી; દેશી રાજ્યોપર કરડી દ્રષ્ટિ છે; રાજ્યનીતિ બગડવા માંડી છે: એમ સમજુકો કેહે છે. પણ તેઓ નથી ઇચ્છતા કે રાજ્ય જાય કે સરકાર નારાજ થાય રૈયત ઉપર.

જેમ ધર્મપ્રકરણમાં. સુધારાવાળાઓ સમાજના મતોમાં પોતાના મત દેખાડે છે તેમ રાજ્યનીતિ વિષે તેઓએ નિત્યમત સ્થાપિત કીધ

નથી; સભાદ્વારા કે પત્રદ્વારા સ્પષ્ટ દેખાડયા નથી; તેમ હજી રાજ્યનીતિના ગ્રંથો આર્યના તો નજ લે પણ યુરોપના ગ્રંથોમાંથી પણ કેટલુંક ચૂંટી કાઢી તેનું ભાષાંતર લોકને આપ્યું નથી; સમયને માટે પત્રમાં ને ચોપાનીઆમાં લખ્યું છે ખરૂં. પત્રવાળા વર્ત્તમાન રાજ્યની નીતિ અનીતિ ઉપર યથેચ્છ વિચાર ઊડાવ્યા જાય છે ને ઊપલા વર્ગમાં ઉપલકીઆં મત પણ રાખવાવાળા થોડા જણ છે. પ્રાંત પ્રાંતના સુધારાવાળાની, જૂદી જૂદી નીતિ—બંગાલીની, દક્ષણીની, ગુજરાતીની વગેરે—જાત જાતનાની જૂદી જૂદી—બ્રાહ્મણની, *ક્ષત્રીની, વૈશ્યની, શૂદ્રની–અને એકેક જણની સ્વભાવ પરત્વે હોય ; ને તે કેટલુંક પ્રાંત પ્રાંતના વર્ત્તમાન પત્રો ઉપરથી સમજાય. એ વિષય માત્ર નોંધને માટે છે, વિસ્તાર કરવાને નથી.

દેશના દારિદ્રયવિષે મહાદેવ ગોવિંદ રાનડે ને દાદાભાઈ નવરોજી એન નિબંધો છે. સને ૧૮૫૭–૫૮, ૧૮૭૪–૭૫ ને ૧૮૭૬–૭૭ એ વર્ષના પ્રાંત પ્રાંતના વર્ત્તમાન પત્રો જોઈ દોહન કાઢવાથી દેશી રાજકુળ તથા પ્રજા અને બ્રિટિશ રાજ્ય એ બેના એક બીજા વિષે મત જાણી લીધાથી રાજ્ય નીતિનાં વિષયમાં હવે પછીને માટે કેટલુંક સારૂં સાધન મળે ખરૂં. બંગાલી જાગીરદારની ને લોકની, દક્ષણીમાં દેશસ્થની ને કોંકણસ્થની, ગુજરાતીમાં હિંદુની ને પારસીની નીતિ, દેશી રાજકુળની નીતિ સમયના વિચારથી સાંખી રહેવાના વિવેકમાં છે એમ કહીએ ; સુધારાવાળાની તે ભ્રષ્ટ બ્રાહ્મણ બુદ્ધિની તથા વૈશ્ય બુદ્ધિની ભળેલી છે ને એ વળી જૂદા જૂદા પ્રકારની છે. કોળી ભીલ વગેરેની આવી કે ખીચડી મળે તેના થવું, ખાવે દુઃખ પડે ત્યારે ચોરવું લુટવું ને સરકાર બંદોબસ્ત કરવા આવે ત્યારે સામા થવું કે લટીજવું.

બનાવ અદ્દભુત છે ! બ્રિટિશ રાજ્યથી કેટલાકનાં મન અતિ ચંચળ થયાં–તેઓની વૃત્તિ પરંપરાની નિવૃત્તિમાંથી ખસી ને પ્રવૃત્તિમાં ધસી; તેઓની ઇચ્છા તૃષ્ણા વધી ; બ્રિટિશ રાજ્યમાં ખ્રિસ્તી ધર્મની નીતિ સુધારાએ દેશીઓમાં પ્રવર્ત્તાવી,–પાદરીઓનું કેટલુંક કામ સુધારાએ કીધું ; અને બ્રિટિશ રાજ્ય તેની તથા લોકની ઇચ્છા પૂરી પાડતી નથી કે પૂરી પાડી શકતી નથી. સરકારનો, લોકનો, સુધારાવાળાનો શો શો દોષ છે, બનાવો કીઆ કીઆ દેશીઓને પ્રતિકૂળ બન્યા છે અને કેમ થવાનું છે તથા કેમ કરવું જોઈએ વિષે સરકારે ને લોકના અગ્રેસરોએ હવે અવસ્ય ઠરી બુદ્ધિયે વિચાર કરવાના છે, પોતપોતાની ભાવિ સ્થિતિને માટે.

સુધારાએ નિવૃત્તિને ટાળી પ્રવૃત્તિનો મોટો મહિમા વધારયો પણ પ્રવૃત્તિમાંજ સૌથી વિશેષ પ્રવૃત્તિવાળું તથા સર્વોપરિ ઊંચુ એવું જે રાજ્ય

પ્રકરણ તેમાં તો સુધારાએ મિથ્યા મથનનું પરી હારનું સ્વરૂપ દેખાડયું છે; અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ જેવું, લોક તથા સરકાર એ બેની વગમાં અથડાતું; ને દયાપાત્ર કે હાસ્યપાત્ર કે ઊત્તેજનપાત્ર કે તિરસ્કારપાત્ર એમ મતો કઢાવતું.

(૬) પ્રવૃત્તિ વિષયનાં બીજા પ્રકરણોમાં સુધારાનો ઉદ્યોગ તો ઘણેક પ્રસંગે જણાવ્યો છે. પણ સદગુણ નીતિ પ્રકરણમાં થોડુંક અહીં ફરીથી લખીશું. પરંપરાની સ્થાપિત નીતિ નિવૃત્તિ ધર્મની કે જેને અંકુશે પ્રવૃત્તિ વ્યવસ્થિત રહે તેને તો વગોવી—શાંતિ વૈરાગ્ય પવિત્રતા સત્ય મર્યાદા, એમાંના દૈવતને ખોટું મનાવ્યું પણ સત્ય, સભ્યતા, સંપ, બંધુત્વ, પરોપકાર એને વખાણ્યાં ને પ્રપંચ અમર્યાદા કુસંપ વાદ મમત સ્વાર્થ એ દેખાડ્યાં. ત્યાગ ઉદારતા સ્વાર્પણ એના શૌર્યનો અનાદર કરી સ્નેહ સંકોચ સાવધાની એનું શૌર્ય સુધારાવાળાની, કોરટ કાયદાની, વકીલ બારિસ્ટરની, પરદેશી વેપારીની નીતિના સહવાસમાં હિંદુ લોક પણ પોતાની નિત્યની નીતિયોના બળ વિષે શંકા આણતા થયા છે.

---

(૭)—૧ સુધારો કહે છે કે **માત્ર સંસારી સ્થિતિ** સારી કરવી; પ્રજાની સ્થિતિ નઠારી છે તેનું કારણ નિવૃત્તિ ધર્મ છે માટે તેને કાઢી પ્રવૃત્તિ ધર્મ રાખવો; પ્રવૃત્તિ વધવાથી લાભ છે ને રાજકીય લાભ પણ; "उद्यम संते शुं न बने रे पहाड पाणी थइ जाये."

સનાતન ધર્મ ઇચ્છે છે કે **સંસારી સ્થિતિ** પણ સારી રહો; સ્થિતિ સારી કે નઠારીના કારણ સ્વભાવ, કાળ, દૈવ, કર્મ એ સર્વે છે કે જે ટાળ્યાં ટળતાં નથી; સત્કર્મ કરયાં કરવાં કે લાભનો સંભવ ઘડાય (પ્રવૃત્તિ વધવાથી હાનિ છે); "धारयुं न थाअे थवानुं ते थाअे; आशाअे फोगट जीव ठगाअे."

એ બે વિચાર સાથે મુકયા છે તે વિવેચન અમારે કરવું છે માટે નહિ પણ થોડુંક જે નીચે લખીશું તે ઊપરથી વાંચનારા પોતે પોતાની મેળે નક્કી કરી લે માટે. (એશિયા યૂરોપની નિવૃત્તિ પ્રવૃત્તિની તુલના અમે ગ્રંથોમાં તથા ભાષણોમાં દેખડાવી છે.)

યુરોપનાં કર્માભિમાની તથા પ્રવૃત્તિ વિસ્તાર કરનારા લોકની પણ ચઢતી પડતી થઇ છે; અમણાનાં સ્વાધીન રાજ્યના લોક તે પુર્વ કાળમાં પ-

રાધીન હતાજ ; જાતિ સ્વભાવ દેશસ્થિતિપરત્વે તેઓએ જુદાં જુદાં જશ દાખવ્યા છે ; ઘણું ઘણું મથન કરે પણ તેઓને ઇચ્છેલી સિદ્ધિ મળી ન થી ; ને વળી વિપરીત ભુંડાં પરિણામ પણ બન્યા છે. એ શી શિક્ષા સૂ ચવે છે ? તે લોક પણ પોતાના તથા સંબંધીઓનાં કર્મ (પુર્વ તથા વર્ત્ત- માન ) અને જગત્‌નો સ્વભાવ (ઉત્પત્તિસ્થિતિલેય) તથા કાળ એના એકત્ર યોગને વશ હતા તથા છેજ.

ગ્રીક તે ૭૩૬ વર્ષ ઇ. સ. ૫૮૦ સૂધી રોમન રાજ્યને અને ૩૮૦ વર્ષ તુરક રાજ્યને અધીન હતા ; ૧૮૩૩ થી સ્વાધીન રાજ્યવાળા છે. ઈ- ટલીના લોક ઈ. સ. ૪૭૬ થી અવ્યવસ્થિત ; કોઇ જથા સ્વતંત્ર તો કોઇ પરદેશી સત્તા તલે, ને એમાં જે જર્મન બાદશાહને અધીન ૯૬૨ થી તે ૮૯૯ વર્ષ તેમજ હતો ; ૧૮૬૧ માં તેઓનું સ્વાધીન રાજ્ય થયું. ઇંગ્લં- ડના લોક ૧૨૦૮ વર્ષ પરદેશી સત્તાને અધીન હોઇને ૧૧૫૪ થી તેઓનું સ્વદેશી રાજ્ય કેહવાયું. સ્પેનના ખ્રિસ્તી ૭૮૧ વર્ષ મુસલમાનને અધીન હતા ને પછી ૧૧૯ વર્ષે તેઓએ પરદેશી પરધર્મીને કાઢયા હતા. રશિ- યામાં મોગલ તારતર હતા (૧૨૨૩–૧૪૬૨). ફ્રેંચ ને સ્વીડ એઓએ ધારા આપી જર્મનનું માન ઉતારયું હતું ; પછી જર્મનીના રાજ્યો સ્વાધીન હતાં ; પછી તેઓનું ઐક્ય ૧૭૦૫માં તૂટેલું ને પાછું ૧૮૭૦ માં જોવામાં આવ્યું. ઇંગ્લંડ ફ્રાન્સના લોકે રાજા ન જોઇએ એવે મમતે ચઢી રાજા- ને મારી નાખેલા તેઓએ ફરીથી રાજાને બેસાડયા હતા. યૂરોપના ધર્મ સુધારા વિષે બીજે કોઇ પ્રસંગે બોલીશું–યૂરોપમાં પ્રોટેસ્ટંટ પંથના ૬।।, ગ્રીક પંથના ૬।। ને કાથલિક પંથના ૧૫ કરોડ છે. કાળે કાળે લોકની સ્થિતિ નીતિ વિદ્યા કળા જૂદી જૂદી દેખાય છે; કાળે કાળે મહા પુરૂષ દેખાદે છે; સીઝર ને નેપોલિયન અદૃષ્ટને માનતા અને સારાં માઠાં બંને અદૃષ્ટને અધીન થયા હતા. ખ્રિસ્તી વિદ્વાનો 'ડેસ્ટિની' (નીર્માણ) ને 'ફ્રિવિલ' (સ્વતંત્ર ઇચ્છા) એ વિષે ચર્ચા ચલાવે છે; ઇચ્છાનો પક્ષ મોટો છે.

હિંદુઓ જૂના કાળથી એકજ ઠેકાણે છે, પરદેશી પરધર્મી જે દેશી થયલા તે સાથે પણ ભલ્યા નથી; પંદર સોલ કરોડ જેટલી સંખ્યા પોતાની રાખીને સ્વધર્મની આણમાં સુખી છે. (બહારના લોકનો ઉપદ્રવ ઘણું કરીને નહિ). બહારના હુમલાની સામા થવું, શત્રુને પાછા કાઢવા ને કદાપી તે દેશમાં ભરાય તો તેઓથી અલગાં રેહેવું–ખાવા પિવા લગ્ન વગેરેનો સંબંધ કરવો નહિ–એ નીતિયે પ્રવૃત્તિથી દુર રહેલા. મુગલાઇના વિલાસમાં મોહ ન પામેલા, બીજા લોકના સંબંધથી નહિ પણ પોતાનીજ બુદ્ધિયે પોતાનો ઉત્કર્ષ કરવાળા હિંદુઓનું ઐક્ય દેશકુલધર્મ એ ત્રણે

વાતે સઘન થયલું તેને શિથિલ કરવાને સુધારાએ હામ ભીડી એ કેટલુ ઉછંકળપણું ? સુધારાવાળા વીસરી ગયા કે રાજ્યાશ્રયથી બહુ ફાવી ગયલા બાદ્ધ તેમાંનો એક પણ આજે હિંદુસ્થાનમાં નથી. આ શૈકાના નવા થતા શોધના લાભ લેવામાં ફાવતા નથી, એ વિના પાછલા સેંકડો વર્ષના કાળમાં ભૂમિ ધન ધંધા વેપાર વિદ્યા કળાના વિષયમાં કોઇ પણ વાતે ઉણા નહોના અને અમણાં જો કે ધન ધંધાની અછત છે, ભૂમિનું ઉત્પન્ન જોઇએ તેથી વધારે સરકાર તિજોરીમાં જાય છે, તોપણ ભૂમિ કંઈ ઉપડીને બીજે કંહી જવાની નથી. નિવૃત્તિ વિષયમાં હિંદુઓએ ને પ્રવૃત્તિ વિષયમાં હિંદુસ્થાને જગત્તને મોહીત કીધું છે. હિંદુસ્થાનનું ધન જોઇ ખ્રિસ્તીઓ આવ્યા વેપારને અર્થે ને પછી અહીંની અવ્યવસ્થામાં ધણીઆતા થઇ બેઠા; ગરીબ હિંદુઓ પોતાના બૈરાં છોકરાં સાથે આજે પણ સુખી છે તેવા યૂરોપમાં શ્રીમંતો પણ સુખી નથી. યૂરોપમાં રાજકુળ નિરંતર ભયમાં રહે છે ને પ્રજાકુળ એકમેકથી સાવધ; એમાનું અહીં કાંઇ નથી. તો હવે કીઆ નિત્યના ઉદ્દેશને અર્થે સુધારો લોકની પ્રવૃત્તિ વધારવાને ઇચ્છે છે?

હિંદુ શિષ્ટજન તે દૈવનેજ માને છે ને બીજા સૌ તે દૈવ તથા ઊદ્યોગ બંનેને માને છે; પણ કેવળ ઉદ્યોગનેજ સાચો માની મનાવવાવાળા તે માત્ર અમણાના સુધારાવાળા છે. આ સંસારના કામને માટે જે યત્ન તેનેજ માત્ર ઉદ્યોગ માને છે; પણ એ યત્ન, સંસારમાં રહી ધર્મકર્મ કરવાનો યત્ન, ઇશ્વરભણી ચિત્ત લાગ્યું રેહ તેને માટે યોગ સાધવાનો યત્ન એ બધાએ ઉદ્યોગ છે એમ હિંદુઓ જાણે છે. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એ વિષે પૂર્વના સિદ્ધાંત છેજ. સુધારો કહે છે કે દૈવને માનનારથી મોટા ઊદ્યોગ થાય નહિ; પણ દૈવને માનનારા તેજ ધીટ, ધીર, ત્યાગી, ઉદાર, નિવૃત્તિપ્રવૃત્તિના ધર્મકર્મમાં નિત્ય ઊદ્યમી હોઇને સમયે સમયે મોટી પ્રવૃત્તિ કરે છે. જયી અવતારી પુરૂપ નિરભિમાન ને દૈવને માનનારા હતા. એવો રામ તેને શિવે બોધ આપ્યો હતો કે "તું શું રાવણને મારવાનો હતો? કર્ત્તા હર્ત્તા હુંજ છું; તું આકળો પડે છે પણ શત્રુનો પુણ્યકાળ છે ત્યાંલગી તું કંઈ કરી શકવાનો નથી; પણ જાણ તેનો અધર્મ હવે એટલો વધી ગયો છે કે તે સદ્ય પડશે, માટે જા ને નિમિત્ત રૂપ ઉદ્યોગપરાક્રમે તેને રણમાં જીત." કૃષ્ણે બાળકપણમાં રાક્ષસોને માર્યા પણ પોતાના માબાંપને કારાગૃહમાં રહેવા દીધાં; કેમકે કંસવધના નિર્માણ કાળને વિલંબ હતો. પોતાને દૈવાધીન જાણતા છતે મુનિયો મુક્તિને અર્થે એટલે જન્માંતરોના કર્મબંધનથી છુટવાને નિત્ય તપશ્ચર્યા કરતા;

દૈવને માનનારા રાજા તે પરલોક આલોકનાં સુખને અર્થે બહુ ઉદ્યમી હતા; વેદ તે વસ્તુતઃ નિવૃત્તિનો જ્ઞાનબોધ કરનારો હોઇને અનેક બુદ્ધિના લોકને પાત્ર કરવાને અર્થે કર્મ ઉપાસનાની મહાપ્રવૃત્તિ દાખવે છે. (દૈવને માનનારો હિંદુ, એકબાલ–તગદીર માનનારો મુસલમાન ને અદૃષ્ટને ન માનનારો કર્મિષ્ઠ ખ્રિસ્તી એના સંસારી ઊદ્યોગ જસ વિષે બીજે કોઇ પ્રસંગે બોલીશું.)

–૨ સુધારો કહે છે કે મનુષ્યમાં બુદ્ધિ છે, બીજાં પ્રાણીમાં નથી; બીજરૂપ બુદ્ધિ સૌ માણસમાં સરખી પણ વિદ્યા સંગતિ વગેરેથી જૂદી જૂદી કેળવાયલી થાય; સંસાર સુખને અર્થે સૌ મનુષ્યના સરખા હક છે; ને સૌએ એક બાપના દીકરા રૂપે બંધુત્વના સ્નેહભાવે રહેવું જોઇએ. (સમાનતા).

સનાતન ધર્મ બોધે છે કે પ્રાણી માત્રમાં બુદ્ધિ છે પણ પરમેશ્વર સંબંધી જાણને પમાય તેવી વિશેષ બુદ્ધિ તે મનુષ્યમાંજ છે;- બુદ્ધિ કેળવણીએ પ્રકાશતી થાય પણ તે સત્વાદિગુણ ભેદે સૌ મનુષ્યમાં જન્મથીજ જૂદી જૂદી હોય અને એમ છે માટે સારી કે નરસી બુદ્ધિવાળો એમ જન્મથીજ ભેદ હોવો જોઇયે ને તે વળી બંનેના સારાને માટે કે પોતપોતાની સારી પેઠે કેલવી બને તેટલી સારી કરી દેખાડે. (વર્ણમર્યાદા)

–૩ સુધારો (આસ્થિક) સંશય કરે છે કે જીવ શરીરથી જૂદો હશે કે કેમ? મરણ પછી જીવ બીજી યોનિમાં અવતરતો હશે કે કેમ? મનુષ્ય લોક તેવા બીજા લોક હશે શું? ભૂત દેવપિતર યોનિ હશે શું? મુસલમાન ખ્રિસ્તીમાં કયામતનો દહાડો ને જીવ પોતાના ખોળીઆમાં પાછા ભરાશે એ શો વિચાર હશે?

હિંદુસ્થાનના સર્વે ધર્મોએ ઇશ્વર, જગત, જીવ, કર્મ એ આદિ વિષયમાં જે નક્કી કીધું છે (કેટલુંક મળતું તથા કેટલુંક જૂદું દેખાતું) તેમાં યુરોપના તેજ વિષયના શાસ્ત્રિયો વિશેષ પ્રવેશ કરી શકતા નથી તો તેંઓનું કંઈ કંઈ લેઈ બોધ કરવા મંડી પડેલા તે કેમ સમજે?- પણ એઓ વહેલા મોડા સમજશે ને યુરોપના નહિ સમજે એ ઓખાણું છે સુધારાવાળાઓએ કહેવાનું.

–૪ સુધારો વૈદિક પવિત્રતાના આચારનો અનાદર કરે છે; જરતોસ્ત, મૂસો, મહંમદ એના આચારબોધ વિષે જાણતો હોય યા નહિ. બુદ્ધનો

નીતિબોધ ખ્રિસ્તી પંડિત વખાણે; પણ સુધારો તે ખ્રિસ્તનોજ વખાણે; અને વળી આચરણ રાખે રાજનીતિના પ્રપંચ જેવું.

મન્વાદિ મહર્ષિઓએ **આચારો પ્રથમો ધર્મ** ભણ્યું છે; શ્રુતિ સ્મૃતિ પુરાણ તે ત્રણે પ્રકૃતિના મનુષ્યોની ઉત્તમ ઉત્તમ નીતિ દેખાડે છે ને સૌની જે સામાન્ય તે. લોકમાં બગાડો પેઠો છે પણ ધર્મરાજ્યની પ્રજા રૂપે સદાચરણ ને સત્ક્રિયા હજી છે ને છે.

—૫ સુધારો કહે છે કે ઘણાં ધર્મમત છે, ધર્મક્રિયાનો મોટો પ્રસ્તાર છે ને સમય સંકટનો છે માટે સ્વલ્પ ધર્મ જોઇએ.

(૮) સનાતન ધર્મ કહે છે બૌદ્ધ ખ્રિસ્તી મહંમદીમાં મતભેદ ઓછાં નથી; જ્ઞાતિભેદનો વિચાર અળગો કરીને જોશે તો ધર્મમતભેદ ઓછા જોશે; વળી મતભેદ હિંદુ ધર્મમાં તે દુ:ખકારક નથી—જેવા બીજા ધર્મના છે તેવા. આ પત્રમાં સ્વલ્પ કર્મ કરવાં એમ કહ્યુંછેજ પણ નજ કરવાં એમ કહ્યું નથી; કર્મ વિચાર સાર્થ છે તેને નિર્મૂળ કરવાનો બોધ શા માટે? ફાવતો ધર્મ પોતાનામાંથી એકાદો કાં ન લીધો સુધારાએ? સ્વધર્મમાંના સઘળાનું દોહન કરી એક નવો કાં ન કીધો? બૌધ્ધ જૈનનાં, જરતોસ્તી મહમદીનાં તત્વ વધારે એવો કાં ન કીધો? ખ્રિસ્તી ગ્રીક કે કાથલિકનો કેમ નહિ ને પ્રોટેસ્ટંટ કેમ? એ બધા વિચાર સુધારો આરંભે કરી શક્યો નહિ કેમકે તે દેશાભિમાનનો મંગળ વિચાર હિંદુ મંડળમાં દાખલ કરવાને અતિ ઉત્સુક હતો.

(૯) **ઉપસંહાર.** વેદધર્મ સૃષ્ટિના આરંભકાળથી હોઇને જ્ઞાન ઉપાસના કર્મ એ વિષયમાં કાળે કાળે થોડું થોડું જૂદું જૂદું દર્શન દે છે; એ જૂદાં દર્શન મૂળધર્મની આણમાંથી ખસતાંજ નથી. એ દર્શનમાંનું એક તે અમણાની હિંદુ પ્રજા સમસ્તનો સ્વધર્મ છે.

એને ખોટો કહી **પ્રવૃત્તિનોધર્મ** સાચો મનાવવાને અંગ્રેજી ભણેલા—વિશેષે જનોઇવાળાજ આગળ પડ્યા ને એઓને પુષ્ટિ આપવાને એક સંન્યાસી પાછળથી ભળ્યો છે પણ એ કહે છે કે **વેદને તો માનવો ખરો.**

સુધારાનો ઉદ્દેશ પ્રજામાં ધર્મભેદ ઘણા તેથી ઐક્ય કરાવવાનો હતો પણ તીસ વર્ષ થયાં છતે તે તે વિષયમાં કાંઈ પણ કરી શક્યો નથી; સને ૧૮૫૦ પહેલાં પ્રજા જે અમુક પણ સ્થિતિમાં હતી તેને સ્થિતિભ્રષ્ટ કીધી છે; સુધારો પોતાના જનોમાં પણ એકી કરાવી શક્યો નથી—બ્રહ-

સમાજ ત્રણ (જૂની, નવી ને સાધારણ); પ્રાર્થના સમાજ—દક્ષણી ને ગુજરાતીની તે કેટલીક વાતે જૂદી છે; ને આર્યસમાજ—એમ મત પંથ છે. સુધારાએ પ્રજાના ધર્મકર્મ ઓછાં કરાવ્યાં નથી ને મૂર્તિને નિંદનારા સુધારાવાળા તેમાંના કેટલાક તે હવે કહે છે કે તેં ધ્યાનથી ઊતરતો પ્રકાર છે પણ તેથી પાપ તો નથીજ. સુધારાનો પ્રયત્ન રાજકીય લાભ મેળવવાનો તે પણ ખાટ્યો નથી. સુધારાએ સ્વધર્મ જાણ્યા વિના એને વગોવ્યો; પ્રજામંડળની પ્રકૃતિ તથા વ્યવસ્થા જાણી લીધા વિના તેના ઉપર છાપા મારયા; કોઇપણ સત્તાશ્રય વિના જીત મેળવવાનો મનોરથ કીધો. તેણે માનવ ધર્મ, ખ્રિસ્તિ ધર્મ—પ્રોટેસ્ટંટ પંથનો ધર્મ, ખ્રિસ્તી પદાર્થશાસ્ત્રિયેનો ધર્મ, એ સર્વેને એકત્ર કરી નાસ્તિક આસ્તિકનો એકેશ્વર ભક્તિનો ધર્મ ઊભો કીધો ને એને હિંદુધર્મશાસ્ત્રના માત્ર શબ્દસંસ્કારે નવો હિંદુ ધર્મ કહી દાખ્યો. સુધારો વધ્યો પણ ફાવ્યો નહિ; સાહસ કીધું દેશની દાઝે દેશનું પરાધીનપણું ટાળવાને. તેના મથનથી થોડોક લાભ થયો છે—પ્રજાની સ્થિતિ ઊપર કેટલોએક મલીન ગંઠો બાઝેલો તે કપાયો છે ને લોક પૃચ્છક જિજ્ઞાસુ થયા છે. એમ કરવાને સુધારાવાળા ઊત્પન્ન થયા હતા પણ હવે તેઓએ પ્રવૃત્તિના અપવિત્ર, નિર્બળ વિચાર હાનિ કરનારા તે કાઢી નાખી પોતાના પૂર્વજના પવિત્ર સબળ વિચાર લાભ કરનારા તેનેજ પાછા ગ્રહણ કરવા ને શ્રદ્ધાએ પાળવા.

સનાતન ધર્મ પાળનારાની નીતિ તીસ વર્ષ ઉપર હતી ને અમણા છે તેમાં બહુ ફેર જોવામાં આવે છે. ધર્મસ્વરૂપનું તેજ દશ આની ઓછું છે; તેનાં અંગ સત્ય, વિશ્વાસ, શ્રદ્ધા ભક્તિ, ક્રિયા કર્મ આચાર પવિત્રતાનો ને ધર્મરૂઢિ મર્યાદાનો, દાન, દયા શાંતિ ઉત્સાહ શૌર્ય, વિવેક સ્નેહ એ સર્વેના બળમાં ઘટાડો છે; કોઇમાં થોડો ને કોઇમાં ઘણો. પ્રપંચ તથા મત્સર એ હતા તેથી દશ પંદરગણા વધ્યા છે. અર્થલલુતા આઠ ગણી ને ભોગલલુતા બારગણી વધી છે.

પ્રજામંડળમાં કોઈ નવો પંથ નિકસ્યો જણાયો નથી. પરમેશ્વરનુ. સત્યનારાયણ સ્વરૂપ એનું મહાત્મ્ય હિંદુસ્થાની લશ્કરી લોકમાં નવું ચાલેલું તે જોઈ દક્ષણીઓ વ્રતોદ્યાપન કરતા થયા છે ને એ જોઈ મુંબઇના ગુજરાતીઓ પણ.

**વેદધર્મનું વર્ત્તમાન સ્વરૂપ** જે મોહનિદ્રાના સ્વપ્નતરંગસમયનું

છે તે હવે બદલાઇને **જાગૃતિના તેજમાં વૃદ્ધિ પામતું થશે—તેના ચિત્તમાંછે સપ્રણવ સત્તા** (પવિત્ર સાત્વિક સત્ય) અને તેનો નિત્યને માટે ને આપત્તિકાળને માટે નિવૃત્તિમાં ને પ્રવૃત્તિમાં, ઘરમાં ને રણમાં, મિત્રપ્રતિ ને શત્રુપ્રતિ આજ **બોધ** છે કે :—

"जयाजयौ दैववशौ तथापि
धर्मे जयो नैव कृतेप्यधर्मे."

---

(૧) **હિંદુ પ્રવૃત્તિ નબળીને યુરોપની નીતિયે સબળી** કરવી એવો અમારો ઉદ્યમ પ્રથમ હતો, બીજા સૌ સુધારાવાળાની સાથે; એ યોજના હાનિ કરનારી થઈ છે એમ અમે પાછળથી જાણ્યુ; ને સાથીઓ ને કહીએ છિયે. હવે **હિંદુ નિવૃત્તિ નબળી** તેને **સબળી** કરવાને ઉદ્યમી છિયે; સમજીને કે એમ થશે તો એની સાથે અનાયાસે **પ્રવૃત્તિ** પણ **સબળી** થશે.

–૧ પુરાણ માંહેની ઘણીએક કથા જેને સુધારો હસી કાટે છે તે ખરેખર શિક્ષીણય છે. દેવદૈત્યને પરસ્પર હાડવેર હતાં; દૈત્યની મોટી પ્રવૃત્તિ નિત્યે ને દેવની કોઇ કોઈ સમે હતી; દૈત્યોએ ઘણીકવાર દેવને સ્વર્ગમાંથી કાઢેલા પણ દેવની સત્તા સ્વર્ગમાં બહુ કાળ રહી છે; દૈત્યના મારની સામા દેવથી ટકાતું નહિં ને તેઓ નાસભાગ કરી છુપા રહેતા, પણ વળી અનુકૂળ કાળે એઓજ દૈત્યને હાંકી મુકતા. ભગવદ્ગીતામાં દૈવી સંપત્તિ ને આસુરી સંપત્તિ વિષે પ્રકરણ છે. એ સર્વ ઉપર વિચાર કરતાં ખુલ્લું જણાય છે કે આ દેશના હિંદુની ને યૂરોપના લોકની નીતિ કોઈ દહાડો પરસ્પર હળનારી નથી. સુધારો તમોગુણે યૂરોપની નીતિ આપણામા દાખલ કરવાને હજી પણ મથે પણ તે દાખલ થશે નહિં ને થઈ કદાપિ તો તે લોહી ચુસી લીધા વિના પણ રહેશે નહિં. યુરોપમાં થોડાક જણ સાત્વિક છે ને આપણામાં થોડાક જણ પ્રપંચી તામસી ક્રૂર છે. આપણી અમણાની નીતિ નમ્ર મલિન સત્વરજસી છે ને તેઓની ઊન્મત મલિન રજસ્તમસી છે; એ બે કેમ હળે?

–૨ **આપણી નિવૃત્તિ સબળી** કેમ થાય? સ્વધર્મના જ્ઞાનથી–ને સ્વધર્મ એ વિષય ઉપર તો અનાદર છે; આસ્થા ઊઠતી જાય છે; ત્યારે કેમ કરવું? દેશી નીતિ ને પરદેશી નીતિ એની તુલના કરી સારાસાર

શિખવો; સ્વધર્મને પણ જાણવો ને પછી સમજવો.—જોઇયે તેવા સમજાવનારા ન હોય તોપણ તેમાંના વિષયપર પોતેજ વિચાર કરયાં કરવો ધીરજ રાખીને. લોકને ધર્મ સમજવાની ઇચ્છા થશે તો સંપ્રદાય-પંથના ગુરૂ ને બ્રાહ્મણ તે પણ ઊદ્યમી થશે. (ગુરૂ ભૂલે તો શિષ્યે ને શિષ્ય ભૂલે તો ગુરૂએ એમ એકમેકને સાવધ કરવા.) એમ થયેથી પરનીતિનો મોહ ખસશે ને સત્વ ઊપરનો ઘણોક મળ જશે, પછી સ્વધર્મ પાળેથી સત્વ વધારે શુદ્ધ થઈ વધારે તેજ ધરશે ને પછી ધીરજના તપમાં કાળાકાંક્ષી રહેશે. પોતાનો જય પ્રકાશ કરવાને સત્વ ગુણનું લક્ષણ છે કે પોતાનાને બાઝી રહેવું, અસત્યનો પાસ ન લાગે માટે સંરક્ષિત રાખવું, શત્રુ આવી દુઃખ દે તો કનક કામિનીનો ત્યાગ કરી સામું થવું—હારવાને કે જીતવાને પણ પૂરેપૂરા. હિંદુનું બળ સહન કરવામાં તથા સદાચાર પાળવામાં છોં અને ધર્મરક્ષણને અર્થે કોઇ સમયે મહા કપટ ને અતિ ક્રૂરતા કરવામ પણ છે (સત્વનો તમ). આપણું જાણીશું, શુદ્ધ થઇશું, નિશ્ચળપણે તથ નિયમે પરલોક સંબંધી તથા આલોક સંબંધી સત્કર્મ કરતા રહીશું તો તે કર્મ વિપાકકાળે બહુ કાળ રેહ તેવું જયસુખ આપશેજ.

—૩ **સ્વધર્મભક્તિ** એને બળે ખ્રિસ્તી ને મહમદી લોકે પ્રવૃત્તિમાં મોટા જય દાખવ્યા છે તો હિંદુઓ ક્ષુદ્ર જે માત્ર પ્રવૃત્તિ વિષેનું કલ્યાણ તે કરવાને સમર્થ કેમ નહિ થાય? કાળે કાળે જ્યારે મોહ થયલો (પછી સ્વભાવે કે સંગતિયે) ત્યારે તેઓને તેઓનાજ બ્રહ્મજ્ઞાને, તેઓનાજ પ્રારબ્ધવિવેકે ને તેઓનીજ સ્વધર્મભક્તિયે તેઓને સાવધ ને ઊદ્યમી કીધા હતા ને હવે પણ તેજ કરશે. મુસલમાન રાજ્યથી હિંદુ ધર્મને કંઇક આંચ લાગેલી ને બ્રિટીશ રાજ્યથી વધારે; પણ હિંદુ સુધારાવાળાએ તો મોહવિદ્યાને પ્રતાપે દેશાભિમાનની નીતિયે હિંદુ ધર્મનું નખોદ વાળવા માંડયું; પણ ચિંતા નહિં, હવે સુધારાવાળા વહેલા ઠેકાણે આવશે. હિંદુઓએ વિષ્ણુભક્તિયે તથા સ્વધર્મરક્ષણનીતિયે મુસલમાની પ્રવૃત્તિના મોહને અળગો રાખ્યો હતો (બહુ વર્ષ); પછી શિવભક્તિ ને પરધર્મીનો તિરસ્કાર એથી સ્વધર્મનું રક્ષણ કીધું હતું (થોડીકવાર) અને હવે ખ્રિસ્તી પ્રવૃત્તિનો મોહ ખસેડવાને સ્વધર્મ ઊપર ભક્તિ રાખવાનું તથા વધારવાનું કહિયે છિયે. એ વધશે એટલે ધર્મના અંગ સૌ સબળ થશે. જે કાળમાં શિવભક્તિ પ્રબળ હતી તથા રજપૂતોની રજપૂતી, તે કાળનું મંતેજ પૂર્ણાક લઇએ તો, પ્રબળ વિષ્ણુભક્તિ તથા મુસલમાની

એના કાળમાં તે $\frac{૧}{૨}$ લગી ઉતરયું હતું ને (ગયા અંકમાં લખ્યું છે કે "તીસ વર્ષ પહેલાં ૧૬ આની તો આમણાં દશ આની છે" તો) આમણાં $\frac{૧}{૨} \times \frac{૫}{૮} = \frac{૫}{૧૬}$ એટલું ઊતરયું છે સાતશે વર્ષમાં. પરધર્મ વિષે ઉત્સાહ બુદ્ધિથી ઘટે તો પ્રજામંડળની સ્થિતિ સબળી થાયજ.

—૪ વ્યવસ્થા જ્યારે જેવી જેમ થવાની હશે તેમ થશે ને કરનારો પુરૂપ પ્રગટશે તે વેળાએ. હિંદુઓ ! તમે સ્વધર્મ ઊપર ભક્તિ રાખતા થાઓ એમ કહેવાનો દહાડો આવ્યો છે તો વ્યવસ્થા વિષે આમણા શું બોલવું ? તોપણ આ વેળાનેજ માટે થોડીક યોજના લખીશું કે તે અધિકારીઓ પ્રયોગમાં આણે.

સ્વધર્મના અધિકારી જે સંન્યાસી તથા બ્રાહ્મણ અને સંપ્રદાયના આચાર્ય, કુળ તથા મોટા પંથોના ગુરૂ (સુધારાવાળાના કટ્ટા શત્રૂ માત્ર તેઓની આમણાની અતીતિને માટે નહિં પણ ધર્મની ધાંધલ મચાવનારા માટે) એઓએ હવે જાગૃત થવું,—પોતે ધર્મકર્મ કરવાં, સદાચાર પાળવો, ને લોકને તેમ કરવા વિષે બોધ આપવો. તેઓ પોતપોતાના માર્ગ ને પુષ્ટિ આપે પણ તેની સાથે હિંદુ ધર્મ તે બીજા બધા ધર્મથી જૂદોજ છે ને સ્વધર્મમાં અનેક માર્ગ છતે પણ સૌનો એકજ ધર્મ છે એ બોધ અવશ્ય આપે. નિત્યકર્મ ને શુભાશુભ નૈમિત્તિક કર્મની પધ્ધતિ સંક્ષેપમાં રચી તે પ્રમાણે કર્મ કરવાં કરાવવાં પણ શ્રધ્ધા ભાવે તે થાય તે વિષે અવશ્ય બોધે.

અધિકારી જન સ્થિતિમાં આવશે ત્યારેજ મૂર્ત્તિ, જ્ઞાતિ, આચાર લગ્ન એ વિષય સારી પેઠે ચરચાશે ને અમુક નીતિ સ્થપાઈ પળાશે. અમે નથી ઇચ્છતા કે મૂર્ત્તિ સંબંધી ચરચા આમણાં ચાલે પણ લોક મૂર્ત્તિમાં પ્રતિષ્ઠિત કરેલા **દેવને શ્રધ્ધાયે** ઉપાસે એમ ઇચ્છિયે છિયે ; અમે નથી કહેતા કે જ્ઞાતિયો નિર્મૂળ થાય (તે થવાનીજ નથી) પણ શાખા જ્ઞાતિ તથા ઊપજ્ઞાતિ ઓછી થાય એમ ઇચ્છિયે છિયે ; આચાર અવશ્ય પાલવાનું કહીએ છિએ, પણ "અલ્પાચારે મલિનતા ને અત્યાચારે મૂર્ખતા" એવું નથી ઇચ્છતા. દૂર પરદેશ જઈ આવનાર તે થોડાએક પ્રાયશ્ચિતનેજ માત્ર આધીન રહો.

સંસારી ઊદ્યોગ ધંધો વેપાર એ પ્રકરણમાં લોકે પોતાનું સત્ય તથા પોતાનો સંતોષ એ બેનું વિસ્મરણ ન કરતાં સારી પેઠે ઉદ્યોગ કરવો ; અને રાજ્યપ્રકરણમાં તો તેઓએ તથા ધર્મશિક્ષકે ચિત્ત રાખવુંજ

એ પ્રકરણમાં અવશ્યે કોણે ચિત્ત રાખવાનું છે? સ્વદેશી રાજકુળોએ તથા રાજ્યના કારભારીઓએ અને બ્રિટિશ પ્રજામાંથી જે બુદ્ધિમંત વિદ્વજ્જન પોતાના સંસારી ઉદ્યોગ ઉપરાંત તેજ એક વિષયનો વિચાર બહુ વર્ષ લગી કરવાને ઇચ્છતા હોય તેઓએ. દેશી રાજ્યવાળા તે, કામની નવરાસ વિલાસ વૈભવમાં નહિ પણ દેશદેશની રાજનીતિ તથા યુદ્ધ ક્રિયાની જાણ કરી લેવામાં ને હિંદુ ક્ષાત્ર ધર્મ તે શું તે સમજી લેવામાં કાળ ગાળે; અને બ્રિટિશ રાજ્યવાળા તે, પ્રજાનાં દુઃખ પ્રસંગે પ્રસંગે શુદ્ધ વિવેકે સરકારને જણાવે (પછી એ કૃપા કરો વા ના); હક દાખલ કંઈ માગે નહિ ને ગોરાકાળાના ન્યાયભેદ વિષે ટીકા કરે નહિ. હિંદુ ક્ષાત્ર બુદ્ધિ વડી સરકારની સામાં નિત્ય છળ ભેદ યોજવાને સ્વભાવેજ નિર્બળ છે; ને વડી સરકાર બહુબહુ રીતે સાવધ છે, કોઇ તેવી નિકળી આવે તેને માટે. હાલમાં મદ્ય નૃત્યાદિથી દૂર રહેવુ, દુઃખ ધીરજથી સાંખવું, હરિકીર્ત્તન તથા ધર્મદાન ભાવથી કરવાં, સ્વકાર્ય યથાન્યાય કરવાં ને વડી સરકારના વહેવારમાં માન મર્યાદા પૂર્વક પણ નિડર સ્પષ્ટ વર્ત્તવું એ રહેણી ક્ષાત્રબુદ્ધિએ રાખવાની છે. સમો બદલાય છે, ને એવો પણ સમો આવે કે પરદેશી સરકાર આ દેશની થઇ લોક ઉપર મહેરબાન થાય કે પછી આ દેશની ક્ષાત્ર બુદ્ધિ તેના ઉપર ફાવે.

ક્ષાત્ર વર્ગને માળા જપવાનું કહ્યું? હા. પ્રવૃત્તિના ઊદ્યોગમાં ફવાતું નથી ત્યારે જાણવું કે સમય અનુકૂળ નથી; એમ છે ત્યારે નિવૃત્તિના માર્ગનો ઊદ્યોગ કરવો—અભિમાન મૂકી ઇશ્વરને ભજવાનો કે તે સમય ઉપર સહાય થાય. વિલાસ ને પ્રપંચથી દૂર રહેતાં નિર્બળ ન થવાય ને ધર્મ નિયમો પાળતાં વધારે સબળ થવાય.

મનુષ્યને કાર્યસિદ્ધિને અર્થે ઉદ્યોગ પણ એક અવશ્ય સાધન છે. થોડે ઉદ્યોગે તરત ને બહુ સિદ્ધિ, ઘણે ઉદ્યોગે મોડી ને સ્વલ્પ સિદ્ધિ ને કોઇ વેળા બહુ બહુ ઉદ્યોગે પણ સિદ્ધિ નહિજ. (બીજે કોઇ ભવે થાય). કોઇને વિના ઇચ્છાએ પ્રાપ્તિ, કોઇને પારકાની ઇચ્છાએ પ્રાપ્તિ ને કોઇને ઇચ્છિતની પ્રાપ્તિ થાય. સંસારી ઉદ્યોગેજ સંસાર કામની સિદ્ધિ થાય તેમ માત્ર નથી;—સંસારી ઉદ્યોગ નજ કરે પણ સંસારથી આઘો થઇ ઇશ્વરને ઉપાસે સંસારી સિદ્ધિને માટે તો તેને પણ ઉદ્યોગ ફળે ને વળી વેહેલો ફળે—કારણકે નિવૃત્તિના ઉદ્યોગમાં બાધ મુળગો ન હોવાથી ચિત્તવાસના વહેલી શુદ્ધ દૃઢ થાય. વ્યવહાર પ્રયત્ન સાધુપણે કરે તેને સિદ્ધિ સંભવ વહેલો ને કપટે કરે તેને મોડો. વશિષ્ઠે કહ્યું છે કે "નિયમ પાળવા તે પુરૂષાર્થ ને ફળસિદ્ધિ થવી તે દૈવ છે; ઇશ્વર ઉપર પૂર્ણ વિ-

શ્વાસે રહે તેને પ્રાપ્તિ થાય ; (સંસારી કે સ્વર્ગના) ભોગને અર્થે તપ કે પ્રયત્ન તે પણ અર્થસિધ્ધિ પામે (પણ એને પાછાં દુઃખ હોયજ); નિશ્ચયે પ્રયત્ન ન કરે ને અનેક વાસના કરે તેને ફળપ્રાપ્તિ થતી નથી."

અમેરીકન તથા કેટલાક યૂરોપીઅન તે હિંદુસ્થાનના લોકની દયા ખાય છે ને વિસ્મય કરે, છે કે આ તે કેવા લોક છે કે સત્તાધારીનો જુલમ સાંખ્યાજ કરે છે; જનસંખ્યા દેશપ્રકૃતિ, ને સુધરેલી સ્થિતિ અને બીજા ઘણાંક સાધન અનુકૂળ છે તે છતાં ! એનો ખુલાસો આટલોજ કે સ્વભાવ ભેદે પશ્ચિમના ખ્રિસ્તી દેશના ઘણાખરા લોક ઉદ્યોગથી અનુકૂલ સમો આણવાનો ફાંફો રાખી મથન કરે ; મુસલમાન સમય જેમ પ્રેરે તેમ ઉદ્યોગ કરે ; અને હિંદુનું રક્ષણ કરનારો ક્ષાત્ર વર્ગ તે પ્રતિકૂળ સમયના દુઃખ ભોગવ્યા વિના છુટકોજ નહીં તેથી તે ધીરજથી ભોગવી છુટતાં અનુકૂલ સમયને માટે લોકની સાથે રહી ઇશ્વરોપાસના કરે ને પછી એની પ્રસાદીએ રણસંગ્રામમાં મચે. અર્થાત્ હિંદુનાં (થોડા જણનો) ઉદ્યોગ ધીરો સમયને જોતાં પણ નક્કી જયને જોનારો ને પછી બહુ કાળ સુખ ભોગવનારાં છે. બીજા એના જય વિષે વાંચનારે સમજી લેવું.

યુરોપમાં સોલમાશેકા અર્ધ સુધી કાથલિક પ્રોટેસ્ટંટના રાજ્યોમાં સર્વત્ર લડાઇઓ હતી ; ને ધર્મ વ્યવસ્થા થઈ કે તરતજ પછીના અર્ધ શેકામાં લોકોએ પોત પોતાના રાષ્ટરાજ્યની વ્યવસ્થા કીધી હતી. ભાવાર્થ કે પેહેલી નિવૃત્તિ વિષયની વ્યવસ્થા થઈ ને પછી પ્રવૃત્તિ વિષયની થાય છે. હિંદુસ્થાનમાં પણ રાજ્યાશ્રય કાળની પુર્વેજ ધર્મ વ્યવસ્થા થઈ છે. વળી મોટા ફેરફારની પહેલાં થોડીકવાર કોઇપણ રાજ્યનું સ્વરૂપ નિર્મલજ હોયછે.

હિંદુઓને ધર્મ આપનારા યોગીશ્વરોએ કહ્યું છે કે જે દેશ પ્રદેશમાં કાલાં મૃગ સ્વચ્છંદે ચરતાં હોય ત્યાં ધર્મ છે, કોઇને દુઃખ ન દેનારાં એવાં પશુ ને તે કોઇના ઉપદ્રવના ભય રહિત હોય ; ભાવાર્થ કે જ્યાં પશુઓના જીવાત્માને દુઃખ દેનારા નથી ત્યાં. વળી એવો દેશમાંનો આ એક છે ; વળી ઋષિઓએ આ દેશને **કર્મભૂમિ** કહી છે એટલે તપ યજ્ઞ અનુષ્ઠાનાદિ કર્મો કરવાની ભૂમિ કે પુણ્ય પ્રાપ્તિ ઇચ્છેલાં કામની સિધ્ધિ થાય—વેહેલી ને આ જન્મમાં પણ.

વિદ્યા પ્રકરણમાં વેદાંત તથા ન્યાય એ હજી સતેજ છે ; સ્મૃતિમાંનો વ્યવહાર વિષય તેને સરકારે થોડાં ઘણાં માન સાથે સતેજ રાખ્યો છે ; કર્ણાટક તૈલંગમાં વેદાધ્યન હજી છે ;—સંસ્કૃત વિદ્યા હજી છે ધર્મ ક્ષેત્રોમાં પણ વિશેષે કાશી ને કાંચીમાં. નવાં પુસ્તક સંસ્કૃતમાં થતાં બંધ પડયાં છે, દક્ષિણમાં નવા નાટક થાય છે ખરાં ; સરકારને આશ્રયે ચાલતી પાઠશાળામાં સંસ્કૃત અભ્યાસ ચાલે તે ઠીકજ છે. પણ પ્રાકૃત ભાષા પ્રાંત પ્રાંતની સારો સંસ્કાર પામી છે. એમાં લખાયલાં પુસ્તકના વર્ગ પાડયે તો એક મોટા

વર્ગ સરકારી ધારા વગેરેનો ; એક મોટો તે સંસ્કૃતના ભાષાંતરનો કે નવાં વેદ વેદાંત સમૃતિ પુરાણ રામાયણ મહાભારત એમાંના વિષય તથા નાટકાદિ છે ; એક મોટો તે નવીન વાર્ત્તા, નાટક, કવિતાનો ; એક મોટો ભાષાજ્ઞાનનો જેમાં સરકારી નિશાળોમાં ચાલેલી ચોપડીઓ અને કોશ વ્યાકરણ વગેરે છે ; એક મોટો ચોપાનિયા પત્ર પ્રાસંગિક, ગ્રંથ વગેરેનો અને એક નાનો તે પદાર્થ શાસ્ત્ર કળા કૌશલ્ય એ વિષયનો છે. એ વિધાં પ્રકરણમાં સુધારાના પ્રયત્ન વિષે બીજે પ્રસંગે બોલીશું ; અહીં આટલુંજ કે સંસ્કૃતમાંથી ભાષાંતર કરવાનો ઉદ્યોગ બહુ વધ્યો અને રસના ગ્રંથમાં ખ્રિસ્તી તથા મુસલમાની રસવૃત્તિ વિશેષે દાખલ થયલી છે પણ હવેથી હિંદુરસવૃત્તિ પ્રાધાન રહે તેવી રીતે તે લખાવા જોઇએ.

કેવળ સ્થુળ બળની વૃદ્ધિ વિષે સુધારાનો બોધ છે કેમકે તેનો ઉદ્દેશ પ્રવૃત્તિજ વધારવાનો. જનની મોટી સંખ્યા અમારા ત્મતની થાય ; દેશમાં પદાર્થ શકિત વધે ; યંત્ર તથા રસાયનની ક્રિયાએ ને વેપાર તથા ધંધાએ દેશની સમૃધ્ધિ વધે દીર્ઘકાળ બ્રહ્મચર્ય પાળેથી તથા બાળલગ્ન બંધ કરી બહુ મોટી વયે પરણેથી શરીરમાં ધાતુની વૃધ્ધિ થાય ; યજ્ઞ કરો કે હવા સાફ થાય કે આરોગ્યે આયુષ્ય વધે ઇત્યાદિ ; એ બોધનો આદર કરે તેવો લોકનો સ્વભાવજ નથી. વળી

"સુખ સ્વતંત્રતાનું મોંઘું મળે શિર સાટે
રક્ત બળિદાન દેવું કાર્ય સિદ્ધિ માટે."

એ સ્વાર્પણ, ત્યાગ, ઔદાર્ય, સત્ય, પોતાનુંજ રાખવું, પારકું લેવું નહિ એ અભિમાન, કુલીન જોધ્ધાનું માન ઇત્યાદિ નીતિનો બોધ દાસપણામાં લોકને ઉત્તેજન આપી શકે નહી તો હવે મોહિત મુર્છિત પતિત લોકને ભ્રષ્ટ સ્થિતિમાંથી કાઢી ઊપર આણવાને શો ઊપાય છે ?

હજી તેઓની સ્વધર્મ ભણી દૃષ્ટિ છે. (જે બ્રહ્મજ્ઞાને રામ ને અર્જુન એઓનો મોહ ગળ્યો હતો તેનું પુરં વિસારણ થયું નથી) તો તે વિષેનું ઉત્તેજન તેઓને મળવું જોઇએ—

"પ્રવૃત્તિ જુદું વળગણ તોએ ધર્મ હઠે રહેવાશે
હૃદય દ્રવ્ય ઉકળશે ત્યારે પર્વત તો ઊંચલાશે"

માટે લોકની સ્વધર્મ ભક્તિ દૃઢ કરવાનો ઉદ્યોગ સર્વે યોગ્ય અધિકારીઓને સોંપી દેઇયે છિયે—પુનરપિ સ્મરણ કરી કે

"यतो धर्म स्ततो जय :"

(૧૧)–૧. **ગુર્જર પ્રજામંડળમાં સુધારો** * દાખલ કરનાર તે અંગ્રેજ સરકાર પોતે, અંગ્રેજોની પ્રેરણાએ ઊભી થયલી સભાઓ, અને અંગ્રેજી ભણેલા જુવાનોએ સ્વતંત્ર ઉભી કરેલી સભાઓ; વળી બીજા બુધ્ધીવંત કે ધનવંત દેશી ગૃહસ્થો જાણવા.

(અ) સને ૧૮૨૬માં સરકારે ગુજરાતિ નિશાળો માંડી નવું ભણતર નવી રીતે ચલાવ્યું. † (૧૮૫૮–૫૯માં જેવિસની યોજેલી પુસ્તકપધ્ધતી નિકળી ગઈ ને હોપની યોજેલી ચાલુ થઈ.)

(ઇ) સને ૧૮૪૯માં અમદાવાદમાં વર્નાક્યુલર સોસૈટી સ્થપાઈ મી૦ ફારબસની ‡ પ્રેરણાથી ને ધનવંતના નાણાથી; તે સભા ઇનામો આપી

---

* સરકાર કેળવણી આપે છે તે વિષે, સભા તથા પુસ્તકસંગ્રહ અને પત્ર તથા ચોપાનિયાં વિષે, સુધારાના કામને જેઓ નાણાએ પુષ્ટિ આપે છે તે વિષે અને ગ્રંથ તથા ગ્રંથકારો વિષે આ વિષયમાં લખીશુ નહીં, પણ જુના વિચારના દોષ દેખાડવા અને નવા વિચાર તથા એને પ્રસિદ્ધ કરવા તથા એ પ્રમાણે આચરવું એ વિષયમાં થોડું ઘણું લખીશું. અહિં સરકારી કેલવણી વિષે લખ્યું તે તથા કોઈ પ્રસિધ્ધ પુરૂષ વિષે લખાશે તે માત્ર નોંધનેમાટે છે એમ જાણવું.

† પ્રથમ ચોપડીઓ તથા મહેતાજીઓ તઇયાર કરવામાં ને નિશાળો થયા પછી તેની વ્યવસ્થા તથા વૃદ્ધિનેઅર્થે તનમનથી શ્રમ લીધો હતો જેણે, તે ભરૂચના મોઢવાણિયા **રણછોડદાસને** અમે આરંભકાળનો ગુજરાતની પ્રસિદ્ધિનો પહેલો પુરૂષ કહીશું. તેનાજ ભણાવેલા **દુર્ગારામ મહેતાજીએ** મંત્રાદિક તથા પુનર્લગ્ન સંબંધી સુધારાના વિચાર પોતાની નગરીના લોકમાં ચરચાતા કીધા ને પ્રજાનાં કામ સરકાર સંબંધના મરતા સુધી કીધાં. રણછોડદાસના મોહોટા દીકરા મોહનલાલે બુ. વ. સભાના પહેલા સમયમાં સારાં ભાષણ કરયાં હતાં; અને નહાના દીકરા મનમોહનદાસ તે અમણા ભરૂચની પ્રાર્થનાસમાજમાં કવિતાવાણીએ પ્રાર્થના તથા ભાષણ કરે છે. રણછોડદાસને પોતાને વેદાંતના ગ્રંથો વાંચવાપર પ્રીતિ હતી એવી અમારી સ્મૃતિ છે.

‡ સુરતની એંડ્રુસ લાઇબ્રેરીની સ્થાપનાના પ્રસંગમાં મી૦ ફારબસ પણ ગણાય છે; દેશી વિદ્વાનો ને અંગ્રેજો એના એકત્ર વિચારથી ને શ્રીમંત તથા લોકનાં નાણાંથી તે થઈ હતી. બીજી કેટલીક લાઇબ્રેરી ઉભી કરવામાં અંગ્રેજો હતા. વળી મી૦ ફારબસના હોંસીલા પ્રયત્નથી "ફારબસ ગુજરાતી સભા" (૧૮૬૫) મુંબઇમાં સ્થપાઇ છે; તેણે 'રાસમાળા' તથા 'ફારબસજીવનચરિત્ર' છપાવ્યાં છે અને 'ગુજરાતીકોશ' નિકળેલો જોઇ પ્રસન્નતામાં એના કર્ત્તાને રૂ ૫૦૦) બક્ષીસ આપ્યા છે; વળી સાંભલ્યા પ્રમાણે

ગ્રંથ લખી છપાવે છે ને મહિને મહિને બુદ્ધિપ્રકાશ કાઢે છે. સને ૧૮૬૦ સુધીમાં કાઢેલાં પુસ્તકમાં ભૂતનિબંધ (૧૮૪૯,) જ્ઞાતિનિબંધ (૧૮૫૧,) બાળવિવાહનિબંધ (૧૮૫૪) એ મુખ્ય હતા.

એ ત્રણે નિબંધો કવિ દલપતરામના રચેલા હતા; વળી તેનો પુનર્વિવાહ પ્રબંધ (૧૮૫૬માં) છપાયો હતો. કવિતામાં હુન્નરખાનથી (૧૮૫૧) તેણે જણાવ્યું કે "મન ઉદ્યમમાં અહોનિશ રાખો, શિદ ભાગ્ય લખ્યું થાશે ભાખો;" "સંચાને જંત્રો સિદ્ધ કરો," "પૃથ્વી *. ગઈ પરદેશી હાથે, એ મોટી ભૂલ તમો માથે, તમે સંપ ન રાખ્યો કોઈ સાથે; દેશી મિત્રો, દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું." (વળી વેનચરિત્રથી) ૧૮૬૭) તેણે વિધવાવિવાહને પુષ્ટિ આપી.)

સને ૧૮૫૦–૫૧માં મુંબઇમાં બુદ્ધિવર્ધક હિંદુ સભા સ્થપાઈ. (૧૮૬૦ લગીમાં) અનેક ભાષણો થયાં; છોકરીઓની નિશાળ મંડાઇ ને મહિને મહિને ગ્રંથ નિકળતો થયો. **સ્ત્રી કેલવણી** (૧૮૫૧), **દેશાટન** (૧૮૫૩), **દેશાભિમાન** (૧૮૫૬) ને **વૈધવ્યચિત્ર** (૧૮૫૯–૬૦) એ વિષય વિશેષ પ્રસિદ્ધિયે અંકિત થયા.

કૃષ્ણદાસે (૧૮૫૫) **સત્યપ્રકાશ** કાઢયું; તેમાં છપ્પન ભોગના શૈવ-વૈષ્ણવના ઝગડા સંબંધી,. (૧૮૫૮–૫૯) વૈષ્ણવોએ મહારાજને ગુલામી ખત લખી આપ્યું તે સંબંધી અને (૧૮૬૦) વલ્લભીપંથ તથા મહારાજોની અનીતિ સંબંધી લખ્યું.

સને ૧૮૫૮માં **સત્યપ્રકાશ, ગુરૂ અને સ્ત્રી, વિષયી ગુરૂ, ગુરૂની સત્તા, ચાબખા** એણે વૈષ્ણવોમાં ખળભળ કરી હતી; ૧૮૫૯માં કવિ દલપતરામ્ મુંબઈ આવેલા તેથી બંનો કવિના ભાષણ ઘણેક ઠેકાણે થયાં હતાં ને તે લોકે ઉત્સાહથી સાંભળ્યાં હતાં; ૧૮૬૦માં કવિએ પુનર્વિવાહ સંબંધી વાદ માંડયો જદુનાથજી સાથે ને એણે કૃષ્ણદાસ ઉપર લેબલ માંડયો. વળી એક મોઢ વિધવા બ્રાહ્મણીએ લગ્ન કીધું.

—૨. દશબાર વર્ષમાં સુધારાના ઘણાખરા વિચાર બહાર પડી ચુક

રા૦ રા૦ વિશ્વનાથ નારાયણ મંડલીકને પણ રકમ આપી છે, ઇતિહાસ લખ્યા ઉપરથી.

* દલપતકાવ્યની નવિ આવૃત્તિમાં 'પૃથવી'ને બદલે 'દોલત' છે. જમાનાનો આ કેવો દિલગિરી ભરેલો ફેરફાર અ. ગુ.

ને એ બોધકાળમાં કવિ દલપતરામ (૧૮૪૯થી), કૃષ્ણદાસ (૧૮૫૩થી) ને કવિ નર્મદાશંકર (૧૮૫૬થી) એ આગળ પડયા હતા. †

† સને ૧૮૫૦–૫૧ માં અમે મુંબઈ સુરતમાં મંડળીઓ ઉભી કરી સંપે કામ કરવું એ વિષે નિબંધ વાંચ્યો હતો; ૧૮૫૬ માં 'રડવા કુટવાની નઠારી ચાલ વિષે નિબંધ લખ્યો હતો; ૧૮૫૭–૫૮ માં સ્ત્રીઓને છુટ આપવા વિષે લખ્યું હતું. '૧૮૫૭ થી લખાતી થયલી નર્મકવિતામાં એકેશ્વરની ભક્તિનો બોધ પ્રવર્તાવ્યો હતો ને ૧૮૬૦ માં નવી ઉભી કરેલી તત્વશોધક સભામાં તે ધર્મનાં ભાપણ આપ્યાં હતાં. જદુનાથજી પોતાને ત્યાં વૈષ્ણવ ધર્મના ભાપણ આપતા; કેટલાક શ્રોતા અહિંની વાત ત્યાં ને ત્યાંની વાત અહિં કહી ખડી ગડબડ કરતા. કૃષ્ણદાસનો કોઇપણ રીતે સંબંધ નહોતો તત્વશોધકસભા સાથે ને તે કવિની સાથે વાદપ્રસંગમાં નહોતા.

ગંગાદાસે ૧૮૫૧ થી તે ૧૮૫૯ સુધી એક સરખી રીતે સભાની વ્યવસ્થા રાખી હતી ને સુધારાના કામને જોઇતાં નાણાની મદદ વાણિયા ભાટીયાઓ પાસેથી મેળવી આપી હતી. વળી તેઓ ભાષણ કરનારાઓને સારી સલાહ આપનારા હતા.

મહીપતરામનું રેહવું મુંબઇમાં બે વર્ષ (૧૮૫૬–૧૮૫૭) હતું, તેમાં ૭ સાત મહીના સત્યપ્રકાશ તેના હવાલામાં હશે; ને જેમ કૃષ્ણદાસે માનવધર્મનીતિ તેમ તેણે ઘરસંસારનીતિ લખી હતી.

મેડીકલ કોલેજમાં જનારો પહેલો ગુજરાતી ધીરજરામ હતો ને એ દાકટર થયા પછી બીજાઓ બાધ નથી જાણી પોતાના છોકરાઓને તે કોલેજમાં મોકલતા થયા. એ દાકટરે પોતાના ભાપણથી જીવ અમર નથી એવું સુચવ્યું હતું. તે પોતાનાં પ્રસંગમાં આવેલા ઘણા જણને ન્યાતિ આચારની વિરૂધ્ધમાં બોધરૂપ કહેતા. વૈદકશાસ્ત્રના એના ભાપણ બહુજ થયાં હતાં.

કૃષ્ણદાસ માધવદાસે રામમોહનરાયનું ચરિત્ર લખી પોતાની ધર્મવૃત્તિ દેખાડી હતી. તેણે બુ૦ વ૦ના સેક્રેટરી થયા પછી સભામાં ઉમંગ વધાર્યો હતો ને સુધારાના કામમાં નાણું આપ્યું હતું.

મુંબઇની વાર્તા પત્રદ્વારા કાઠીયાવાડ ને કચ્છ જઈ વંચાતી પણ ત્યાં કેલવણી તથા સંગતિના લાભ બહુજ ઓછા ને વળી દેશી રાજ તેથી તે તરફના જુવાનોમાં કોઈ બહાર પડી ઝળકયો નહિં. તોપણ જુનાગઢ માં ને ભાવનગરમાં કેટલાક હોંસિલાઓ સભા કરતા ને વિષય ચરચતા. જુનાગઢમાં પ્રાણલાલ મથુરાદાસે કેળવણીનું બીજ રોપ્યું હતું ને પછીથી આખા કાઠીયાવાડનું કેળવણી ખાતું ભોગીલાલ પ્રાણવલ્લભદાસના ઉપરીપણા તળે આવ્યું હતું. કચ્છમાં મોરલીધર ગિરધરે શિક્ષકપણું કીધું હતું. પ્રાણલાલ (૧૮૫૧) ને મોરલીધર (૧૮૫૭) એ બુ૦ વ૦ સભાના સંબંધમાં હતા.

—૩ સને ૧૮૬૦–૬૧થી તે ૧૮૭૬–૭૭ સુધીનો ૧૬ વર્ષનો કાળ તે સુધારાનો .કર્મકાળ કહેવાય–તે પૂર્વોક્ત વિચારના સંબંધમાં કર્મને અર્થે બોધ અને થયલાં કર્મ તેને અવશ્ય દેખાડે છે; જો કે કેટલાક બીજા વિચાર નિકલ્યા હતા તોપણ—

વિચાર કેટલાક પરદેશી તથા દેશી રાજ્યસંબંધી હતા. (જોવી નર્મકવિતા;) અમણાની સરકાર તથા સરકારી કામદાર અને દેશી રાજ્ય સંબંધી (જોવો ડાંડિયો ને બીજા પત્રો. ડાંડિયો ૬૪થી ૬૯ સુધી ચાલ્યો હતો;) શેરસટાની ઘેલછા (૧૮૬૩–૬૪–૬૫) તેના સંબંધમાં લોકને બોધ. ગુજરાતી સ્ત્રીપુરૂષની વર્ત્તમાન સ્થિતિ; (જોવા બંને કવિયોના તે વિષે નિબંધ.)

વિચાર કેટલાક જે બીજાંકુર રૂપે દેખાઈ અદીઠ થયલા તે પાછા દેખાઈ સારી પેઠે ચરચાયા ને કર્મમાં ઊતરતાં પાછા બંધ પડી ગયા. સને ૧૮૭૧ના અકટોબરમાં સુરતમાં **પ્રજાસમાજ** * થઈ તે કંઇ પણ કામ કીધા વિનાજ ભાંગી ગઇ; તેજ વર્ષમાં ભરૂચની સભા થયલી તેણે ચારેક બાબતની માંગણી કરેલી, પણ ૧૮૭૪થી તે બંધ પડી છે; ૧૮૭૨માં અમદાવાદમાં સભા ઊભી થઈ તે પણ પાછી તરતજ દબાઈ ગઈ. (મુંબઇની આસોસીએશનમાં થોડાક ગુજરાતી છે તે શું કરે છે તે જણાતું નથી.) (૧૮૫૯માં સ્વતંત્રતાની પછીની ગરબીમાં "હારે તમે દરબારી કામમાં પેશો" વગેરે હતું.) સને ૧૮૭૫–૭૬માં દેશી કારીગીરી સંબંધી ભાષણો થયાં. ગુજરાતમાં ઠામ ઠામ ને (પાંચેક મુંબઇમાં) સુરત અમદાવાદમાં શેરો ભરાઈ મંડલીઓ ઉભી થઇયો, પણ વળી તુટી ગઇ (૧૮૧૧ માં હુન્નરખાનનું ભાષણ હતું) એ વિષયમાં હરગોવિંદદાસ પુસ્તકો લખે છે ને ભાષણો † કરે છે. વળી વડોદરાની મંડલી કંઇકિ કરે છે; પણ જે

* વકીલ વર્ગ ને શ્રીમંત વર્ગ એઓ સમાજમાંથી ખસી ગયા. વલી મ્યુનિસિપાલ રેકર્ડમાં પણ આવી મતલબનું કાંઈ લખવામાં આવેલું કે એવી સમાજોથી લોકોને શું લાભ થવાનો છે.

† સુરતમાં હરગોવિંદદાસે ભાષણ કરેલું તે પ્રસંગે અમે પ્રમુખ રૂપે બોલતા કહ્યું હતું કે આ વિષય અમણા જે ચરચાય છે તેનું માન દક્ષણીઓને છે, પણ એ વિષયમાં કોઈ કાળે પણ જશ લેનારા તે ગુજરાતીઓજ થશે; કેમકે વેપાર ધંધા વિષે ગુજરાતીઓનીજ પ્રકૃત બુદ્ધિ વિશેષ છે, દક્ષણીઓની નહીં—એઓની રાજપ્રકરણવિષયમાં વિશેષ છે—એ ઉપરથી આક્રોટંટ આફીસના હેડ કલાર્ક ઢોંડુપંથને માઠું લાગ્યું હતું કે શું દક્ષણીઓમાં તે બુદ્ધિ નથી? સભા વિસર્જન થયા પછી અમે ઘણું સમજાવ્યું હતું કે ગુજરાતીઓના જેવી નથી ને જોવામાં પણ નથી.

મોટા જોસ્સો ઉઠયો હતો—કેટલાંક જુવાને—પરદેશી માલ ન વાપરવો એવો પ્રતિજ્ઞારૂપ જે નિશ્ચય કરયો હતો તે હવે નથીજ. સને ૧૮૭૭–૭૮માં લવાદ કોર્ટ સુરત અમદાવાદમાં થઇ પણ કામ કરે છે તે ઠીકજ છે.

(અ) કર્મને અર્થે બોધ એ વિષયમાં કવિએ સુધારાવાળાને ઊત્તેજન આપવાને શૂરવીરના લક્ષણ લખ્યાં ને કુલીન ગ્રહસ્થે સંસારમાં, જોદ્ધાએ રણસંગ્રામમાં ને નવા વ્રિચારના અગ્રેસરોએ જુના વિચારની સામા થવામાં કેવી નીતિ રાખવી તે વિષે બોધ કીધો : (નર્મ કવિતા જોવી; કેટલીક ઇશ્વર પ્રાર્થનામાં સુધારાવાળા થોડા છે, સહાય થજે એવું પણ લખાણ છે.)

કર્મ કરનાર મહીપતરામના સંબંધમાં ચરચા; (જોવો ડાંડિયો, નેટીવ ઓપીનીયન ને બીજાં પત્રો.) અને તે વિષયમાં અમદાવાદના પત્રો કવિ ઊપર પણ ઉલટયાં હતાં. (ચંદ્રોદય, શાળાપત્રક જોવાં.) કર્મ કરનાર કૃષ્ણદાસના સંબંધમાં ચરચા. (મુંબઇનાં પત્રો જોવાં.) અમદાવાદમાં બાળલગ્ન ન કરવાં એ વિષે કેટલાકે સહીઓ કરી પોતાની સભા કીધી હતી, પણ તે પ્રમાણે જૂજ કોઈ વર્ત્યા હશે. વળી ત્યાં (૧૮૬૮માં) પુનર્વિવાહઊત્તેજક સભા થઈ તે પુનર્વિવાહ કરનારને સહાય થાય છે, લગ્નક્રિયાના સાંધન સંબંધી.

(ઇ) થયલાં કર્મઃ—

૧ લૈબલ કેસમાં સુધારાવાળા જીત્યા.

૨ કેટલાક જણ ઇંગ્લંડ અમેરિકા જઈ આવ્યા.

૩ કેટલાક પુનર્વિવાહ થયા.

૪ અમદાવાદમાં પ્રાર્થનાસમાજ સ્થપાઈ (૧૮૭૧–૭૨.) મુંબઇમાં આર્યસમાજ (૧૮૭૫.)

૫ ત્રણ ચાર સ્ત્રિઓ નાના ગ્રંથ કે ભાષણ કે પત્ર લખી બહાર પડી છે.

૬ મુંબઇમાં સ્ત્રી પુરૂષ નાટકશાળામાં જતાં થયાં.

૭ ભૂત જાદુના વેહેમ થોડાક ઓછા થયા.

મહીપતરામ ૧૮૬૦માં ઇંગ્લંડ ગયા ને ૧૮૬૧માં પાછા આવ્યા; એના સંબંધી જ્ઞાતિમાં ચાલેલો ટંટો ૧૮૬૭–૬૯માં પત્યો.

કૃષ્ણદાસ ૧૮૬૩ માં ઇંગ્લંડ ગયા ને તેજ વર્ષમાં પાછા આવ્યા. (વાણિયાઓની જ્ઞાતિઓમાં ટંટા ચાલ્યા;) વળી બીજીવાર ગયા હતા ૧૮૬૭ માં એ વેળા તેની સાથે ભરૂચના મોઢવાણિયા માણકલાલ હતા, ને મુલજી ઠાકરસી પણ હતા.

(ઉ) એ કાળમાં વિચાર દરશાવનાર રૂપે નર્મદાશંકર, ગિરધરલાલ ને નગીનદાસ એ ત્રણ મુંબઇમાં, અમદાવાદમાં મહીપતરામ (૧૮૬૭ પછી.)

—૪ સને ૧૮૭૬–૮૦ માં સુધારા સંબંધી વાત આટલીજ કે સુર-

તમાં (૧૮૭૮) પ્રજા સમસ્તની સભા થઇ હતી સરકારને અરજી કરવાને; પ્રાર્થનાસમાજ પુનર્વિવાહ કરાવે છે; આર્યસમાજ વેદ વેદ ગોખાવે છે અને કવિ નર્મદાશંકર નિવૃત્તિ પ્રવૃત્તિ સમજાવે છે, (સને ૧૮૭૭ થી.)

---

—૫ (વિવેચન.) ગુજરાતી સુધારાનો બોધ ધર્મ તથા ધર્મગુરૂની નીતિ એ પ્રકરણમાં અને ધર્મતત્વયુકત જ્ઞાતિ તથા લગ્ન એ પ્રકરણોમાં મુખ્યત્વે હતો.

(અ) મુંબઈમાં વલ્લભાચાર્ય અધિકારીઓ પોતાના શિષ્ય સમુદાયમાં-ના સમજુક જનોના સવજાવ્યા સમજયા નહિં ત્યારે તેઓને લજ્જિત કરી શુદ્ધીમાં આણવાને ચાર પાંચ ભાટિયાઓ તેઓની અનીતિ ઊઘાડી પાડવાનો ઉદ્યોગ ચલાવતા. તેવામાં કૃષ્ણદાસે 'સત્યપ્રકાશ' કાઢયું ને તેમાં પછી તેણે પણ મહારાજોની અનીતિ વિષે લખાણ ચલાવ્યું. કવિ નર્મદાશંકરે પણ વિષય મળ્યો જાણી નિબંધો લખ્યા.* કેટલાંક કારણો ઊપરથી કવિએ મહારાજ જદુનાથજી સાથે વિધવાના પુનર્વિવાહ વિષે વાદ માંડયો પણ તે શાસ્ત્ર ઇશ્વરકૃત છે કે નહિ એ પરિચ્છેદ આગળ અટકયો આગળ ચાલવાને.† પણ તેટલે તો કવિયે મોટી ભૂલ કીધી એમ કહીને કૃષ્ણદાસે શાસ્ત્ર ઇશ્વરકૃત કે નહિ એ વિષય ઝડપી લેઈ, એને પણ વેહેલો દૂર કરી મથુરાદાસની ‡ સહાયતાએ જૂનાં પુસ્તક ખંખોળી તે વિષે બોલતાં વલ્લભી ધર્મને પણ વખોડયો. જદુનાથજીએ કોરટમાં દાવો માંડયો (૧૮૬૧ન મે ની ૧૪મીએ) અને કોરટે ન્યાય આપ્યો (૧૮૬૨ના અપરેલની ૨૨મીએ):

૧. મહારાજો બ્રાહ્મણમાં મુખ્ય નથી. ૨ વલ્લભાચાર્યે ચલાવેલે ધર્મ તે જુના કાળનો નથી પણ પંદરમા શૈકામાં (ઇસવી) ઉત્પન્ન થયો છે.

---

*એ પ્રસંગમાં છોટમલાલ તથા વ્રજલાલ એ બે ભાઇનાં પણ લખાણ ગદ્યપદ્યમાં હતાં ને કવિ દલપતરામનો નિબંધ ગુરૂશિષ્ય ધર્મ એ પણ ઉપયોગમાં આવ્યો હોય.

†એ પ્રકરણ તેવામાં સઘળું છપાયલું છે.

‡કૃષ્ણદાસે કોરટમાં કહ્યું હતું કે 'મેં મારા મિત્ર મથુરાદાસ લવજીની મદદ લીધી હતી' એ અવશ્ય ગણનીય પુરૂષ સુધારાવાળા નિકલ્યા તેની પહેલાંનો સુધારાવાળો છે; અંગ્રેજી ભણ્યો નથી; વેપાર ધંધો કરે છે પણ તેની સાથે વિદ્યા તથા સુધારાને ઊત્તેજન આપનારો, બુદ્ધિવાન ને શોધક છે; સંસ્કૃત પ્રાકૃત પુસ્તકનો મોટો સંગ્રહ રાખે છે.

વલ્લભાચાર્યના પંથ વિષે સત્યપ્રકાશમાં લખાયું છે તે ખરૂં છે. ૪ જદુનાથજીની અનિતિ વિષે તે પણ ખરૂં છે.

એ વેળા સુધારાનું ધર્મમત શું હતું તે જાણીએ. "મનુના બનાવેલાં પુસ્તક ઇશ્વરકૃત કહેવાય છે;" "વેદની પછી જે પુસ્તક લખવામાં આવ્યાં છે તે બધાં પુસ્તકોની સઘળી વાત ઇશ્વરે લખી છે એવું હું માનતો નથી" એમ કૃષ્ણદાસે સાક્ષી આપતાં લખાવ્યું છે, કાર્યવશાત્, પણ વેદ ઇશ્વરકૃત છે એમ તે શુદ્ધ બુદ્ધિએ માનતો હતો એમ અમે તો નહિ કહીએ; તેનું રચેલું નીતિવચન (અંગ્રેજી ઉપરથી ભાષાંતર) તે મનુષ્યની સામાન્ય નીતિ બતાવે છે; અર્થાત્ તે એકેશ્વરનો ધર્મ માનનારો હતો. અમે તો એ મતનો ઉપદેશજ કરતા હતા. અમારી જાણમાં મુંબઈ કે બીજે કહીં થઇને ગુજરાતી સુધારાવાળામાં (૧૮૬૨ લગી) ચારેક જણ વિના બીજા બધા તે ઇશ્વરનું અસ્તિત્વ માનનારા હતા, સંપ્રદાયના દેવોને ન માનવા પણ એક પરમેશ્વરને માનવો એવો તે કાળનો વા હતો—"દલપતનો દેવ ને નર્મદનો બ્રહ્મ." અર્થાત્ સુધારાવાળા એકેશ્વર મતના સર્વ સંપ્રદાયની સામાં ને સામાન્ય માનવ નીતિને માનનારા હતા. (કોઇએ જુનો ધર્મ છોડયો નહોતો ને ઘણાખરા તો તે પાળતા પણ હતા). એ ધર્મે વલ્લભી સંપ્રદાય ઉપર કોરટમાં જય મેળવ્યો; સુધારાવાળાનું ઐક્ય પ્રકાશ્યું; અને કૃષ્ણદાસની કીર્ત્તિ થઇ—ખ્રિસ્તીઓએ મોટી વખાણી.*

કૃષ્ણદાસ તનમને શ્રમિત ને ધને અવ્યવસ્થિત થયલો તે થોડોક સ્વસ્થ ને વ્યવસ્થિ થયો કે તેનામાં પોતાને મળેલી કીર્ત્તિ વધારવાનું તથા સંસારી સ્થીતિપદ ઉચું કરવાનું કોડ જાગ્યું ને તેણે ધર્મવિષયના સુધારાનો ઉદ્યોગ છોડયો, તેના સાથી ભાટીઆ તે પોતાના વેપાર ધંધામાં પડયા. નર્મદાશંકર હિંદુ ધર્મનું સંશોધન ને એકેશ્વર ભક્તિનો પ્રસાર

*બીજા વૈષ્ણવ ધર્મવાળા રાજી થયા વલ્લભ માર્ગ પીંખાયો જોઇ; પણ વળી બીધા સુધારાવાળાથી કે રખે કોઈ દહાડો આપણાપર ઉતરે;—ને એ રીતે સુધારાનું મોટપ વધયું. ખોજા ને પારસી સુધારાવાળા તે હિંદુ સુધારાની ફતેહ જોઈ ખુશ ખુશ થઈ ગયા (પોતપોતાના મંડળમાંના જુના નવા વિચારના સંબંધમાં) અને કૃષ્ણદાસને નાણું આપી સહાય થયા પછીની તેની અવ્યવસ્થામાં. હિંદુ ધર્મની પિંખણીમાં ખ્રિસ્તી પાદરી ઊમંગી હોયજ ને ડાકતર વિલસન તે કૃષ્ણદાસને સારી પેઠે સહાય થયા હતા કોરટમાં ને તે પછી પણ.

એને માટે ઉદ્યમી તે ગુજરાતી તથા દક્ષણી સુધારાવાળાની સ્થિતિ નીતિથી અપ્રસન્ન થઇ† ધર્મ સુધારાનો વિષય છોડી દેઈ સુરત જઈ રહ્યો. કોશ ગ્રંથ પુરો કરવાને, સને ૧૮૬૩થી ચાલેલા શેરસટ્ટાએ સુધારાવાળાને લોભાવેલા ને પછી માઠી સ્થિતિમાં આણેલા; તેઓ વછુટા પડી ગયા હતા. અમદાવાદમાં મહીપતરામ તે પણ જ્ઞાતિપ્રકરણમાં ઉપાધિગ્રસ્ત હતો. (અમદાવાદમાં ધર્મ સભા ૧૮૫૮થી થયલી ને જેણે બે વર્ષ ધર્મપ્રકાશ નામનું ચોપાન્યું કાઢેલું તે ઇશ્વર વિષયમાં વાદવિવાદ કરતી નામની રહી હતી; મુંબઇમાં તત્વશોધક ૧૮૬૦થી ચાલી ને ૧૮૬૫માં બંધ પડી; જુનાગઢની ધર્મ સભાએ વેદાર્થપ્રકાશ એવું ચોપાન્યું કાઢયું હતું, જાણ્યામેળે ૧૮૬૫–૬માં).

સમાજોમાં એક,‡ ખ્રિસ્તી ધર્મતત્વ અવશ્યે ભળેલાં એવો ભક્તિ-

---

†કૃષ્ણદાસ તથા સુધારાવાળા ભાટીયા કોઈ નવું વૈષ્ણવ મંદિર કાઢશે, કે એકેશ્વરની ભક્તિનું કરવાને કોઈ સ્થળ રાખશે એવી આશા હતી તેવું કાંઇ થયું નહિ. જ્ઞાતિભેદ ન રાખી એકેશ્વર ભક્તિનો તથા માનવનીતિનો ધર્મપ્રસાર કરવો. એના વિચારને માટે દક્ષણીઓમાં સભા હતી તેમાં દાખલ થવાને મિત્રો અમને કહ્યાં કરતઃ પણ અમે થતા નહિ, જાણીને કે કોઈ છતું તો પડવાનું નથીજ; વળી તેઓએ નિશ્ચયથી કહ્યું ને અમે દાખલ થયા; વર્ષેક પછી તે તુટી;—એ સમયે છ જણે બહાર પડવા વિષે નક્કી કીધું; પછી વળી ચાર જણ મોટા પુરૂષ ખસી ગયા. તેથી અમે પણ અટક્યા. એ બનાવ પછી આજલગીમાં કોઇપણ ધર્મસુધારાની સભામાં અમે દાખલ થયા નહી.

‡રીપોર્ટમાં લખાયું છે કે "અમદાવાદમાં **ધર્મસભા** હતી તેનું **રૂપાંતર** કરી **પ્રાર્થનાસમાજ** સ્થાપી છે." ગેઝેટીઅરમાં લખાયું છે કે "પ્રિન્સ આવ વેલ્સની માંદગી ગઈ તે બાબતની પ્રાર્થના કરવાને સૌ મળેલા ૧૮૭૧ ના ડિસેંબરની ૧૭મીએ તે પ્રસંગ ઉપર કેટલાક જણ જે એકેશ્વર ભક્તિને માટે સભા કરવાને બહુ વર્ષ થયા ઇચ્છતા હતા તેઓએ રવિવારે રવિવારે મંડળી મેળવી જગત્કર્ત્તા, મનુષ્ય સર્વનો પિતા સર્વોત્તમ તેની પ્રાર્થના કરવાનો ઠરાવ કીધો. સને ૧૮૭૯.માર્ચ લગી ૧૦૮ સભાસદ, તેમાં ઘણાક તે બ્રાહ્મણ, ક્ષત્રી, વાણીઆ ને થોડાક તે કણબી, સુથાર, લુહાર, કોળી હતા, વળી એક મુસલમાન ને એક પારસી. ધેડ કે ભંગિયાને આવવાને છુટ નથી, ખ્રિસ્તી આવે. તેઓએ પોતાનો જુનો ધર્મ છોડયો નથી—શુભાશુભ કર્મમાં ફેરફાર કીધો નથી. એક સર્વશક્તિમાનની ભક્તિ કરવી મૂર્ત્તિ કે છબી વિના અને કોઈ મધ્યસ્થ ગુરૂ વિના; જગદીશ્વર પોતેજ મનુષ્યના કર્મ પ્રમાણે રૂડો ભુંડો બદલો આપશે એ તેઓનું મત છે." અગ્રેસર મહીપતરામ તથા ભોળાનાથનાં ક્લેશછિન્ન ચિત્ત (સ્વજ્ઞાતિના પોતાના નિમિત્તના વર્ષોના ટંટાથી), બ્રહ્મસમાજના મત્તવાળા સત્યેંદ્રનાથ

કર્મપ્રકાર ચલાવે છે ને બીજો † તે માનવધર્મતત્વ વિશેષ ભળેલાં એવો ભક્તિકર્મપ્રકાર વેદમંત્રદ્વારા ને થોડીક ખ્રિસ્તી રીતિ રાખીને ચલાવેછે.

સારાંશ કે તીસ વર્ષમાં ગુજરાતી ધર્મ સુધારાએ એકેશ્વરભક્તિ વિચાર—મૂર્ત્તિ આચાર કર્મનો અનાદર તથા સંપ્રદાયમત સર્વનો તિરસ્કાર ઓછો વધતો અપ્રગટ પ્રગટ, કોઈ કોઇમાં ને કહીં કહીં પણ સર્વત્ર દેખાડયો છે. સુધારાવાળાનો પોણો ઉપર ભાગ તે હિંદુધર્મતત્વ અવશ્યે ભળેલાં એવી ભક્તિનો વિચાર રાખનારો છે; થોડાક જણ તે પ્રાર્થનાસમાજના રીતની ભક્તિ કરનારાં અને જુજ તે આર્યસમાજની નીતિયે ભક્તિ તથા કર્મ કરનારા છે.

(ઇ) ઇંગ્લંડ સરખે દુર દેશાવર જવાને ધર્મનો અટકાવ છે તે તોડવો જ એ ઉદ્દેશે મહીપતરામ કે કૃષ્ણદાસ સુધારાવાળા રૂપે ઇંગ્લંડ ગયા નથી; તેઓએ ઉદ્દેશ પણ સધાશે, કીર્તિપણ મળશે એ વિચારથી ને ગ્નાતિથી દુર થઇશું તોપણ નાતીલા મિત્રો સાથે રહેશે એવી આશાએ તેઓ ગયા હતા. ગયા એટલે સુધારાનો ઉદ્દેશ સધાયો કહીએ ને તેઓને માન આપીએ; પણ આવ્યા પછી ગ્નાતિના સંબંધમાં તેઓ પોતાની જોઢારૂપ કીર્ત્તિને ઉજળી રાખી શક્યા નથી.

મહીપતરામ તથા તેની સાથે જમનારા વિષે બહુ લખાયું છે એટલે ફરીથી અહીં લખવાની અગત્ય નથી; પણ કૃષ્ણદાસના સંબંધમાં થોડુંક અહીં લખીશું અવશ્યે ગુજરાતના લોકને માટે ને થોડુંક નવું અહીના લોકને માટે પણ. ઇંગલંડથી આવ્યા કે મુંબઇના‡ મહાજને તેની સાથે કે તે-

---

ટાગોરનો સહવાસ (૧૮૬૪–૬૭), નવું કાંઈ કરવાને ઉસકેરાયલું મન (કૃષ્ણદાસ મુળજીની પેઠે), છેક જૂદાંતો નજ પડવું એ નિશ્ચય, વેદાદિક ન માનવા વિષે સ્વગત પ્રથમ બહાર પાડવાથી લોક નહિ ખેંચાય માટે યુક્તિ પ્રયોગ—એ બધાં કારણ સમાજની ઉત્પત્તિનાં છે એમ અમે માનીએ છિયે.

† મુંબઇમાં સ્વામી દયાનંદે ભાષણો કીધાં ને કેટલાએક ગુજરાતી દક્ષણિઓના વિચારથી સમાજ સ્થાપવામાં આવી. એ ખુલ્લું કેહછે કે સંપ્રદાયમત ખોટાં છે, મૂર્ત્તિ નજ પૂજવી, અદ્ધંબ્રહ્માસ્મિ બકતા બ્રાહ્મણોએ ખરાબી કરી છે, વેદ સંહિતાના એકેશ્વરને ભજવો. (તેના ભાષણ નિમિત્ત ખરચમાં મદદ કરનારા મુંબઇમાં ભાટીઆ, ભણશાલી, મારવાડી શેઠ, દક્ષણી અમલદારો ને પારસી ગૃહસ્થો હતા.)

‡ એમાં કપોલ, લાડ, પોરવાડ, શ્રીમાલી, મોઢ, નાગર ઝારોળા, વા-

ની સાથે રહેનારા સાથે પાણી વહેવાર બંધ એવો ઠરાવ કીધો. કૃષ્ણદાસ તે કૃષ્ણદાસની સાથે જમ્યા ; પહેલા સાથે એના નાતીલા જમ્યા ; ને એ રીતે મુંબઇના નાગર વાણીઆની જ્ઞાત મહાજન બહાર થઇ. એનો નિકાલ પાંચ છ વર્ષે થયો ને નાગર વાણીઆ દેહશુદ્ધિ કરી મહાજનમાં નવા દાખલ થયા. કૃષ્ણદાસ મુલજીની સાથે એના જ્ઞાતિના પ્રાણજીવનદાસ વાઘજી જમેલા તેણે પણ દેહશુદ્ધિ કરી. મુંબઇમાં† કૃષ્ણદાસે જ્ઞાતિમાં દાખલ થવાની આશા છોડેલી‡ પણ કાઠિયાવાડમાં (૧૮૬૭–૭૧) તેણે કે તેની તરફથી કોઇએ યુક્તિ કામે લગાડી હોય ; કેમકે કાઠિયાવાડના ચાર ચોરા કપોળના તેમાંના એક ઉપર કોઇ દરબારથી જાસ્તી થઈ હતી.§ રાજકોટના વાણીઆ કૃષ્ણદાસ સાથે જમ્યા એમ લખાયું છે ને કંહિબંધા તો નહિ હોય એમ કંઠીબંધા કહે છે.

મહીપતરામને માટે તેના સ્વજ્ઞાતી સ્વવર્ગી મિત્રોએ સામદામભેદદંડ એ ચારે ઉપાયો કામે લગાડી સાત વર્ષે પણ ધાર્યું પાર ઊતાર્યું. ‖ એ

---

યડા, વગેરે નાતના શેઠો એકઠા થઇ વિચાર કરે છે ને તેમાં મુખી કપોળ શેઠીઓ હોય છે.

† એક વાણીઆ ગૃહસ્થે કૃષ્ણદાસ સાથે જમવાનું વચન આપેલું ને વળી લખી અપેલું કે ખુલ્લી રીતે ન જમું તો રૂપીઆ વીસ હજાર આપું ; પછી જ્યારે તે ન જમ્યો ત્યારે તેની પાસેથી તે રકમ કૃષ્ણદાસને મળી હતી (આપનારને આપવી ગમી નહોતી પણ પરનાતિના ગૃહસ્થોએ વચમાં પડી અપાવી.)

‡ ડા. વિલસનને બંગલે કેશવચંદ્રસેન અને દક્ષણી ગુજરાતી સુધારા વાળા મળેલા તે પ્રસંગે કેટલાકજણે ભાષણ કીધાં હતાં ને કૃષ્ણદાસે પણ કહ્યું હતું કે જ્ઞાતિનો જુલુમ ઘણો છે માટે સુધારાના સાથીઓએ જુદાં પડવું ; પછી તેમ કરવાને કૃષ્ણદાસ સાથે પાંચ જણે નામ આપ્યાં ; રેવરંડ ધનજીભાઇએ અમને કહ્યું કે છઠું નામ તમારૂં આપો ; અમે કહયું કે ઘણીકવાર એવા નિશ્ચય થયા છે ને પછી કંઇ થયું નથી માટે જો આ વતી કાલેજ નામ બહાર પડવાના હોય તો અમારૂં નામ પણ લખવું ; પછી તેઓ બોલ્યા હતા કે એટલી ઊતાવળ તો ન કરવી.

§ કૃષ્ણદાસના મરણ પછી તેના કુટુંબને જ્ઞાતિમાં લેવાના પ્રસંગમાં તે ચોરાવાળાનું મન મનાવવામાં આવ્યું હતું, ઊપર થયલી જાસ્તીથી થયલાં નુકસાનના બદલામાં.

‖ સને ૧૮૬૭ ના સપટંબરની ૧૦ મીએ ; પણ રહેલો બખેડો ભાવનગર જુનાગઢ વચેનો તેનો છેલ્લો નિકાલ ૧૮૬૯ ના નવંબરની ૧૪ મીએ થયો હતો.

મિત્રો મુત્સદી પદવીવાળા ને વેગવાળા હતા તોપણ તેઓને વેઠવું પડયું હતું. કૃષ્ણદાસની તરફથી પોતાની જ્ઞાતિના મિત્ર નહોતા ને નાગરવાણીઆની જ્ઞાતે પક્ષ ખેંચ્યો પણ તે દેશાવરખાતાનો વહેવાર બંધ પડવાથી તે કંઇ કરી શકી નહી. કોઇએ લેખલતું કે ફોજદારી કામ ચલાવ્યું ; કોઇએ મોસલ બેસડાવ્યા, કોઇએ નાણાનું જોર વાપર્યું અને છળ પ્રપંચ તો બને પક્ષવાળાઓએ સુમાર વીનાના કીધા. જ્ઞાતિઓએ ધર્માચાર રૂઢિને આગળ પાડયાં હતાં તોપણ તેની સાથે દ્વેષ મમત ઓછાં નહોતાં રાખ્યાં.

જેઓએ જ્ઞાતિમાં દાખલ થવાને પોતે મથન ન કરેલું કે મિત્રો ન કરી શકેલા તેવા બીજામાં મનોરદાસ (કપોળ,) માણેકલાલ (મોઢ) એ બે વાણિયા અને મુલજી ઠાકરસી તથા રામદાસ ભાણજી એ બે ભાટીયા હતા. એ ચારમાં છેલ્લો માત્ર ઇઝરાતો ખરો. †

મહીપતરામની સાથે જઇ આવેલા ખેડાવાળાનું શું થયું તે અમે જાણતા નથી ; માણેકલાલ જ્ઞાતિમાં દાખલ થયો છે. દા. ગીરધરલાલ (કાએચ) તે જ્ઞાતિ બહાર છે. વલી એક નાગર બ્રાહ્મણ છાનો વીલાત જઇ આવ્યો છે. (ચારમાનો કીઓ ? કયાંનો ! કે બારડ ? એક વિસનગરો એડનતો જઇ આવ્યો છે એમ પણ સાંભળ્યું છે.)

ઇંગ્લંડ જઈ આવવું એ કારણથી નહિ પણ બીજાં ઘણાંક જુદાં જુદાં કારણોથી પોતપોતાની જ્ઞાતિના ભોજન વ્યવહારથી દૂર થયલા તેવા કેટલાક જણ (સુધારાના સંબંધમાં કેહવાયલા) સઘળી જ્ઞાતિયોમાં હતા તથા છે. (એ વર્ગમાં અમે પણ છિયે.)

જ્ઞાતિમાં દાખલ થતાં શાસ્ત્રોક્ત દેહશુદ્ધિ કરવી નહિ એવું સુધારાનું મત હતું પણ પ્રસંગ આવ્યા ત્યારે તે થઇ છે પરાણે.

(૩) વિધવાવિવાહ એ સુધારાના ઇતિહાસનું એક મોટું પ્રકરણ છે જે વિષય ર૭ વર્ષ થયાં ગુજરાતી લોકમાં ચરચાય છે, જે વિષયમાં બંને કવિયે લખ્યું છે (દલપતરામે વધારે,) જે વિષય લૈબલ કેસનું બીજ કારણ હતું તે વિષયમાં થોડુક કામ થયું છે. તે જોઇ સુધારાવાળાએ ઉત્તેજન લેવાનું છે. ને પહેલું કામ ગરબડીઉં હોય તે છતાં તે કામને સહાય થનાર મંડળીઓને માન પણ આપીએ. થોડુંક કામ પણ થયું છે તેનું કારણ કે વિવાહ કરનારા સમજીનેજ જ્ઞાતિથી દૂર રહે છે ને લોકમાં હો હો કરતા નથી. એ વિષયમાં ઘણુંક સ્વચ્છ કરવાનું છે.

---

† કૃષ્ણદાસને જ્ઞાતિમાં દાખલ થવાનો સમય ઢુંકડે આવતો હતો તેવામાં તે મરણ પામ્યો. (૧૮૭૧ ની ર૮ મી આગષ્ટે ;) મનોરદાસ, રામદાસ ને મૂલજી (૧૮૮૦) એ જ્ઞાતિબહાર સ્થિતિમાં મરણ પામ્યો છે.

સુધારાએ કરાવેલા વિવાહ તે પોતે માનેલા શાસ્ત્રની વિધિ પ્રમાણે પણ સ્વચ્છ છે કે નહિ તે સુધારાવાળા પોતાની ક્રિયાપોથી તે વિગેની બહાર કાઢશે ત્યારે જણાશે. પુનર્લગ્ન થયાં, બ્રાહ્મણે કરાવ્યાં (ગુજરાતી કે દક્ષણી કોણ જાણે) એમ પરણેલાં જોડાં કહે છે. વિધવાવિવાહ કેટલાક તે લોકે ચાર દહાડાપણ આગમચથી જાણ્યું હોય કે થવાના છે એવા; કેટલાક તે પ્રથમ છાનાં થયા પછી પ્રસિદ્ધ થયલા કે થવાના એવા ને કેટલાકને માટે લગ્નની તૈયારી ઉપર તે થવાના છે એમ પ્રસિદ્ધિ કરેલી એવા થયા છે. વળી એ બધામાં વિવાહ પહેલાં સ્ત્રી પુરૂષ પરસ્પર ન મળેલાં એવાં થોડાકજ હશે. વિવાહનું નામ નહિ પણ સ્ત્રી પુરૂષના વેહવારમાં જગ જાણે તેમ રહેતાં ઊત્તમ નીતિયે તેવાં પણ ગુજરાતમાં કેટલાંક જોડાં છે. વિવાહથી જોડાયલી સ્ત્રી પુરૂષમાં બહુ થોડી સંખ્યા નિકળવાની પરણ્યા પછી ગૃહસ્થ ગૃહસ્થાણીની ખરેખરી રહેણી રાખતાં હોય તેવાં જોડાંની.* માત્ર સંસારસુખ ઇચ્છા એજ ઘણાકનો હેતુ હશે. પરણીને મનમાં ઇઝરાતાં કોઇ ઠાવકાં કોઇ બાવરાં, ધણી ધણીઆણીને બનાવ નહિ એવાં પુરૂષની પોતાની સ્ત્રી ઉપર સખતી હોય તેવાં, ને સ્ત્રી ધણીથી પડદે રાખે તેવાં પણ જોડાં છે. પુનર્વિવાહ કરનારાંઓનું પરસ્પર ઐક્ય નથી.

—૬ સંસારસુધારાના રાજપ્રકરણમાં લોક સમાજતા નથી ને સભ થયલી તે તરત બંધ પડી હતી. દેશાભિમાન શબ્દ કેટલાકને મોડે ચઢ્યો છે ખરો પણ સમજ વિનાનો. આ ટાણે સાંભરે છે કે સુરતની સ્કુલમાં સ્વામી દયાનંદે ભાષણ કરેલું તેને અંતે પ્રશંસા કરતાં અમે બોલેલા કે બાવીસ વર્ષ થયાં દેશાભિમાન દેશાભિમાન કહિયે છિયે પણ તેને ધર્મની છાપતો સ્વામીએજ આપી. દેશની કારીગીરી વધારવાની મંડળીએ ભાંગી પડી છે. ન્યાતિખરચ ઓછા કરવાને બોધ અપાય છે પણ વળ સવલી રસેન્દ્રિયોને લડાવવામાં મોટા ખરચ થાય છેજ. કસરત કરી જો વધારવાનો બોધ ખરો પણ કસરત ઊપર દુધ જોઇએ તેનું કેમ! સિલોનના લોકે અંગ્રેજી નીતિ રીતી થોડી ઘણી રાખી છે પણ ત્યાં એક પીં નથી—કોઇ દારૂ પીતા નથી; આપણામાં નીચી મનાતી ન્યાતિઓએ દારૂથી દુર રહેવા માંડયું ત્યારે ઊંચી ન્યાતિઓ તેમાં આનંદ માણતી થઇ છે નર્મકવિતાના શૃંગારમાં જુવાનિયાં બહુ રાજી પણ તેમાંના વીર કે શાંત શું કરવા જુવે? એ સઘળું શું બતાવે છે? ભ્રષ્ટ સ્થિતિ. સુધારો રવાનેમાટે એ નીતિ કહેવાય છે—"ધીરે ધીરે સુધારાનો સાર." અને "ય

* એમાં માધવદાસ મોટે પદેછે; એની મોટી ઓથછે પુર્નવિવાહ રનારાઓને; એણે સુરતની કોરટમાં સાક્ષી આપી હતી પત્રવાળાના કામમ

હોમ કરીને પડો." એ એમાં સમયને માટે બીજીજ જરૂરની હતી તે જુવાનિઆએ બહુ વખાણી પણ કામ કરવામાં તે વપરાઈ નથી ને વપરાઇ ત્યાં દુખદ થઇ છે, જોઇએ તેટલો પણ વિચાર ન કરવાથી. બીજી નીતિનો ઉપયોગ વિશેષે વ્યવસ્થિત કાળમાં કરવાનો છે. તોપણ એ બે નીતિને પ્રસંગ વિચારી યોજવી.

(ક) ગ્રંથ–ચંદ્રિકા* (૧૮૬૫), ભૂગોળ† (૧૮૭૨), મુક્તાનો બોધ‡ (૧૮૭૯), ટુંકી કાહણીઓ§ (૧૮૮૧), એનેજ ૩૦ વર્ષની સ્ત્રી કેલવણીના ફળ રૂપે જોઇએ! ભાષણ અમદાવાદ પ્રાર્થનાસમાજમાં મહીપતરામ ભાઈના પત્નિ ને ભોળાનાથ ભાઈની વડી પુત્રી‖ એઓએ કીધાની જાણ પત્ર દ્વારા અમને થઇ હતી એમ સાંભરે છે. પત્રમાં બે ત્રણ વિષય ચંદ્રિકા લખનારીએ લખ્યા છે; ચાર પાંચેક સ્ત્રી શિક્ષક જમનાબાઇએ¶ લખ્યા છે ને એવી કેટલીકોએ લખ્યું પણ હોય, પુરૂષોએ મદદ કરી હોય એ ઠીકતો નહિંજ પણ પત્ર ચોપાનિઆંમાં સ્ત્રીને નામે પુરૂષલખાણ બહાર પાડે તે તો બહુજ ખોટું થાય.

(ખ) છૂટનો વિષય જોઇએ. ગુજરાતીઓમાં એક પાસ બૈરાં ને એક પાસ પુરૂષ એમ બેસવાની રીત છે; પણ મુંબઇની નાટકશાળામાં ધણી ધણીઆણીના જોડા સાથે બેસે ને કેટલાંક કુલીન બૈરાં તે અકુલીનની સાથે. (એક મંડળીએ એ વિષયમાં પાકો બંદોબસ્ત સાચવ્યો હતો ખરો) જેમ કેટલાંક દહેરાંનાં રંગમંડપમાં ગોખ હોયછે તેમ અમદાવાદ સમાજમા મંદી-

---

* એમાંના ત્રણેક ગીત ચોપડી નીકળી ત્યારથી મુંબઇની છોકરીઓની કેટલીએક નિશાળમાં ગવાયછે. "નાગર સ્ત્રિઓના ગીત"ની ચોપડીમાં **રીતકથન** તેણેજ લખ્યું છે.

† ભૂગોળમાં કોઇના કહેવા પ્રમાણે એકથી વધારે પુરૂષની મદદ કહેવાયછે. (અંગ્રેજીમાંથી ભાષાંતરછે.)

‡ કેટલાકનું કેવું છે કે તે પુરૂષેજ લખેલીછે ઉપસે કલ્પિત નામે.

§ એ ચોપડીમાંજ લખેલુંછે કે એ ચોપડી કેમ થઇ તે. (અંગ્રેજીમાંથી ભાષાંતરછે.)

‖ એની બહેન **બાળાબા** એણે અમદાવાદના નાગરી ગીતનો સંગ્રહ રચ્યોછે.

¶ એણે કન્યાશાળામાં કરેલું ભાષણ તથા પ્રાર્થનાસમાજમાં કરેલું તે 'મુબઇ સમાચાર' તથા 'ગુજરાતી'માં છપાયાછે.

રમાંછે સ્ત્રીઓને બેસવાને તે રૂડું અમે સાંભળ્યુંછે. મુંબઇમાં થોડીક સ્ત્રી ઓ પોતાના ધણીની સાથે પુરૂષ સભામાં ભાષણ સાંભળવા જાયછે, તેઓ ત્યાં આવેલાં બીજાં બૈરાં સાથે શેકહેંડ કરેછે. કેટલીક તે ધણી સાથે કે એકલી પણ બેંડસ્ટેંડપર જાયછે. પહેરવેશમાં કાએંચ સ્ત્રીઓએ પહેલ કરીછે ને કેટલીક તે બુટ સ્ટાકીંગ, પોલ્કા ને સાડી પહેરતી થઇછે; કેટલીક અષ્ટ* સૌભાગ્યમાનાં કેટલાંક વર્જ્યાંછે, મર્યાદા સુઘડતા ભણેલીઓ ઘરમા ઓછી પણ બહાર બહુ બતાવેછે.

(ગ) ભુત જાદુના વહેમ કેટલાક ઓછા થયા. પણ વળી થીઓસોફીસ તેના તત્વને સાચાં ઠેરવેછે! આપણા શાસ્ત્રોએ સાચાં કહેલાં તે ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો હતો. ફળ જયોતિષ ખોટું એમ સુધારાવાળા કહેતા ને હવે કેટલાક તે સાચું માનેછે. મુળ તત્વે અમે તેને સત્ય માનીએ છિયે ને અમણાના વહેવારમાં વસાશાસ્ત્રની કોટીએ સોમાં પંચાવન દાખલા ખરા થાય.

—૭ (પુનરાવલોકન) જૂનાં વિચારના હિંદુ એકજ ઇશ્વરને માને છે પણ પોતપોતાના ગુરૂના બોધ્યા પ્રમાણે; અને ગુરૂ કે તેના બોધેલાં કર્મો ટાળીને એક ને એનું સ્વરૂપ સમજ્યા વિના ભજવો એ સુધારાનું મત છે. એ ચલાવવાને ગુજરાતી સુધારાએ કામ કીધું પણ તે વહેલુંજ ડબાઇ ગયું; પાછું તે સમાજ રૂપે લીલા કરતું થયું છે; પણ કહેણી પ્રમાણે રહેણી રાખી શકતું નથી ને મનમાં ચોક પુરયાં કરે છે!

મહારાજની અનીતિ કાઢતાં ૪૦ વર્ષ થયાં પણ તેઓએ તે છોડી નથી; તેને ખરેખર ધિક્કારનારા થોડાજ વૈષ્ણવ છે. કેટલાક ભાટીયા સુધારાવાળા કહે છે કે મંદિરની વ્યવસ્થામાં ફેરફાર કરવો નહિં, માત્ર મહારાજ સુધરે. વળી દોષ કોનો છે વસ્તુત :? ગુરૂનો કે શિષ્યનો? અમે નથી સમજતા કે સુધારો મહારાજનો પીછો શા માટે નથી મુકતો? નવો ઉપાય કંઇ ન હોય તો થોડાંક વર્ષ વાત બંધ રાખવી. સ્વામી દયાનંદ પણ તેના ઉપર ઉલટયો હતો. શું બીજા પંથો નથી સુધારાની સળવળતી જીભ ને ચળવળતી લેખણીને માટે?† સુધારો નીતિઅનીતિનો પારેખ થવાનું ડોળ

---

* સિંદુર સેંતામાં, ચાંલ્લો, કાજળ, વાળી, કાનેકંઇ, કીડીઆંસેર કોટમાં, ચુડો કે બંગડી, અઠ્ઠાસિયાં એ આઠ કહિયે તેમાં ૧, ૩, ૪, ૮ એ ચાર વર્જ્યાંછે.

†કૃષ્ણદાસે કોરટમાં કહેલું કે "મુંબઇમાં તીસ ચાલીશ હજાર ભાટિ-

કરે છે પણ તેના કર્મે તે સઘળી બતાવી છે તેની ક્રિયામાં ને કાર્યમાં. મૂળથીજ ધર્મની ભક્તિની લાગણી નહિં તો ધર્મસુધારો કેમ થાય? ‡

(ઇ) જ્ઞાતિ વિષયમાં સુધારો છેકજ સપડાઈ પડયો. સને ૧૮૬૦–૭૨ માં ગુજરાત કાઠિયાવાડમાં બધે જ્યાં ત્યાં બ્રાહ્મણ વાણીયાની જ્ઞાતીઓમાં તડ ને બંધી, પ્રાયશ્ચિત ને દંડ, કંકાસ ને કલેશ, દ્વેષ ને મમત, સત્તા ને ધન, વહાલામાં વેર ને જમવાનાં ઘેર એ જોવામાં આવ્યાં હતા. જ્યારે સુધારાવાળાએ **ન્યાત બહાર** એ શબ્દ ઉપર સરકારી કાયદાને પોતાની તેરફ્ર લીધો ત્યારે ન્યાતવાળાએ **વહેવાર** આગળ પાડયો. ગુજરાતી બ્રાહ્મણ ન્યાતીઓએ પોતે ઊંચી માનેલી નાગર ન્યાતી દ્વારા અને ગુજરાતી વાણીઆ ન્યાતીઓએ મુંબઇના મહાજન દ્વારા ધર્મસત્તા વાપરી હતી.

(ઉ) લગ્નનો વિષય કેવળ સંસારી છે એમ સુધારો હૃદયથી માને છે પણ પોતાની નીતિ કે મત રાખવું પણ પાળવું નહિ તેથી તે લગ્નની ધર્મક્રિયાને અધિન રહે છે. તેમજ વિધવાવિવાહ લોકોમાં ચલાવવાને તેમાં ધર્મક્રિયાનો ઉપયોગ કરે છે. હવે વિધવાવિવાહને માટે પંડિતોમાં પણ બે પક્ષ છે ને તેને સમયધર્મરૂપે ચલાવવો એવું અમારૂં પણ મત છે. એક જણ આવી અમારી આગળ બોલ્યો કે "ગટ્ટુજી પંડિત કહે છે કે સમયનો વળી ધર્મ કેવો? નિત્ય ધર્મજ ખરો." પણ વલ્લભસંપ્રદાય ને સત્યયુગનો ધર્મ નથી તે તેઓ જાણેછેજ.

વિધવાવિવાહ ન કીધો ને ન કરાવ્યો ફલાણાએ પ્રસંગ છતે, વળી બાળવિવાહ નિષેધમાં ફલાણાએ સહી આપેલી તે તેણે પાળી નહિં એવી

---

યા હશે ને મહારાજની અનીતિને ધિક્કારનાર બસેં હશે." આજે વળી હજાર કહીયે, પણ તેઓ મહારાજને છોડે તેવી સ્થિતિમાં નથી. સ્વામી દયાનંદ સ્વામીનારાયણના મત ઉપર ભાષણ ચલાવતો હતો પણ એટલે તેનું જવું થયું. શું બીજા પંથોમાં દુરાચાર અનાચાર છળપ્રપંચ નથી? ને એનું પાપ વિશેષ કે વલ્લભપંથના જાર કર્મનું? એ પાપ વિશેષ કે સુધારાનાં ખોટા કર્મનું? યમરાજા કે તેનો ચિત્રગુપ્ત જાણે.

‡ નર્મદાશંકર ૧૮૫૮માં શાસ્ત્રી વ્રજલાલ સાથે વાતો કરતો એકેશ્વરમતના પ્રસારને અર્થે; ૧૮૬૦માં ઉપદેશ કરતો; ૧૮૬૫માં તે ઉદ્યોગ બંધ પાડી બેઠો; પછી તે ધર્મશોધનમાં વિશેષ લાગ્યો—કે જેનું પરિણામ આ થયું કે ૧૮૭૫થી વેદ ધર્મના પોતાના જૂના સંપ્રદાય ભણી વળ્યો છે. મહીપતરામનું મત ૧૮૫૭માં કેવું હતું તેની સ્પષ્ટ સ્મૃતિ આવતી નથી પણ ૧૮૭૨થી તેનું મત પ્રસિદ્ધજ છે. કૃષ્ણદાસનું અગાડી કહ્યું છે.

ચરચાથી સુધારાને લાભ છે કે હાની? પત્રવાળાએ અમુક જણને નિંદવો નહિં, દાખલાની દરકાર રાખવી નહિં, પણ વિચારનેજ નિત્ય ઠસાવ્યા કરવો; (અમુકને ઠપકો ને દાખલાની દરકાર તે વ્યવસ્થિત કાળની નીતિ છે.) વળી પક્ષ કે મમત કે સ્વાર્થને દૂર રાખી શુદ્ધબુદ્ધિએ ભૂલ ભરયું પણ લખાણ થાય તે રૂડું પણ તે દુર્ગણથી ઊશ્કેરાયલું ને સારૂં પણ હોય તો તે ભુંડું.*

—(ક) સ્ત્રી કેળવણી જેમ ચાલે છે તેમ ચલાવ્યા કરવી કે કેટલાક નિયમ કરવા એ વિષે હવે પછી.

—(ખ) રડવા કુટવા સંબંધી બોધ ૨૪ વર્ષ થયાં પણ સ્ત્રિઓનાં હૈયામાં વસ્યો નથી ને પુરૂષો પણ આરડતા દોડતા બંધ થયા નથી. તેમ વળી ઘણીક વાત રૂઢી સંબંધી તે પણ સ્ત્રિયોએ લેખવી નથી.

—(ગ) વળી ગુજરાતી સુધારાના સંબંધમાં આ નિબંધમાં પૂર્વે ન જણાવેલા ને જે અમણા સાંભરે છે તે કેટલાંક નામ નીચે જોવાં. પારસી પત્રોએ ને ગૃહસ્થોએ ગુજરાતી સુધારાને બહુ બહુ રીતે ટેકો આપ્યો છે.†

‡ મુંબઇમાં ત્રિભોવનદાસ દ્વારકાદાસ (સત્યપ્રકાશના સંબંધમાં); લલુભાઈ નરોતમદાસ (માનવધર્મપ્રસારના સંબંધમાં). સુરતમાં કાળાભાઈ

---

*પારસી પત્રો હિંદુ ધર્મ ન્યાતી લગ્ન એ વિષયમાં પોતાના મત આપતા બંધ રહે તો સારૂં કેમકે તેઓ કોઈ પ્રસંગે હસવા જેવું ને કોઇવાર કંટાળો આવે તેવું કરે છે. કોઈ કોઇ પારસી ગૃહસ્થોએ પોતાના મિત્ર સુધારાવાળાની તારીફ કરતાં તેઓને આંચ લાગે તેવું કરેલું, માત્ર ધર્મ સંબંધી જાણ ન હોવાથી.

†પારસી ગૃહસ્થોના નામ ને બંધુ થઈ પારસીનું દ્રવ્ય ગુજરાતી સુધારા ખાતે કેટલું આવ્યું તેની અટકળ એ વિષે બીજે પ્રસંગે.

‡મુ૦ વ૦ના સંબંધમાં કાનદાસ મંછારામ, ગોકળદાસ કહાનદાસ, ચીમનલાલ નંદલાલ, જવેરીલાલ ઊમયાશંકર, દલપતરામ જીવણરામ, દલપતરામ પ્રાણજીવન ખખર, નાનાભાઇ હરીદાસ, નારાયણદાસ કલ્યાણદાસ, પરભુરામ નવલરામ, ભાઈશંકર નાનાભાઈ, મનસુખરામ સુર્યરામ, માણેકલાલ ગોપાળદાસ, રણછોડભાઈ ઉદયરામ, લલુભાઈ કેશવલાલ, હરીલાલ મોહનલાલ, હરીવલ્લભદાસ બાળગોવનદાસ ને અમણાના બીજા ઘણાએક.

વળી ગુજરાતી સુધારાને આસરો આપનારા વિષે કોઈ પ્રસંગે લખાશે તોપણ ત્રણ નામ તો અહીં ઘણી પ્રસિદ્ધિને લીધે લખી રાખીશું. શેઠ મંગળદાસ, શેઠ લખમીદાસ (મુંબઇમાં) ને શેઠ બેચરદાસ (અમદાવાદમાં.)

સહુભાઈ (સ્ત્રિઓને છૂટ તથા તેઓના પહેરવેશના સંબંધમાં), ગણુપતરામ ગૌરીશંકર (હિંદુસ્થાનમાં એક ભાષા થાય તે સંબંધમાં), નંદશંકર તુળજાશંકર (મહીપતરામના સંબંધમાં), નવલરામ લક્ષ્મીરામ (બાળવિવાહ નિષેધના સંબંધમાં) અને પત્રવાળા. અમદાવાદમાં પ્રાર્થનાસમાજના સભાસદોમાં કેટલાએક ને એમાં લાલશંકર ઉમયાશંકર (અનાથબાળરક્ષણુના સંબધમાં) ને પત્રવાળા. કાઠિયાવાડમાં મણિશંકર જટાશંકર ને બીજા જુવાનો.*

૮ (ઉપસંહાર) એ પ્રમાણે સુધારો પોતાના યોજેલાં કામમાં ફાવી શક્યો નથી ને બહુ વર્ષ પછી માંહે રહી ખોદવું ને બ્હાર ન પડવું એ નીતિએ ફાવે તેવી ઉંડી છાપ પણ તેણે મંડળના મન ઉપર પાડી નથી. ધર્મવિષયમાં માત્ર વિધવાવિવાહ ઉપર વાત આવી રહી છે ને એ હવે બ્રાહ્મણોને પાલવે પડી છે. માત્ર સંસાર વિષયનુંજ કલ્યાણ કરવાને અવતરેલો તે અર્થપ્રાપ્તિમાં ફાવ્યો નથી ને તેની વધારેલી રસવૃત્તિ નિંદાઈ છે. સુધારાવાળામાં ગણાયલા તે કેટલાક જૂના વિચારના થયા છે, કેટલા આઘા ખસી બેઠા છે ને માત્ર થોડાજ તેં ટેંટેં કરી પોતાની પ્રકૃતિ દેખાડે છે. સુધારાએ ઘણાંકના મન દોડતાં કીધાં ને કેટલાકને ફટાડયા પણ હવે તે પોતેજ દોડતો થયો છે ને ફાટી આંખે જુએ છે. તેણે બુદ્ધિચાંચલ્ય પૃચ્છકશક્તિ. સાહસવૃત્તિ દેખાડયાં છે: પોતાના નિમિત્ત ગ્રંથ વિદ્યા કેટલીક દાખવી છે; વળી તેના કર્મમાંથી કેટલુંક સાર રૂપ લેવા જેવું છે–ટુંકામાં તેને પોતાને તો લાભ ન થયો પણ તેના સત્વનો જો ઘટતો ઉપયોગ થાય તો ખરે મોટો લાભ થાય મંડળને. માટે, હવે ગુજરાતી સુધારાએ પોતાને જુદો ન કહેવાડતાં મહામંડળમાં મળી જવું: સ્વધર્મ ઉપર ભક્તિ વધારવી ને સત્ય સંતોષ મર્યાદાએ ઉદ્યોગ કરવા. ભુલ્યા ત્યાંથી ફરી ગણો, માંડો પંડ્યા ઘરથી, ઉદ્યમે છે સિદ્ધિ, હારે તેને હરિ મળે નીતિયે નારાયણ વસે; સત્યે લક્ષ્મી, સંપે જંપ, પાપે ક્ષય ને ધર્મે જય.

---

*દક્ષણીઓમાં ગોપાલરાવ દેશમુખ, વાસુદેવ વકીલ, રઘુનાથરાવ મ્યુનીસીપાલ સેક્રેટરી, ગોપાલરાવ દેશપાંડે, ગણેશ જોશી ને બીજા કેટલાએક મુંબઇ પુનાના બુદ્ધિમંતો. બંગાલીમાં સત્યેન્દ્રનાથ ટાગોર ને ખ્રિસ્તીમાં મીસ મેરી કારપેંટર એ સહુ ગુજરાતી સુધારાને સલાહ આપનાર હતા.

## જયવાર્ત્તા.*

### વિજયાદશમીએ.

—(૯) ગુર્જર હિંદુપ્રજામંડળે પોતાનાં મહેચ્છ કોડીલાં પણ સંગદોષે ઉન્મત્ત પતિત થયલાં પણ વળી પાછાં નમ્ર સ્વધર્મભણી વળેલાં પુત્રપુત્રિને પોતાના વહાલમાં લીધાં છે—**મંગળવાર્ત્તા!** (૨) પરાયા વિચારે યોજેલું ઐક્ય તે ન બને તેવું હતું પણ આ ઐક્ય હવે મંડળને સુઘટિત કરશે—**મંગળવાર્ત્તા!** (૩) ધર્મે ઐક્ય થયું છે.—**પવિત્ર મંગળ વાર્ત્તા!** (૪) ધર્મની વૃદ્ધિ થશે. ત્યાગપુરૂષબળ વધશે—**શકુન શુભ વાર્ત્તા!** (૫) બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય શૂદ્ર સૌ ધર્મકર્મ પાળતા થશે—**ઉત્સાહ વાર્ત્તા!** (૬) એ ચારે પોતપોતાનાં ઉદ્યોગમાં ઘુમશે—**ઉજવળયુદ્ધવાર્ત્તા!** (૭) અને ઉદ્યમ સમુહનાં ક્ષાત્રતેજબળે આખું મંડળ પોતાનું પરલૌકિક ઇહલૌકિક કલ્યાણ કરી લેઈ ભોગવશે—**જય જય જય વાર્ત્તા!**

સુધારાવાળા પાછા ભળ્યા છે મંડળમાં.† (૨) સુધારાએ આખાં મંડળમાં પોતાના વિચારનું ઐક્ય કરવાનું કીધું; પણ એમ ઐક્ય થયું નહિ; તે પોતેજ જુદો પડી ગયો; પણ હવે તે શુદ્ધિમાં આવ્યો છે; એ નવું ઐક્ય થયું છે તેથી મંડળ જે કેટલીક રીતે અવ્યવસ્થિત છે તે વ્યવસ્થિત થશે ‡ (૩) સુધારો દેશાભિમાનની નીતિયે રાજ્યમાં કે સમૃદ્ધિનો લોભ કરાવી ઐક્ય કરાવી શકયો નહી; વળી કેટલાક સુધારાવાળા ન્યાતિમાં દાખલ થયા તે સરકાર સત્તાને બળે નહી પણ હિંદુધર્મની શિક્ષા પામીને; વળી કેટલાક

---

* **સુધારો અને સુધારાવાળાંનાં સંબંધમાં,** અમે હિંદુ શબ્દ સિંધુ શબ્દ ઉપરથી થયો માનીએ છૈયે (આરબી ન સમજવો). હિંદ શબ્દે વેદોક્તધર્મની પ્રજા અવસ્યે ને વળી જૈનધર્મની પણ એમ જાણવુ. **સુધારો** શબ્દ ગુજરાતી ભાષામાં નવો દાખલ થયો છે. મુંબઈનાં પારસી ઓએ પેહેલો વાપરેલો.

†(જેઓ હજી મમત રાખી રહ્યા છે તે પ્રાર્થનાસમાજનાં જુજ જન જાણવા.)

‡ "સુધારાવાળાનો બોધ સંપ વિષે તે પોતાનામાં જોવામાં આવ્યો નથી; સુધારાનો સંપ નિરંકુશ સ્વતંત્રતા સાથે સ્વાર્થ હેતુનો તે પ્રયોગમાં સફળ ઉતર્યોજ નથી. મંડળી કરી થોડોક કાળ સાથે બેઠા બોલ્યા વગેરે એટલુંજ. હવે નવા ભળેલાની પ્રથમની ઉગ્ર નીતિ, મર્યાદાની સાથે થવાથી ને પ્રજા સંપતુટિત છતે પણ અમુક મર્યાદામાં છે એથી, મંડળનો સંપ સબળ સતેજ થશે.

સ્વધર્મનું જ્ઞાન થયે મંડળમાં દાખલ થયા છેઃ તો હવે પવિત્રતાના વિચાર આચારકર્મજ્ઞાનવિષયનાં તે સબળ થશે. (૪) સૌજ પરદેશી પરધર્મી વિચારોનો ત્યાગ કરશે તેથી મંડળ શુદ્ધ અને નિવૃત્તિધર્મ પાળશે તેથી સબળ ભાવે થશે; ખરી દિશાએ લક્ષ થયો ને ભુલ્યા હતા તે ઠામ પાડયા એ આરંભ શકુન છે.* (૫) સુધારાએ વર્ણભેદ કાઢી નાખ્વાની ને યથેચ્છ કર્મ કરવાની પ્રવૃતિનો બોધ કીધો હતો અને હવે જ્ઞાતિનાં કર્મ રાખતા સમયોચિત પ્રવૃત્તિ કરવી એમાંજ લાભ છે એમ તેણે જાણ્યું છે. (૬) એમાં કંઇ છળ પ્રપંચે સૌ લોકે રાજ્યની સામા થવાનું નથી; વળી ક્ષત્રિયો પોતાની વિદ્યાનીતિનો અભ્યાસ કરે તેમાં બાધ નથી. (૭) પ્રભુનિર્મિત સમયે ક્ષત્રી પ્રાણદાન કરશે, બ્રાહ્મણ અનુષ્ઠાન ફલદાન કરશે ને વૈશ્ય સમૃદ્ધિદાન કરશે સ્વધર્મ રક્ષણને અર્થે, ને એમ સર્વેને પુણ્યબળે જયલાભ થશે.

(અ) મંડળના બે ધર્મ છે; વેદોક્ત ને જૈન, ને એ બન્ને બહુ ભેદે પળાય છે. વેદોક્તમાં સ્થાપિત બે મોટા સંપ્રદાય શૈવ તથા વૈષ્ણવ છે; ને વૈષ્ણવમાં રામાનુજી, વલ્લભી, માધવી એ છે. પંથ સ્વામિનારાયણી, પ્રણામી, બીજ માર્ગી, કબીરપંથી, રામસ્નેહી, રાધાવલ્લભી વગરે છે; અને ત્યાગી ગોંસાઇ વેરાગીનાં અનેક પંથ છે તે જુદા. એ સૌમાં ઊછરેલા લોકે પોતપોતાનું જાણવું; અધિકારીઓએ જાગૃત થવું.†

ઇશ્વરતત્વજ્ઞાન વિષયમાં હજી પણ શૈવ રામાનુજી માધવી એ ત્રણ સંપ્રદાયમાં કેટલાએક સંસ્કૃત ભાષાના પંડિતો છે. લોક વર્ગમાં શંકરના વેદાંતને માનવાવાળા ઘણાક બ્રાહ્મણ છે; ને થોડાક તો બીજાને બોધી શકે તેવું જ્ઞાન ધરાવે છે. કાઠીઆવાડના નાગર અને સુરતના ભાઠેલા તથા કણબી એમા કેટલાંક જણનો તે નિત્ય સ્મરણ ચર્ચાનો વિષય છે. ગુજરાત કાઠીયાવાડ થઇને કુંડીએક વિધવા બ્રાહ્મણીઓપણ તે વિષય ઊપર

---

*ત્યાગમાં પુરૂષ બળ છે અને રાગમાં સ્ત્રીબળ છે. વળી બળ ત્રણ પ્રકારનાં છે. નિવૃતિ પુરૂષબળની ને પ્રવૃતિ સ્ત્રીબળની છે. સુધારો એ પ્રવૃતિ છે. એ વિષે સૂચક જેવું તો ઘણી વાર અમારૂં બોલવું લખવું થયું છે.

†ગુજરાતની ૯૦ લાખની વસ્તીમાંથી ૧૦ લાખ મુસલમાન બાદ કરતાં ૮૦ લાખ હિંદુ વસ્તી છે. વૈષ્ણવોમાં સૌથી વધારે રામાનુજી છે ને એના અડધા વલ્લભી હશે અને વલ્લભીને તીજે હિસ્સે સ્વામીનારાયણ, કબીરી ને મધ્વ હશે.

સમજ સાથે ભાવ રાખતી હશે. ગુજરાની બ્રાહ્મણ કર્મિષ્ટ નથી; ગુજરાતી લોકમાં કર્મ નહિં પણ ભક્તિ પ્રધાન છે; આચાર વિચાર છે (ઉંચ જ્ઞાતિઓમાં અમણાં થોડોક ઘટયો છે.) બ્રાહ્મણે સંધ્યાવંદન વિના રહેવું નહિં, ને તેઓએ ધર્મશિક્ષક રૂપે બહુ ઉદ્યમી થવાની અગત્ય છે.

(ઘ) હિંદુ મુસલમાન તથા પારસી એ ત્રણે એક દેશભૂમિના સંબંધમાં એક દેશીરૂપે ગુજરાતની પ્રજા રૂપે ઓળખાય છે. એનું રક્ષણ બ્રિટિશ રાજ્યસત્તા કરે છે; કેટલીક પ્રજા તેના ખુદના હવાલામાં ને કેટલીક તે દેશી રાજ્યસત્તાના હવાલામાં છે. દેશી રાજ્યસત્તા તે રજપૂતી, મરેઠી ને મુસલમાની છે. રજપૂત સત્તા ભૂમિના સંબંધમાં ચાર મોટે જથે છે-કચ્છ, કાઠિયાવાડ, મહીકાંઠો ને રેવાકાંઠો અહીં; મરેઠી સત્તા તે ગુજરાતમાં અંગ્રેજી ખાલસા સત્તાની પડોસમાં અહીં તહીં તથા કાઠિયાવાડમાં છે; મુસલમાની તે કાઠિયાવાડમાં, મહીકાંઠામાં ને ગુજરાતમાં મોટા નાના તાલુકા દાખલ છે. બ્રિટિશ રાજયની નીતિ ખાલસા ભાગમાં ને દેશી રાજ્યોના સંબંધમાં; દેશી રાજ્યોમાં હિંદુ ને મુસલમાન રાજ્યોની; હિંદુમાં રજપુત ને મરેઠાની; રજપુતની કાઠીયાવાડમાં, રેવાકાંઠામાં ને મહીકાંઠામાં; રેવાકાંઠામાં નાંદોદની ને બીજા બધાની-એકઠી; કાઠીયાવાડમાં-ભાવનગરની; પાલીટાણાની તથા પોરબંદરની; નવાનગર તથા કચ્છની; જુનાગઢની હિંદુમુસલમાની; વળી રાજકુળ ને ભાયાત કુળની સર્વત્ર; એ સર્વે નિસ્તેજ છે તેને સતેજ કરવા ને રાજભાયાત, દેશી રાજ્યની પ્રજામાનો વિચક્ષણ ભાગ (નાગરબ્રાહ્મણ તથા મોઢવાણીઆ ને દક્ષણી એ તો છેજ ને વળી બીજા), બ્રિટિશ ખાલસાની પ્રજામાંના વિચક્ષણ પુરૂષ એઓએ ઉદ્યમી થવું.*

(ઙ) વેપાર ધંધાનીનીતિ, દેશી સાહુકારીની નીતિ, દેશી ઉદ્યોગન મહાજનની નીતિ એ બધી અસ્તવ્યસ્ત છે તેને માટે બુદ્ધિમંત, અનુભવી વૈશ્યજનોએ વિચાર કરવા.

ગમે તેટલી અડચણો નિર્ધનપણાની ને રાજ્ય સંબંધી હોય તોપણ

---

*કેટલાકે ગ્રંથ લખવા, કેટલાકે દેશી રાજ્યોમાં નોકરી કરવી; કેટલાકે દેશી રાજ્યના ને બ્રિટિશ રાજ્યના સૈન્યોમાં નોકરી કરવી. સુધારાએ દેશી રાજ્યના પ્રકરણમાં કાંઈજ કીધું નથી ને વડોદરાનું રક્ષણ કરવાને કરતે ગયલા પારસી તથા દક્ષણી સુધારાવાળા તે જશ લઇને તો પાછા ન ફરયા. બંગાળી સ્વામીની સુધરેલી મંડળી નવાનગરમાં ને સુરતના સુધારાવાળા મોતીરામ દલપતરામની મંડળી કચ્છમાં એપણ અહીં નોંધી રાખવાની.

બુદ્ધિનો પ્રકાશ ને પ્રયોગ કરવાનો આજ સમય છે માટે ઇતિહાસમાં અંકિત થયલા ગુજરાતી વાણીઆ શ્રાવકોએ યુક્તિ યોજવી. શું વિલાતનોજ વ્યાપાર ને સાંચાકુના એનો ધંધો; ને એ વિના બીજા ઉદ્યોગ નથી? ખરા માલનો ધંધો ને સટ્ટાનો ધંધો, દેશી વસ્તુનો વાપર ને પરદેશીનો અનાદર, દેશમાં ઉદ્યોગ ને પરદેશના સંબંધમાં ઉદ્યોગ તરતને માટે ને હમેશને માટે, એ વિષે ખ્યાલ કરવાને ચંચળ કાળે થોડાક જણને પણ હજી રાખ્યા છે.

"યથા રાજા તથા પ્રજા" એ નીતિયે કેટલીક નવી પ્રવૃત્તિ દાખલ થાય; મુસલમાનીમાં થઈ હતી, આપણે આઘા રહ્યા હતા તે છતાં થોડીક આવી હતી; અંગ્રેજી થયે કેટલીક નવી આવી છે ને પ્રજાનો મોટો ભાગ આઘો રહ્યો છે; પણ સુધારાએ યૂરોપની સઘળી પ્રવૃત્તિનીતિ દાખલ કરવાને મથન કીધું એ ખોટું થયું કેમકે નવી પ્રવૃત્તિ બહુ વધી પણ વળી સુધારાવાળા સમજીને તે કાઢી નાખશે. સુધારાવાળાને પણ કાળે ઉત્પન્ન કીધા મંડળની અવ્યવસ્થા વધારવાને કે જેથી મંડળ શુદ્ધિમાં આવી પોતાની વ્યવસ્થા કરે. સુધારાની ધાંધલે* મંડળને જગાડ્યું છે. તો હવે અમે કાળને નમી માનપૂર્વક સુધારાનું વિસર્જન કરીશું—તેનો ઉપકાર માનીને તથા સુધારાવાળાઓની કીર્ત્તિ કરીને. વળી વિષય પૂરો કરતાં ગુજરાતના બ્રાહ્મણ સઘળા, રજપૂતનો મોટો ભાગ ને કેટલાક વૈશ્ય એઓને અર્થે એઓના સ્વધર્મનુંજ સ્મરણ કરાવીશું:—†

*સુધારાનો પ્રવાહ અટક્યો છે ને ક્ષીણ થયો છે; અમે દિશા બદલાવીએ છિયે; એમ તે ગળાઇને નિર્મળ ઝરણ રૂપે મંડળમાં ભરાઈ એને પુષ્ટબળ કરશે. મોહભંગી આસક્તિની સામા અમારૂં બોલવું તે પ્રિય નજ લાગે, પણ અમને દોષ જણાયા તે અમે કહ્યા; દોષનો વિચાર ન કરતાં માત્ર નામનોજ મહિમા ગાયા કરવો તે હાનિ કરનારો મમત છે.

†હવે સમય ત્યાગબુદ્ધિની વૃદ્ધિને સૂચવે છે, ભોગ બુદ્ધિની વૃદ્ધિને નહિ. ભક્તિકાળની સમાપ્તિ ને કર્મકાળનો ઉદય છે તો એને અનુકૂળ ધર્મ હોય તો સારૂં. ગુજરાતના બ્રાહ્મણ ને રજપૂતનો મોટો ભાગ એ શિવ ભક્ત છે પણ ભક્તિ તસતેજ થવી જોઇએ, આચાર સાથે; વેદાંત શાસ્ત્રનાં અધ્યન કરવાનું અમે અમણા નથી કેહતા પણ તેનો સાર જે અનેક મોહને ખસેડનારો ને સ્વધર્મને શ્રદ્ધાથી પળાવનારો ને કેવળ એકમાં રમણ કરાવનારો છે તેને હૃદયમાં રાખવાનું કહીએ છીએ. અમણાં ત્રણે વર્ગમાં પ્રપંચ યુક્ત ન્યાય—નીતિ ચાલેછે તે બદલાઇ સત્યયુક્ત ચાલવી જોઇએ. સૌએ હાનિનું ભય ન રાખતાં સાત્વિક ન્યાયને વળગી રહેવું. (વડોદરાના પ્રકરણના ન્યાયની અહીં નોંધ કરીશું.)

वेदांतसार शुचिपूर्वक शांत्रभक्ति
संन्याय सात्विक वडे व्यवहारवृत्ति :
सत्कर्मवृध्धि थावे अेज समृध्धिशक्ति :
अेवो सुबोध वदती जयशारदाश्री.

---

## (ઓખા હરણનો ઢાળ.)

હિંદુ માત્રનું મોટું છે ટાણું, રૂડું ઐક્ય કવિએ વખાણ્યું.
રામે રાવણ રોળ્યો જે દીને, ત્રેતાયુગને અંતે લડીને;
તેનો ઓચ્છવ કરિયે હજીએ, વિજયા દસમીએ સાજ સજીએ.
રામ લક્ષમન હનુમંત વીર, જેનાં નામ યશાદ રણધીર;
ધન્ય દહાડો અક્ષય એ કહીયે, શૂરવીરનાં સમરણ સહીયે.
શસ્ત્ર પાંડવે ફરિથકી લીધાં; શમીશસ્ત્રનાં પૂજન કીધાં;
જુધ્ધ માંડી કૌરવને હંફાવ્યા; જીતિ હસ્તિનાપુરમાં આવ્યા.
જોધ્ધા ઊંચા જે જુધ્ધે રીઝયા; તેને સ્મરણે જીતે જન બીજા.
ધન્ય વીર શ્રી અરજુન ભીષ્મ, જેના સતુત્યે કુલીનતા નીમ.
દેશી રાજ્યોમાં ઓચ્છવ થાયે; રાજ્યસ્વારી હજીયે સોહાયે:
રાજ શસ્ત્ર પૂજે છે ઉમંગે; અજ મહીશ વધેરે છે રંગે;
કરે રૂધિરનું તીલક ભાળે, રણકીર્ત્તિ ઊજવળ ચિત્ત ભાળે;
ઠાઠમાટ ઘણેરો દીયે છે, જંન જયજયકાર વદે છે;
ઘણાં વાજાં વાજે રણરંગી; રણયશનાં મંગળ ગીત ચંગી.
સર્વે જાય છે સીમમાં હરખે, નવાં ધાન્યને હોંસે નિરખે;
તડકો સિંદુરી લાલ ને પીલો, લીલાં ક્ષેત્ર વિષે તે રસીલો;
જન શરદનો વાયરો લેછે, શકુન જોઈને ઘેર વળે છે;
રમે રાતે શૃંગારની બાજી, દસેરાથી છે સંધા રાજી.

# આર્યોત્કર્ષ.

આ દેશના લોકના મોટા ભાગનો એટલે આર્યનો ઉત્કર્ષ ફરી પાછો કેમ થાય? એ પ્રશ્ન આજે આગળ કરીશું.

કેમ થાય એટલે કેવે ઉપાયે-સાધને થાય એ વિષય ઉપર ઉતરતાં પેહેલાં આર્યનો ઉત્કર્ષ એટલે શું એ સમજવું; ઉદ્દેશ વિષે નક્કી કરવું કે ઉદ્દેશ પ્રમાણે ઊપાય યોજાય.

૧. ઉદ્દેશ-ધર્મ, અર્થ, ને કામ એ ત્રણે વિષયમાં આર્ય તે હતવીર્ય હોઇને દુર્દશામાં રીબાય છે તે પાછા સવીર્ય થઇ સારી સ્થિતિયે સુપ્રસંન પોતાનો પ્રકાશ કરે એ ઉદ્દેશ અગ્રેસર પુરૂષોનો થાઓ; એમ થવા વિષે ઇચ્છા તો સર્વની છે પણ તે હવે યોગ્ય શિષ્ટજનના ઉદ્દેશ રૂપ થાઓ.

કેવળ પરલોકિક, કેવળ ઇહિલોકિક, વિશેષે પરલોકિક ને વિશેષે ઇહિલોકિક એ ચારમાંથી કીઆ ઉદ્દેશભણી આર્યની પ્રકૃત બુદ્ધિછે તે જાણીએ. જીવને અનેક જન્મ લેવાના છે, મનુષ્ય જન્મથી પણ અધિક શ્રેષ્ઠ જન્મ બીજા છે, પરલોકમાં સદ્‌ગતિ થવા માટે મનુષ્ય જન્મ છે, એ જન્મ તે નિત્યાનિત્યની-સારાસારની તુલના કરવાને અને પરમેશ્વરને ઓળખવા તથા તેની પ્રસાદીના સાધનનો અભ્યાસ કરવાને છે, અહીંના કર્તા સ્વર્ગના ભોગ વિલાસ ઊત્તમ છે ઇત્યાદિ વિચાર આર્યની પ્રકૃત બુદ્ધિમાં છે ને તે મહાત્માના પરંપરાના ધર્મ બોધથી સુદૃઢ છે-એ જોતાં આર્ય બુદ્ધિનો ઉદ્દેશ પરલોકિક છે. એ ઉદ્દેશને જોનારા અમણા ઘણા જણ નથી અને અમણાના સંન્યાસી, બ્રાહ્મણ ને બીજા ધર્માધિકારી એઓની સ્થિતિ જોતાં તે ઉદ્દેશ નથી એમ કહેવાય, પણ સમયની મોહ બુદ્ધિ તે ચંચળ તથા પરાધીન છે ને નિત્યની બુદ્ધિ તે સ્થિર તથા સ્વાધીન છે માટે ઉદ્દેશ નક્કી કરવો તે નિત્યતો.

ઉદ્દેશ સર્વકાળ આર્યની પ્રકૃત બુદ્ધિમાં છે પણ કાળે કાળે તેનું મહાત્મ ઘટતું જાય છે એ પણ ખરૂં છે-પાછલા ત્રણ યુગમાં આર્ય ધર્મબુદ્ધિને જે પ્રકાશ હતો તેનો સહસ્ત્રાંશ અમણા નથી તોપણ તે નિર્મૂળ થઈ નથી ને થશે કદાપિ તો પૂર્વના ભાવિવક્તાઓના કહેવા પ્રમાણે કલિયુગના અંતમાં થશે; વળી અમણાં જોવામાં આવતો ધર્મ વિષે અનાદર તે તો થોડ.-

કિંજ વર્ષમાં સાદર થશે–દેશમાં સર્વત્ર જૂના વિચારનાં સત્ય તથા નિત્યપણાં વધે લોકની આસ્થા ફરી પાછી બેસતી જાય છે. ઇતિહાસ પ્રતીતિ કરે છે કે બૌદ્ધ ધર્મે અશોક તથા પછીના થોડાક રાજાઓના આશ્રયથી મોટો જય કીધેલો પણ થોડાક શૈકામાં તે ધર્મનો કોઇપણ આર્યભૂમિ ઉપર રહી શક્યો નહિ; વળી તે બૌદ્ધ ઘણાક વિષયમાં વેદધર્મ માનનારાને મળતા હતા અને અમણાના નવા વિચાર માનતા નથી તેઓના ટકાવ વિષે બોલવુંજ શું?

સર્વ ધર્મની શિક્ષા આ સંસાર ઉપરથી પ્રીતિ ખસેડવાને, એમાં અંકુશથી રહેવાને ને ઉત્તરગતિ સારી કરવાને માટે છે; રાગ નહિ પણ ત્યાગ, અમીરી નહિ પણ ફકીરી, અભિમાન નહિ પણ નમ્રતા, સ્વાર્થ નહિ પણ પરાર્થ, એનેજ વખાણ્યોછે; સંસારી અર્થ તથા સંસારી સ્નેહ એ વસ્તુત: ક્ષણ ભંગુર, અધર્મની વૃદ્ધિ કરનારા, પોતાને તથા બીજાને દુ:ખ દેનારા છે! તો બડી સાવધાનીથી રહેવું. વૈરાગ્ય વિનાનો ધર્મ તે ધર્મજ નહિ. એમ છે તો આ દેશનાજ લોકના વધારે વખાણ શા માટે? એ ઉદ્દેશ જાણી એને અર્થે આચરણ રાખી સત્કર્મ કરવા વિષે જેવી તથા જેટલાની બુદ્ધિ આર્યમાં છે તેવી તથા તેટલાની બીજા કોઈ લોકમાં નથી. બીજા લોકમાં થોડાકને પાકી સમજ તથા ઘણાકને થોડીકવાર સારી રૂચિ હોય છે પણ રજોતમોગુણના અધિક બળે તેઓ સંસારી સ્નેહઅર્થ વિશેષ જોય છે. આર્યમાં પણ રજોતમો છે તોપણ તે પોતાના વિશેષ સત્વથી–સહજ જ્ઞાનથી ચંચળ મનના વેગમાં પણ ધર્મને ચિત્તનું ધ્રુવ સમજે છે; સંસારી ખટપટથી વહેલોજ કંટાળી જાય છે; સમયે અતિક્રૂર પણ થાય તોપણ શાંતિજ પ્રિય છે સ્વભાવમાં એવો આર્ય છે.

અર્થાત્ ઉદ્દેશ તથા તેને માટે આચરણ એ બેને સમગ્રે જોતાં વેદોક્ત ધર્મ પાળનારાનો પ્રધાન ઉદ્દેશ પરલોકિક સુખનો અને એને અર્થે મોટાં સાધનરૂપ ઈહલોકિક સુખનો (મોટું આયુષ્ય, આરોગ્ય, ઉપદ્રવ રહિતપણું, સ્વાધીનતા, શૌર્યપરાક્રમ, સત્કર્મની વૃદ્ધિ, નિર્મળ કીર્તિ ઇત્યાદિ). આર્ય ઈહલોકિક સુખના વિચાર રહિત નથી, સંસારી સુખને અર્થે કર્મ કરનારા છે પણ વિવેકના અંકુશમાં રહીને કે રખેને કીધાં કર્મ પાછળથી દુ:ખદ થઇ પડે. કેવળ ઇહલોકિક ઉદ્દેશ લોક સમસ્તનો કોઈ કાળે નહોતો, કેવળ પરલોકિક તે આ શિષ્ટજનનો સર્વકાળ હોય.

आस्थिरं जीवितं लोके आस्थिरे धन यौवने.
आस्थिराः पुत्र दाराश्च धर्मकीर्ति द्वयास्थिरं.

લોકમાં જીવિત અસ્થિર, ધન જોબન અસ્થિર, સ્ત્રી પુત્રાદિક અસ્થિર પણ ધર્મ તથા કીર્ત્તિ એ બેજ સ્થિર છે-એ આર્ય સમજેછે. સ્વધર્મે પરમેશ્વરનું જ્ઞાન પામવું, સ્વધર્મને પાળી ઇહલોકિક સુખમા રહી પરલોકમાં સારી ગતિ ઇછવી, વળી ધર્મસહિત અર્થ ને ધર્મસહિત સ્નેહ અર્થાત્ ધર્મ એજ આર્યનો ઉદ્દેશ છે. આર્યધર્મનો અનુષ્ઠાનનો પ્રકાશ એજ આર્યનો ઊત્કર્ષ.

૨ તીસેંક વર્ષ થયાં અંગ્રેજી ભણેલા તરૂણોએ પરદેશી પરધર્મી લોકોની નીતિથી લાભ છે એમ માની લઇ તે નીતિનોજ બોધ ગજાવી મૂક્યો છે; અંગ્રેજી રાજ્યને યોગે અનેક રીતના સંસારી સુખના સાધન લોકના જોવામાં આવ્યાં છે; પરરાજ્યને લીધે સ્વધર્મ શિક્ષક નિર્બળ પડવાથી ને તેઓ તથા તેઓની સાથે બરોબરીનો દાવો કરનારા જન મોહવશ અધીર થઇ જવાથી, અંગ્રેજી ભણેલા કેટલાક જણે અગ્રેસર બની કેવળ ઇહલોકિક કલ્યાણ એનેજ કેવળ ઉદ્દેશ કરી થાપ્યો છે; માત્ર સમયને માટે નહિં, પણ નિત્યને માટે.

એ ઊદ્દેશે **સુધારાવાળા–સમાજવાળાનો** પરિશ્રમ અને તેથી થયલા લાભાલાભ, વળી તેઓનાં અનેક ખરાંખોટાં એ અમે વિસ્તારે દાખવ્યું છે ને વળી દાખવીશું. પણ ખરો ઊદ્દેશ નક્કી કરવાના આ પ્રસંગમાં અમે ભેરીનાદે જણાવીશું કે કેવળ ઇહલોકિક સુખ એજ ઉદ્દેશ આર્યનો નથી ને એ મા થાઓ; એ ઉદ્દેશના બોધક તે કૃતઘ્ની હોઇને આર્યને અનાર્ય-કરવાનું તેથી પડયું પડયું પણ પવિત્ર ઉચ્ચ એવા મહામંડળને ભ્રષ્ટત્રુટિત કરી એનો વિનાશ યોજવાનું પાપ માત્ર હોરી લેશે; બાકી સિદ્ધિ તો થનારી નથી.

૩ વાદ થાઓ, ચર્ચા થાઓ–કેવળ ઇહલોકિક સુખનો ઉદ્દેશ તથા એને માટે સાધન રૂપ ઇશ્વર સંબંધી સ્વલ્પ કર્મ અને **પરલોકિક સુખનો ઉદ્દેશ પ્રધાન તથા એના અવશ્ય સાધન રૂપ ઇહલોકિક સુખનો ગૌણ**–એમાં કીઓ ઉદ્દેશ આર્યનું કલ્યાણ કરનારો છે? નિત્ય ઊદ્દેશ અમારે મત્તે તે ઊપર જણાવ્યો છે, અને સમય સ્થિતિપરત્વે તે ઊદ્દેશનું સ્વરૂપ કાંઇક જુદુ ચિત્તમાં ધારવું કે તેજ સ્વરૂપ ધારી રાખવું એ વિષે હવે પછી બોલાશે.

---

૪ **સ્થિતિ.** પરલોકનેજ અર્થે શુદ્ધ આચરણ રાખી રહેનારા યોગી સાધુ બ્રાહ્મણ ક્ષત્રી જૂજ છે; ધર્મોપદેશક સ્વકર્મવિષે નિસ્પૃહ રહી સંસારી અર્થમાં મગ્ન છે; અંગ્રેજી ભણેલા ઘણાક તથા તેના સંગી તે સ્વધર્મ વિષે સંશયી તથા પરધર્મ વિષે મોહિત ને ભ્રષ્ટ કે પતિત છે; તોપણ આર્યનો મોટો ભાગ અદ્યાપિ સ્વધર્મશીલ છેજ—હૃદયનો ભાવ સબળ સતેજ નથી એટલું ઓછું ખરૂં. લોક રાજ્યપ્રકરણમાં કેવળ અજાણ છે—સ્વાધીન રાજ્યનું સુખ મેલવવા વિષે કોઈ કોઈ અંગ્રેજી ભણેલાને કોઈ કોઈ વાર કોડ થઈ આવતું હશે અને અંગ્રેજી ન ભણેલા એવા કોઈ તે પોતાના વર્ગની સત્તા થાય તેને માટે ઈચ્છા રાખતા હશે; વ્યવહાર ચોખ્ખો નથી; મધ્યમ વર્ગને પુરતો ઊદ્યોગ નથી; ઘરસંસાર ક્લેશ ગર્ભિત સુખનો છે. એમ સ્થિતિ જોતાં ને ભૂતનો અનુભવ તથા ભાવિનો સંભવ એ ઉપર વિચાર કરતાં ઉદ્દેશને જરાપણ ફેરવવો અમને ઘટિત લાગતો નથી. અવશ્યે વિશેષે પરલોકિક તથા અવશ્યે સાધનરૂપ ઇહિલોકિક એ ઊદ્દેશ આર્યે નિત્યે રાખવાનો તે આ સમયને માટે પણ રાખવો—કેવળ ઇહલોકિક સુખનો ઉદ્દેશ કોઇ કાળે આર્યસમૂહનો નહોતો. (કેટલાક દાનવાદિકનો હતો તે દેવથી જૂદાજ ગણાયા છે. બૌદ્ધ જૈન ત્યાગના બોધક હતા. ચાર્વાકનું ઇંદ્રિયસુખ-ભોગવિષે મત તેવું કેટલાક જણનું કાળે કાળે થયું હશે પણ તે પ્રમાણે કોઇ અમુક મંડળની વ્યવસ્થા નહોતી.) પછી કોઇ વિષયમાં સમયના નવા વિચારમાંના કોઇ પોતાના વેગને બળે અનિવાર તે મહામંડળની વ્યવસ્થામાં નવા દાખલ થાઓ થોડી કે ઘણીવાર રહેવાને પણ ધર્મનો સંસ્કાર પામીને.

૫ **બુદ્ધિ.** ઉપર વર્ણી તેવી સ્થિતિમાં ઉદ્દેશ ભણી એકલક્ષ થવાય નહિ એટલે ઊત્કર્ષ વહેલો થાય નહિ. માટે મનુષ્યબુદ્ધિ જે ત્રણ ગુણે ભળેલી છે તેમાં સત્વાંશ અધિકવાળી તેજ ધર્મોદ્દેશનું આદર કરવાવાળી છે સર્વે જાતિના લોકને ને અવશ્યે વિશેષે આર્યને એમ જાણી સાત્વિક બુદ્ધિ તે શું, તેનું બળ કેટલું છે, તેથી લાભ કેટલો છે, પરલોક સંબંધી વિષયમાં માત્ર નહિ પણ આ સંસારમાંજ એ વિષે સારી પેઠે જાણ થવી જોઇયે. એજ બુદ્ધિ, ધર્મનો આદર કરનારી છે.

૬ **ઉપાય.** મોહવિસ્મૃતિમાં આવી પડેલા ઉદ્દેશને તથા એનો અનાદર કરનારી બુદ્ધિને જ્ઞાનસ્મૃતિમાં આણી સતેજ કરવાં જોઇયે ને પછી કર્મને અભ્યાસે ઉત્કર્ષરૂપી ફળસિદ્ધિ પામવી. કેમકે, કોઇપણ મનુષ્ય કે મનુષ્યમંડળીની સ્થિતિ રૂડી કે ભુંડી તે બુદ્ધિ, ઉદ્દેશ ને કર્મ એ ત્રિપુટી-

નાં સુઘટિતપણાં કે ત્રુટિતપણામાં જોવામાં આવે છે. એ ત્રિપુટી સુઘટિત થવી ને ત્રુટિત થવી એવો જીવજગતનો અનિવાર નિયમ છે. મનુષ્ય ઇચ્છતો નથી પણ તેનાથી મહાભિમાન મોહાદિકમાં કર્મ થઈ જાય છે કે જેથી સુઘટિત સ્થિતિ તે ત્રુટિત થાય છે અને એ ત્રુટિત હોય તો કેટલોક કાળ સ્તબ્ધ રહી પાછી જાગૃતિમાં આવી મનુષ્ય ઉદ્યમી થઈ સ્થિતિને સુઘટિત કરે છે. બુદ્ધિ, ઊદ્દેશ ને કર્મ એ ત્રણે એકતાર તપે ત્યારે અમુક પૂર્ણ સ્થિતિનું દર્શન થાય; જીવની વૃત્તિ અમુક વિષય ભણી દૃઢ થઈ એકરસ ઊકળે કે દ્રવ્ય કર્મ સિદ્ધ થાય.

બુદ્ધિ મનુષ્ય માત્રની ગર્ભથકીજ (પૂર્વ કર્મના સંસ્કારથી) જૂદી છે; મોહ કે કોડથી અમુક ઉદ્દેશ નક્કી કરીએ તે પ્રકૃત બુદ્ધિનો વેગ જે પોતાને વિપાકકાળે દર્શન આપે છે તેણે કરીને પલટાઇ જાય; બુધ્ધિને અનુસરીને ઊદ્દેશ તેજ ઘણું કરીને અંતે પણ રહે; વળી કર્મ પણ બુધ્ધિને અનુસરતાં હોવાં જોઇયે. બુધ્ધિ કોઈ, ઉદ્દેશ કોઈ ને કેવલ કર્મનો અતિ પરિશ્રમ અતિ પ્રપંચ સાથે હોય તો તેથી અમુક કાર્ય ઘડાય પણ તે જૂદુંજ ને પાછલથી બહુ બહુ દુઃખ વેઠવું પડે તેવુંજ.

ધર્મનો ઊત્કર્ષ એ ઉદ્દેશ આર્યની પ્રકૃત સત્વબુદ્ધિનો છે તો હવે કર્મની યોજના તથા તેનો અભ્યાસ પણ તેને અનુસરતા હોવા જોઇયે. હજી બુધ્ધી નિર્મળ નથી માટે તેને શુધ્ધ કરવી અને પછી ઘટિત કર્મનો આરંભ કરવો. **ધર્મેજય, સ્વધર્મેશ્રેય પરલોકમાં તથા આલોકમાં અને પરધર્મે વિનાશ** એ સત્યનો આદર આર્ય મહામંડળમાં પુરેપુરો થવો જોઇયે—એજ ઊપાય અર્યોત્કર્ષને અર્થે પહેલો છે. આર્ય મંડળ પરધર્મના બોધક ખ્રિસ્તી કે મુસલમાને નહિ પણ પોતાનામાંનાજ કેટલાંકે ત્રુટિત કીધું છે. સુધારાવાળા કે સમાજવાળા કહેવાતા જને ભાષણ વર્તમાન પત્ર—ગ્રંથદ્વારા પરધર્મના વિચારલોકમાં ફેલાવ્યા છે તેને ધિક્કારી કાઢવા જોઇયે—એ ધિક્કાર કરવામાં આર્યસત્વ જે બળ વાપરશે તે બળ પ્રમાણે મંડળ શુધ્ધ ને છિન્નભિન્ન છે તે એકત્ર એક થશે.

સુધારાવાળા સમાજવાળા જેઓનો અવશ્યે ઇહલોક સુખનોજ ઉદ્દેશ તેઓએ પણ ધર્મદ્વારા કાર્ય કરવું યોજયું—પરીક્ષા તો ખરી કીધી કે આર્યમા ધર્મબુધ્ધિ વિશેષ છે. પણ સુધારાએ આર્યના સ્વધર્મને પુષ્ટી ન કરતાં એનું સર્વસ્વ (જ્ઞાન કર્મોપાસના આચાર) નિંધું ને સર્વ જ્ઞાતિ ધર્મનો લોક માન્ય રાખશે એમ અનુમાન કરી માનવધર્મને દેખાડ્યો;

નામનો ધર્મ બાકી પ્રવૃત્તિનોજ ઉધ્યમ,—કોઈ પણ ખ્રિસ્તી કે મુસલમાન કે બીજી જ્ઞાતિ તેવો ધર્મમાન્ય ન રાખે તો આર્ય કેમજ રાખે? આર્ય લોકે પોતાની બાવરી સ્થિતિમાં પણ તે લીધો નહિ ને સુધારાવાળા પણ પોતાની ભુલ સમજી ટહાડા પડી ગયા. સાતેક વર્ષ થયાં આર્યસમાજ વેદને આગલ પાડી સ્વધર્મનો બોધ કરવાનું ડોળ દાખવી મોહ ઉપજાવે છે પણ લોકમાં તો તે સ્વધર્મની ઉચ્છેદકજ મનાય છે. ઇશ્વર પરલોક વિષયમાં સમાજોએ પ્રસિધ્ધ કરેલા વિચારમાંના કીઆ સ્વધર્મના છે ને કીઆ પરધર્મના છે તે હવે પછી જૂદાં પાડી દેખાડીશું.

---

૭. સંવત ૧૨૫૦ થી તે ૧૯૦૭ સુધી આર્યમંડળમાં સ્વધર્મનો ઉચ્છેદ કરે તેવા વિચાર કોઇએ જણાવ્યા નોહતા; પાંતરીસેક વર્ષ થયાં તેવા વિચાર આગિયા રૂપે ચળક ચળક કરે છે.

મૂળપુરૂષનું કોડ ધર્મકર્મમાં ફેરફાર કરવાનું હશે એમ તેની કેટલીક વૃત્તિ ઉપરથી અનુમાન કરાય, પણ સમાજતો સને ૧૮૨૮ થી તે અમણા સૂધી સ્વધર્મનું રક્ષણ કરતી આવી છે. આર્ય પરંપરાથી એકજ પરમેશ્વરને માનનારા છે એમ દેખાડી નિંદક પરધર્મીને બડબડતા બંધ કીધા તથા એઓની સામાં સ્વધર્મી તરૂણોને સાવધ કીધા. એ સમાજે ધર્મ કર્મ વિષે સમયના વેગની સામાં કેટલુંક નિસ્પૃહપણું રાખ્યું છે પણ ૧૮૫૨ માં જ્યારે કેટલાક જણ મોટો ફેરફાર કરવાને તત્પર થયલા ત્યારે ઘણાકે એકમત રહી પરંપરાની પધ્ધતિને હઠથી સ્થાપિત રાખી સબળ કીધી હતી—જાતિભેદ, બ્રાહ્મણનો અધિકાર, દેવપિતર સંબંધી કર્મ એ કાઢી નાખવા વિષે તેની બુદ્ધિ થઇ નથી.

નવી બ્રહ્મસમાજે ઉપનિષદમાં વર્ણેલા એકને ન સમજીને આપોપુંવાળા એકને માન્યો; વેદને બૈબલ કુરાનની હારનો ગણ્યો; પરલોક તથા પુનર્જન્મનો વિષય ખોટો ભણ્યો; ને બધામાં જે સામાન્ય નીતિબોધ તેનેજ સત્ય કહી સ્થાપ્યો; વૈદિક આચારકર્મ જ્ઞાતિ સર્વે નિંધ્યું અને મનુષ્યનો સામાન્યધર્મ ખ્રીસ્તી પધ્ધતિયે પાળવાનો બોધ કીધો. એ સમાજ સર્વે ધર્મનો ઉચ્છેદ કરનારી મતે તથા આચરણે જણાઈ. પ્રાર્થનાસમાજનું મત બ્રહ્મસમાજના જેવુંજ—દક્ષણીસમાજ તેમાં ભળી જતી હતી પણ વળી અટકી રહી; મતે ઉચ્છેદક પણ પ્રગટ આચરણ તેવું રાખતી નથી. અમદાવાદની સમાજમાં બે ત્રણ અગ્રેસરનું મત ઉચ્છેદક છે ને તે પણ જ્યારે

તેવું આચરણ રાખવાની હિંમત કરી શકતા નથી ત્યારે માત્ર ભજન મંડળી છે એવે બહાને શાખા વધારવામાં મતપ્રસારનું કોડ માની લેછે.

આર્યસમાજ વેદધર્મ તે સ્વધર્મ છે એમ બોધે છે પણ વેદધર્મ એટલે માત્ર સંહિતાનો (બ્રાહ્મણ તથા ઉપનિષદનો નહી); મંત્રના અર્થમાં દેવાદિકનો વિષય છેજ નહિ એ તેનું કહેવું છે પણ પંડિતની તથા લોકની પરંપરાની સમજ તે વિષયમાં સુદૃઢ છે; જન્માંતરની આવૃત્તિ માને છે પણ દેવપિતરને નથી માનતી ને એને ન માને એટલે તેને અર્થે ધર્મકર્મ તે નજ માને—મુર્તિપૂજન, ઘટપૂજન, તીર્થસ્નાન ઇત્યાદિકને; શૂદ્રને પણ વેદ ભણવાનો અધિકાર આપે છે; વેદ, પુનર્જન્મ, યજ્ઞકર્મ, વર્ણાશ્રમ ઇત્યાદિ શબ્દને ગજાવે છે પણ તે આર્ય ધર્મની પરંપરાની સમજને પુષ્ટિ આપવાને કે નિર્મળ કરવાને નહી પણ નિર્મૂળ કરી પોતાની નવી કલ્પેલી સમજ લોકને આપવાને—શેને કાજે? પ્રવૃત્તિ વિષયમાં મનુષ્યોન્નતિ ને આર્યોન્નતિ કરવાને યોજેલા પ્રપંચને પુષ્ટ કરવા કાજે.

આદિબ્રહ્મસમાજ વિના બીજી ત્રણેનું મત આર્યમંડળમાં માનવધર્મ દાખલ કરવાનું છે. પ્રાર્થનાસમાજ જો કે અમણાં થોડા દહાડા ઊપર થાણામાં એક શાખા કરી ઉત્સાહમાં આવી છે પણ તેનું મત હવે શિથિળ છે ને અગ્રેસર તે પૂર્વજના ધર્મભણી કાંઇ કાંઇ વળ્યા છે. બ્રહ્મસમાજમાંથી કેટલાક જણે છુટા પડી નવી સમાજ કીધી છે ને કેશવચંદ્રની વર્તણુકથી એની સમાજ ઝાંખી પડી છે—ચળકારો આટલો કે તેનું નાનકડું ટોળું બંગાળામાં જગદીશ્વરનાં ભજન કીર્તનનો મહિમા વધારે છે. પંડિત દયાનંદનો દેખાવ, પહેરવેષ સ્વભાવ ભાષણ બોધ એ વિષયમાં હતો તેથી જૂદો કેટલીક રીતે અમણા દેખાયો છે; પહેલાનો બોધ સર્વ પ્રકારે ધર્મોચ્છેદક તથા ઉગ્રકટુ વાધી દ્વારા હતો અને અમણાનો કેટલીક રીતે ધર્મરક્ષક જેવો ભાસતો તથા ઓછો ઉગ્રકટુ છે;—તોપણ, મુખ્ય બોધ પ્રથમનો ને અમણાનો તેનો તેજ છે ને તે માનવધર્મને આર્યમંડળમાં ઘુસાડવાનો છે.

યોગદર્શને તથા તત્વજ્ઞાને નિરૂપણ કરેલા એક વ્યાપક સર્વાત્મા પરમેશ્વરનું જ્ઞાન, જન્માંતરના વિચારમાં દેવપિતરનાં અસ્તિત્વનું સત્ય, યોગ તથા મંત્રની સિદ્ધિનું સત્ય, દેવપિતર પ્રીત્યર્થ પવિત્રતા પૂર્વક પૂજનકર્મ, જ્ઞાતિકુલ બુદ્ધિના અધિકાર પરત્વે ધર્મકર્મની વ્યવસ્થા ને સામાન્ય સદાચાર એ વિનાનો વેદધર્મ તે પાખંડ છે.

૮. માનવધર્મ કોને કહીએ? ધર્મજિજ્ઞાસા ગ્રંથના પહેલા અંકમાં લખ્યું છે કે,

"સ્વાર્થ વિષયમાં—શરીર તથા મન શુધ્ધ રાખવાં, સત્ક્રિયાએ ઉદ્યમ કરવો, સુખમાં ફુલાવું નહીં ને દુઃખમાં ચીડાવું નહી, ગર્વ કરવો નહી ને નિત્યસમાધાન સંતોષમાં રહેવું. પરાર્થ વિષયમાં—પરોપકાર કરવો, સાચો વહેવાર રાખવો અને ન્યાયે વર્ત્તવું તથા વર્ત્તાવવું. પરમાર્થ વિષયમાં—જગત્કર્ત્તા એક છે ને સત્યસ્વરૂપ તથા મોટો ઐશ્વર્યવાન્ છે માટે શ્રધ્ધાએ કર્મ કરી તેની પ્રીતિ મેળવવી." એ બોધ પરલોક સંબંધી વિશેષ વિશેષ જ્ઞાનકર્મના જૂદા જૂદા ધર્મ પાળનારા છે તેઓને પણ માન્ય છે ને મનુષ્ય સર્વેને માન્ય છે; પણ ઉપર જે કહ્યું તેટલાથીજ માત્ર સંતોષ માનીને મનુષ્ય અટકી રહેતો નથી; તે પોતાના સ્વભાવથીજ ઉત્પન્ન થતી એક બીજી પ્રેરણાએ પરમાર્થ વિષયમાં વધારે જાણ ખોળે છે અને પ્રત્યક્ષ સ્વજન કર્ત્તાં પરોક્ષ ઈશ્વર તથા બીજા આત્માના ઉપર વધારે વિશ્વાસ રાખે છે; અહીનાં સ્થિતિ સુખ કર્ત્તાં તહિનાં સ્થિતિસુખને અવશ્યે વધારે ઊંચું તથા વધારે કાળ રહેનારૂં સમજે છે; નઠારાં કર્મની શિક્ષાને માટે જનમત કે રાજભય કર્ત્તાં ઇશ્વરનાં કે તેના અદૃષ્ટ નિયમના ભયને વધારે ગણે છે. ઇશ્વર—પરલોકને દૂર રાખી કેવળ સંસારી શ્રેષ્ઠ નિયમનો ધર્મ કોઇ પણ સુધરેળ કે જંગલી મંડળે પાળ્યો તેવું ઇતિહાસમાં નથી. ઉપર કહેલો માનવધર્મ (જેમાં ઇશ્વર સંબંધી થોડુંક તો છેજ) એટલોજ પાળવો ને પરલોક સંબંધી વિશેષ કથન અનુભવી શિષ્ટજનોનું નજ માનવું એમ મનુષ્ય સ્વભાવમાં નથી. એક જગત્કર્ત્તા છે એમ ન માનનારા બૌદ્ધજૈન પણ ઇશ્વર—સિદ્ધરૂપ અનેક જીવ જેને આપણે જોઇ શકતા નથી તેને માને છે. કેટલાંક વર્ષ થયાં યૂરોપમાં કેટલાક જણ જેઓ પેગંબર તથા સાધુની સમજાવેલી પરલોકની વાત નથી માનતા ને જેઓ ઉપર કહેલો માનવધર્મ (જેમાં એકેશ્વરભક્તિ ખરી કે નામની હોય ને સંસારી નિયમોનું પાલણ તો અવશ્ય હોય તે) જગતમાં પ્રવર્તેલો જોવાને ઇચ્છે છે. તેઓ હજી તેવું નાનું પણ મંડળ બાંધવાને સ્વાર્થ તથા સંશયે પામર છે.

આ દેશમાં સુધારાવાળાનું ધર્મમત તેને એક પ્રકારનો માનવધર્મ કહિયે. તેના પ્રવર્ત્તક તે કલકત્તા ને મુંબઇના અંગ્રેજી ભણેલા જુવાનો જણાયા (સને ૧૮૫૦–૭૫). સઘળાએ સ્વધર્મથી અજાણ, સઘળાએ પરલોક વિષયની પરંપરાનો અનાદર કરવાવાળા ને સઘળાએ સ્વદેશી બંધુઓનું

સંસારી કલ્યાણ કરવે કોડીલા હતા. કોઈ ખ્રિસ્તી બૈબલની નીતિ ઊપર ને કોઇ ગૃહસંસાર વિષયમાં યુરોપીઅનની રીતિ ઊપર મોહિત; કોઈ ધર્માચારના બંધનથી છુટી યથેચ્છ વર્ત્તવાને ને કોઈ રાજકીય સુખને અર્થે દેશાભિમાન જગાડવાને હોંસીલા હતા. સુધારાવાળાનાં મત બે, સમાજમાં વહેંચાયાં પણ એકેશ્વરભક્તિ બંનેએ રાખી. સને ૧૮૭૫માં પંડિત દયાનંદે સુધારાનો ઉદ્દેશ સ્થાપિત રાખી તેને પુષ્ટ કરવાને (કે જેથી ઘણા લોક સ્વમતના થાય) પોતાનું સંસ્કૃત ભણતર ઊપયોગમાં આણ્યું. દેવ-પિતર તથા તેને અર્થે ધર્મ કર્મ મૂર્તિપૂજનાદિક બે સમાજ માનતી નથી તેમ આર્યસમાજ પણ માનતી નથી. બે સમાજ વેદને ઇશ્વરપ્રેરિત તથા સ્વમતનું આધારરૂપ ધર્મપુસ્તક માનતી નથી, વળી જન્માંતર તથા જાતિભેદને માનતી નથી પણ આર્યસમાજ તે ત્રણે વાત માને છે; પણ તે જે ઉદ્દેશે જેવી રીતે માને છે તે જોતાં તેનું તે માનવું ભુંડી યુક્તિ, અઘટિત ને છળવાળું છે કે જેવા દોષથી બીજી બે સમાજ મુક્ત છે. તે બે સમાજે પ્રવૃત્તિ વિષયના સુધારાના વિચાર કેટલાક ટાઢા પાડયા છે પણ આર્યસમાજ મોઢાનો મમત મુકતી નથી; પણ અમે એના પોતાનાજ વિચાર આગળ પાડી એમાંથીજ એના પ્રવૃત્તિનાજ વિચાર કેટલા નબળા ને દુબળા છે તે પ્રસંગે પ્રસંગે દેખાડીશું. કે જે પછી ઇશ્વર સંબંધી તેના નરયા વિચાર, તેણે બોધેલી કર્મચેષ્ટા (પંચયજ્ઞ, સંસ્કારાદિક, વગેરેની), હુંજ કહુછું તેજ વેદ ધર્મ છે ને લોકમાં જે ચાલે છે તે ખોટો છે ઇત્યાદિ વિષય સહેજ ખુલ્લો થશે. હમણા અમારે પ્રસ્તુતઃ વિષય પૂરો કરવો છે.

૯. પ્રસાદધર્મ તે શું? કાળેકાળે મનુષ્યોમાં કોઈ કોઈ પુરૂષ તપધ્યાનધારણાએ અંતરપ્રેરિત થઈ પોતપોતાના મંડળને ઇશ્વર સંબંધી જ્ઞાનકર્મનો જે બોધ આપે તે. એમાં સંસારી સામાન્ય નિયમોનો પણ સમાવેશ હોય છે; અને એટલાજ માટે પ્રસાદધર્મ તેજ ધર્મ કહેવાય છે. એ પ્રસાદધર્મ મંડળ મંડળના જૂદા હોય છે પ્રકૃતિ વશાત્;—વળી એમાંના પ્રેરિત મહાત્માની શાધનાને બળે એનું અંતઃકરણ જેટલું જેવું નિર્મળ થયું હોય ને એની જેવી વાસના હોય તે પ્રમાણે. જરથોસ્તી, યાહુદી, ખ્રિસ્તી, ને મહમદી એ ધર્મમાં સર્વોપરિ સાધનમાર્ગ **ભક્તિ** છે અને વેદોક્ત અને બૌધ્ધજૈનમાં **જ્ઞાન** છે; ભક્તિકર્મ સાથે થોડુંક જ્ઞાન ખરૂં અને જ્ઞાનની પૂર્વે કર્મ ઊપાસના ભક્તિ સારી પેઠે.

ધર્મ પળાવવાને વ્યવસ્થા પણ મંડળ મંડળની જૂદી જૂદી હોય છે. મંડળના સર્વે જણને માટે ઘણુંકરીને એકસરખાં ધર્મ કર્મ અને સંસારી તથા ત્યાગી એ બે વર્ગને માટે તે ઓછાં વધતાં છે. વર્ણભેદે તથા આશ્રમ ભેદે જૂદાં જૂદાં છે.

ધર્મનો જય તેને પાળનારાનાં વિશ્વાસ શ્રદ્ધાના બળદ્વારા પરલોકમાં તથા આલોકમાં જે ગતિ સ્થિતિ પ્રાપ્ત થાય તેમાં પ્રકાશે છે. નીતિમાં વૈરાગ્ય અવસ્ય છે.

---

૧૦. અનંત ગોળ પોતાની માંહે વસનારાં ચરાચર સાથે **એક આકર્ષણ શક્તિની** સત્તામાં નિયમસર સંબંધે રહ્યા છે એ સત્ય અમણાના લોક માનશે પણ વિશ્વમાં **એક સર્વવ્યાપી ચૈતન્યતત્વની** સત્તામાં અસંખ્ય જીવ પોતપોતાની કર્મલીલા કરે છે એ સત્ય તો આ દેશનાજ જ્ઞાની યોગીઓએ નિઃશંક માન્યું છે, ને એમ છે માટે આ ગોળના જીવ પોતાનાથી શ્રેષ્ટ જીવ બીજા ગોળના તેનાં જેવાં થવાની, તેઓને ઠામે જવાની તૃષ્ણા રાખે છે. એ સામાન્ય ચૈતન્યતત્વ છે માટેજ જીવ જગદીસ્વરને સ્તવે છે તે સાર્થ છે; જીવને જગદીસ્વર એ બે વચ્ચે સંબંધસૂત્ર છે તેથી જ જીવ પ્રાર્થના કરે છે ને ઇશ્વરે સાંભળે છે.

જીવ કર્મ પ્રમાણે દેહ–લોક–જ્ઞાતિ–કુળ–જનસંબંધ–આયુષ્ય–સુખદુઃખનો ભોગ ઇત્યાદિ; વૈરાગ્ય, જિતેંદ્રિયત્વ, કર્મત્યાગ, યોગાભ્યાસ એથી ઐશ્વર્યપ્રાપ્તિ; આત્મતત્વનાં જ્ઞાનથી છેલ્લે- નિશ્ચળ સ્થિતિ અથવા પરમાનંદ પદ;–એ સત્ય આર્યપંડિતો માને છે. વળી શુભાશુભ કર્મ, તેની ક્રિયા, તેનાં ફળ, મંત્રની તથા યોગની સિદ્ધિ, ઇચ્છારહિત કર્મનાં ફલ ને સિદ્ધિમાત્રનો ભોગ પાછળથી દુઃખદાયક ને જ્ઞાનશાંતિનું નિત્ય સુખ ઇંત્યાદિ વિષયની સમજ તથા સમજ સાથે અભ્યાસ તે આર્યલોકમાં હતો તે આજે પણ ઘણાકમાં છે,

એ અદભુત માળા ઊત્પત્તિ સ્થિતિ લયના મહાનિયમના ચક્રભ્રમણના મેરવાળી એની આગળ અમણાના અદભુત મનાતા શોધ ને ઉંચા મનાતા વિચાર તે ખરેખર નહિ સરખા છે. પૂર્વોક્ત વિષયમાં ઘણોક તે સુક્ષ્મ પદાર્થશાસ્ત્રના સંબંધનો છે પણ સમજ ન પડવાથી તેનો અનાદર કરવો તથા અસંભવિત ખોટા છે એમ બકવું એ ધિક્કારપાત્ર મૂર્ખાઇ છે. "ગર્ભસ્થ બુદ્ધિ મનુષ્યમાત્રની સમાન" ને તે ઊપરથી "પરિણામે સમાનતાના ઊચ્ચ

સુખની તૃષ્ણા' ને "મનુષ્યનું જ્ઞાન સૃષ્ટિની આદિમાં પશુતુલ્ય હતું ને ઊત્તરોત્તર વધીને પૂર્ણ થશે" એ આદ વિચાર યૂરોપસ્થ પંડિતોના તે ર-જો તમશી બુદ્ધિના તરંગ છે—આર્યની સાત્વિક બુદ્ધિ નિશ્ચયે કહે છે કે "ગર્ભસ્થ બુદ્ધિ જૂદી સૌની, પરિણામે સહુએ પોતાનું આપોપું તજી એક કે એકરૂપ થઇ જવું છે;" ને "આદિમાં મનુષ્ય શ્રેષ્ટ હતો ને હવે ઊતરતો જાય છે," ઇત્યાદિ.

આર્યના પ્રસાદધર્મના પરલોક સંબંધી અવશ્ય મોટા વિસતારમાં આ સંસારના ધર્મ અર્થ કામ એ ત્રણે વિષયમાં, સર્વે લોકના ઉત્તમ સુખને અર્થે વર્ણભેદ છતે તેઓને જોઇયે તેટલી પુરતી સામગ્રી દેશમાં સર્વકાળ દેખાઇ છે. (વસ્તુસંપત્તિ વિષયમાં આ કાળના સંબંધમાં જે ન્યૂનાધિક તે વિષે ઘટતે ઠામે બોલીશું.)

૧૧. યોગ એટલે ચિંત્ય ને ચિત્ત એ બેને જોડવાં તે. અંતઃકરણની એકવૃત્તિ ચિત્ત તે ચિંત્ય—લક્ષ્ય સાથે એકતાર સ્થિર થઇ રહે ત્યારે પૂર્ણ યોગ થયો કહેવાય. એમ થવું દુર્લભ ને દુર્ઘટ છે, એને માટે અભ્યાસ જોઇયે ને એ પૂર્વનો સંસ્કાર હોય તો થાય. અનેક પ્રકારના ઉદ્દેશ યોગના છે ને અનેક પ્રકારની યોગક્રિયા છે. જેમ બહાર સંસારી ઉદ્યોગ તેમ સંસારી અનેક ઇચ્છા દૂર કરવાનો તથા ચિત્તને અનેક વાસનાનાં જાળાંથી નિર્મળ કરવાનો પણ ઉદ્યોગ છે; જેમ સંસારી ઊદ્યોગથી (અનુષ્ઠાન, તપ વગેરેથી) પણ લાભ છે. મોટા યોગથી એટલે બહુજન્મની તપશ્ચર્યાએ તથા બહુજન્મના દ્રઢ તત્વજ્ઞને સંકલ્પસિદ્ધિ પમાય—એવો યોગી નવી સૃષ્ટિ રચે, પોતે અનેક રૂપે થઇ અનેક સ્થળે સરખાં કે જાદાં કર્મ કરે ઇત્યાદિ. તપથી ને મંત્રથી અણિમાદિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે; કેવળ દૃષ્ટિ લક્ષ્યથી પણ કેટલીક સિદ્ધિ થાય. વિના અભ્યાસ સકળ શાસ્ત્ર મનમાં સ્ફુરે, આયુષ્ય વધે, સર્વે ગોળમાં જવાય, પાછલા જન્મોનું જાણ્યામાં આવે, ચિંત્યનું સાક્ષાત દર્શન થાય ઇત્યાદિ. કેવળ ઔષધીનું અમુક ક્રિયાયે સેવન કીધાથી જે અદભુત સિદ્ધિ ભણી છે તે વન્હિવિદ્યુતની તથા લોહાકર્ષણની શક્તિયોના ચમત્કારથી અતિશ્રેષ્ટ કહેવાય. એ સઘળો વિષય આર્ય ધર્મમાંછે. સંસારી ઉદ્યોગ કાર્યની સિદ્ધિને અર્થે જે ક્રિયાયો અવશ્ય તથા ફળ આપનારી મનાઇ છે તે પણ અમુક યોગક્રિયાજ છે. હઠયોગ ને રાજયોગ તેમાં રાજયોગના એક એક પ્રકરણમાં ક્રિયાયોગ લખ્યો છે તે આવો કે મત્સર, મમતા, માયા, હિંસા, રાગ, દ્વેષ, પાખંડ, ભ્રાંતિ, આલસ, અશુચિ એ

ઓછાં થતાં જાય ને ક્ષમા, વિવેક, વૈરાગ્ય, શાંતિ, સંતોષ ઇત્યાદિ વધતાં જાય તેવો અભ્યાસ કરયાં કરવો વિચારથી તથા કર્મથી.

પંડિત દયાનંદ કહે છે કે "યોગથી બુધ્ધિ પ્રકાશ થાય પણ સિદ્ધિની પ્રાપ્તિ નહિ;" "મારણ મોહનાદિક ખોટું છે," "મંત્રબળ અસ્ત્રમાં એટલે યુક્તિવાળી રસાયનાદિક ક્રિયા તેમાં;" અમેરિકાથી આવેલી બાઇએ કરેલા ગોંધાટમાં યોગવિદ્યા લોકની સ્મૃતિમાં આવી ને કેટલાક જણે પંડિતને પૂછ્યું ત્યારે વળી એણે તેઓને ટાઢા પાડવાને યુક્તિવાળું જણાવ્યું કે "મુનિયોને એવી પદાર્થવિદ્યા આવડતી કે તેઓ આત્માના બળથી સહુના અંતઃકરણની વાત જાણી શકતા, ભિતરના પદાર્થના સંયોગથી યોગી લોક અદ્દભુત કર્મ કરી શકતા જેમ બહારના પદાર્થનો ઉપયોગ બહારથી થાયછે તેમજ ભિતરના પદાર્થોનો ઉપયોગ ભિતરથી થાય છે." અર્થાત્ આત્મતત્વના–શુદ્ધ ચૈતન્યના બળ વિષે તેને પ્રતીતિ નથી ને એ નહિ એટલે સંકલ્પસિધ્ધિ શેની માને ? ને **એકોહં બહુધાસ્યાં** એનો અર્થ યોગૈશ્વર્ય સત્તા ઉપર આધાર રાખે છે તેને યથેચ્છ કેમ ન સમજાવે ? અને અવતાર ખોટા કહે, સ્તંભના નૃસિંહને હસી કાઢે, પ્રાણ પ્રતિષ્ઠાને વગોવે એમાં નવલ કંઇજ નથી. જન્માંતર વિષે ચર્ચા ચાલી ત્યારે ભાષણ કરી પ્રમાણમાં ગીતામાં યોગભ્રષ્ટની સ્થિતિ વિષે છે તે કહી સંભલાવ્યું, પણ ગીતામાંનું વિશ્વરૂપ દર્શન તે તો ખોટુંજ છે તેને મતે. યોગબળે દત્તાત્રેયના આશ્રમમાના પ્રાણી સ્વભાવથી પરસ્પર વેર બુધ્ધિવાળાં તે નિર્વૈર થઈ રહેતાં, એતો ગપ્પાંજ તેને મતે; શુધ્ધ જપરૂપઅનુષ્ઠાનથી કે યજ્ઞરૂપકર્મથી આ લોક પરલોક સંબંધી કાર્યસિદ્ધિ તે વળી કેવી તેને મતે–( યજ્ઞથી તો વાયુ સ્વચ્છ થાય.) યોગસિદ્ધિના વિષયમાં સુધારાવાળાને પૂર્વજનાં માનેલાં સત્યે ઉપર મોહભરી પણ પાછી આસ્થા કરાવવાના ઉદ્યમમાં પરદેશી પરધર્મી મડમ ગણનીય થઇ,* પણ હા કષ્ટ કે આર્યકુલોત્પન્ન પંડિત સંન્યાસી

---

* મડમ બ્લાવાટસ્કી ને પંડિત દયાનંદ એ બેને અમણાં તૂટ પડી છે ને તેઓએ સામસામા લખાણ કીધાં છે. પંડિત આવું કાંઇ કહે છે કે 'તેણે અમને ગુરૂ માન્યા ને હવે તો તે અમને ચેલા બનાવે છે, વળી ટાચકા ટુચકીના ખેલને યોગસિદ્ધિ કહે છે; પોતાનો વગ વધારવાને સૌના ધરમને સાચા કહે છે પણ પોતે નાસ્તિક છે.' મડમ આવું કાંઇ કહે છે કે 'કાંતો તે યોગને ધિક્કારે છે અથવા જાણીને છુપાવે છે'; એ છેલ્લા ઉપર અમારો વધારે ભરોસો છે; અમે ખોટી જાણથી તેને ગુરૂ માન્યો હતો પણ પાછળથી અમને જણાયું કે તે માત્ર સુધારાવાળો છે; યોગાદિક ઉપર

સ્વામિ વેદધર્મ ઉપર આસ્થા બેસાડવાને બોધ કરનારો શુષ્કસત્વની સિધ્ધિ નાં સત્યને અસત્ય ભણે છે !

---

૧૨. આચાર સર્વે ધર્મના લોકને પોત પોતાનો છે. કર્મ ક્રિયા કરવામાં તથા કરવાને પાત્ર થવામાં શાસ્ત્રીય તથા લૌકિક મર્યાદારૂપ નીતિરીતિ પરંપરાથી પળાતી આવી હોય છે. આર્ય શિષ્ટોએ તો આચારને 'પ્રથમ ધર્મ' ને 'પરમ ધર્મ' કહી વખાણ્યો છે આચારથી આયુષ્ય, પ્રજા, અન્ન, લક્ષ્મી, શ્રેષ્ટપણું પમાય; સત્કર્મ વિધિયુક્ત થાય કે જેથી બ્રહ્મજ્ઞાન ને એથી મુક્તિ; ઉભય લોકમાં કલ્યાણ. પ્રતિદિન નહાવું; દેવપૂજન–સ્મરણ કરવું; નૈવેદ્ય કરી જમવું; રસોઇ કરતાં ને જમવાને હીરનું કે ઊનનુ કે ધોયલું વસ્ત્ર પહેરવું; મદ્ય ન પીવો ને ખાવામાં અમુક વસ્તુ લેવી તથા અમુક ન લેવી; મુએલાંને બાળવું; સંબંધીએ તેનું સૂતક પાળવું ને શ્રાદ્ધ કરવું; રજોદર્શને સ્ત્રીએ ત્રણ દિવસ કોઇને અડકવું નહિ.—ને ચોથે દહાડે નાહીને ઘર કામ કરવું પણ દેવ કાર્યમાં સામેલ થવું નહિ.—એ આદિ સામાન્ય આચાર તે વેદધરમ માનનારા લોકનો છે. વળી જ્ઞાતિ કુળ ગામ દેશ પ્રમાણે વિશેષ આચાર છે. આચાર ઘણાક તે પરલોક સંબંધી હેતુવાળા તથા પવિત્રતાનો આશ્રય કરી રહેલા છે; તેજ વળી આ લોક સંબંધી હેતુના પણ છે; કેવળ લૌકિક-તે બહુ થોડા છે. મહાભારત યુધ્ધ પછી આર્યની વર્ણવ્યવસ્થા તુટી ને દ્વિજ શબ્દ માત્ર બ્રાહ્મણ વર્ગને માટે રહયો; એ પણ ઘણીક રીતે કર્મભ્રષ્ટ થયો; તોપણ આચાર રૂઢિ રૂપ દેશમાં સર્વત્ર પુરૂષ સ્ત્રી બાળક પાળે છે.

સુધારાવાળા સનાતન આચાર વૃક્ષના દંડ ઉપર તો ઘા કરી શકય નહિ, માત્ર નાની ડાળી કાપવાને ઘા કરતાં ખખડાટ કરી તેઓએ કેટલાંક પત્ર વણસાડયાં. અનાર્ય વિચારના સ્વીકારમાં અનાર્ય ખાનપાનાદિકની લલુતામાં લોકને અનાર્ય કરવાનું કોડ દાખવ્યું પણ હવે કેટલાક હારી બેઠા છે ને કેટલાક પાછા ફરયા છે. અમુક કારણે અમુક આચાર છે એમ સ્પષ્ટ થશે તેઓ તેનો ત્યારે આદર કરશે. પોતાના આચારને પરકીય આચારથી

---

તેનો લક્ષ નથી; આર્યસમાજ સાથેનો તથા તેના સ્થાપનાર સાથેનો સર્વ પ્રકારનો સંબધ છોડીયે છીયે ને એ લોકને જાહેર કરીએ છીએ. (સમયની નોંધને માટે એક પ્રહસન રચાય તો ઠીક.)

સંરક્ષિત રાખવો એ આર્યજનને કર્તવ્ય છે કેમકે ધર્મની પ્રવૃતિ મંડળના આચારથીજ સબળી રહે છે. બ્રહ્મસમાજે આર્યના ઓંકાર તત્ સત્ રાખ્યા પણ આચારને ખસેડી નવો ખ્રિસ્તી ધણોક દાખલ કીધો; (અમણાં સાંભળ્યું છે કે સેનના ભક્તો એને હિંડોળામાં ઝુલાવે છે!) પ્રાર્થના સમાજે જુનો આચાર સમુળો કાઢવાનું મત દેખાડેલું પણ હવે તે ધણોક તો રાખવો એમ મત ચલાવે છે. (પુનાની નિરાશ્રીત બાળકશાળા સ્વાધીન કીધી પણ તેઓનો લગ્નાદિક વહેવાર પોતાની સાથે રાખવાને ઇચ્છતી નથી !) પંડિત દયાનંદે પ્રથમ તો આચાર વિષે સુધારાનું મત દેખાડેલું ને પાળેલું —વર્ણભેદ ટળશે ને સૌ સાથે ભોજન કરવામાં બાધ નહિ ગણે; સ્નેહે ઐક્ય કરશે ત્યારે દેશોન્નતિ થશે; ચારે વર્ણને વેદાધ્યયન તથા વેદોક્તકર્મ એને માટે સરખો અધિકાર આપ્યો હતો—જોડા પેહરી સમાજમાંના શુદ્રજન પણ વેદ ભણતા ને અંત્યેષ્ટિ કર્મમાં સામેલ રહેતા. આ વર્ષમાં તેણે વર્ણ ભેદ ન પાળનારા, માંસ મદિરામાં રાચનારા, ખ્રિસ્તી મુસલમાન સાથે ભોજન વહેવાર રાખવાને ઇચ્છનારા એવાઓનો જાહેર ભાષણે તિરસ્કાર કીધો છે; ગયા ચૈત્રમાં વર્ષોત્સવે કરેલાં હોમ કર્મમાં બ્રાહ્મણ પાસેજ આહુતી અપાવી હતી ને બીજાઓને માત્ર સામગ્રીપુરક રાખી સંતોષ્યા હતા.

૧૩. સત્યને મનુષ્ય સર્વે પૂજે છે. અદૃષ્ટ વિચારમાં પરમ સત્ય એ કે પરમેશ્વર છે એમ સઘળા પ્રસાદધર્મે પ્રકાશિત કીધું છે; પણ લોકાંતર વિષયમાં ભક્તિધર્મે જ્ઞાન ધર્મથી જૂદા હોવાથી તે વિષયનું સત્ય જૂદું જૂદું છે; અને જ્ઞાનધર્મમાં પણ બુધ્ધિસત્વાંશના પ્રમાણમાં તત્વદર્શન જૂદું જૂદું છે. દ્રષ્ટ વિષયમાં ઇંદ્રિયગોચર પ્રત્યક્ષ તે સત્ય એમ સર્વે મનુષ્ય માને છે તોપણ જ્ઞાનધર્મી જન તે સત્ય ને નિત્ય નથી માનતા—કેટલાક જણ તો સ્વપ્નના સત્ય સરખું માને છે; અને એમ છતે તેઓ આ સંસારના સત્યને અર્થે પણ સ્વધર્મ બુધ્ધયે ઉત્તમ આચરણ રાખે છે. ધન સુત દારા માત પિતા કોઇ મરણ પછી સહાય થવાના નથી, કેવળ ધર્મ સહાય રહેવાનો છે એ વૈરાગ્ય રૂપ નિશ્ચય છતે તેઓ સંસારી અર્થ કામ વિષયમાં પણ ઉત્તમ પ્રકારે લહાવો લેતા દેખયા છે; જો કે અમણા તે વિષયમાં તેઓ ક્ષુદ્રપણે મોહિત ને સંસારી સુખના ભૌડા થયા છે.

અમે ત્રણ પ્રકારની બુદ્ધિ વિષે ઘણુંક લખ્યું છે ને કહ્યું છે તેનુ સ્મરણ કરાવી જણાવીએ છૈયે કે સત્વાંશ વિશેષવાળી, જ્ઞાનધર્મનો પ્રકાશ કરવાવાળી તે આર્યની છે ને વૈરાગ્ય, ઇંદ્રિયને જિતવી, સંતોષે ચિત્ત પ્રસન્ન

રાખવું, દુઃખમાં ધૈર્ય તથા સ્વધર્મનું અનુષ્ઠાન વિશેષ કરતાં રહેવું, આદિ લક્ષણ સત્વબુદ્ધિનાં તેજ ખરૂ ઉચુ જયસુખ આપશે—રજોગુણ તમોગુણવાળી બુધ્ધિ નહિ આપે. રજોતમોગુણ દબાય ત્યારેજ જાણવું કે સત્વનો પ્રકાશ થયો, સત્વબુધ્ધિ સમજવી ને પછી તેને નિશ્ચયે વર્ત્તવું એથીજ સ્વધર્મનું ચોખ્ખું જ્ઞાન થશે.

સુધારાવાળાઓએ રજસ્તમસી નીતિનો બોધ કીધો તે ખોટો ઠર્યો છે. પ્રાર્થનાસમાજવાળા દક્ષણી વિદ્વાનો સારૂં અંગ્રેજી ભણેલા તે હજી પણ આર્યની સાત્વિક નીતિનાં કર્તા બૈબલની નીતિને અવશ્ય વખાણે છે. પશ્ચાત્તાપની નીતિ વૈરાગ્યદશાની પુર્વે થવી જરૂરની છે પણ તેજ ઉત્તમ એમ રજસ્તમસીજ બોલે. સત્વગુણી તો પશ્ચાતાપ પામવા જેવું આચરણ કરશે નહિ; કરશે ને પસ્તાશે તો તરતજ વૈરાગ્યે ચટી ફરી પસ્તાવા જેવુ કરશે નહિ (રજોગુણી પસ્તાવો કરશે ને વળી પાછો નરસાં કર્મ કરશે.) ને કોઇ વળી જ્ઞાનને નિશ્ચયે ચઢી પૂર્વકૃતની શિક્ષા યોગ્ય થઇ એમ માની પસ્તાવો ન કરતાં પસ્તાવો થાય તેવાં સર્વે કર્મનો ત્યાગ કરી ફલેચ્છારહિત ઇશ્વરાર્પણ એવાંજ કર્મ કરશે. પંડિત દયાનંદ વૈરાગ્ય એટલે કુકર્મથી દૂર રહેવું એટલોજ અર્થ કરે છે; જે અર્થમાં વૈરાગ્યને લોક સમજે છે તે અર્થ નહિ; એમ શાંતિ શાંતિ તેપણ સ્વસ્થતાના અર્થમાં—વૈરાગ્ય તથા જ્ઞાને સંસારનો ઉપશમ, ચિત્તની સંસારવાસના સમાઇ જવી એ અર્થમાં નહિ—તે બુદ્ધિના સત્વગુણને માનતા નથી. પૂર્વજન્મના કર્મની અસર બુધ્ધિ ઊપર નહિ પણ મન ઉપર છે એમ માને છે; સત્વગુણનું બલ જે ખરે ખરૂં મોટું છે તે તેને મને કંઇજ નથી, પણ શરીરમાં વીર્ય વધશે તો બુધ્ધિ વધારે બલવાળી થશે એમ શિક્ષા આપે છે; અર્થાત્ આત્માનું બલ—યોગબલ—વૈરાગ્યબલ તે શરીરબલથી ઉતરતું છે એમ તે કહેછે. એ વિચાર જ્યાં સુધી તે ફેરવશે નહિ ત્યાં સુધી તે વેદધરમનો કે કોઇ પણ બીજા પ્રસાદધરમનો કે સદગુણ વ્રતવાલા શિષ્ટોના માનવધરમનો પણ બોધ કરવાને યોગ્ય નથી. સ્નેહબુધ્ધિયે કે અર્થબુધ્ધિયે કે કેવલ ધરમબુધ્ધિયે કર્મ કરવું એ ત્રણમાં કેઇ બુધ્ધિનું કાર્ય મોટું ઉત્તમ થાય? ? આર્યનો ઉત્કર્ષ કરવાને શારીરબલ શ્રેષ્ટ કહેનારો તે આર્યનો અપકર્ષ કરનારો છે અમારે મતે. શારીરબલ કતાં નીતિબલ શ્રેષ્ટ, નીતિબલથી ધરમબલ શ્રેષ્ટ ને ધરમ બલથી જ્ઞાનયોગબલ શ્રેષ્ટછે અમારે મતે. પશુપક્ષીમાં બહુ બલ છતે દુબળો મનુષ્ય પોતાની બુધ્ધિને પ્રસાદે તેને વશ કરે છે ને યુધ્ધના સાધન રહિત જંગલીઓએ પોતાના જોસ્સાને બળે મોટાં રાજ્યોનો અંત સહેજમાં આણ્યો છે.

---

૧૪. જગદીશ્વરે ઉત્પત્તિ સ્થિતિ લય સંબંધી નિયમો કરીને જગતનો નિર્વાહ ચલાવ્યો છે; અને જીવજગતની સ્થિતિ વ્યવસ્થા વિષયમાં આ પણ એક નિયમ છે કે પ્રભૂ પોતે પણ વેળાએ કાર્ય કરવામાં સ્વેચ્છાએ ઘૂમે ને અદભૂત લીલા દાખવે. માયાવશ મનુષ્યજીવ ઇચ્છિવે સ્વતંત્ર સ્વભાવ દેખાડે છે; વિશેષ શકિતવાળા દેવતા વધારે સ્વતંત્રતા દાખવે છે ને વશમાયા આદિદેવ સગુણ ત્રિમૂર્ત્તિ કે એમાંની એકેક તે કર્તુમકર્તુમન્યથા કર્તુમ (કરવા, નહિ સું કરવા, યથેચ્છ કરવા) પૂર્ણ સ્વતંત્ર છે. વૈદિક ધર્મની પ્રવૃત્તિમાં દેવતાનું સામર્થ્ય ન હોય તો કર્મમાર્ગ જૂઠો ઠરે; કર્મ ઉપાસના કરનારા છે તો તેનું ફળ આપવાવાળા દેવતા પણ છે. વેદનો સત્વસારરૂપ જે વેદાંત–જ્ઞાનબોધ તેનો હેતુ વેદિક કર્મનો લય બ્રહ્મમાં કરવાનો છે મુમુક્ષુનેમાટે ; પણ લોકસમુદાયનેમાટે વેદના ધર્મકર્મ બુધ્ધિભેદે જૂદાં જૂદાં છે ને તે તેનાં ફળનેમાટે છે. પૂર્વના સંસ્કાર પ્રમાણે કાર્ય ઘડાવું એ નિયમ છે પણ વળી એ નિયમને અનુસરતાં પણ કેટલીક રીતે નવાંજ કર્મ થવાં એ પણ નિયમ છે. ન્યાયાધીશ અપરાધીને યથાન્યાય દંડે પણ વળી જો દયાદિ ઔદાર્ય દાખવે તો અથવા પુણ્ય કરનારને જોઇયે તેથી વધારે પ્રસાદ આપે તો તેના ન્યાયને દૂષણ નથી. પૂર્વકર્મને લીધે કોઇને અંધાપો છે;—એ ઇશ્વરી નિયમે છે તો શું એને સારો કરવાને ઊપાય ન કરવો કે તેને સહાય ન થવું? ઊપાય કરવા એ પણ નિયમ છે.

વેદાંતનું બ્રહ્મ અકર્મ છતે ચિદંશરૂપે પ્રકાશી જગતની વ્યવસ્થા રાખે છે; પણ પંડિત દયાનંદનો ઇશ્વર નિર્ગુણ ને વળી પૂર્ણ સગુણ છતે તે જીવના કામમાં પડતો નથી; સ્વતંત્રે લીલા ન દાખવનારો ને પ્રથમ ઇચ્છા કરેલી હોય કદાપિ પણ પછી ઇચ્છારહિત બેઠેલો છે. પ્રાર્થના સ્તુતિ કરાવે છે તે નિરર્થક છે અથવા સૂક્ષ્મ પદાર્થના સંયોગથી ઉત્પન્ન થતી સદગુણશક્તિના સ્મરણઅભ્યાસથી સદગુણ વધે તેટલામાટે. પંડિતનો પરમેશ્વર આત્મતત્વ છે કે કોઈ પદાર્થશક્તિ અતિ સૂક્ષ્મરૂપે છે તે વિષે નક્કી હવે પછી તે પોતેજ કરાવશે.

૧૫. ધર્મ તે શું? "આચાર, પ્રાયશ્ચિત્ત ને ન્યાય" એ ત્રણ મુખ્ય વિષયમાં જે શિક્ષા–શાસન તે ધર્મ" એ વ્યાખ્યા જૂદા જૂદા પ્રસાદધર્મના શિષ્ટો એકમતે માન્ય રાખશે. "વેદ પ્રતિપાદિત કર્મજન્યો ધર્મઃ સ્વર્ગાદિક સાધન" એ વ્યાખ્યા વેદધર્મનેમાટે છે. યમનિયમનું પાલન તે

મનુષ્યના સામાન્ય ધર્મ છે–યમ દર્શાવ્યા કે સત્ય, શૌચ, અહિંસા, અસ્તેય (ચોરી ન કરવી તે), બ્રહ્મચર્ય, (કુંવારાનું ને પરણેલાનું), દયા, આર્જવ, ક્ષમા, ધૃતિ, મિતાહાર; અને નિયમ તે તપ, સંતોષ, આસ્તિક્ય, દાન, ઇશ્વરપૂજન, સિધ્ધાંતશ્રવણ, જપ, વ્રત એ છે. ધર્મનું સત્વબળ તેને પાળનારાના વિશ્વાસ તથા શ્રધ્ધા ઉપર આધાર રાખે છે એ પૂર્વે કહેલુંજ છે.

કેવળ બુધ્ધિવાદ, દૃષ્ટવાદ, જડ ને ચૈતન્ય એ બેના ધર્મ સમાન હોવા જોઇયે એવો વાદ એ સહુ જે સામાન્ય સત્યનું પ્રતિપાદન કરે તે ઉપર ધર્મનો મૂળ પાયો હોવો જોઇયે એમ સુધારાવાળાનું મત હતું ને હજી થોડાકનું છે ને તેઓ સત્યમેવ જયતે લખે છે તે ઉપર કહ્યાં તેવાં સત્યને માટે. એ ધોરણે જગદીશ્વર વિષયમાં દૃષ્ટિ પહોંચી તે પ્રમાણે તેઓ તેની કૃપાપ્રસાદીનેઅર્થે હૃદયના ભાવને આગળ પાડે છે ; અને એ ભાવ પ્રાર્થનાસમાજમાંના કેટલાકનો સાચો છે એ અમે સાચું માનીએ છિયે. પણ પંડિત દયાનંદ કહે છે કે ધર્મનું મુખ્યતત્વ ન્યાય* છે. એ, તે પોતે માનેલાં પ્રત્યક્ષાદિ આઠ પ્રમાણ પ્રમાણે શિધ્ધ ક્યારે કરશે? એ પંડિતે પહેલી વાર તો વેદની સંહિતાનેજ માનવી ને મૂર્ત્તિપૂજન ન કરવું એ બોધ આગળ પાડયા હતા અને આ વેળા અહિંસાનો બોધ આગળ પાડે છે. કોઈ પ્રાણીને દુઃખ ન કરવું એ સામાન્ય શિક્ષા સર્વે લોકને માન્ય

---

* એ વ્યાખ્યા શું એકદેશી નથી? માનવધર્મને માટે પણ ન્યાય કર્ત્તાં શું સત્ય આગળ પડવા યોગ્ય નથી? બુધ્ધિનો સત્વભેદ પંડિત માનતા નથી તો તેનો ન્યાય રાજસી કે તામસી કેવો સમજવો? તેનો દેવ તો કહો ન્યાયકારી છે–કૃપાકરી ભક્તનું દુઃખ કાપે તેવો નહિં; પણ 'અચ્ચા કીધું માટે ભોગવ' એમ કહેનારો છે, પણ વળી મને જોયાં કર, ઠીક ઠીક થશે!

યૂરોપસ્થ પંડિતનાં મત જુઓ: દેવ કે ઇશ્વર કોઈ છેજ નહિ"; "ધર્મ એટલે પૂર્ણ પરાધીનતા"; "પરાધીનતા જોડે લોભ પણ ખરો"; "અહંભાવવિના ધર્મ હોય નહિં"; "ધર્મ એ પવિત્ર રોગ છે"; "ઇંદ્રિય ને બુધ્ધી એ બેથી થયલી ક્રિયાનું પરિણામ." થોડો પણ વિનય રાખવાવાળા આમ કહે છે: "વ્યવહારોપયોગી નીતિ તે ધર્મ" "શુધ્ધસુનીતિ તે ધર્મ"; "સંપૂર્ણ સ્વાધીનતા તે ધર્મ". એથી ચઢીઆતા આમ કહે છે: "અંતઃકરણની ગુપ્ત પ્રાર્થના તે ધર્મ"; "અનંતને ઓળખવાની શ્રધ્ધા તે ધર્મ"; "કોઈ સર્વોપરિ શક્તિ પ્રતિ જે કર્ત્તવ્યતા તે"; "મહાશક્તિ દુઃખદાઇ રાક્ષસી હોય પણ તેવી નહિ, તે નિર્મળ ને કૃપાળ હોવી જોઇયે." ઈત્યાદિ.

તેવું છે માટે પહેલીને પ્રધાન રાખી બીજીને ઉપયોગમાં લેતાં કાર્ય સિધ્ધિ કરવી. જ્ઞાન ને ક્રિયા, શુધ્ધિ ને શ્રધ્ધા, નિશ્ચય ને નિયમ એ મહાસિધ્ધિ આણનારા યોગસાધન છે.

૨૦. વેદધર્મે ત્રણ સ્વરૂપ દાખવ્યાં છે. પહેલું કેવળ શુધ્ધ હતું. ઉપવીતસંસ્કારે દ્વિજરૂપ ઐક્યમાં બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય પોતપોતાના કર્મથી બેઉ લોકનાં કલ્યાણ સાધતા. રોટીબેટીના વહેવારમાં કરડા પ્રતિબંધ જેવું કાંઈ નહોતું. ધર્મકર્મ ઉપર સૌની નિષ્ઠા હતી ને સંસારકર્મમાં સર્વે કુશળ હતા. ઘેરેઘેર અગ્નિહોત્ર હતાં—સવારસાંજ આહૂતીઓ અપાતી ને કામ્યકર્મ પણ યજ્ઞદ્વારા વિશેષે હતાં. સાત્વિક તે પશુયજ્ઞ નહોતા કરતા, રાજસી પુરોહિત બ્રાહ્મણ તે ને ક્ષત્રીઓ તે કરતા. દ્વિજમંડળમાં યજ્ઞશાળા હતીઓ, દેવસ્થાન નહોતાં (શૂદ્ર લોકમાં કોઈ કોઈ ખરાં). કોઈ વળી જ્ઞાનચર્ચા કરતા કે તપશ્ચર્યા કરતા કે થોડી વારનેમાટે કરેલી મૂર્તિદ્વારા ઇષ્ટદેવતાની ઉપાસના કરતા પણ સઘળાજ વેદપાઠ કરતા.

૨૧. મહાભારતના યુધ્ધપછી ઓછામાં ઓછાં હજારેક વર્ષ* તો લોકમાં યજ્ઞકર્મ ખરાં. મોટા રાજા નહિ, મોટી સમૃધ્ધિ નહિ; પરદેશીઓએ થાણાં ઘાલ્યાં હતાં; અનેક બૌધ્ધ મત ફેલાયાં હતાં—એ સ્થિતિમાં વેદ ધર્મી લોક યજ્ઞકર્મ બંધ કરી પુરાણોક્ત તથા તંત્રોક્ત દેવતાની ઊપાસના દેવતાની ઉપાસના કરતા થયા. કર્મનો અધિષ્ઠાતા બ્રહ્મા તે માત્ર બ્રાહ્મણના વૈદિક કર્મમાં રહયો પણ લોકમાં વેદોક્ત દેવતાના નામ બદલાયાં તથા કેટલાક નવા યોજાયાં. બૌધ્ધધર્મના પ્રસારથી બ્રાહ્મણધર્મ નિસ્તેજ ડબાઇ રહયો પણ વળી વિક્રમના પહેલા શૈકા ઉપર તે ઉઘમમાં આવ્યો અને રજપૂત રાજ્યોએ બૌધ્ધધર્મી રાજ્યોને તોડયાં. બૌધ્ધ લોકે સ્તૂપ ને દહેરાં ઘણાંક બાંધ્યાં હતાં.

૨૨. શંકરાચાર્યના કાળથી તે અમણા સુધીનું તે ધર્મનું ત્રીજું સ્વરૂપ જાણવું. બ્રહ્મણ વર્ણ, બીજી કેટલીક ઊંચી વર્ણ ને ઉતરતી વર્ણ એ વિભાગે લોક ધર્મકર્મ પાળે છે. રોટીબેટી વહેવારની બંધી છે—ન્યાતો ઘણી વધી ગઈ છે. સર્વે પ્રજા એક નિર્ગુણ પરમેશ્વર છે એની ઓછી

---

*યુધ્ધ પછી હસ્તિનાપુરમાં યુધિષ્ઠિરે ૩૬, પરિક્ષિતે ૬૦, જન્મેજયે ૮૪ ને શતાનિકે ૮૨ વર્ષ રાજય કીધું. ઈદ્રપ્રસ્થમાં વજ્રનાભની પેઢી પચ્ચીસ તીસ, ક્ષેમક સુધી હતી અને મગધમાં સહદેવથી ૩૫મો અજાતશત્રૂ તે ગૌતમ બુધ્ધના સમયમાં હતો તે બૌધ્ધ થયો હતો.

વધતી જાણ સાથે સગુણ શિવ કે વિષ્ણુ કે એના અવતારને ઉપાસે છે. બ્રાહ્મણો કેટલાક શૈવ સ્માર્ત ને કેટલાક બ્રાહ્મણ તથા બીજા ઊંચી વર્ણના તે વૈષ્ણવ પુરાણોક્ત સંપ્રદાય માનનારા છે અને ઉતરતી વર્ણ એ વિભાગે લોક ધર્મકર્મ પાળે છે. રોટી બેટી વહેવારની બંધી છે—ન્યાતો ઘણી વધી ગઈ છે. સર્વે પ્રજા એક નિર્ગુણ પરમેશ્વર છે એની ઓછી વધતી જાણ સાથે સગુણ શિવ કે વિષ્ણુ કે એના અવતારને ઉપાસે છે. બ્રહ્મણો કેટલાક શૈવસ્માર્ત ને કેટલાક બ્રાહ્મણ તથા બીજા ઉંચી વર્ણના તે વૈષ્ણવ પુરાણોક્ત સંપ્રદાય માનનારા છે અને ઉતરતી વર્ણ તથા ત્યાગી વર્ગ તે નિર્ગુણનું સ્મરણ કે પોતપોતાના દેવની પૂજાસેવા કરે છે. ઉંચી વર્ણના શૈવ વૈષ્ણવ તે વેદના ભાષ્યકાર આચાર્યએ ચલાવેલા સંપ્રદાયને માને છે ને ઉતરતી વર્ણના તે સુજાણ જ્ઞાની કે ભક્તને ગુરૂરૂપે ભજે છે. શૈવસંપ્રદાય શંકરાચાર્યનો આપેલો ને વૈષ્ણવ તે રામાનુજ, મધ્વ, વલ્લભ એઓના; પંથ તે રામાનંદનો, કબીરનો, નાનકનો, ચૈતનનો, સ્વામીનારાયણનો ઇત્યાદિ. ભક્તિમાર્ગ પ્રધાન છે; લોકમાં દેવદહેરાં છે; મૂર્તિપૂજન સર્વત્ર છે; આચાર છે; સૂતક પલાય છે, શ્રાદ્ધ થાય છે; બ્રાહ્મણ ધર્મશિક્ષકરૂપે પૂજ્ય ગણાય છે અને ભોજન કરાવવાને કે દાન આપવાને પાત્ર મનાય છે.

---

૨૩. વેદોક્ત કર્મ બે પ્રકારનાં. સ્વર્ગાદિ પરલોકમાં તથા આ લોકમાં સુખ તથા ઉત્તરોત્તર વૃદ્ધિ કરનારાં તે પ્રવૃત; પણ એથી વારેવારે અનેક દેહે જન્મ લેવો પડે છે; અને મોક્ષ એટલે કોઈ કાળે જન્મ લેવો ન પડે તેનેમાટે જે કર્મ તે નિવૃત—જ્ઞાનપૂર્વક જે નિષ્કામ કર્મ તે. મનવાણી કાયાથી થયલાં કર્મનાં ફળ સુખ દુઃખદાયક તે ઉત્તમ મધ્યમ અધમ હોઇને પાપ પુણ્ય પ્રમાણે કોઈ પણ પરલોકમાં કે આલોકમાં—મનુષ્ય કે પશૂ પક્ષી કીટ કે ઉદ્ભિજ પાષાણ એવી દેહને આપનારાં થાય છે. શુભાશુભ કર્મ પ્રમાણે જીવ મરણ પછી લિંગદેહે પ્રથમ કેવી સ્થિતિમાં, પછી સ્થૂલદેહે અમુક સ્થિતિમાં એ વિષે અને પરમાત્મા, ભૂતાત્મા, પંચમહાભૂત એનો પરસ્પર સંબંધ એ વિષે બહુ બહુ જ્ઞાન વેદધર્મમાં છે.

૨૪. લગ્ન ઉંચી વર્ણમાં માબાપના સપિંડમાં કે સગોત્રમાં કરવાં નહિ. કન્યાદાને લગ્ન કરવાનો પ્રકાર અતિધર્મ્ય; સ્ત્રી પુરૂષે સાથે રહી ધર્માચરણ કરવું, પુત્રે પોતાના ધર્મકૃત્યથી પૂર્વજને તથા પોતાની સંપત્તિની સારી ગતિ સ્થિતિ કરવી;—એ હેતુ વિધાન આર્યલગ્નનાં છે. લગ્નના પ્રકાર, લગ્ન કર-

વાને યોગ્ય કુળ, સધવા વિધવા સ્ત્રિઓના ધર્મ એ વિષે કાળે કાળે બહુ લખાયું છે ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં, સ્ત્રીની સ્થિતિ યોગ્યતા પુરૂષથી ઉતરતી છે; સ્ત્રી તે પુરૂષનું વામાંગ.

૨૫. પૂર્વજન્મનાં કોઇ મોટા પુણ્યથી રાજપદ પ્રાપ્ત થાય છે. રાજાનામાં ઇંદ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરૂણ, ચંદ્ર ને કુબેર એ દેવતાના સારભૂત અંશ હોય છે માટે પ્રજાએ તેની અવજ્ઞા કરવી નહિ. પ્રજાનું સંરક્ષણ કરવું એ રાજાનો અવશ્ય ધર્મ છે. લોભાદિકારણે અવિચારે રાજા વર્તે તો પ્રજાનો નાશ થાય; રાજા અન્યાય અપહરણ એ આદિ અધર્મથી ને પ્રજાના કોપથી નાશને પામે.† અરાજ્યમાં પ્રજાને સુખ નહી માટે રાજા જોઇયે ને કુરાજ્યમાં પ્રજાને સુખ નહી માટે સુરાજ્યજ જોઇયે.

૨૬. ઉદ્દેશ પરલોકિક છે તે સ્પષ્ટ દેખાડવાને, બુધ્ધિ સંશયી મલિન છે તેને સંશય રહિત નિર્મળ કરવાને,—આર્ય પ્રજાને સમાજોના નાસ્તિક દાંભિક પાખંડી મતોથી સાવધ રાખવાને તથા પરદેશી વિચાર ઉપરથી મોહ ખસેડી પોતાનાજ સત્ય છે એવો દૃઢ વિશ્વાસ કરવાને;—વળી સમાજવાળામાંના વિચારશીલ સત્યશોધક એવા તે પણ પૂર્વજના સત્યાર્થ સિધ્ધાંત સમજી પોતાનું મમત્વ મૂકે તેનેમાટે અમે લખાણને લંબાવી મુખ્ય મુખ્ય વિચારને આગળ પાડી દેખાડયા. વેદોક્ત ધર્મ તે મનુષ્યનો માત્ર સામાન્ય ધર્મ નથી, બીજા બધા સ્થાપિત ધર્મથી જૂદો છે, ભક્તિ—કર્મ પ્રધાન ધર્મથી તે બૌધજૈનના જ્ઞાન ધમથી પણ જૂદો છે,—તે જ્ઞાનપ્રધાન પ્રસાદધર્મ છે ને કાળેકાળે તેનાં જુદાં બાહ્યસ્વરૂપ છતે પોતાનું સનાતન નિત્ય સ્વરૂપ વસ્તુતઃ રાખી રહ્યા છે. બીજા સર્વે ધર્મનો સમાસ પોતાનામાં કરી શકે એવી તેની વ્યવસ્થા છે. એકજ દેશની સત્તર કરોડ જેટલી પ્રજા તેને માને છે એ તેની મોટી સત્તા છે.

૨૭. પોતીકા ધર્મના વિચાર જાણી લેવાની ને પરાયા વિચારનું ખરૂ બળ સમજવાની સ્પૃહા ન રાખતાં પરાયુંજ ઉત્તમ છે એમ માની બેઠેલી અને વેદ ને જન્માંતર ને જાતિભેદ વગેરેને ન માનનારી સમાજ વિષે (તેને દંભ નથી માટે) અમે આમ બોલીશું કે પૂર્વના કોઇ જન્મનું કોઇ સુકૃત આડે આવી તે લોકની મોહ મમતે જડ થયલી બુધ્ધિ પશ્ચાત્તાપે ફરે ને તેઓ પાછા વેદધર્મનીજ આણમાં પોતાનું ખરૂં કલ્યાણ ખોળે.

'અમણાના આર્યનો ધર્મ તે વેદોક્ત નથી ને હુંજ જે બોધું છું તેજ વેદનો ખરો ધર્મ હતો ને તેજ પાછો સહુએ પાળવો' એમ અભિમાન ધર-

નારી બહુ બોલી સમાજે પોતાના અભિમાનની પૂર્ણોન્નતિ યથેચ્છ ગર્જને તે પ્રપંચે ભજવવી; —કે જેથી તેનું વેશધારીપણું, હિતશત્રૂપણું, અનાર્યપણું તે આર્યસમસ્તના જાણવામાં અધુરૂં છે તે પુરૂં આવે ને તે પોતે પોતાને માટે પણ નિરભિમાનનાં ધર્માચરણમાં પોતાનું ખરૂં કલ્યાણ ખોળે.

નિઃસંદેહ વેદધર્મનો ધ્વજ ઓં **શાંતિઃ શાંતિઃ શાંતિઃ** એ શબ્દોમાં વેદનું સર્વસ્વ દેખાડે છે ને પંડિત દયાનંદ પણ તેજ ભણે છે પણ **સમજ**, બ્રાહ્મણ પંડિતોની ઊત્તરધ્રુવ ભણી છે તો પંડિત દયાનંદની દક્ષિણ ધ્રુવ ભણી છે. એ બે સમજ ખુલ્લી થયેથી સાધારણ બુદ્ધિનો કોઈ પણ જાતધર્મનો મનુષ્ય આટલું તો કહેશેજ કે પંડિત દયાનંદ જેને વેદધર્મ કહે છે તેવો તો તે ન હોવો જોઇયે. એ પંડિત જન્માંતર છે એમ કહે છે પણ સૂર્યચંદ્રાદિ ગોળમાં કોઇ જીવ વસતા હશે કે? એનો ઉત્તર કે 'કુણબી હોગા;' દેવ પિતરના અસ્તિત્વની સાફ નાજ; જન્માંતરોમાં મનુષ્યયોનિજ સર્વોત્તમ હોય તેવું દેખાડ્યાં કરે (પરધર્મી વિચાર); એકજ કર્મની બીજા ઉપર અસર કહે માત્ર, પણ વળી પ્રારબ્ધ ભોગ ખોટાજ કહે (પુરૂષાર્થ ઉદ્યોગનો બોધ ઢીલો પડશે એવી બીકે); વેદધર્મની વ્યવસ્થા બીજા ધર્મની વ્યવસ્થા જેવી રખાવે; વેદના જ્ઞાનધર્મને ભક્તિકર્મધર્મમાં ઉતારી પાડે; બુદ્ધિના સત્વ ભેદને માનેજ નહિં; ઈત્યાદિ ઈત્યાદિ ઈત્યાદિ.

---

૨૮. મૂર્ત્તિપૂજા સેંકડોં વર્ષ થયા સ્થાપિત થયલી તેને દેશમાંથી કાઢી નાખવાને જે કંઈ બોલાય છે તે સમજવિનાનું છે. જ્ઞાનધર્મ—વેદધર્મમાં કર્મમાત્ર ગૌણ છે તો કર્મનો એક પ્રકાર મૂર્ત્તિપૂજા તે પણ ગૌણ છે; મૂર્ત્તિપૂજાથી ભક્તિને બોધનારાં પુરાણ પણ તેને તેમજ કહે છે; મૂર્ત્તિપૂજા ન કરેથી કોઇ આર્ય સ્વધર્મથી પતિત થતો નથી ને તે કરેથી મોક્ષ પણ પામતો નથી; વળી પંથવાળા લોકનો કેટલોક ભાગ મૂર્ત્તિપૂજક નથી. શૈવસંપ્રદાયના તે બીજાં કર્મની સાથે તે રાખે છે, વૈષ્ણવ સંપ્રદાયના બ્રાહ્મણ પણ તેમા માત્ર એ સંપ્રદાયના સચ્છૂદ્ર તથા શૂદ્ર તે અવસ્ય પાળે છે; અર્થાત્ તે કર્મ આર્ય સમસ્તનુ નથી; તોપણ વળી તે, ધર્મકર્મવિષયમાં આર્યસમસ્તનો સ્થાપિત માન્ય માર્ગ કહેવાય જેમ પહેલા યુગોમાં યજ્ઞનો હતો તેમ.

કાળકાળના ધર્મકર્મ જુદાં છતે તે વેદોક્તજ છે; કેમકે સર્વેનો ઉદ્દેશ ચિત્તશુદ્ધિદ્વારા જ્ઞાન પામવાનો છે; સર્વેમાં વેદનાં સામાન્યતત્વ હોય છેજ; વેદાંતી શંકરે પણ મૂર્ત્તિપૂજનને ઉત્તેજન આપ્યું—દ્વિજવર્ગ તૂટેલા, બૌદ્ધધર્મ-

ના પ્રસારથી વેદોક્ત કર્મ માનતા થયલા, ઉપાસનાની જાળ વધી ગયલી! એ સ્થિતિ જોઈ, કર્મને ઠામે ભક્તિ અને યજ્ઞને ઠામે મૂર્ત્તિપૂજા એ રાખ્યાં. સંધ્યાદિક, વૈશ્વદેવ હોમ, સ્વાધ્યાય, તપ,. જપ, ધ્યાન ધારણા, પાઠપૂજા, વ્રત તીર્થ, દાન, સિદ્ધાંતશ્રવણ, ચરિત્રશ્રવણ, સત્સંગ, વૈરાગ્યપાલણ એ સઘળામાં લોકની અધિકાર સ્થિતિ જોતાં સામાન્યતઃ આર્યનું ઐક્ય રાખવાને પ્રશસ્ત કર્મ યજ્ઞને અભાવે મૂર્ત્તિપૂજન વિના બીજું કોઈ નથી.

એ વિષય ઉપર ચર્ચા ચલાવવી તે વળી વિષમ કાળમાં એ મૂર્ખાઈ છે. એ વિષયમાં સુધારો કરવો, એ વિષય ફેરવવો એની પહેલાં ઉપદેશકની ને લોકની સ્વધર્મ ઉપર આસ્થા થવી જોઇયે ને પછી યોગ્ય સમયે તેની ચર્ચા થવી. વેદની સંહિતામાંના મંત્રમાં મૂર્ત્તિપૂજનના આશય છે, ને વૈદિક કર્મમાં કેટલેક ઠેકાણે તે ખુલ્લા પડે છે એ વિષે કોઈ પ્રસંગે વળી બોલાશે.

આર્યલોક ભક્તિપ્રધાન ધર્મ માનતા હોય ને તેમાં પ્રધાન કર્મ મૂર્ત્તિપૂજનનું હોય તોપણ તેઓને હાનિ નહિ–યૂરોપમાં ફ્રાન્સ, સ્પેન, આસ્ત્રિયા ઇટલી ને બીજાં કેટલાંક રાજ્ય કાથલિક ખ્રિસ્તી હોઇને પોતાની રૂચિના ઊંચા સુધારા કરેછેજ.

પંડિત દયાનંદ જે ઉચ્છેદક સુધારાને વેદધર્મનું રૂપ આપે, વેદના દેવતાને ન માને, અધિકારપરત્વે ધર્મબોધ ન માને તે મૂર્ત્તિને કેમ માને? પણ પૃચ્છા નિકળે કે પદાર્થવિદ્યાનાં શોધકાર્ય અમણા છે તે બધાં વેદમાં કહેલાં છે એમ તે કહે છે તો મૂર્ત્તિપૂજાનો વિષય વેદમાં કેમ નહિ? પછી ખંડને કે મંડને? વળી મૂર્ત્તિપૂજા નહિ ત્યારે બીજાં કર્મ ચેષ્ટા શા માટે? ઝ્યાસ—પાણી—બરફ એ ત્રણ સ્થિતિ જળની; માનસિક, વાચિક, કાયિક એ ત્રણ પ્રકાર કર્મના; તેમ સંકલ્પસ્ફૂરણ છાયા સ્વરૂપ ને પ્રગટ સ્વરૂપ કેમ નહિ? આત્મતત્વ ને યોગ ન માને તે તેપણ, ન માને. ઇશ્વરનું સર્વવ્યાપીપણું, મંત્રદૈવત ને પ્રાણપ્રતિષ્ઠા, ભક્તિભાવનાની સિદ્ધિ માને તે મૂર્ત્તિપુજાને ખોટી નહિ કહે. જપધ્યાનની પૂર્વેકર્મ—મૂર્ત્તિપુજન અવશ્ય સાધન છે ઘણાકને મતે.

જ્યોતિલિંગ રૂપ શિવ, લક્ષ્મી સાથે સાયુધ ઉભેલો વિષ્ણુ, સાયુધ ઉભેલી દેવી, બેઠેલી બૌદ્ધ જૈન મૂર્ત્તિ, સુરૂપ કુરૂપ મૂર્ત્તિ એ વિષય પણ નિબંધરૂપે લખાવો યોગ્ય છે.

૨૯. પવિત્રાઇ તથા સ્વચ્છતાથી આરોગ્ય સંબંધી મોટો સુધારો આર્ય પોતાનો રાખી રહ્યો છેજ. જ્ઞાતિવિષયમાં ઘણાંક કારણથી પ્રતિબંધ

થયલા તેમાં ફેરફાર કેટલોક થવો જોઇયે ; પણ વળી પરધર્મીના સહવાસથી કેટલો બગાડો થાય છે * તેનો અને ધર્મકર્મ તથા ધંધાપરત્વે જે મર્યાદાભેદ રાખવો જોઇયે તેનો પણ ઘટતો વિચાર થવો જોઇયે. આપદ્ધર્મ છેજ ; પેશવાઇમાં બ્રાહ્મણે મુસલમાન સાથે રહી મુસલમાન ને ખ્રિસ્તીસામાં લડાઇયો કીધી છે ; આજે પણ ઉત્તર હિંદુસ્તાનના બ્રાહ્મણ ક્ષત્રી બ્રિટિશ સરકારની જાતિયોના ભેળવાળી ફોજમાં છે ને યૂરોપ આફ્રિકા જઈ લડાયો કરે છે પણ તેઓએ પોતાનો આચાર છોડયો નથી; ઉદ્યોગને અર્થે પરદેશ જવાની બંધી નથી—હાલ અમુક અમુકને દુઃખ પડે છે તેનાં કારણ જુદાં છે. અભક્ષ્યાભક્ષ્યવિષે ને ધર્મકર્મ કરવાને બહાર પણ શુચિ રાખવી એ વિષે સર્વે આર્ય સાવધ રેહેશે.

૩૦. માતપિતાના ઋણમાંથી છૂટવાને બહુ જન્મ લાગે એટલું તેઓએ વેઠેલું હોય છે—આજકાલ છોકરાઓ પોતાનો ધર્મ છેકજ ઉલ્લંઘન કરેછે એ આર્યકુળમાં જન્મ લીધાને સાર્થક નથી—ઘટિત કે અઘટિત આજ્ઞા માબાપની છોકરાંએ પાળવીજ—પરશુરામ, રામ, યુધિષ્ઠિરનું સ્મરણ કરીને. લગ્નવિષયમાં સુધારાવાળા કહે છે કે બાળલગ્ન કરવાથી પ્રજોત્પત્તિ બળવાન થતી નથી. અમે આ પ્રમાણે કહીશું—રજસ્વલાની પૂર્વે કહેલા સમયમાંના છેલ્લામાં કન્યાદાન થાય પણ છોકરાએ તો મોટી વયેજ પરણવું—કન્યાની વયથી બમણી વયે એવુ સંસ્કૃત ગ્રંથોમાં છે ને અમણાનું જોતાં અઢાર વીસની વય ઓછામાં ઓછી તે યોગ્ય જણાય છે; એમ થાય, વળી પરણ્યો પુરૂષ વ્યભિચારની વૃત્તિ ન રાખે, શાસ્ત્રોક્ત કાળને નિયમે સંભોગ રાખે, વળી સ્ત્રીને ગર્ભ રહ્યાને બેએક માસ થયા પછી સંભોગ વર્જે (અમણા તો કેટલાક મૂર્ખ પ્રસવકાળ લગી બંધ પડતા નથી,) બાળકને બહુ સ્વાદિષ્ટ કર્તા પૌષ્ટિક પદાર્થ અવસ્ય ખવરાવે તો આર્યપ્રજા સારી થાય—બાળકીઓને સારી સંગતિ હોય તો તેઓને રજોકાલ પણ મોડો આવે. વિધવાના લગ્નનો વિષય બ્રાહ્મણ પંડિતોએ વાદમાં લીધો છે, બ્રાહ્મણ વાણિયા ને રજપૂત એનેમાટે તે ચાલકાઢવો છે. નાંતરાનાં ચાલવાળી જ્ઞાતિયોમાં પણ પોતાને ઊંચાં કહેવડાવ-

---

* એ આપણે સારીપેઠે જાણ્યું છે હવે કે સુધારાવાળાના પરધર્મી વિચારથી કેટલો બગાડો થયો છે તે. પરાયા વિચારે લોકને સંશયી ભ્રમિષ્ટ કીધા છે તેને પાછા ઠેકાણે આણવાને કેટલો શ્રમ પહોંચે છે અને મોહને હામે ધિક્કાર અણાવતાં કેટલી વાર લાગશે ?—એમ થયા વિના સ્વધર્મનું તેજબળ વધનારૂં નથી. (એ વિષયમાં પૂર્વજોની કેવી પુખ્ત બુદ્ધિ !)

નારા કુળ નાતરાં કરતાં નથી, બ્રહ્મચર્ય એ વિધવાનો નિત્ય ધર્મ છે ને આ સમયના કેટલાક સમજુકનો વિચાર પુનર્લગ્નનેમાટે છે, અમણા ચર્ચા બંધ પડી છે–હવે સમય જે કરે તે. † સ્ત્રી કેળવણી વિષયમાં થોડુંક આ પ્રમાણે જાણી રાખવાનું કે અનેક વર્ણના મિશ્રણવાળી નિશાળોમાં ચાલતુ ભણતર કન્યાઓને પછી નકામું તથા બુદ્ધિ બગાડે તેવું છે ; સ્ત્રી કેળવણીનો હેતુ સ્વધર્મ અવસ્યે જાણવો એ છે–એ વિષે ધર્મજિજ્ઞાસા ગ્રંથમાં કેટલુંક લખ્યું છે એટલે અહીં અટકીશું.

૩૧. સ્વધર્મ ઉપર આસ્થા, જીતેંદ્રીયપણુ શમદમે, શાંતિ સંતોષ, મહાત્મતા ઔદાર્ય શૌર્ય ક્ષમા, સત્ય પ્રમાણિકપણું, દયા પરોપકાર ગુણજ્ઞપણું એ મનુષ્યમાત્રના ઉચ્ચ સદગુણ તે આ સમયે આર્યજનમાં કેવળ નિસ્તેજ છે. બાહારની સંકડામણમાં મન પણ ટુંકાં થઈ ગયાં છે. કેવળ સંસારી સ્વાર્થ, સંશય ભ્રમ, જૂઠ કપટ અપ્રમાણિકપણું, અસંતોષ આશા તૃષ્ણા લોભ, ધનવંત કે કામદાર કે મિત્રના આશ્રયથી ઉદ્યમ ખોળવો–સ્વાશ્રયનો વિચારજ નહિ, બીજાનું સારૂં ખમાય નહિ, સ્ત્રીવિષયમાં લલુતા, કામચોરી કાળચોરી વચનચોરી ધનચોરી, એ સર્વત્ર જોવામાં આવે છે જ્યાંલગી સદગુણ પાળવાજ એવી ભક્તિ નહિ થાય ત્યાંલગી ધર્મ અર્થ કે કામ કોઈ પણ વિષયમાં ખરૂં મોટું ઉજળું કાર્ય પોતાના આલોકના કલ્યાણને અર્થે કે આલોકના સર્વેના કલ્યાણને અર્થે થવાનું નથી. અનેક પ્રકારની અવ્યવસ્થા છતે પણ ધીરજ રાખવી, દુઃખને ખમવું પણ નીતિનું ઉલંઘન કરવું નહિ એવી નિશ્ચય બુદ્ધિવૃત્તિ થયેથીજ લાભ છે.

---

† ક્ષત્રાણીએ પતિને મરણે સતી થવું એનું પરલોકિક મોટું ફળ ધર્મશાસ્ત્રમાં કહયું છે ; બ્રાહ્મણીએ તો બ્રહ્મચર્યજ પાળવું. કાળે કરીને સતી થવાનો ચાલ રજપૂતોમાં વિશેષે ચાલ્યો ને તે છેક અતિપર આવી રહ્યો. તેવામાં બ્રિટિશ રાજ્ય થયું જે સ્ત્રીજાતિની અવસ્યે દાઝ જાણનારૂં, અને ગવરનર જેનરલ બેંટિકની કારકીર્દીમાં સતી થવાનો ચાલ બંધ પાડવાનો ધારો થયો (ડિસેંબર, ૧૮૨૯). સતી થવું એ નિત્ય ધર્મ પણ સતી ન થવુ એ સમયનો ધર્મ થયો. એ ધારો કરવામાં બંગાલાના પંડિતોને પૂછવામાં આવ્યું હતું. વિધવાનું ભાગ્ય પંડિતો કે સરકાર કે દાઝ જાણનારી આ પ્રજા કે વિધવા પોતેજ પોતાના ઊદ્યોગથી ફેરવશે કે તે છે તેમ રહેશે એ અમણા કહેવાય નહિ.

૩૨. (હવે શૈલી બદલીને) આર્યબંધુ !* (એમ નહિ,) ભો આર્ય !†
જો તું બ્રહ્મજ્ઞાન, તપ, વિદ્યા, સ્થિતિ, વય, સગપણ, સ્નેહ એણે જ્યેષ્ઠ છે તો અમે આર્ય મર્યાદશીલ છિયે, પણ જો તું મોહાદિકે અસાવધ છે તો અમે તુને સાવધ કરીશું. પછી સામે કે દંડે, ને એમ કરવાને અમે અધિકારી છિયે; જો તું સમાન છે તો કરીસે વિચાર ને થા સાથી કે આળગો; અને કનિષ્ઠ છે તો શ્રણ ને આજ્ઞા પાળ. અમણા તારી સ્થિતિ ધર્મ અર્થ કામ વિષયમાં ભ્રષ્ટ ભુંડી દયામણી છે પણ તું તેમ પોતાને નથી જોતો–તું તારા તોરમાં છે પણ હજી સમય છે વિચારી વર્ત્તવાને.

૩૩. જાણ, પશ્વાદિ પ્રાણી ને મનુષ્ય પ્રાણી એ બંનેમાં પ્રાણી રૂપે કેટલોક સરખો સ્વભાવ છે; પણ મને સંકલ્પવિકલ્પ કરવો ને બુદ્ધિયે નિશ્ચયે વર્ત્તવું એ મનુષ્યમાં વિશેષ છે–**નિયમનું પાલણ** એજ મનુષ્યપણું ને પુરૂષાર્થ છે.

૩૪. જાણ, મનુષ્યરૂપે કેટલુંક નિયમપાલણ સર્વે જણ રાખે -છે પણ સ્વભાવ વિવેક જન્મથીજ જુદા હોવાથી નિયમ પાલણ પણ જુદું હોય છે.‡ અમુક સ્વભાવ ને તેને યોગ્ય નિયમનું પાલણ હોય તોજ તે મનુષ્યનું ખરૂં કલ્યાણ થાય; અમુક સ્વભાવ સાથે બીજા સ્વભાવનું નિયમપાલણ હોય તો કલ્યાણ દીસે કદાપિ પણ તે વહેલુંજ દીસતું રહે એમ આર્યનું નિયમપાલણ છે.

૩૫. જાણ, અનેક નિયમપાલણમાં જે આ મનુષ્ય સંસારના તેના કર્તાં પરલોકનાં તેજ ઊત્તમ છે. જે બુદ્ધિ આ સંસારનાજ અર્થકામમાં મગ્ન

---

* કેવળ સમાનતા તથા મનુષ્યબંધુત્વભાવ એ આજકાલ યુરોપસ્થ કેટલાક પંડિતોના સર્વોપરિ ઉચ્ચ માનેલા વિચાર છે અને આર્યજન અધિકારક્રમ ને પ્રાણીમાત્રની દયા એને પરંપરાથી ઉચ્ચ માની પાળતા આવ્યા છે. ભાઇચારે રહેવું તથા ભાઈ કહી બોલાવવું એ આર્યની વ્યવહારનીતિરૂઢિ છે મૈત્રિના સમાનભાવમાં તથા કનિષ્ઠ પ્રત્યે પ્રેમભાવમાં.

† આ દેશમાં વેદોક્ત ધર્મ પાળનારાના કુળમાં ઉત્પન્ન થયલો.

‡ જન્માંતર ને એક જન્મનાં કર્મનો ફલભોગ-બીજે કોઇ જન્મે એ વિચારે મનુષ્યની બુદ્ધિ જુદી જુદી છે એમ આર્ય માને છે. જન્માંતર ન માનનારા બીજા લોક ઘણાક તે કુદતથી-બુદ્ધિ જુદી એમ માને છે; માત્ર યુરોપના કેટલાક પંડિત તે નથી માનતા, માને તો સમાનતાના વિચારને બાધ આવે.

ને અધમ પછી ગમે તેવી તે દેખીતી બળવાળી રાક્ષસી હોય; જે બુદ્ધિ આ સંસારને જોઈ ઉદાસી રહી ઇશ્વરભણી લક્ષ રાખે ને સંસારી અર્થકામમાં શુભનિયમે માત્ર કર્તવ્ય કરે તે મધ્યમ, પછી ગમે તેવી નબળી દેખીતી સ્થિતિમાં મનુષ્યને દાખવે તોપણ; અને જે બુદ્ધિ સંસારથી અલગ કરી ઇશ્વિરપ્રાપ્તિના નિત્ય ઉદ્યોગમાં રાખે તે ઉત્તમ છે. આ સંસાર આધિ ઉપાધિયે દુઃખ દેનારો, ભોગનેમાટે લલચાવી પછી રોગ આણનારો એવો છે. વિદ્યા પણ તેજ ઉત્તમ કે જે ઇશ્વિરપ્રાપ્તિ કરાવે. *

૩૬. જાણ, કેવળ ઇહલોકિક સુખની ઇચ્છાએ ને તેનાજ સાધને ઉદ્યોગે મનુષ્ય સંતોષે રહેતો નથી; તે જન્મબુદ્ધિથીજ કંઈ કંઈ પરલોક સંબંધી વિચાર કરે છે ને શિષ્ટોએ આપેલા બોધને વિશ્વાસ શ્રદ્ધાયે પાળે છે. પ્રસાદધર્મ મંડળ મંડળનો તે તેણે પાળવો ને તેમાં મનુષ્યના ઇહલોકિક ધર્મ પણ ઉત્તમ હોય.

૩૭. જાણ, તું આર્ય છે ને તારો ધર્મ વેદોક્ત છે ને એના બોધને પાળવો એજ તારો ધર્મ છે. મારૂં ખરૂં સ્વરૂપ શું છે, હું કયાંથી આવ્યો ને કયાં જવાનો છું, આ લોક અને પરલોક બીજા એને સંબંધ શો છે, મારે અહી કર્તવ્ય શું છે, મારૂં ઉત્તમ કલ્યાણ શું ને શાથી છે એ વિષે પૃચ્છા કર, વિચાર કર, એનાં સાધન ઢુંઢ, શિષ્ટોની શિક્ષા વાંચ. એ વિચાર કરવાને તું અધિકારી ન હોય તો ઇશ્વિરપ્રીત્યર્થે નિષ્કામ કર્મ કર કે ચિત્તશુદ્ધિ થાય. નિષ્કામ કર્મ કરવાં ન ગમે, તેમ કરવાને ધીરજ ન રહે તો સકામ કર્મ કર શાસ્ત્રમાં કહેલાં સાધને.

૩૮. જાણ,—કે ધર્મકર્મ કરવાથી પણ સંસારી લાભ છે; સંસારનું ભરણ પોષણ ઇશ્વિરજ કરે છે; એમ ધીરજ ન રહે તો ઇશ્વિરનું ચિંતન મનમાં રાખી સાચવટે સંસારી ઉદ્યમ કર; ઇશ્વિરને ન માનતાં કેવળ અભિમાનેજ ઉદ્યોગ કરીશ તો વેળાએ ફાવીશ પણ પછી પાછું વેઠવું પડશે, માટે નિર્ભિમાન રહી કર્તવ્ય ઉદ્યોગ કર.

૩૯. જાણ સિદ્ધાંત કે 'સ્વયંભવતિ યદ્યથાભવતિ તદ્યથા નાન્યથાં' જે જે પ્રકારે થવાનું છે તે તે પ્રકારે થશે. બીજે પ્રકારે નહિ. માટે ધીરાં પડ.

---

* પદાર્થશાસ્ત્ર ને બીજી લોકિક વિદ્યા સંસારી સુખભોગની વૃદ્ધિયે પાપ કરાવે ને વૃદ્ધિ પછી પાછો ક્ષય છે માટે તેવી વિદ્યાનો અભ્યાસ કાર્ય પુરતો કરવો, એની આસક્તિ ન રાખવી.

ને ધીરજ ન રહે અને ભોગનીજ ઇચ્છા છે તો સત્કર્મનું અનુષ્ઠાન કર, ભાગ્ય હશે તો આ જન્મે ફળ પામીશ, તે નહિ તો બીજે જન્મે, પણ શુભ કર્મનું ફળ શુભ તે પામીશજ—કર્મ પ્રમાણે ફળ ને કર્મ પ્રમાણે બુદ્ધિ (જન્મ જન્મના સંબંધમાં) એમ છે તોપણ રૂડી બુદ્ધિયે વિચારી ક્રિયમાણ કર.

૪૦. જાણ નીતિ કે કોઇનું કંઇ હરણ કરવું નહિ, કોઇનું મર્મ ઉઘાડવું નહિ, સદાચારે રહેવું ને પરમેશ્વરનું સ્મરણ પૂજન કરવું. પ્રાતઃકાળે ચાર વાગે ઉઠવાની ટેવ રાખ, પ્રહર દહાડેક તો ઇશ્વરપ્રીત્યર્થ ધર્મકર્મ અવશ્ય કર, પછી છેક સાંજ સુધી સંસારી અર્થમાં મચ્યો રહે ને પછી રાત્રે કુટુંબ મિત્ર સાથે સુખભોગ કર અથવા ધર્મસિદ્ધાંત કે કથાપ્રસંગજો ઉંઘ આવે ત્યાંસુધી.

૪૧. જાણ વિષમ કાળ છે; તો ધર્મકર્મ ઓછાં કર પણ જેટલાં કરે તેટલાં શ્રદ્ધાએ કર. કોઇ શૈવ કોઇ વૈષ્ણવ એમ અનેક ધર્મમત દેખી મનને સંશયી મા કર. સ્વભાવરૂચિભેદે એક ઇશ્વરના અનેક ગુણસ્વરૂપમાંથી કોઇ તે કોઇને વધારે સેવે. આચાર ઓછો પળાય તો ઓછો પાળ પણ પાળ. બ્રાહ્મણ ને બીજા ધર્માધિકારીઓએ સ્વધર્મ પોતે જાણવો ને લોકને બોધવો, પોતે પાળવો ને બીજા પાસે પળાવવો. આજકાલ લોકનાં પૃચ્છા વધી છે માટે કર્મનાં કારણ પણ દેખાડવાં ને પૂર્વકર્મના વિપાકના અંયોનો વિષય લોકની જાણમાં અવશ્ય આણવો.

૪૨. જાણ, તું સંસારી અર્થને માટે ટક ટક કરે છે અને ઉદ્યોગ તથા શરીરબળની નીતિની બકબક કરે છે પણ કયાં છે તારી એકવાત અને દૃઢપણું તથા નિયમ? કયાં છે તારો અનુલક્ષ કે નિયમિત અભ્યાસ? અમુક ઉદ્દેશને માટે સ્નેહ કે લોભ કે કર્ત્તવ્યબુદ્ધિ પ્રેરક જોઇયે તે કયાં છે? એ ત્રણમાં છેલ્લી તે ઉત્તમ બુદ્ધિ છે તે તું કેમ વિસરી ગયો? એજ ધર્મબુદ્ધિ પછી ઇશ્વરીવિષયમાં કે સંસારવિષયમાં કર્ત્તવ્ય શું છે તે નક્કી સમજ ને પછી નિયમે અભ્યાસ કર.

૪૩. જાણ, અધર્મ ત્યાં નબળાઇ તથા અલક્ષ્મી અને ધર્મ ત્યાંજ સબળાઇ તથા લક્ષ્મી છે. સંસારી ધર્મબુદ્ધિ સારૂં ફળ આપશે, પારલૌકિક તે વધારે વધારે સારાં ફળ આપશે. પણ ફળની ઇચ્છા ન રાખતાં કર્તવ્ય માટેજ કરેલું તે તો વણમાગ્યું ઉત્તમ કલ્યાણ કરશે. ઇશ્વરસ્મરણાદિ કર્મમાં કાળ ગાળવાથી સંસારી અર્થ કેમ સધાશે એવો કુતર્ક મા

તો માત્ર ગૌણ સાધનરૂપ ગણ્યું. ઇસુખ્રિસ્તને તારકગુરૂ માનવો એ ખ્રિસ્તી પાદરીઓના ઉપદેશને જુવાનીઆ લેખવતા નથી ને એમ ખ્રિસ્તીધર્મનો પ્રસાર થતો અટકયો છે એટલું સમાજે કીધું પણ વળી તે ધર્મના તથા તે ધર્મમંડળમાંના નાસ્તિક વિદ્વાનોનાં ઘણાક વિચાર આર્ય પ્રજામાં ઘુસાડવાનું પણ કીધું. જગદીશ્વર અને અનંત જગત એ વિષયના સ્વધર્મોક્ત જ્ઞાનવિષે નિસ્પૃહ રહી અને ખોટું કહી જગતના—મનુષ્યના સ્વભાવ તથા ધર્મ ન સમજતાં, અધિકારી ગુરૂ છૈએ એવે દંભે મનુષ્યના સામાન્ય ધર્મનો બોધ કરવે સમાજના અગ્રેસર બહાર પડયા—એઓએ સર્વ ધર્મમાં કહેલા પરલોક, પ્રસાદધર્મ ધર્મકર્મને નિંદ્યાં; આર્યસમાજે તો સુધારાના વિચારને એટલુંબધું માન આપ્યું કે તે સર્વ વેદમાં છે, રે વેદ તો તેનોજ બોધ કરે છે!—એમ આર્યના સનાતન ધર્મનું સ્વરૂપ બદલાવવાને તેણે ભુંડું સાહસ કીધું.

૪૯. **હવે સંસારપ્રવૃત્તિ વિષય.** સમાજોએ સંસારસુખને જીવિતવ્યનો પ્રધાન અવશ્ય હેતુ માન્યો છે. ગૃહસુખને રાજ્યસુખ એ બે મોટા ઉદ્દેશ રાખી સકળ સંસારસુખનો સમાવેશ જેમાં થાય, સર્વ સુખની પ્રાપ્તિ જેણે કરી સર્વને ને એકેકને થાય. અને વળી બીજા દેશના લોકના સંબંધમાં પોતાના દેશના લોકનો—આર્યનો વિશેષે થાય એવો સ્વદેશાભિમાનનો વિચાર પ્રવર્તાવ્યો. (પ્રવૃત્તિ, દેશાભિમાન, ઘરસંસાર રાજ્ય ખુટે છે પુષ્કલ લખ્યું છે ને વળી થોડુંક હવે લખીશું.)

પ્રવૃત્તિ—કર્મની વૃદ્ધિને અર્થે સુધારાએ બહુ બરાડા પાડયા. તત્વજ્ઞાન (વૈરાગ્ય શાંતિવાળું) પરલોકજ્ઞાન આ સંસારનું (અભિમાન મૂકાવતું) સ્વધર્મકર્મ. (સાત્વિક) ખોટાં કહ્યાં કે જેથી તે વિષે ભાવ ઘટે અને આ સંસારી કર્મ વિષે સારી પેઠે શ્રદ્ધા વધે; જ્ઞાતિભેદ જે જગતમાં વેદધર્મી લોકનોજ ને પરંપરાની સ્વધર્મરક્ષણાર્થ વ્યવસ્થાનીતિ તેને અતિ દુઃખદ બંધન કરી વગોવ્યું; પ્રારબ્ધ ખોટું-અહીના કર્મનું ફળ અહીંઆંજ; યથાલાભ સંતુષ્ટ રહી સહન પણ કરી કર્તવ્યની ધર્મબુદ્ધિયે પોત પોતાના કાર્ય કરવાં એ નીતિને નબળી માની અસંતુષ્ટપણે અર્થકામબુદ્ધિયે ઇચ્છિત કર્મ જેમ ફાવતું આવે તેમ, ભેદપ્રપંચેપણ કરયાં કરવું એ નીતિને વખાણી; વળી આર્યસમાજના સુધારાએ તો મનુષ્ય એજ ઉત્તમ લોક છે. એ પરાયા વિચારને સત્ય સ્થાપી મનુષ્યોન્નતિ ને દેશોન્નતિ ને અર્થોન્નતિ ને સામ્રાજ્યસુખ તેજ મોક્ષ ને વીર્યબળને અર્થે બ્રહ્મચર્ય ને આરોગ્યને માટે યજ્ઞ ઇત્યાદિકને દમ-

ઢોલ માંહે પોલ તેવા શબ્દે અને નિંદા તથા ઠઠ્ઠાની રીતીયે આર્યનું કલ્યાણ બોધ્યું.

એ બોધનો લોકે આદર કીધો નથી; સમાજોના અગ્રેસર સંશયી છે ને એઓ તથા સાથી બોલવા પ્રમાણે કરી દેખાડવાની હિંમત ધરી શકયા નથી. સુધારો પોતાના ઉદ્દેશમાં ફાવતો નથી જોકે તેને છાપયંત્ર સહાય છે ને પ્રાંત પ્રાંતમાં બહુ બહુ પ્રકારે વિષયો ચરચાય છે. પ્રજાની હજારો વર્ષની નીતિ ફેરવવાને બહુ કાળ જોઇયે અને અમણાં નથી ફાવતો પણ ધીમે ધીમે ઉદ્યોગ જારી રહેથી ફાવશે એમ બોલી ભલે આ દેશના સુધારાવાળા પોતાનો કક્કો ખરો કરવામાં પોતાનો કાળ કાઢે પણ અમારા પાકે વિચારે તો તેઓ પોતાનાં ને પ્રજામંડળનાં હિતનો નાશ કરનારા છે.

૫૦. સર્વેશ્વરને આધારે સંસારપ્રવૃત્તિ છે; વળી સંસારભણી ચિત્ત દોડવું એ વૃત્તિની સાથે સંસારમાંથી ચિત્ત ખસેડી સંસારકર્તા ભણી વાળવું એ વૃત્તિપણ મનુષ્યના સ્વભાવમાંજ છે. વળી વિશ્રાંતિરહિત કર્મ કરયાં કરવાં એમ જીવને નિર્માણ નથી; કર્મને સબળાં કરવાને વચમાં વચમાં વિશ્રાંતિની ગરજ પડે છે; આદિની સ્થિરતા ને મધ્યની ધૃતિ પ્રમાણે કર્મદોડ હોઇને તે પ્રમાણે અંતનું કાર્ય બલિષ્ટ સિઝે છે; જેમ વિવેકબુદ્ધિ વધારે તેમ કાર્ય વધારે ટકતું તથા વધારે સારૂં થાય છે. વળી અનુકૂળ સંયોગ પણ સાધનરૂપ હોય છે.—અર્થાત્ સંસારી અર્થકામને ઉદ્દેશે પ્રવૃત્તિ તે સ્વતંત્ર બલિષ્ઠ નથી પણ પરતંત્ર નબળી છે. રૂપાંતર પામતી ને ગરજુ છે, રોગથી ભરેલી ને ચેપથી રોગી કરનારી છે, લોભકોડની તૃષ્ણાએ અનીતિના સાધન પણ કામે લગાડે છે કે જેથી પછી દુઃખ ભોગવવું પડે ને કાર્ય ઝાઝીવાર ટકે નહિ,—અને એટલાજ માટે પ્રવૃત્તિની દોડ અતિનિંદિત ભણી છે. દૈવી સ્વભાવની પ્રવૃત્તિ તે આસુરી સ્વભાવની પ્રવૃત્તિથી બહુ પ્રકારે વધારે સબળી તથા શ્રેષ્ટ છે. * સર્વે લોકનાં તત્વધર્મશાસ્ત્રનાસિદ્ધાંત તે શાંતિનેજ સબળ તથા સુખદેણ સ્થાપી તેજ ઉદ્દેશનો બોધ આગળ પાડે છે. યૂરોપની મોટી પ્રવૃત્તિવાળાં રાજ્યો પણ મુખે સ્વસ્થતાને વખાણે છે. સ્વસ્થતામાં થયલાં કામ અસ્વસ્થતાનાં કામથી વધારે સારાં હોય છે;—પછી આળસને સ્વસ્થતા માની ઉદ્યોગ ન કરે તેની દશા ભુંડી થાયજ.

---

* જોવો ભગવદ્ગીતાનો અધ્યાય ૧૬ મો.

૫૧. કોઇ પણ જન કે મંડળની પ્રવૃત્તિ છેક બગડી* હોય તો તેને સુધારવાના ઉપાય આ છે: (૧) અભિમાન–મમત્વ મૂકી પરમેશ્વરનું ઈષ્ટ દેવતાનું ચિંતન સ્મરણ નિત્ય રાખવું અને ઇશ્વરેચ્છા–અનિવાર ભાવિ એને વિચારે ધૈર્ય ધરી શોકમોહને દૂર કરવા; (૨) પોતાના સ્વભાવ ગુણને અનુસરતાં યથાશકિત યથાસાધન પણ પૂર્ણ શ્રદ્ધાએ સ્વધર્મકર્મ કરવાં;† (૩) સંસારી ઉદ્યોગ નિશ્ચય નિયમપૂર્વક કરયાં કરવો. અથવા (૧) પરધર્મના વિચારથી ઉત્પન્ન થયલા મોહનો ધિક્કાર કરવો ને સ્વધર્મના વિચાર જે હજારો વર્ષના અનુભવે દઢ થયલા તેના ઊપર ભકિત રાખવી; (૨) પોતાની ભુંડી સ્થિતિનો શોક તથા તેનું બાવરાપણું કાઢી નાખી ધૈર્ય રાખી ધર્મમાં પ્રવૃત્તિ તથા સધર્મ સંસારપ્રવૃત્તિ નિયમવાળી રાખવી; (૩) ક્રિયમાણ ઉધ્યોગ કર્તવ્યબુદ્ધિયે કરવો અને પ્રાપ્તીને અર્થે કે ભોગને કોડે કરવો એ ત્રણ પ્રકાર ઉતરતે અનુક્રમે બલિષ્ઠ છે–જેમ જેને ફાવે તેમ તે કરે પણ ત્રણેમાં નિયમપૂર્વક અભ્યાસ અવશ્ય છે. અથવા (૧) નિત્યાનિત્યનો વિવેક રાખવો. (૨) નિત્યને તો ધર્મેજ સંરક્ષવું અને નિત્યને સાવધપણે સમમતિ નીતિયે પાળવું; (૩) શાંતિનો ઉદ્દેશ રાખી હરી બુદ્ધિયે કર્મ કરવાં.

---

૫૨. એશિયાના કેટલાક લોક કોઇ કાળે યુરોપમાં ગયલા તો કોઈ કાળે યુરોપના કેટલાક તે એશિયામાં આવેલા છે;‡ બંને ખંડના લોક મ-

---

* બગાડનાં કારણ પૂર્વજન્મનાં–કાળનાં માનતા છતે દશ્ય રોગ કાઢવા તથા સારી સ્થિતિ કરવા સહન કરતાં ધીરજથી નીતિના ઉપાય યોજવા એ આર્ય પુરૂષાર્થ છે. પૂર્વ જન્મને ન માનનારા, કાળ ઇતિહાસની નીતિને ન માનનારા, રજસ્તમસી બુદ્ધિના તે પોતપોતાની ચંચળ બુદ્ધિયે બગાડનાં કારણ અમુકજ છે એમ માની લે ને સાહસ ઉપાયે કાર્ય ખરૂં કરી બતાવે તોપણ તે કારણ પૂરાં સાચાં નહીજ ને કાર્ય દુઃખદ;–કાર્યઘટનાને દૃષ્ટાદૃષ્ટ ઉભે કારણ હોય છે તો દૃષ્ટ ને એ પણ થોડાંક તે પૂરાં કેમ ગણાય ? અને જે ઉપાય પરિણામે ચોખ્ખી સિદ્ધિ ન આપે કે અપાયરૂપ થાય તે શ્રેષ્ટ છે એમ કેમ કેહવાય ?

† સત્ય, શૌચ, દયા, દાન એના ધર્મનિયમનું પાલણ અને તપજપયજ્ઞપૂજનાદિક કર્મ.

‡ એશિયાના કેટલાકે યુરોપમાં જઈ વસ્તી કીધી હતી ત્યાર પછી–

નુષ્યના સામાન્ય સ્વભાવ ગુણવાળા છતે શરીર, રંગ, ધર્મ, રીતભાત, સ્થિતિમાં ઘણી ઘણી વાતે (યુરોપના રાજકીય ઇતિહાસના ઉદયકાળથી તે અંમણા લગી) વિશેષે જુદાજ જણાવ્યા છે.* સાંસારિક કર્મવૃત્તિમાં ચિત્ત બુદ્ધિ પ્રયત્ન એ જેટલું જેવું યુરોપ રાખે છે તેટલું તેવું એશિયા રાખતું નથી; અભિમાન તથા સાંસારિક અર્થકામબુદ્ધિ એ નિત્યદર્શન યુરોપનું છે અને નિરભિમાનપણું તથા ધર્મબુદ્ધિ એ નિત્યદર્શન એશિયાનું છે.† યુરોપમાં ગ્રીસનો સુધારો ને પછી રોમનો સુધારો એ હતા; પોર્ટુગલ, સ્પેન, આસ્ટ્રિયા, હાલંડ એના હતા; ને હાલ ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની, રૂશિયા એના સતેજ સુધારા છે. એશિયામાં બાબીલોનીઅનનો, યાહુદીનો, ઇરાનીનો, આર્યનો, ચીનાનો એ હતા; આરબનો ને મુગલનો એ હતા; અને અમણા ચીનાઓનો, મુસલમાનોનો, ને આર્યનો એ સુધારાછે પણ નિસ્તેજ

---

યુરોપના ગ્રીક ઈ. સ. પુ. સૈકા પાંચથી ઇરાનીના સંબધમાં આવતા થયલા તે ઈ. સ. પુ. ૩૩૧માં પશ્ચિમ એશિયા તથા ઇરાનમાં સત્તાધારી થઈ રહ્યા; પાર્થીઅન (એશિયાના) જેઓએ ઈ. સ. પુ. ૨૫૬ માં સ્વરાજ્ય કરેલું તેઓએ ગ્રીકની સામે થઇ ઇરાન પોતાનામાં જોડયું; ગ્રીક બાક્ટ્રિયાનો અંત આણ્યો; અને પછી પશ્ચિમ એશિયાના રોમન સત્તાધારીને હરાવી આગળ વધતા અટકાવ્યા હતા, ઈ. સ. પુ. ૫૩ માં.

એશિયાના આરબે ઇ. સ. ૭૧૧માં સ્પેનની જીત કરી ૧૪૯૨ સુધી ત્યાં પુરી સત્તા જાળવી હતી, ને પછી સો વર્ષમાં ત્યાંથી તેઓને ખ્રિસ્તીઓએ કાઢયા હતા. ઈ. સ. ૧૨૨૩માં મોગલ રૂશિયામાં ફરી વળ્યા ને ત્યાં તેઓ ૧૪૬૨ સુધી ઠામઠામ સત્તાધારી હતા. પછી સોળમા સૈકામાં તેઓને રૂશિયનોએ કાઢયા હતા. ઇ. સ. ૧૪૫૩માં તુરકોએ કોન્સ્ટંટીનોપલનાં ખ્રિસ્તી રાજ્યનો અંત આણ્યો હતો.

યુરોપનાં પોર્ટુગીઝ ઈ. સ. ૧૪૯૯થી એશિયામાં દેખાયા ને સોળમા સૈકામાં તેઓ ઘણાં બંદરો સાથે મોટો વેપાર ચલાવતા અને હિંદુસ્થાનમાં તથા કેટલાક ટાપુઓમાં કહીં કહીં રાજકીય સત્તા રાખી રહ્યા હતા. એઓનું જોર અંગ્રેજ તથા વલંદાએ તોડયું ને એઓ સત્તરમા સૈકામાં જબરા વેપારી દેખાયા. ઈ. સ. ૧૮૫૧માં રૂશિયાએ આસ્ત્રાખાન તથા સૈબીરિયા પોતાનામાં જોડયાં. તેણે ચાલતા સૈકામાં મધ્ય એશિયાનો કેટલોક મુલખ મેળવ્યો છે. હાલમાં બ્રિટિશ તે હિંદુસ્થાનનું રાજ્ય કરે છે. અને ફ્રેંચ તથા ઇટાલિયન તે સિયામ, બ્રહ્મદેશ ને એ તરફના ટાપુઓમાં વગસત્તા વધારતા જાય છે.

* જોવુ રાજ્યરંગ ભાગ બીજાનું પૃષ્ટ ૧૮૧મું.

† સર્વે ધર્મનો પ્રાદુર્ભાવ એશિયામાંજ થયો છે.

છે. ઉદયાસ્ત ને અસ્તોદય એ મહા નિયમનું લેખું કાળમાને કરવામાં આવે છે. કાળે કાળે બનનારા બનાવોને માટે તે તે કાળના મનુષ્યનાં કર્મ સાધનરૂપ હોય છે, કે જેમાં અડીવેળા ઉપર અણધાર્યા અદૃષ્ટ કારણ પણ અકસ્માત્ દૃશ્ય થઈ પ્રધાન બળિષ્ટ થાય છે—અર્થાત્ કર્મ દૃષ્ટાદૃષ્ટ બંને કાર્યસિદ્ધિ કરે છે યુરોપનું પ્રગટ મથન ને એશિયાનું પ્રચ્છન્ન સહનતપન બંનેમાં ઉદ્યોગ છે, ને શિષ્ટોને મતે સહનતપનનું અમુક સમયનું પ્રગટ કર્મ તે અતિ મોટું હોઇને અધિક મોટું પરિણામ દાખવે છે.

૫૩. એશિયામાં પરદેશી લોકના સંબંધથી જેમ બને તેમ દૂર રહેવું એ મમતવાળા પાર્થીઅન ને ચીનાઓ દેખાયા. સ્વધર્મનું રક્ષણ કરવાના મમતવાળા યાહુદી ને આર્ય એ દેખાયા. સ્વધર્મના પ્રસારને અર્થે આગ્રહવાળા આરબ તથા બીજા કેટલાક મુસલમાનો દેખાયા.

૫૪. ખંડ તથા દેશની પ્રકૃતિ જોતાં નક્કી થાય છે કે આ દેશના લોકમાં યુરોપના લોકનું અભિમાન ઉત્પન્ન થનારૂં નથી. જે આર્ય હજારો વર્ષ થયાં એક ઠેકાણે કુટુંબ સાથે પડેલા છે, જે આર્ય ભરતખંડમાં જન્મ પામવાથીજ પોતાને ઊંચા ભાગ્યશાળી સમજે છે, * જે આર્ય અનેક પરદેશી પરધર્મી રાજ્યના સંબંધમાં આવ્યા છતે, અસહ્ય દુઃખ પણ વેઠયાં છતે, સત્તાધારીથી અળગાજ રહ્યા છે, જે આર્ય સંસારને સ્વપ્નવત્ ગણી ધર્માચરણે રહી† સંસારસુખનો ઘટતો ભોગ કરે છે, તે આર્યમાં યુરોપનું દેશાભિમાન ઉત્પન્ન કરવું તે નિરર્થક છે—આર્યની દૈવીપ્રકૃતિ બદલાઇ દૈત્યપ્રકૃતિઓ થશે ને નિંદિત કળિ પ્રબળ થયો જણાશે તેને હજી વિલંબ થશે.

---

*ધર્મકૃત્યનું ફળ શીઘ્ર મળે તેવો આ દેશ છે ને એટલા માટે તે "કર્મભૂમિ" કહેવાય છે—કાળાં મૃગ સ્વચ્છંદે આજ દેશમાં ફરે છે. નિષ્કામ દેવપૂજન, ત્યાગ ને યોગ ને બ્રહ્મજ્ઞાન એ અદ્યાપિ છે દેશમાં.

"અભિમાન રાજારાવણનાં રહ્યાં નથી," "કંસ, શિશુપાળ ને કૌરવ એ દુષ્ટ હતા" એવી લોકને સતેજ સ્મૃતિ છે.

† દેવપૂજન, દાન, બ્રાહ્મણભોજન એ આદિ ઘણાંક ધર્મકૃત્યમાં સંકલ્પની પછી "ન મમ" એમ કહેવામાં આવે છે; દેવકને યાચતાં "સઉનું સારૂં કરજે" એમ બોલાય છે, "શત્રુનું પણ સારૂં થાઓ," "પ્રભૂ તેને રૂડી બુધ્ધિ આપો" "કરશે તે ભોગવશે" એવાં ક્ષમાવચન ભણાય છે;" તું જાણે ને તારો ધર્મ જાણે" "બાપનો બોલ પાળવો" એ વ્યવહારવાણી હજી છે.

૫૫. **દેશાભિમાનનો** વિચાર આર્યમંડળમાં ન હોવો જોઇએ તે કાળવશાત્ મોહવશાત્ થયો 'ને હવે પાછો કાળવશાત્ વિવેકવશાત્ જાય છે ને જશે). સુધારાએ પ્રવૃત્તિ સબળી કરવાને સનાતન ધર્મને નિંદ્યો એ તેણે મહાપાપવાળી ભૂલ કીધી અને મનુષ્યમાત્રના સામાન્ય ધર્મનો બોધ ભણ્યો એ તેવીજ બીજી ભૂલ કીધી. એક ને ઐક્ય વિષે યોજેલી નીતિમાં તે હારી થાક્યો. યોગદર્શને ને તત્વદર્શને નિરૂપેલા એકને ન માનવો પણ કર્ત્તા જગદીશ્વર એક છે તેનું સ્તવન કરવું એનેજ ધર્મ કહી બોધ્યો; પણ તે ચાલ્યો નહિ–સ્વધર્મ ઉપરથી ભાવ ઊઠાવી લોકનું ઐક્ય સુધારો કરાવી શક્યો નહિ.* સ્વધર્મને વગોવ્યા વિના કેવળ સંસારી વિષય જોવા કે યુરોપનાં પદાર્થસાસ્ત્ર–રસાયન યંત્રાદિ વિદ્યાની વૃદ્ધિ, યુરોપની રાજનીતિયોની જાણ, યુરોપનાં સાહસિક પુરૂષોનાં ચરિત્ર, યુરોપના લોકની અર્થપ્રાપ્તિની ને કર્મ કરવાની નીતિ, યુરોપનાં સૈન્યસાધન એ વિષે ઊપરાઊપરી બોધ લોકભાષામાં થયો હત તો તીસ વર્ષમાં પ્રવૃત્તિ કેટલીક રીતે સબળી થઇ હત; પણ તેમ કરવું સૂઝ્યું નહિ. સ્વધર્મના દોષ જોવા ઉપર દાઢ ને બીજી પાસથી યુરોપના સંસારસુખ ઉપર મોહ તેથી તેવું સંસારસુખ મેળવવાને પ્રયત્ન ચલાવ્યો. સ્ત્રીજાતિની સ્થિતિયોગ્યતા વિષે એશિયા ને યુરોપ જુદા વિચાર રાખે છે તે ખોટા છે, દેશના આર્ય મુસલમાન તે જાતિને ઊતરતે પદે રાખે છે માટે તે મૂર્ખ છે, સમાનતા એજ ઉત્તમ સુખનું કારણ છે એમ સમજી ઇચ્છા સ્વયંવરે મંડળમાં પરાક્રમ દાખવી પરણવું એવો પણ સ્વયંવર પસંદ ન કીધો. લગ્ન કરવા વિષે વિચાર જણાવ્યા. બાળલગ્નની વિરૂદ્ધ ને વિધવાંના લગ્નના પક્ષમાં ભાષણ લખાણ પ્રવર્ત્તાવ્યાં. દેશની કારીગીરી દોલત વધે તેવો ઉદ્યોગ ચલાવ્યો. સરકાર તરફથી રૈયતને સુખ મળે તેને અર્થે મથન માંડ્યું. લોકની સ્થિતિપાત્રતા વિચારયાવિના પુખ્ત બોલનારા જુજ ને બબડાટ કરનારા કોડીલા ઘણા, સઘળાજ સંશયી બીરૂ ને કામ કરી દેખડાવવા ઊપર દૂર જઇ બેસનારા એવાઓએ અનેક વિષય ઉપર અનેક પ્રકારની ચંચળતા દાખવી. વળી એટલું પણ બોલનારા

---

* દેશમાં આર્ય ઘણા છે પણ વળી મુસલમાન થોડા નથી–આર્યના ત્રીજા ભાગથી વધારે છે ને પ્રવૃતિમાં ધુમનારા છે તેઓ પણ સામાન્ય ધર્મમાં આવ્યા નહી. પછી વળી સમાજવાળાએ દેશાભિમાન ટાળી નિંદેલા ધર્મને ઓકાર લઇ આર્યનું અભિમાન ઐક્ય ભણ્યું પણ વળી "તતસત્" લઇ જૈનને દૂર કીધા. મંડળનો ધર્મ ફેરવાયો નહીં ને પોતેજ સ્વધર્મનિંદક નાસ્તિક પતિત ભ્રષ્ટ એવે શબ્દે અપકીર્ત્તિ પામી મંડળબહાર જેવા મનાયા.

મુંબઇ ઇલાકામાં વધારે, તેથી ઓછા બંગાળામાં ને તેથી ઓછા મદ્રાસમાં જણાયા અને એ સર્વેના મોટેરાને લેતાં સવા કુંડી પણ ન થાય તે એમાં પણ કેટલાક અર્થસાધુ કીર્ત્તિના કોડીલા ને સર્વે સ્વધર્મથી અજાણ હોઇને પરકીય વિચાર ઉપર મોહિત હતા. એ સ્થિતિમાં દેશાભિમાન એ શબ્દ પોતાનું રજસ્તમસી પ્રચંડપણું રાખી શક્યો નહિ ને 'દેશના સઉનું સારૂં થાઓ' એ શુભેચ્છાવાળો સાધારણ અર્થ રાખતું થયું કે જે 'પ્રાણીમાત્રનું સારૂં થાઓ' એ સાત્વિક શુભેચ્છા આગળ ક્ષુદ્ર છે. એક ઇચ્છા પ્રગટ સ્વાર્થ તથા છૂપી ઇર્ષાયુક્ત છે ને બીજી તે પરાર્થ તથા ઔદાર્યની છે; તેઃ બીજીજ મોટી બળવાળી છે. સકામબુદ્ધિ કરતાં નિષ્કામબુદ્ધિજ શ્રેષ્ઠ છે કેમકે એ આસક્તિરહિત હોવાથી એકનિષ્ટાએ કર્તવ્ય કરવાવાળી હોવાથી શોક મોહ સંશય વિનાની હોવાથી વિશેષ બળ ધારણ કરે છે. અંતે જય નિર્ભિતનોજ છે. અર્થાત્ દેશાભિમાન આર્યને યોગ્ય નથી. તોપણ વળી **ધર્મભૂમિ ભરતખંડમાં આર્ય છે માટે દેશભક્તિ-કીર્ત્તિનો** વિચાર સમયસ્થિતિ જોઇ આર્યકર્મિષ્ટ તે વર્ત્તમાનમાં આદરપૂર્વક ભલે રાખે.

૫૬. સુધારાએ બોધેલું દેશાભિમાન સિદ્ધિને પામ્યું નહી; કદાપિ નાનો દેશ હોય તો તેનો કાંઇ પણ સત્કાર થયો હોત. સુધારાના અગ્રેસરને સુધારાવાળા મોટા પુરૂષનું માન આપે છે. પણ એઓ નથી જાણતા કે આર્યમંડળમાં આજે પણ કેટલાક મહાબુદ્ધિમંત પુરૂષો છે કે જે દેશકાળ વિચારી આગલ પડતા નથી. પણ હવે અમે કાળનો મોહમહિમા માની સુધારાની ચંચળતા તે આર્યમંડળની સ્થિતિ બદલવાનું પૂર્વ ચિન્હ છે જાણી આર્યની સંસાર ઉન્નતિને કાજે પણ કહીએ છીએ કે (૧) તેઓએ ભગવદ્ગીતામાંના શ્રયાન્ **સ્વધર્મો૦** એનો નિદિધ્યાસ રાખવો કે જેથી મોહ ખસે. (૨) સ્વધર્માનુષ્ઠાન કરવું સત્ય માનીને કે આ દેશનો વિશેષ મહિમા છે કે ધર્મકર્મ કરવાથી ફળસિદ્ધિ વહેલું દર્શન દે છે.* (૩) બ્રાહ્મણ ક્ષત્રી વૈસ્ય એ જ્ઞાતિકુળોએ પોતપોતાના ધર્મકર્મ રાખવાં.† (૪) સંસારી ઉદ્યોગને માટે સૌ

---

* ઉષ્ણતા દેખાતી નથી પણ અસર કરે છે તેમ પુણ્યપાપની અસર પણ છુપી ક્રિયાએ પ્રગટ કાર્ય દેખાડે છે.

† અંગ્રેજી સૈન્યમાંના હિંદુઓ પરદેશમાં પણ પોતાનો આચાર રાખે છે, મુસલમાની રાજ્યમાં કેટલાક બ્રાહ્મણ મુસલમાની વેશ રાખતા પણ ઘરમાં વેદોક્ત કર્મ કરતા. અમણાના કેટલાક બ્રાહ્મણ કચ્છવિના પાટલુન પેહેરે. અભક્ષ્યાભક્ષ્ય કરે ને એવી બુદ્ધિ મંડળમાં વધારવાને ઉદ્યમી રહે.

પોતપોતાને ફાવતા કરે પણ સ્થિરબુદ્ધિયે. (૫) રાજકીય વિચારમાં થોડાક સમજુક પુક્ત જનોજ આગળ પડે.

૫૭. આર્યજને દેશાભિમાનનો વિચાર કાઢીજ નાખવો ને તેને બદલે સ્વધર્મસંરક્ષણના વિચાર દૃઢ કરવા. મુસલમાનને દેશાભિમાનનો વિચાર છેજ નહિ પણ સ્વધર્મરક્ષણનો છેજ. ધર્મ ને સંસાર એ વિષય આર્ય મુસલમાન ને બીજા સઉના જાૂદા જાૂદા છે માટે તે તે લોક પોતપોતાને માટે પોતાનામાં ભલે ચરચે. પણ વળી એને માટે પણ આ સમય નથી. આર્ય લોકે ધર્મ તથા સંસારસુધારાની ચર્ચા સારી સ્થિતિમાં આવ્યા પછી કરવાની છે; અમણાં તો દેશની દોલત વધે, દેશમાં વિદ્યાકળા વધે અને સરકાર તે પ્રજાને ઘટતું સુખ કરે એને માટે સઘળી જાતના લોકમાંના યોગ્ય કર્મિષ્ટ પુરૂષો સંપે રહી ઉત્સાહે વિચાર કરે—એમ દેશનું કલ્યાણ જોવાને સમયોચિત ઉપાય કરે તેજ ખરી દેશભક્તિ છે. જેમાં દેશના કોઈ લોકને બાધ નહિ એવો એ ઉદ્યોગ પ્રથમથી ચાલ્યો હોત તો દેશને મોટો લાભ થયો હોત. અનેક વિષય ઉપર બબડાટ કરવાથી લાભ થયો નથી ને થનાર નથી. દેશકાળ વિચારી બાવરાપણું ટાળી અમુક ઉદ્દેશને પાર પાડવા ભણી ચિત્ત કરવું, ઠરી બુદ્ધિયે એથીજ લાભ છે.

---

૫૮. દેશ બહુ મોટા હોવાથી, બહુ જાત ધર્મના લોક હોવાથી ને જુનાં નવાં રાજકુળ થોડા ઘણો પ્રદેશ પોતાની સત્તામાં રાખી રહેલાં તેથી આખો દેશ એકજ રાજકુળને એકસરખોજ અધીન એવું કોઇ કાળે નહોતું. ઘણાંક નાનાં મોટાં રાજ્ય ને એમાં પ્રત્યેક મોટાંનાં મંડળિક રાજ્ય હતાં; અને મોટામાં મોટું તે જ્યારે ઘણાંક મોટાં નાનાં રાજ્યો પાસે પોતાની સર્વોપરિ સત્તા મનાવતું ત્યારે તેનો અધીશ તે રાજાધિરાજ ચક્રવર્તી કહેવાતો.*

---

*સત્ય, ત્રેતા, દ્વાપરના ચક્રવર્તી વિષે બીજે કોઇ પ્રસંગે બોલાશે. કલિયુગના આરંભમાં પહેલો યુધિષ્ઠિર મનાયો, રાજાધિરાજનો પર્યાય શબ્દ ચક્રવર્તીમાં જેણે પરધર્મી રાજ્યોને અને સ્વધર્મી રાક્ષસોને હણી ધર્મનું સંસ્થાપન દેશમાં કરી શક પ્રવર્તાવ્યો તે શકવર્તી. યુધિષ્ઠિરે ઇંદ્રપ્રસ્થમાં રાજસુયજ્ઞ કરી શક વર્તાવ્યો; કૌરવને પાડી હસ્તિનાપુર લેઈ ચક્રવર્તીશ્રી દાખવી. પાંડવ પછી દેશમાં જે ઘણાંક રાજ્યો હતાં તેમાં મગધનું મહા

મહારાજ્ય તુટવાથી છુટાં પડતાં તથા તે હંગામમાં કેટલાંક નવાં મંડાતાં એમ જુદાં જુદાં સ્વાધીન રાજ્ય થતાં અને વળી કેટલોક કાળ વીત્યા પછી નવું કોઈ મહારાજ્ય થતું.

૫૯. કલિયુગના આરંભ લગી તો સૂર્ય ચંદ્રવંશી ક્ષત્રીઓનાંજ રાજ્ય હતાં ને તેની પ્રકૃતિ એક સરખીજ હતી. વંશપરંપરાનો પુરૂષ રાજા (સ્ત્રીને રાજપદનો અધિકાર નહિ), ધર્મયોજક–વ્યવસ્થા કરનારૂં–ધારા બાંધનારૂં શિષ્ટ બ્રાહ્મણોનું મંડળ, પ્રધાનમંડળ અને કાર્યભારના અધિકારીઓનો સમૂહ એમ હતું; વળી નગરગ્રામના ધંધાના સ્થાપિત મુખીઓને કાર્યપરત્વે પૂછવામાં આવતું. જનમેજયના કાળ પછી ધારા બાંધનારૂં મંડળ નિત્યને માટે કોઈ રાષ્ટ્રમાં નહોતું–પૂર્વકાળની સ્મૃતિયો, પરંપરાનો વહીવટ ને સમયની સમઝ એને આધારે નવી કોઇ વ્યવસ્થા રચાતી.

રજપૂત રાજ્યની પ્રકૃતિ ક્ષાત્ર રાજ્યની પ્રકૃતિથી જૂદી; મુસલમાન આવ્યા તેની અગાઉના રજપૂતોની ને પછીના રજપૂતોની જૂદી; રાજકાર્યવિષયમાં પ્રથમના રજપૂતોમાં બ્રાહ્મણનું ચલણ અવશ્ય હતું; પછી ભાટોનું, પછી વાણિયાનું એમ દેખાયું છે; મરેઠી રાજ્ય તથા પેશવાઇની પ્રકૃતિ, મુસલમાની ને બ્રિટિશ બાદશાહીની પ્રકૃતિ એમ જૂદી જૂદી જણાઈ છે. એ વિષે પ્રસંગે બોલાશે.

૬૦. **રાજ્યની પ્રજા** એ રૂપે સ્વદેશી સ્વધર્મી પરદેશી પરધર્મી કોઇપણ સત્તા તળે આર્યે નિત્યને માટે સર્વત્ર સુશીલપણુંજ દર્શાવ્યું છે. ધર્મનિંદકછેદક તથા પ્રજાપીડકહિંસક રાજપુરૂષ જ્યારે અતિ અધર્મી ને અતિ ક્રૂર થતા ત્યારે (વળી પણ કેટલુંક સહન કીધા પછી) પ્રજામાંના

---

રાજ્ય હતું; એને મોરીવંશના અશોકે કીર્ત્તિમંત કીધું ને એ બૌદ્ધચક્રવર્તી મહારાજા કહેવાયો. એની પછી બૌદ્ધધર્મી રાજ્ય તુટવા માંડયાં ને ડબાઈ રહેલાં બ્રાહ્મણધર્મી રાજ્ય ઉદ્યમી થયાં. તેવામાં બીજાં ઘણાંક પરદેશી પરધર્મી રાજયો પણ હતાં. પછી વળી અગ્નિકુળ જેતું એવા રજપુત લડવૈયા લોક નવા દેખાયા ને એમાંના એક ઉજ્જનના વિક્રમે પરદેશી રાજકુળ સઘળાંને કાઢયાં, બૌદ્ધરાજ્યોને તોડયાં, બ્રાહ્મણધર્મને પુષ્ટિ આપીને શક પ્રવર્તાવ્યો. એકસો પાંતરીસ વર્ષ પછી દક્ષિણ હિંદુસ્થાનમાં શાલિવાહને મોટું રાજ્ય કરી પરધર્મીની સત્તા કાઢી શક ચલાવ્યો પણ તે પોતાનો જય નર્મદાની ઊત્તરે આણી શક્યો નહિ. પછી દેશમાં સર્વત્ર રજપુત રાજ્ય હતાં ને તેમાં કનોજ તથા દિલ્હીનાં મહારાજ્ય બીજા બધાંમાં સર્વોપરી હતાં ને પેહેલું તે પોતાને ચક્રવર્તી સમજી તેમ મનાવવાને ઊદ્યમી હતું.

અધિક ધર્મિષ્ઠ બળિયા * તે અથવા થોડાક ધર્મિષ્ઠ રાજપુરૂષ સ્વસૈન્યવાળા તે અધર્મી તથા તેના સંગી સાથે યુદ્ધ કરી તેઓનો સંહાર કરતા. પણ એમ કરવાને એક કે સર્વે રાજ્યની શસ્ત્ર લેઇ શકે તેવી પ્રજાના થોડાક ભાગે પણ ઘણો કાળ મથન કીધું કે ઐક્ય કરવાનો ઉદ્યોગ ચલાવ્યો એવું દેશમાં દેખાયું નથી. આર્યપ્રજા રાજપુરૂષને દેવતાના તેજાંશવાળો સમજી પૂજ્ય ગણે છે, † ધર્મશિક્ષકના બોધને પરમ આસ્થાથી પાળે છે અને પ્રકૃતિના કલહથી ને યુદ્ધના વ્યસનથી છેટે અળગીજ રહે છે કે જેનું મંગળ પરિણામ આ કે આર્યમંડળ હજારો વર્ષ થયાં પોતાની **સ્થિતિ રાખી રહ્યું છે.** સમય સમયના ત્રાસદ રાક્ષસ સમય સમયના અવતરણ સ્વરૂપોનાં અસ્ત્રશસ્ત્રબળે નાશ પામ્યા છે ને પ્રજા વ્યવસ્થિત ક્ષેમ રહી છે. ‡ ભગવદ્ગીતામાં કહ્યું છે—

---

* અગસ્ત્યાદિ શસ્ત્રધારી ઋષિયોએ રાક્ષસોને હણ્યા હતા. પરશુરામે ક્ષત્રીઓ સામાં યુદ્ધ કીધું હતું. કેટલાક ઋષિયોએ કેટલાક રાજાઓને સિંહાસનેથી ઊઠાડી મુકયા હતા. દ્રોણ, કૃપ, અશ્વત્થામા એ યુદ્ધમાં ઘુમ્યા હતા. યુદ્ધકર્મ નિત્યને માટે બ્રાહ્મણનું નહિ પણ ધર્મરક્ષણને અર્થે સમયે સમયે થોડાક બળીઆ તે ક્ષાત્રકર્મ કરતા. બૌદ્ધરાજા પ્રજાનો સંહાર શિષ્ટ બ્રાહ્મણોએ રજપૂતે રાજાઓને સમજાવી એઓ પાસે કરાવ્યો હતો. મોગલ ફોજમાં થોડાક બ્રાહ્મણ હતા, પેશવાની તથા મરેઠાની ફોજમાં હતા, હાલ રજપૂત તથા મુસલમાન રાજયોની ને બ્રિટિશ ફોજમાં છે; બ્રાહ્મણોએ સમય ઉપર પોતાના ગામનાં રક્ષણ કીધાં છે—તોપણ દેશના બ્રાહ્મણ વર્ગના બહુ બહુ થોડા જણેજ શસ્ત્ર લીધાં છે.

† રાજા અન્યાયે વર્તતો થયો કે દેવતાએ પોતાનું તેજ લેઇ લીધું એમ સમજી પછી તેને પૂજ્ય ગણતા નથી પણ દૈત્ય કે રાક્ષસ ધિક્કારપાત્ર નાશપાત્ર સમજી તેના પુણ્યના ક્ષયકાળની વાટ જુવેછે અને સમય ઊપર લડવૈયો વર્ગ લડાઇ કરે છે.

‡ ભૂમિ ઉપર અધર્મનો ભાર વધેથી તે ગાયનું રૂપ લેઈ બ્રહ્મા પાસે ગઈ ને પછી દેવતાએ પોતાના અંશાવતરણ કરી અધર્મીને સંહારયા એવી કથા છે. ધર્મમર્યાદાએ સુશીલ રહેલી પ્રજાનું ચિત્ત અધર્મને ત્રાસે વ્યાકુળ ને પછી ગદગદ થઇ ઈશ્વર ભણી વળે છે ને પરાવાણીએ વદે છે કે દેવ તુંજ અશરણશરણ છે—તરતજ પછી ઈશ્વર કરૂણા કરે છે—બ્રાહ્મણ કે વેરાગી કોઇ ક્ષાત્રકર્મ કરનારાને બોધે છે ને એ યુદ્ધને અર્થે બહાર પડે છે. રામને વશિષ્ઠ વિશ્વામિત્રાદિક હતા; રજપૂતોને બ્રાહ્મણ ને ભાટ હતા; શિવાજીને રામદાસસ્વામી હતા.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृतां
धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे.

૬૧. નિત્યને માટે સામાન્ય નિયમ આ છે કે પ્રજાને સ્વદેશી સ્વધર્મી રાજ્યમાં ઉત્તમ, પરધર્મી સ્વદેશી રાજ્યમાં મધ્યમ ને પરધર્મી પરદેશી રાજ્યમાં કનિષ્ટ એમ સુખ હોય. પછી કોઈ કાળે પહેલામાં બહુ દુઃખ ને ત્રીજામાં સુખ પણ હોય. સ્પષ્ટ છે કે પરધર્મી સ્વદેશી રાજ્ય તે ધર્મ ઉપર પ્રહાર કરે પણ એ થોડેક કાળે બંધ પડે ને દેશનું દ્રવ્ય તો દેશમાંજ રહે; પરધર્મી પરદેશી હોય તો તે ધર્મ તથા ન્યાયને બહારથી કે ભિતરથી છેદે ને વળી દ્રવ્યને તો લેઇજ જાય; અને દેશી સ્વધર્મી બગડે તો પાછું વહેલું ઠેકાણે આવે * એ નિયમ આર્યના સંબંધમાં તો યથાતથ્ય છે; કેમકે ધર્મને કારણે તેઓ બહુ કાળથી અલગજ રહ્યા છે ને ધર્મનાં બંધારણવાળી પોતાની નીતિરીતિને વળગી રહ્યા છે. પણ વળી રાજ્યના સુખ દુઃખ વિષે નિસ્પૃહ રહેવું એમાંજ આર્યે પોતાનું ઉત્તમ જ્ઞાનસુખ માન્યું છે તેથી સંપદામાં ઊન્મત્ત થતા નથી, ને આપદામાં ધીરજ મુકતા નથી. પોતાનું ધર્માચરણ ને પોતાનો કુળ ઉદ્યોગ કર્યાંજ કરે છે.

૬૨. વિક્રમથી પૃથીરાજ સુધી સ્વદેશી સ્વધર્મી રજપૂત રાજા હતા. પછી આર્ય કોઈ તે પરધર્મી સત્તાધીશની ને કોઇ તે સ્વધર્મી સત્તાધીશની પ્રજારૂપે હતા; પછી મોટો ભાગ તે મોગલ બાદશાહીના તાબામાં હતો; પછી વળી દક્ષિણમાં મરેઠાનું રાજ થયું ને એની પેશવાઇએ બા-

---

કોઇને ઉપદ્રવ ન કરવો, મળે તેથી સંતુષ્ટ રહેવું. ધણીનો કોપ ખમવો, ધણીને ઉપયોગી વસ્તુઓ આપવી એ આદિ સાત્વિક ગુણ ગાયના છે ને તેવાજ ગુણ આર્યપ્રજાના છે. અને સાધુજન સ્વધર્મે રહેતા, નિરૂપદ્રવ, સત્ય તથા ન્યાયવાળી રહેણીના, સૂધા પ્રપંચરહિત તે.

યૂરોપના કોઇ પણ રાજ્યની પ્રજામાંથી ફોજદારી ગુનાહ કરનારાની સંખ્યા લેઇયે ને આ દેશના તેટલાજ પ્રદેશના ગુનેહગારોની સંખ્યા લેઇયે તો અહીંની સંખ્યા ઘણીજ ઓછી જણાશે.

* એ વિષય, રાજકીય વિચાર કરનારા અમણાના અગ્રેસરોએ સારી પેઠે શિખવાનો છે કે જેથી તરતના રૂડા દેખાતા સુધારા દાખલ કરતાં ભાવિમાં તે ભારે ન પડે તેવી સમજ રહે.

અમને સાંભરે છે કે મુસલમાની હાકમી ને બ્રિટિશ હાકમી એ બેના મુકાબલાની ચોપડીઓ છપાઇ હતી ને તેવામાં અંગ્રેજ અધિકારીઓએ પણ વિચાર જણાવ્યા હતા.

દશાહીને કમજોર કીધી; પછી વળી દેશમાં રજપૂત તથા મરેઠા ને મુસલમાન ને અંગ્રેજ ને ફ્રેંચ એ સર્વએ ધમસાણ મચાવ્યું કે જેનો અંત અંગ્રેજ કંપનીના જયમાં જોવામાં આવ્યો. *

પછી વળી કંપનીનું રાજ્ય તેની પાસેથી રાણીએ લેઈ લીધું ને પોતાને નામે ચલાવ્યું. પછી વળી રાણીએ કયસરેહિંદ એ મોટે ઇલકાબે બ્રિટિશ રાજયનો આ દેશમાં પૂરો ઊત્કર્ષ દાખવ્યો ને તે અમણા પોતાના સરદાર અમીરરૂપ ઘણાક દેશી રાજાસહિત વિરાજે છે. †

૬૩. તૂટતી મુગલાઇમાં આર્યપ્રજા સ્વસ્થ નહોતી; પેશવાઈ ગઈ ને પિંડારા વિખરાઈ ગયા પછી અંગ્રેજી રાજ્યમાં પ્રજા સ્વસ્થ થઇ; પણ તેટલે, બ્રિટિશ સરકારે દેશના લોકની માઠી સ્થિતિની દયા ખાઇ સારી સ્થિતિ કરવાને રાજકીય પ્રયોગ ચલાવ્યા. ખ્રિસ્તી પાદરીઓએ લોકોને ધર્મનીતિસંસાર વિષયમાં મૂર્ખ દયામણા કહી દાઝમાં પોતાની તરફના પ્રયોગ ચલાવ્યા. સમાજવાળાએ પોતાનાંજ મહામંડળને ધર્મમૂઢ કહી પોતાના પ્રયોગ ચલાવ્યા. યુરોપ અમેરિકાના કેટલાક લોક વિસ્મય ભણે છે કે મોટી સંખ્યા એક જથે છતે પ્રજા બાપડી પરાધીન કેમ? દેશી રાજાઓ નિર્માલપણામાં ઉપરી સરકારના દોરયા દોરાય છે. ખાલસાની પ્રજા ધંધાવિના તથા કરવેરાના ભારથી તથા વારે વારે બદલાતા કાયદાથી મુઝાય છે;—અને એમાંના જુજ તે દેશી સમસ્તના રાજકીય સુખને અર્થે સરકારને દીનતાએ જાચે છે. પવિત્ર ગૌચર ખેડાયાં પણ દેશ દારિદ્રયમાં છે અને દેશી સર્વ તનમનધને સ્થિતિભ્રષ્ટ નીતિમલિન છે. દામણો દેશ ને દામણા દેશીઓ! દૈન્ય, દૈન્ય સર્વત્ર આર્યભૂમિમાં દષ્ટિગોચર છે!

---

૬૪. કંપની સરકારની કારકીરદીમાં એની પોતાની પ્રજા દિવાની ફોજદારી ઇનસાફથી ને નિશાળોની સ્થાપનાથી રાજી હતી. અને જો કે ૧૮૫૦ પછી જાગીરદારોના હકના પિંખણાંની તથા બે રાજ્યને ખાલસા કીધાની તેને થોડી ઘણી જાણ હતી-તોપણ તે વિષે તે નિસ્પૃહ હતી;

---

* વિક્રમથી તે અમણા સુધીના કાળની આર્ય પ્રજાના સંક્ષિપ્ત ઇતિહાસને માટે સ્વદેશવત્સલ માસિક ગ્રંથમાં આર્યદર્શન જોવું.

† જોવો રાજયરંગ ભાગ બીજો પૃષ્ટ ૭૫ મું.

ને ૫૭ના બલવાથી સરકારને આપત્તિ તથા દેશમાં અસ્વસ્થતા જોઇ શોક ભયમાં હતી. મોટા દેશી રાજ્યોને જો કે નાગપુરનું (૫૩) તથા અયોધ્યાનું (૫૬) રાજ્ય ખાલસા કરવામાં આવેથી મોટી ફાળ પડેલી ને પછી કંપની સરકારની પોતાનીજ ફોજના હિંદુ મુસલમાન સીપાઇઓએ દિલ્હી તથા પુનાનાં રાજકુળની હિમાયતે અંગ્રેજોને દેશમાંથી કાઢવાને મોટું બંડ ઉઠાવેલું ને સરકારનું પાસું નબળું પડેલું તોપણ તેઓ બ્રિટિશ રાજ્યને મદદમાં હતાં ને એ મદદ તેના જયના સાધનમાં મોટી ગણાઈ છે. -

રાણી સરકારની કારકીરદીમાં એની પોતાની પ્રજાએ અધિક સુખની આશા રાખેલી પણ બનાવો ઉત્તરોત્તર ગમતા અણગમતા એવા બન્યા કે જેમાં અણગમતા આગળ પડયા-(૧) ઉપરાઉપરી ધારા નિકળ્યા, તેમાંના કેટલાક અમલમાં આવ્યા પછી થોડી મુદતમાં થોડા કે ઝાઝા કે પૂરા રદ થયા ; કેટલાકનો હેતુ અદાલત સેવતાં બહુ ખરચ તથા મોટી મુદતે નિકાલ થાય તથા કેટલાક જમીનદારનાં ધણીપણાંનો હક છેદાય તેવો જણાયો ; અને ઇનસાફના ચલણનું તેજ ઘટાડી અમલદારીનું તેજ વધારવાનો ઉદ્દેશ છે, એમ ખુલ્લું દેખાયું. અમલદાર કાબેલ પણ ઉછળતા મતીઆ ને કરડા જણાયા. બારીસ્ટરી અને વકીલાઈ બહુ બહુ રીતે કાયદાને સમજાવતી જણાઇ; વળી ફોજદારી ગુનાહ ખોળવામાં ને સાબીત કરવામાં પોલીસની ચબરાકી વિશેષે દેખાઈ. કમાઈ, ધંધા, અફીણ, આબકારી, મીઠું, જંગલ, નરક વગેરે ઉપર કર ભારે મૂકાયો. દેશી બજાર મંદો રહી ઘટે તેવી યોજના વેપારપ્રકરણમાં દેખાઇ. કેટલાંક ખાતામાં એટલી બધી અવ્યવસ્થા વડી સરકારને ખુદનેજ લાગી કે ખરાં કારણ જાણવાને ઘણાંક કમીશનો ને કમીટીઓ તેણે નીમી. પણ એથી એટલું કે સરકાર કાળજી રાખે છે એમ લોકે જાણ્યું પણ શેવટ થયું ત્યારે ઠીકાઠીક.* (૨) પ્રજાને ગમતા બનાવ આ હતા-સીવિલ સરવિસને માટે દેશીને પણ પાત્ર ઠેરવેલા તે કોઈ કોઈ વગિયાને ઊંચી નોકરી આપે છે; લેજીસ લેટીવ કૌસલમાં પોતાના પસંદ કરેલા દેશીઓને બેસાડે છે ને જીલ્લાકોરટમાં આસેસર છે; મ્યુનિસિપલ કમીશનરોમાં થોડાક નગરજનને પણ પોતે

---

* પ્રથમ દુકાળે વાળ્યો ધાણ ને પછી ખોરાકની તાણ; સૂરતે પાડી હડતાળ ને પડી સરકારને ફાળ; ફડકેનો ઊત્પાત ને સરકારને ઉચ્ચાટ એમ પણ હતું.

ખોળી નીમે છે અને કોઈ કોઇને ખિતાબ આપી લોકમાં રૂડું મનાવે છે. કેળવણીની વ્યવસ્થા એવી રાખવામાં આવી કે ઘણાક છોકરા અંગ્રેજી તથા દેશી ભાષામાં ભણતા થયા ને કેટલાક તો યુનિવર્સિટીનાં સ્થાપિત પદને પામ્યા. (૩) લોકોપયોગી કામ રસ્તા, રેલવે, દવાખાનાં, પોષ્ટ આફિસ, ડક્ક, પુલ, ઈમારતો એ વધ્યાં છે ને ઠામ ઠામના લોકનો સંબંધ વહેવાર તથા તેમની સગવડ વધી છે. **દેશી રાજ્યમાં** મોટાં તે સર્વોપરી રાજ્યનું કોડ પૂરૂં પાડતા પોતાનું માન ઝાંખું થયું એમ માનતાં હોય, વડોદરાની ખટપટે તેઓ ભય પામ્યા હોય અને રેસીડેંટ તથા એજંટની સાથેના વેહેવારમાં તેઓને કેટલુંક ન પાલવતું પણ હોય;–તોપણ, તેઓએ રાણીના પુત્રોને બહુ માન આપ્યાં છે અને દિલ્હીના મોટા મેલાવડામાં મુજરા ભરયા છે. વળી સરકાર પણ પોતાની તરફથી જેને જેટલું ઘટિત તેને તેટલું માન આપે છેજ. અજમેરમાં રાજપુત્રો માટે શાળા રાખી છે. નાના રજવાડામાં એજંટ અધિકારીઓ અંકોશ રાખે છે ને રાજ્યમાંહેની વ્યવસ્થા પણ ચલાવે છે ને મુલખ સુધરાઈ કરાવે છે. રાજકોટમાં રાજકુમારકાલેજ છે ને ભાયાત કોરટ છે.

૬૫. સમય સમયની રાજનીતિ ને પ્રજાસ્થિતિ જુદી જુદી દેખાઈ છે ને દેખાશે. પણ નીતિ સામાન્યતઃ નિત્યને માટે તો દેશી ભણી ઉદાર થવાની નથીજ. હિંદુસ્થાનની સમૃદ્ધિનો યથેચ્છ ભોગ બ્રિટનના લોક કરે છે ને કરશે ને અહીંના લોક દુઃખે દહાડા કાઢશે. પરદેશી સત્તાધારી જો આ દેશના રહીશ થાય* તો વળી 'બાદશાહ ત્યાં બજાર' એ નીતિયે દેશ પાછો દોલતમંદ થાય. જેટલા મુલનો માલ બહાર જાય છે તેથી વધારે મુલનો અહીં આવે છે એ દેખીતું સારૂં છે. પણ જે આવે છે તે ટકાઉ નહિ ને મોજમઝાનો. દેશી કારીગીરીને ઉત્તેજન મળતું નથી ને જોઇયે તેટલું તો કદાપિ મળનારૂં નહિ. મુગલાઈમાં ખેડુતોને સુખાકારીમાં રાખી રેવીન્યુ લેવાતું ને હાલની સરકાર ધારે તેટલું લે છે. પછી ખેડુતો પાસે હોય કે ન હોય–કરજમાં પીલાય કે ખેતી છોડે; બહુ કાળની ને ટોડરમલે તાજી દેખાડેલી નીતિ કે અનાજ ખળામાં આવેથી સરકારે પોતાનો હિસ્સો લેવો પણ હાલ તેમ નથી. કુદરતી ફાયદો ખેડુતને મળે તેમાંથી

* બ્રિટિશ રાજકુળ, લોક, ને સરદાર શું વિચારતા હશે; અને અહીંના લોકને દ્રવ્ય ઉપરાંત બીજો ફાયદો છે કે ગેરફાયદો; એ વિષય જાણુવાજોગ છે.

પણ સરકાર લે છે. આગળની રીતથી ખેડુતો કોઇ દહાડો અન્નની તાણુમાં નહોતા, ને હમણા કેટલાક રહે છે પણ ખરા * સરકાર કેટલાક જણુને માન આપી લુખ્ખાં લાડ કરે છે, જમીનની બક્ષિસ કોઇને કરતી નથી. (સરકાર તરફથી દેશને સધન કરવાની તજવીજ થતી નથી ને દેશીઓએ દેશી માલજ વાપરવો એ વિષે બહુ બોલાયું લખાયું છેજ.)

બ્રિટિશ ખાલસાની પ્રજા અંગ્રેજી કેળવણીથી ને ન્યુસપેપરથી જાણુ મેળવતાં રાજ્યવહેવારમાં સમજ વધારતી જાય છે. પૂર્વનાં આર્ય રાજ્યમાં **રાજધર્મ** એ શબ્દ સર્વત્ર સંભળાતો. રજપૂત રાજ્યમાં ગાદીપતિ તે **બાપજી** એ શબ્દે ઓળખાતો ને ઓળખાય છે, અને આ રાજ્યમાં **પ્રજાના હક** † એ શબ્દ અને "સરકાર આપતી નથી" એ ધ્વનિ સંભળાય છે. આર્ય રાજ્યમાં શિષ્ટ બ્રાહ્મણો ક્ષત્રી રાજાઓને પ્રજા સર્વ પ્રકારે સુખી રાખવા વિષે પોતાના સારા દાખલાથી પ્રજાની રીતિ સંરક્ષિત રાખવા વિષે બોધ વચન કહયાં હતાં ; અને હમણાં આ દેશની સઘળા વર્મની પ્રજાના સુખમાં હક શબ્દ છે કે જે હાલ યુરોપનો સબળ અર્થ ન રાખતાં માત્ર સ્થિતિના રૂડા નિર્વાહને માટે જરૂર જોઇએ એવી પ્રસાદી વાંછે છે. કંપની સરકારની કારકીર્દીમાં પ્રજામાંના ફક્ત જમીનદારો હક શબ્દ વાપરતા, અને રાણી સરકારની કારકીર્દીમાં સર્વ પ્રજામાં વપરાવવા

---

* ખળી ભરાવાના ને કહોલાં મંડાવાના સમયની જાત્રા ને ખેડુતની ઊદારતા જે થતી તેની સ્મરણનોંધ અહીં રાખીશું.

† યુરોપમાં જર્મની તથા રૂશિયાએ રાજાની સત્તાને શ્રેષ્ઠ સ્થાપી છે અને ઇંગ્લંડ ફ્રાન્સે પ્રજાની સત્તાને શ્રેષ્ઠ માની છે–પૂર્વે રાજાઓના વધ પણ કીધા છે ; પણ વળી પછી ઇંગ્લંડે રાજપદને સર્વોપરી સ્થાપી, સરદારવર્ગનાં માનપદને માની, રાજપ્રધાન મંડળનાં કામ ઊપર અંકોશ દેખાડતી એવી પ્રતિનિધિ સત્તા રાખી છે.

યુરોપનાં રાજ્ય ને પ્રજાના હક એ વિષે થોડુંક રાજયરંગ ભાગ બીજામાં જોવું. નગરપ્રજા રાજય ગ્રીસ રોમનાંને વાસ્તે રાજ્યરંગ ભાગ પહેલો (નર્મગદ્યમાં) જોવો. પ્રજામાંના વડીલની સત્તાથી અંકુશિત રાજ પ્રધાનમંડળ એ વ્યવસ્થા આર્યરાજ્યની હતી ; નગરની વ્યવસ્થા નગરના મુખીઓ તે જ્ઞાતિની તે વડીલ કે કુળવંતા રાખે. અમણાની અહીંની એકચક્રી તે વસ્તુતઃ રૂશિયાની કરડી નીતિ રાખે છે પણ દેશી રાજયોના સંબંધમાં ફ્રેંચ ફ્યુડલ સોવરેન્જની દાખે છે ને ખુદની પ્રજાના સંબંધમાં બ્રિટિશ રાજ્યની.

લાગ્યો છે. સરકારે આપેલી છુટની મેહેર પ્રજાહકની માંગણી કરે છે. બળવાના વખતથી સત્તાધારી વર્ગને એમજ લાગ્યું કે હવે દેશીઓ ભરોંસો રાખવા જેવા નથી; દબતા નહીં રાખશે તો માથે ચડી બેસશે. પણ એમ વર્તવામાં અપકીર્ત્તિ ન મળે એવી પણ તજવીજ રાખવી ને વેળાએ વેળાએ ઘટતું દાન પણ કરવું એ વિચારે રાણીની સરકાર વરતી ને બ્રીટીશ ખાલસામાં સરદારરૂપ અધીકારીઓની સત્તા પ્રબળ થઈ;* કે જે રાણીના કેસરેહીંદ થવાથી નિરંકુશ જેવી છે; પણ વળી બ્રિટિશ રાજ્ય પોતાની મ્હોટી હાક છતે પોતાની ભાવિ સ્થિતિને માટે અતિ સાવધ પણ રહે છે; ને તેણે શસ્ત્ર ન રાખવાનો ધારો કીધો છે; કોઈ કોઈ વેળા પ્રજાને બોલતી બંધ કરે છે ને કોઈ કોઇ વેળા કાંઇ કાંઇ આપે છે. કંપનીની કારકીર્દીમાં લાર્ડ બેંટીક હતો તેમ મહારાણીની કારકીર્દીમાં હાલ લાર્ડ રીપન છે. એ નામદારે પ્રજાને થોડાક હક આપવાને મતિ ચલાવી છે ને પ્રજા હરખ દેખાડે છે. એ મતિનું ચલન, સામી મતિનું ચઢનપડન ને પ્રજાનું વર્ત્તન એ હવે જોવાશે. એમ પ્રજાને હક મળો ને પછી વળી કોઇ સમે બ્રીટિશ પાર્લામેંટમાં કે અહીં સ્થપાયલી પાર્લામેંટમાં દેશીઓ વિરાજો! તોપણ જયી ને જિતમાં પરસ્પર વિશ્વાસપૂર્વક સ્નેહ થઇ પ્રકાશે એવો સંભવ અમને ભાસતો નથીજ. સત્તાનું અભિમાન સર્વ પ્રકારે બળવાન સજ્જ છે ને પ્રજામાંના થોડાકનું તે પણ સર્વ પ્રકારે નિર્બળ છે; બંને અભિમાન હજીલગી ડાહ્યાં છે; પણ અભિમાનનું પરિણામ વ્હેલે મોડે કલહ છેજ, ને એ ઊખડી જવો એ સુભાગ્ય કહેવાય.

દેશી રાજ્યના સંબંધમાં બ્રિટિશ સત્તા માનપૂર્વક વિવેકે વર્તે છે પણ તેની ઘડીઘડીની પ્રકૃતિ જોવે તથા તે પ્રમાણે ઉપાય લેવે ખંતિ રહે છે. બ્રીટિશ સરકારને રાજાઓનો તેટલો નહિ પણ તેઓના પટાવત–ભાયાત સરદાર–અમીર એઓનું રખે જૂથ બંધાય તેનો ડર રહે છે ખરો, ને તેટલા માટે તેમ ન થવા વિષે તેનો રાજકીય યુકિત પ્રયુકિતવાળો ઉદ્યમ છેજ. અકબરથી તે શાહજહાં સુધીની મુગલાઈએ રજપૂતોને તેઓની ક્ષાત્રમાનની સ્થિતિમાં રાખી તેઓની પ્રીતિ મેળવી બાદશાહીની રખવાળીમાં જાન આપતા કીધા હતા. અંગ્રેજી તે દેશી રાજ્યોને વૈશ્યમાનની સ્થિતિમાં રાખી ભરોસો ન કરતાં ને હામો ન મેળવતાં હંમેશ અંગ્રેજની મદદમાં રહેવાના ફાયદા બતાવે છે ને ભલામણ કરે છે. એ સઘળું મોટા રજવાડા સમજે છે ને બ્રિટિશ રાજ્યની પ્રકૃતિ તથા કરણીભૂત વર્ત્તમાનની સારી પેઠે જાણે

છે, વળી ચઢતી પડતીના અનુભવી છે તેથી પ્રકૃતિવશાત્ સહનધીટ રહે છે–પણ મોટા નાના રજવાડામાં "જમીન જોરૂ જરકી નહિ જોર તો ઓરકી એમ બોલતી રજપૂતી," "હર હર ને સ્વરાજ્ય" એનું કોડ રાખતી મરેઠી ને "બાદશાહી વખ્ત"ને યાદ કરતી મુસલમાની આજે પણ છે. અર્થાત સર્વોપરિ રાજશ્રી પ્રીતિપ્રસાદે કે અર્થપ્રસાદે કે ન્યાયપ્રસાદે ૬૭ દેશી રાજ્યોને ખરેખરાં પોતાના કરી લીધાં નથી–ફકત હાકને જોરે દબતાં રાખ્યાં છે.

---

૬૬. સ્વરાજ્ય દૂર હોવાથી કુમકી ફોજને અહીં આવતાં વાર લાગે ને અહીંની ફોજમાં પણ સ્વરાજ્યના માત્ર પચાસેક હજાર સીપાઇ એવી સ્થિતિ છતે રાજ્યસત્તાની વ્યવસ્થાવાળી હાક દેશમાં સર્વત્ર છે. હિમાલયથી તે કુમારી લગી ને બ્રહ્મપુત્રા તથા સાગરથી તે સિંધુ તથા સાગર સુધી લોકને જાનમાલની ખરેખરી સલામતી છે એ બ્રિટિશ રાજ્યનો લશ્કરી જસ છે; અને બ્રિટન તથા હિંદુસ્થાન એ બેનો વેપાર યુક્તિ સાથ ચલાવે છે અને દેશીઓ લાખો રૂપીયા સાથે ચિઠ્ઠી * ઉપર ધીરે છે. એ તેનો વણિક જસ છે. પોતે જાત ધર્મે જુદું તેથી સઘળી દેશી પ્રજા ન્યાયતૂલનામાં સમાન છે; † ધર્મ તથા સંસાર વિષયમાં સૌ લોક પોતપોતાની ઇચ્છાએ નિર્ભય નિરંકુશ વર્તે છે; સઘળી જાતના લોકમાંના કેટલાએક સરકારી નોકરીમાં ગુજારો કરે છે ને મજુરી કરનારી જાતીઓને

---

* પ્રમીસરી નોટ. એ વિષે અને સરકાર પ્રજાનું દેણ કરે તે પ્રજા. રૂણ (National debt) કેવી કેવી રીતનું હોય તે વિષે નિબંધ લખાઓ-

† યુરોપીઅનને મોટા પગાર એતો જાણે હોય પણ અમલદારનો અપરાધનો ન્યાય અપરાધી દેશીના ન્યાયથી જુદો પડે; ખ્રિસ્તી પાદરી અપરાધીને ધીરજથી ન્યાય સમજાવવામાં આવે ને ઓછી સજા થાય પણ દેશી ઉપદેશક અપરાધીને તરતજ મોટી સજા થાય. સેલર છોકટાને પણ દેશી પોલીસ પકડે નહીં. બ્રિટિશ ફોજમાંના દેશી તથા યુરોપીઅન સીપાઇઓ તરફ વૃત્તિ ભેદવાળી કેટલીક રીતે તો હોય પણ જોઇયે તેથી વધારે કેટલી છે–પગારના આંકમાં, દરજજે ચઢાવવામાં આગળ પાછળ રાખવામાં, મુવેલાંની દરકારમાં, ઈનામ પેનશન આપવામાં એ અને લડાઇ અક્કલ બહાદુરીના મુકાબલામાં કોણ ચઢિયાતા છે એ બધી બાબત જાણવા જોગ છે.

દેશની સંપત્તિ વધે તેવું કરવે નિસ્પૃહ છે; કરભાર મુકવે દક્ષ છે: હક આપવે કૃપણ છે– એ રૂડાંવાનાં નથી. એ કારણોથી પ્રજા ઇઝરાય છે. આર્યપ્રજાઓને માત્ર ગાળિયુંજ ઘટે છે પણ મ્હોરી ને વળી કદી હરામી થાય માટે આગળથીજ ડણું એ તો ન જોઇયે. દેશની ને દેશીની માઠી સ્થિતિ સરકારની અર્થબુદ્ધિયે જેટલી થયલી છે તેટલીને માટે ઉપાય પણ સરકારની વિવેકબુદ્ધિ કરી શકે તેવું છે ને તેમ કરવાથી સરકારનેજ લાભ છે એ વિષે દેશીઓ સુચના કરે છે પણ અહીંની સરકાર તે વિચારમાં લેતી નથી ને બ્રિટિશ પાર્લમેંટમાં કોઇ કોઇ બોલે છે તેને બીજા ઉપાડી લેતા નથી. પરિણામ આ ધારી શકાય કે સરકારને પ્રજા એ બેઉ વહેલાં મર્યાદાબ્હાર જાય; અને પછી પ્રજામાંના કોઇ લોકની રાજભકિત * તે ઉપલક્રિયા દેખાડવાની, બળાત્કારની કે ખુશામતની થાય.

(૧) સરકાર અંગ્રેજી કેળવણીને ઉત્તેજન આપે છે. † પોતાની નોકરીમાં કેટલાક અંગ્રેજી ભણેલા જોઇયે ને અંગ્રેજી વિદ્યાના પ્રસારથી (સ્વદેશી વિદ્યાઉપરથી ભાવ ઘટવાથી) ને તેથી થતા લાભથી પ્રજાનો રાજ્ય

---

* અમણાં વળી રાજભકિતના ગીત જોડાવવાનો ખુદ્દો લંડનમાં ઉઠયો છે.

† દેશી વિદ્યાને ઉત્તેજન આપવું કે અંગ્રેજી વિદ્યાને, અંગ્રેજી વિદ્યાનો પ્રસાર અંગ્રેજી ભાષાદ્વારા, રાજ્યને લાભ શાથી એ વિષે બહુ બહુ વિચાર કરી સરકારે છેલ્લે અંગ્રેજીમાં યુરોપની ઉંચી કેળવણી આપવાનું રાખ્યું છે. સને ૧૭૭૪ માં હેસ્ટિંગ્સ પહેલો ગવરનર જેનરલ થયો તેણે કેળવણીખાતું કાઢી સંસ્કૃત ફારસી વગેરે ભણવાનું રાખ્યું હતું. બેંટિંકે (૧૮૨૮ પછી) અંગ્રેજી ભાષાની કેળવણી આપવાનું કીધું. મેટકાફે (૧૮૩૫) અંગ્રેજી ને દેશી પ્રાકૃત બંનેમાં કેળવણી આપવાનું રાખ્યું. ડલ્હાઉસીની કારકીર્દીમાં (૧૮૫૩) યુનીવરસીટી સ્થાપવાનો ઠરાવ થયો. (પુનાની સંસ્કૃત પાઠશાળા બંધ કરવામાં આવી છે અને કલકતા કાશી–મુંબઇમાં સંસ્કૃત અંગ્રેજીની સાથે ભણાવવાને શાળા રાખી છે.)

છે, વળી ચઢતી પ્ર હેતુ સમજાય છે. યુનીવરસીટીની ઉંચી કેળવણીનું ચાર* છે—પણ મો[illegible] જોકે વિદ્યાર્થીઓને મોટી નોકરીને માટે પાત્ર ઠેરવે છે રકી [illegible] ને વશ્ય અમલમાં આવતું નથી ને ઘણાક રખડતા છે પણ અર્થાત [illegible]મે તેમ હોય પણ તે વૃક્ષના ફળનો સારરસ સંસારી—રાજકીય [illegible] દેશી [illegible]ણા વધારનારો છે. એ સુખ જોઇયે તેટલું પણ દેશીઓને મળતાં નથી.† એ તરત મળવાનાં પ્રત્યક્ષ સુખની ગરજ તથા લઘુતામાં [illegible]ાકે પોતાના ધર્મશાંતિનાં સુખ ઉપરથી આસ્થા ઉડાડી છે ને અંગ્રેજી ભણતરની અસર એટલી તો થઇ છે કે ધર્મમાત્ર ખોટા છે—અર્થાત ધર્મને અંકુશ નમાવેથી તેઓ રાજકીય સુખને માટે અતિ અધીર થાય છે અને જ્યારે રાજ્યની તરફથી નિરાશ થતા જાય છે ત્યારે તમોગુણમાં સ્વદેશાભિમાનને જગાવે છે કે જેનું પરિણામ રાજ્યની સામા થવાના સંભવમાં દેખાય. દેશી ભાષામાં કેળવણી આપવામાં આવે છે તે થોડી ને સાધારણ છે ને તેના છઠા સાતમાં ધોરણે પસાર થાય તે મેહેતાજી કે સરકારની ગુજરાતી કચેરીમાં કારકુનની જગાને પાત્ર ઠરે છે—અભ્યાસના વિષય ઇતિહાસ ભૂગોળ એનું ભણતર ઝાઝું છતે દેશીને સંસારી ઉપયોગમાં થોડું જ આવે છે; દેશી નિશાળનું થોડું ભણતર ધંધાર્થીને બહુજ ઉપયોગનું હતું. (૨) શરીર સંબંધી કેળવણી મૂળગી નથી. ઘણીક ચોપડીઓ એકજ વખતે શિખવાની પદ્ધતિ, શિખનારા ઘણા ને ધોરણ ભારે ને તેથી બહુ મેહેનત કરવાની કાળજી કે જેથી શરીર તુટી જાય છે. રાજકુમારોને માટે કેટલીક કસરત રાખી છે પણ લશ્કરી હુન્નર તેમને પણ શિખવવામાં આવતો નથી. (૩) સમજશક્તિની કેળવણીમાં અનેક વિષયની થોડી થોડી જાણ એ સાધન છે પણ ઠરીને વિચારવાને વિદ્યાર્થીઓને કાળ મળતો નથી. (૪) ઉંચી કે સાધારણ કેળવણીનું વલણ સ્વાર્થ તથા અરીસ્યા વ-

---

* ઇજનેરી ડાકતરી, લા ને આરટ. (સંસ્કૃત તથા ફારસી ને લાટિન એને અંગ્રેજી પદ્ધતિયે શીખવવાનો પણ વરગ છે.)

† રાજ્ય એક પાસથી કેળવણી આપી રાજકીય સુખ દેખાડે ને બીજી પાસથી હક આપે નહી ત્યારે પ્રજા રડે. "આર્યદર્શન"માં લખ્યું છે કે "અંગ્રેજી રાજ્યે લોકોને પોતાનાં દુ:ખ જણાવતાં શીખાડયું, અંગ્રેજી રાજ્યે લોકની વૃત્તિ બદલાવી ને ઇચ્છા અતિસે વધરાવી, એઓની પરંપારાની નિવૃત્તિમાંથી ખસેડી પ્રવૃત્તિના મોહપાશમાં નાખ્યા અને હવે અંગ્રેજી રાજ્ય તેઓને માટે કાંઇ કરી શકતી નથી."

નિર્ણય કરવાની નીતિ; કંપની બોર્ડ સોસાયટી આસોસીએશન કમીટી એ-ટલે અનેક કામ નામની મંડળી સભાઓ કરી વિચાર કરવાની રીતિ; છાપ યંત્ર ને વર્તમાનપત્ર. જમીદારીનાં માન ઉતરયાં ને નોકરી નક્ફટ તે મા-નીતી મનાઇ. કાયદાની લાએરી ને નાદારીની દીવાળી. યુરોપનું શૌર્ય દાખલ ન થયું પણ વિલાસ દાખલ થયો: દારૂ માંસનો ઉપયોગ દેશીઓ પણ વિશેષે કરતા થયા; શિકાર-હિંસાની બુદ્ધિ આર્યબ્રાહ્મણોને પણ થઇ. સ્વાર્થ કપટ, ઉપરથી સત્ય ને માંહે પ્રપંચ એવી સફાઇની વાણી કરણી ઇત્યાદી. (સ્વધર્મનીતિ રીતિ વિષયમાં હાનિ થઇ છે તે ઘણેક પ્રસંગે જણાવ્યું છેજ.)

સરકારને આ દેશ વિષે જાણીતા કરી રાજ્યપ્રકરણમાં ઘટિત વર્તણુક તેની થાય તેટલા માટે કેટલાક દેશી ગૃહસ્થોએ વિદ્વત્તાવાળા વિચાર જણા-વ્યા છે ને જણાવે છે પણ તેનો ઉપયોગ સરકાર કરે ત્યારે—બંગાળામાં જમીનદારોનું ભાગ્ય હતું કે કારનવાલિસ ગવરનર જનરલે હંમેશને માટે તેઓને પટા કરી આપ્યા છે પણ મુંબઈ ઇલાકામાં જમીનના સંબંધવાળાને અનેક વિટંબણા છે. બંગાળાના લખનારાઓએ જમીનનાં ધણીપણાં ને તેના ઉપર કર વગરે બાબતમાં વિશેષે લખ્યું છે; મુંબઈ તરફના લખ-નારાઓએ ન્યાય ધારાની બાબતમાં વિશેષે લખ્યું છે. ધારા બાંધનારી સ-ભામાંના દેશી ગૃહસ્થોમાંના જુજ જણે પણ ઉત્તમ વિચાર દેખાડયા છે. સરકાર દેશી બુદ્ધિને તુચ્છ ગણી પોતાનોજ મમત ચલાવવે નિશ્ચયવાળી તેને લોકની દાઝ છે એમ કહેવાયંજ નહિ—સરકાર દેશીઓનાં દુ:ખથી પોતે

---

* અંગ્રેજી કેળવણીના ઉંચા પંકાતા ધંધા વકીલાત ને ડાકતરી તે બે આજકાલ તો દેશીઓમાં અતિ શઠતાવાળા છે કે 'ફી મુક પછી વાત.' એમ ગરજુ દરદીની ગમે તેવી હાલત હોય તેની દરકાર નહિં. દયા, પ-રાર્થ, સત્ય, વિવેક, સંતોષ એ નીતિ પાળનારી પ્રજાનામાં શઠતા, સ્વાર્થ પ્રપંચ, અવિવેક, અસંતોષ એ અનીતિ વધતી જાય છે—શૌર્ય, મહાત્મતા, સ્વાર્પણ, દાન એ મોટી નીતિના તો અમણાં સમણાં છે. દેશમાં અંગ્રેજી કેળવણી વિનાના લોક ઘણા ઘણા છે તેઓની સ્થિતિ તે અંગ્રેજી ભણેલા-ની સ્થિતિ એ વિષે વળી બીજે પ્રસંગે બોલાશે.

છે, વળી દાઝતી નથી પણ દેશીઓને વધારે વધારે દઝાડે છે. સરકારે પોતે—પણ. તથા લોકની સગવડ માટે રેલવે પોસ્ટ વગેરેની વૃદ્ધિ કરે છે ને રફ્ફટલોક બહારના સુધારાને ઉત્તેજન આપ્યું છે તોપણ દેશીની સ્થિતિ સારી થાય તેને માટે રાજી થઈ કે દયાળુ થઇ ઉપાય લીધા નથી ને જો કદાપિ સ્વાર્થે લીધા છે તો તે પણ થોડી મુદત વીતે ભુલ ભરેલા સમજાયા છે. જૂઓ, લોર્ડ હારટિંગટનનો તાજો દાખલો.

૬૭. ખ્રિસ્તી પાદરીઓ પોતાના ધીરા ખંતીલા ઉદ્યોગમાં ફાવતા નથી. શેના ફાવે? અંગ્રેજી ભણેલાની વૃત્તિ કોઈ પણ ધર્મ પાળવાની નહિ તો ખ્રિસ્તી ધર્મ કેમ પાળે અને અંગ્રેજી ન ભણેલા તે તો સ્વધર્મ રાખી રહેવામાં આર્યજ છે. કાચી ઉમરના, ઉતરતી જાતિના, ગરીબ એવા જુજનો શિકાર તેઓ કરી શક્યા છે. સઘળાં મિશન હારી બેઠાં ત્યારે હવે તારણસૈન્ય નામનું મિશન વિચિત્ર વેષે દેશીઓને ખ્રિસ્તી કરવાને આવ્યું છે. આર્ય પારસી મુસલમાન તે ખ્રિસ્તને તારકગુરૂ માને એને માટે પાદરીઓનો ઉદ્યોગ તે મિથ્યા છે. *

૬૮. જે યુરોપીઅન અમેરિકન દેશીઓની નબળાઈ કહે છે તેઓ દેશી પ્રજાથી પ્રકૃતિનીતિ તથા સહનધર્મશક્તિ વિષે અજાણ્યુ છે, થવાના કાર્યને તેનો અમુક કાળ હોય છે ને તેઓ ચઢતી દશાના અભિમાનમાં ભુલી જાય છે, ને બ્રિટશ રાજ્યના સંપત્તિ ભોગના અદેખા પણ હોય.

૬૯. દેશી રાજ્યોમાં ઘણાકની પ્રજા સ્વધર્મશીલ, સંતોષી યથાશક્તિ ઉદ્યોગ કરનારી ને જ્ઞાતિ તથા ઘરસંસારમાં હેતાળ પ્રસન્ન છે. જે રાજ્યોમાં એજંટની સત્તાનું પુરૂં ચલણ, રાજા નબળા, એજંટના પસંદ કરેલા કારભારી, જનાનાની ખટપટ, ભાયાતની ખટપટ, કારભારી એજંટની મરજી રાખે, પછી વળી રાજાની રાખે, તેવા નવા બહારના સુધારા થાય તે રાજ્યોની પ્રજા ન્યાયે તથા ધંધે સુખી નથી.

૭૦. દેશિયો તનમનધને સ્થિતિભ્રષ્ટ છે તે પાછા સારી સ્થિતિમાં આવે તેને માટે જે નીતિવિચાર બહાર પડયા છે તે આ છે: કેટલાક

---

* સાંભરે છે કે પંડિત માક્સમૂલરે મિશનરી ને નોન મિશીનરી ધરમ ઉપર વિચાર જણાવતાં નોન મીશનરી ધરમ પાળનારા લોક જગતમાં વેહેલા અદીઠ થાય છે એવું કાંઈ કહ્યું હતું પણ બહુ જુના આર્યની આજ પણ મોટી સંખ્યા છે, બહુ જુના યાહુદી અને પારસી એઓની થોડી સંખ્યા છે પણ હજી જ્ઞાતિબીજ છેજ.

સામાન્ય કે જેનું ફળ લાંબે કાળે થાય ને કેટલાક વિશેષ કે જેનાં તરત ફળને માટે આશા રાખવામાં આવે. સામાન્યમાં ઘણીક નીતિનો ઉદ્દેશ આ કે કોઈ કાળે પણ સ્વદેશી રાજ્ય થાઓ ને વિશેષમાં થોડીક તેમ સુચવે ખરી. સંસાર પ્રવૃત્તિમાં રાજકીય સુખ એ દુર્લભ શ્રેષ્ટ છે કે જેથી બીજાં સુલભ થાય છે. એ નીતિયોને પ્રસિદ્ધ કરનારા વિશેષ કરીને બ્રિટિશ ખાલસા મુલખનીજ પ્રજામાંના જન છે જેમાં ઘણાક આર્ય, થોડાક મુસલમાન ને જુજ પારસી છે.

૭૧. **સામાન્યનીતિ.** (૧) સુધારાવાળા સમાજવાળાએ સંસારી સુખના વિષયમાં ધર્મ અર્થ કામ એ ત્રણ પુરૂષાર્થમાં ધર્મને ગૌણ રાખી અર્થ ને કામ એનેજ આગળ પાડયા—માત્ર સમયને માટે નહિ પણ નિત્યને માટે. યુરોપના લોકના અર્થકામ ઉપર મોહિત થઇ તેઓની નીતિરીતિયે તે પ્રાપ્ત કરવાને બોધ દેતા થયા. (૨) આર્યસમાજ સ્થાપનારાએ તો સામ્રાજ્યની પ્રાપ્તિ તેજ મોક્ષ એમ ખુલ્લું કહી શારીરસંપત્તિ વધારવાનો ને દેશાભિમાન આર્યાભિમાન રાખવાનો બોધ કીધો. (૩) સ્વધર્મનું સંરક્ષણ ને ન્યાયનીતિનું પાલણ—બ્રાહ્મણબુદ્ધિનું મહાત્મ્ય ને ક્ષાત્ર બુદ્ધિનું ઔદાર્ય એ અમારૂં મત છે.

**વિશેષનીતિ**—વર્ત્તમાન રાજ્યના સંબંધમાં આવીઃ (૧) અમારૂ અમને બહુ સારૂંજ લાગે છે, અમારી નીતિરીતિનો સરકારે તિરસ્કાર કરવો નહી ને સરકાર ગોરા કાળાના ન્યાયમાં ફેર રાખે છે એ બહુ ખોટું કરે છે તે જગત જાણો. (૨) સરકારના ધારાને માન આપતાં રહી પ્રજાના હક સરકાર પાસે માગવાજ અને લોકના મુખત્યારોની સભાઓએ તે કામ કરવું. (૩) કરભારથી દુઃખ થાય તેને માટે પોકાર કરી કરીને સરકારને જણાવવું. (૪) સરકાર પ્રજાનું દુઃખ સાંભળતી નથી પણ ઇંગ્લંડમાં થોડાક અંગ્રેજ આ દેશનું હિત ઇચ્છનારા છે તેથી આશા રખાય છે કે જો પ્રજામાંના અગ્રેસર પોતાના સ્વાર્થનો ભોગ કરી શ્રમ લે તો અહીંના લોક પણ કેટલાક હક મેળવે ને દેશમાંથી ધન જતું રહે છે તેનો અટકાવ થાય. (૫) લોકે દેશી કારીગીરીને વધારવાનું ને સરકાર જે હક આપે તેની રૂડી વ્યવસ્થાએ ભોગવટો કરવાનું કામ પોતાનાજ બળ ઉપર રાખવું. (૬) અમલદારો મતલબ વેળા શ્રીમંત તથા લોકમાન્ય આગળ પડેલાને સમજાવે છે એ પણ ખુશામત છે. શ્રીમંત લોક સરકારના ખુશામતિયા છે ને બીજા તેઓની ખુશામત કરે તેવું ઇચ્છે છે એથી સ-

ધળી ખરાબી છે. માટે પોતાનામાંથી ખુશામતની ગુલામી કાઢવી ને પછી સરકારની ગુલામીમાંથી છુટવું. (૭) પ્રજામાંજ નિશ્ચય નિયમે કામ કરવાની ટેવ નથી ને વડાઇનો બબડાટ કરવો તે નકામો છે માટે સરકાર જે કરે તે જોવું ને આપે તે લેવું. ઇત્યાદિ.

---

૭૨. સામાન્યનીતિ ત્રણ ગણાવી તેમાં પહેલીએ આર્યમંડળનું સર્વસ્વ બદલાઈ જઇ એનું નવા પ્રકારનું ઐક્ય થાય તેમ ઇચ્છયું; પણ પ્રયોગ કરતાં તે અટકી ને ત્રુટિત થઇ પડી–ઐકય થયુ નહિં. બીજી નીતિયે પહેલીના વિષયને પ્રસન્નતાથી માન્ય રાખી વેદને નામે ઐકય કરાવવું યોજયું.–પણ વેદાંત ને વેદાંતી, આચાર્ય ને સંપ્રદાય, દેવતા ને પિતૃ, યોગસિદ્ધિ ને મંત્રસિદ્ધિ, અવતાર ને મૂર્ત્તિ, બ્રાહ્મણ ને વેરાગી એ સર્વેનો તિરસ્કાર કીધો ને મંડળે ડોળા ઉંચા કીધા–ઐકય વિષે તો બોલવુંજ શું? પણ વળી અંગ્રેજી ભણેલા કેટલાક તથા તેઓના સાથી એઓએ તે નીતિનો (પ્રવૃત્તિને પુષ્ટિ આપતો) બોધ વખાણ્યો ને કોઈ કોઇએ આ સમેજથી કે એ બહાને રાજકીય વિષયમાં ઘણાકનું ઐકય થશે. (પંડિત દયાનંદે આ વર્ષમાં મંડળના ધર્મ ઉપર કરડાકીનું બોલવું બંધ રાખી ઘણાંક અભિમાન ને શારીરબળ એને સારી પેઠે આગળ આણ્યાં.) ત્રીજી નીતિનો ઉદ્દેશ પરધર્મનીતિ ઉપરથી મોહ ખસેડાવી સ્વધર્મનીતિ ઊપર આસ્થા બેસડાવી પ્રવૃત્તિની આસક્તિવાળાને મહા મંડળમાં ભેળવા ; ને આર્યસમસ્તને સ્વધર્મ વિષે સબળ સતેજ કરવા કે પછી એ ઐકય નિવૃત્તિ પ્રવૃત્તિના કોઇ પણ મોટા ઉદ્દેશને સદ્યસિદ્ધ જોય. *

---

* પ્રથમ અમે પહેલી નીતિનો બોધ કરતા (૧૮૫૨–૬૯). પછી સાત વર્ષ સ્વધર્મ પરધર્મ નિવૃત્તિ પ્રવૃત્તિના તે ખોળવામાં જાણવામાં વિચારવામાં ને પોતાને માટે તથા પોતાના દેશને માટે નક્કી કરવાને હતાં; ને ૧૮૭૬–૭૭ થી ત્રીજી નીતિનો બોધ કરીએ છીએ. પંડિત દયાનંદની નીતિ ૧૮૭૫થી છે. તેનો અમણાંનો દેશાભિમાનનો બોધ આવો "પ્રાચીન કાળનું જે પોતાનું છે તે ગ્રહણ કરવું, પરદેશી ગમે તેવું સારૂં હોય તો પણ તે કામનું નહીં ને દેશી ગમે તેવું ઉતરતું હોય તો તે શ્રેષ્ટ છે." ભણેલાઓ પશ્ચિમના ભભકામાં અંજાઇ ગયા છે; ધર્મનિયમ જાણતા નથી. "ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરતા નથી ને જાતિ વર્ણાશ્રમના ધર્મને તોડે છે એ બહુ ખોટું કરે છે"–(એ વિષે ૧૮૭૫માં જુદું મત હતું.)

એક નીતિનો ઉદ્દેશ નિત્યને માટે * આ લોક સુખનો છે અને બીજાનો પરલોક સુખનો તથા એના સાધન માટે આ લોક સુખનો પણ છે—નિરૂપદ્રવ સ્થિતિમાં નિવૃત્તિપ્રવૃત્તિનાં કર્તવ્ય કરવાને. એકનો ઉદ્દેશ અર્થ કામ અને બીજીનો ધર્મ તથા ધર્મસહિત અર્થકામ. † એકનો ઉદ્દેશ આર્યને અનાર્ય કરવાનો ને બીજીનો આર્યને આર્યજ રાખવાનો છે. તોપણ, વર્તમાન સમયમાં બંનેનો પહેલો મોટો ઊદ્દેશ પરાધીનતાથી મુક્ત થવાનો છે; અને એ મુક્તિના ઉપાયમાં પહેલો અવશ્યજ તે પરાઇ નીતિ ઊપરથી ભાવ ખસવો એ છે કે જેને પંડિત દયાનંદ દેશાભિમાન કહે છે ને અમે સ્વધર્મરક્ષણનું એક સાધનભૂત અંગ કહીએ છીયે.

બીજાનો ઊપાય. પંડિત પોતાના ઉદ્દેશને અનુસરતો શારીરબળવૃદ્ધિનો અતિશય મહત્વનો દાખવે છે; અમારે મતે તે પણ અગત્યનો છે પણ વળી અમણાં સાધ્ય નથી. ‡ અન્યાયનો ધિક્કાર ને સન્ન્યાયની ભક્તિ. એની

---

* દયાનંદની નીતિ સમયને માટે કે નિત્યને માટે છે એ વિષે અમે બહુ કાળ ખોટી રહી નકી કીધું છે કે નિત્યનેજ માટે; માટેજ ભુંડી.

† કણિકે રાજનીતિ કહી છે કે "ધર્મ પાળવો તે એવી રીતે કે અર્થ તથા સુખનો નાશ થાય નહિ, ધન એવી રીતે મેળવવું કે ધર્મ તથા સુખનો નાશ થાય નહિ ને સુખ પણ એવી રીતે ભોગવવું કે ધર્મ તથા ધનનો ભંગ થાય નહિ," "કોઇપણ પ્રકારે સંપત્તિ મેળવવી પણ મળ્યા પછી સર્વ કપટ છોડી કેવળ ધર્મનુંજ આચરણ કરવું." પ્રજાનીતિમાં અમારૂં મત કે અર્થની તાણમાં પણ કપટે અર્થ સાધી લેવો નહિ;—અર્થ મળ્યા પછી ધર્મનું આચરણ કરવા સમય ને સુમતિ રહેશે એની શી પ્રતીત? રાજનીતિમાં કપટી શત્રુની સામાં કપટ કરવું એ નીતિ કહી છે પણ તે ઉત્તમ તો નહિજ; રામની ઉજળી, કૃષ્ણની નહિં. શુક્રે રાજનીતિ કહી છે કે "શ્રીકૃષ્ણના સરખી કુટનીતિ કોઈ પણ નૃપે રાખવી નહિ," પ્રજાનીતિમાં અમારૂં મત કે અર્થની તાણમાં કામ—સુખની લાલસા તો રાખવીજ નહિં; ધર્મોક્ત અનુષ્ઠાન કરવું કે સાધુ ઉપાયે વ્યવહારીક ઉદ્યોગ કર્યા કરવો.

‡ બ્રહ્મચર્ય, રૂતુગામીપણું એનો પરલોક ઉદ્દેશ ન હોવાથી માત્ર તન મનની શક્તિની વૃદ્ધિનોજ ઠેરવેથી પ્રજાને ઉત્પન્ન કરવા પંડિત ઇચ્છે છે—વીર્ય બળથી નીતિ વધશે ને નીતિવિવેકે ઊન્મત્તાઇ અંકુશિત રહેશે એ વાદ નિર્બલ છે. અમણા શરીરનિર્વાહ કઠિણ રીતે ચાલે છે તો પુષ્ટિના દ્રવ્ય ક્યાંથી મળે, ચિંતાવાળી સ્થિતિમાં લોહી બળે કે વધે, નિયમ ભ્રષ્ટ વિલાસીજન બ્રહ્મચર્ય ને રૂતુગામીપણું કેમ રાખે? ભોગ પાછળ રોગ છે

લાગણી જે આર્યપ્રજાની પ્રકૃતિમાંજ છે તે બહાર પડી સારી પેઠે પ્રકાશવી જોઇએ. ન્યાય એ પ્રવૃત્તિવિષયમાં પૂરી મહતાવાળો ઉંચો ધર્મ છે. કોઈ પણ લોકને તો સંન્યાય પરલોકિક ઇહલૌકિક બંને તેજ બળવાળો તે આર્યને કેમ ન હોય?

આર્યપ્રજાને વિષમ સ્થિતિમાંથી કાઢનારી તેની બ્રાહ્મણબુદ્ધિ તથા ક્ષાત્રબુદ્ધિ છે; સુધારાની બુદ્ધિ નહિ. સુધારાની બુદ્ધિ ધર્મસંશયી કે ધર્મરહિત છે, સ્વાર્થસુખની લાલસાવાળી છે, વળી બાવરી અધીરી હોઇને કોડમાં અર્થકામને વાણીદ્વારા ઢુંઢે છે તેથી તે બહુ પ્રકારે નબળી છે. પણ ઉંચી બ્રાહ્મણક્ષાત્રબુદ્ધિ જે સ્વધર્મદૃઢ, સ્વધર્મશીલ છે, ધર્મઅર્થની હાનિમાં પણ નિત્ય તત્વજ્ઞાને શાંતિમાં રહે છે, જે એક નિશ્ચયવાળી- ડાહી ધીરી હોઇને સહનતપ કરે છે, ને જે એમ બહુ પ્રકારે સબળી છે તેજ સમયની પ્રેરણાએ કર્મદ્વારા અર્થ સાધી આપશે. અભિમાની સુધારો જે મંડળમાંથી છુટો પડી પોતાનું કાર્ય કરી શકયો કે શકતો નથી ને જે મંડળમાં ભરાઈ રહી મંડળને બગાડે છે તેણે અભિમાન મૂકી પોતાના પરંપરાના કુળધર્મનેજ સત્ય માનવો. આર્યપ્રજાએ દેશાભિમાન રાખવું એમ સુધારો કહે છે પણ નામનું નીર તો કયારે કે જ્યારે તે પોતેજ આર્યપ્રજાના ધર્મમાં મળી રહે ત્યારે.* શુક્રે રાજનીતિમાં લખ્યું છે કે

માટે વિલાસી વૃત્તિ કાઢવી, વિલાસથી પાપ ને એથી પરલોકમાં ભય છે, વૈરાગથી પુણ્ય લાભ છે. પરલોકના સાધનને માટે શારીરબળ જોઇયે, દેહકષ્ટથી દેહબળ વધે છે—એ વિચારોથીજ શારીરબળ વધે નિર્ધન સ્થિતિમાં પણ. પંડિત અર્થની સાથે કામ પણ રાખે છે એટલે પોતેજ શારીરબળ ઘટે તેવું સુચવે છે ને બોલે છે ત્યારે બીજું શું? લોક મળસકે ઉઠી ઉઘાડે શરીરે નદી તળાવે નાહવા જતા ને બળિયા હતા—બૈરાં કાર્તકમાઘસ્નાન કરતાં, વ્રત પાળતાં તેથી તેઓનામાં શરીરબળ હતાં કે જે અમણાનાં બૈરામાં નથી. ધર્મબળથી નીતિબળ ને નીતિબળે શારીરબળ—માટે ધર્મપતિજ દૃઢ થવી. અમણા રાજકીય લાભને અર્થે પણ ધર્મસંરક્ષણના ઉદ્દેશે શૌર્યાદિ સદગુણનો ઉપયોગ અવશ્ય છે—ધર્મને અર્થે મરવાથી પુણ્ય લાભ છે, યુદ્ધમાં મરવાથી સ્વર્ગપ્રાપ્તિ છે ઈત્યાદિ ત્યાગબુદ્ધિથી કર્તવ્યબુદ્ધિથી શારીરબળ વધે છે ને અર્થપ્રાપ્તિ થયા પછી પૈકૃષ્ટિદ્રવ્ય ને વ્યાયામ અગત્યના છે. વળી શારીરબળ માટે વિલાસી સુધારાવાળા બુમ પાડો પણ દેશની પ્રજામાં તે બળ હજી બહુ છે, નિસ્તેજ છે એ વાત ખરી.

* આર્યપ્રજાની નિવૃત્તિ પ્રવૃત્તિના આચાર તથા કર્મની વ્યવસ્થા આદિથી બ્રાહ્મણબુદ્ધિ કરતીજ આવી છે. કેટલાક મોહિત લોભી બ્રાહ્મણોએ

"विना स्वधर्मोत्र सुख स्वधर्मोहि परंतप :
तप : स्वधर्मरूपंयत् वर्द्धितं येन वै सदा
देवास्तु स्तस्य किंकरा किं पुनर्मनुजा भुवि ?"

અર્થ–સ્વધર્મ વિના સુખ નથી, સ્વધર્મ એજ મોટું તપ છે, જેણે સદા સ્વધર્મપાલનરૂપ તપ વધાર્યું તેને દેવતાઓ કિંકર છે તો પૃથ્વિ ઉપર મનુષ્ય હોય એ કહેવુંજ શું !

વિશેષનીતિના પ્રકરણમાંથી સાર આટલો નિકળે છે કે બ્રિટિશ ખાલસાની પ્રજાનું મત સરકારની ન્યાય–દાન–કરસંગ્રહબુદ્ધિ વિષે રૂડું નથી ને સ્પષ્ટ કહીએ કે માઠું છે (ભુંડું નથી). સરકાર વિચારમાં લેતી નથી પણ પ્રજા આવડત પ્રમાણે જુદી જુદી રીતે તેને સંભળાવે છેજ.

પણ જોઇયે કે પ્રજા નિત્ય સુખમાં રહે તેવી બ્રિટિશ રાજનીતિ છે? ઇંગ્લંડના લોકે સ્વરાજ્યમાં રાજા તથા પ્રજાના ટંટામાં, પ્રધાનમંડળ તથા પ્રજાસમાજના વાદવિવાદમાં, ન્યુસપેપરોની ચર્ચામાં, બીજાં રાજ્યોના સંબંધમાં જે સ્વાર્થબુદ્ધિ દેખાડી છે અને આ દેશમાં વેપારી રૂપે ને રાજ્ય મેળવતાં ને પછી જે દેખાડી છે તે તો પ્રાણ ને પ્રકૃતિ સાથેજ એમ નિત્ય રહેવાની. બ્રિટિશ સરકારની નીતિ સંસ્થાનોમાં જ્ઞાતિલાના સંબંધમાં જે દેખાઈ છે ને દેખાય છે, જે પોતાના જીતેલા ઐરિશોના સંબંધમાં દેખાતી આવી છે (એઓ પાર્લામેંટમાં બેસે છે તોપણ) તે નીતિ આ દેશની કાળી પ્રજાના સંબંધમાં રાજધર્મથી કે સ્નેહથી કે દયાથી કે કીર્તિના કોડથી

---

સહાય રહી બૌદ્ધ ધર્મની વૃદ્ધિ કરી હતી અને બૌધ ધર્મને દેશમાંથી કાઢનારી પણ ઉંચી બ્રાહ્મણબુદ્ધિજ હતી ; પાછી દેશની ચઢતી બ્રાહ્મણબુદ્ધિયેજ કીધી ; ભય પમાડતી મુસલમાનીમાં ધર્મરક્ષણ તેજ બુદ્ધિયે કીધું હતું ને મોહ પમાડતી અંગ્રેજીમાં પણ તેજ કરે છે–પછી રાજસત્તા ક્ષત્રી, વૈશ્ય, શૂદ્ર, રજપુત, મુસલમાન, મરેઠા કોઈની પણ હતી ને અંગ્રેજી છે ને વળી 'કોઇની' થાય. એ બ્રાહ્મણબુદ્ધિને પુજનારી આર્યપ્રજાની કોઈ પણ વર્ણના પુરૂષો ધર્મને અર્થે ઉત્સાહે પ્રાણ આપવાની બુદ્ધિ કરનારા સમયે સમયે નિકળ્યા છે ને નિકળશે. બ્રહ્મજ્ઞાન, વૈરાગ્ય યુક્ત ધર્મ કર્મ, નિર્લોભપણે પ્રજાકલ્યાણ એ આદિ લક્ષણવાળી તે બ્રાહ્મણબુદ્ધિ અને એના અંશવાળી પણ વિશેષે બહુબળે ગોબ્રાહ્મણને માટે ઉદાર ક્ષત્રી. (દયાનંદનો બ્રાહ્મણ તે કોઇ વિશેષ વિદ્વાન અને ક્ષત્રી એટલે લડવૈયો પછી શૂદ્ર મ્લેચ્છ કે રાક્ષસ હોય.)

પ્રજાનું હિત કરનારી થાય નહિ. પ્રજા બહુ બોલશે ત્યારે ટેવ પડી છે કહી તુકડો નાખશે ને થોડી વાર પછી નવી યોજનાઓ એવું કરશે કે આ-પેલાથી અધિકગણું પાછું લેઇ લેશે. વાઇસરાયની ને ગવરનરોની કાઉન્સિ-લમાં બ્રિટિશ મેમ્બરનો મોટો ભાગ પ્રજાને હક આપવાના વિચારમાં પ્રસ-ન્નતાએ સંમત થનારો નહિજ; અને એક વાઇસરાય કે ગવરનર આમ કરે તો બીજો વળી તેમ કરે. બ્રિટિશ સત્તા (૧) સ્વાર્થનેજ જોય છે (પ્ર-જાનું કંઇ સારૂં કરે તેમાં વિશેષ પોતાનું હોયજ). (૨) જયીના અભિમા-નમાં પ્રજા તે સેવા કરનારી દાસીરૂપે હંમેશ રહે તેમ ઇચ્છે છે. (૩) પ્રજા વિશ્વાસપાત્ર નથી ને ઉંચી સ્થિતિમાં આણી તો કોઇ સમે સામી થશે એવું ભિતરમાં રાખે છે. (૪) પ્રજા અતિ કકલે ત્યારે વળી રખેને કહીં હુલ્લડ થાય માટે કાંઇક ઝાંસે છે. (૫) અને ભય જેવું કહીં જણાયું તો ચીડાઇ જઈ વિકરાળ થઈ ઘુમે છે ને સમાધાની આણી રહે છે. અર્થાત પ્રજાની તરફથી માની લીધેલું ભય ને પોતાનું વિવેકચાતુર્ય એ બેજ, સત્તા પાસે પ્રજાનું હિત કરાવે તેવાં છે અને તેમાં ભય કોઇ સમે તેને ક્રૂર કરી છક્કડ ખવડાવે પણ વિવેકચાતુર્ય જે પણ બ્રિટિશ પ્રકૃતિમાં મોટું છે તે પ્રજાનાં હિત તરફ નિત્ય વળ્યાં કરવાનું એ તો ખરૂં.

પ્રજાએ કેઇ નીતિ રાખવી? એ લોભી નથી પણ સંતોષી છે; સ્ને-હાળ છે; સત્તાની આણમાં ભક્તિયે તત્પર રહી સેવા કરનારી છે; સ્વામીને અન્યાયે ઇઝરાય છે ને કષ્ટ પામતાં કર આપે છે. જમીનદાર રડે છે, ધં-ધાર્થી રખડે છે, ભણેલા તે નોકરીની ભીખ માંગે છે એવી સ્થિતિમાં પણ આર્યપ્રજા જાણે છે કે પરાધીનપણું એ હીણું ભાગ્ય છે. પણ વળી ચીડા-તી નથી; તે કહે છે કે જ્યાંસુધી તેનું પુણ્ય છે ત્યાંસુધી તે રહેશે; અર્થા-ત સત્તાની સામે થવાને તે ઉદ્યમી નથી–ઉલટું ઇચ્છે છે કે રાજ્ય બહુ કાળ રહો (ધર્મ ને જાનમાલ ઉપર ધાડ પડતી નથી), પણ ત્રણ વાના આપો. (૧) ન્યાય ચોખ્ખો, થોડે ખરચે વહેલો મળે ને ધારા વારે વારે બદલાય નહિં. (૨) કરભાર ઓછો કરો–દેવસ્થાન બ્રાહ્મણ સાધુની જમીન ઉપરથી કર કાઢો, ગોચર રાખી ઢોર તથા ખેડુતોને સંતોખો, મીઠાં જેવી વસ્તુ ઉપર કર ન રાખો. (૩) (નોકરી તો કરીએ છીએ, હથિયારના ધારાથી દાસ-પણાનો ડહામ લીધો છે હવે મિથ્યા છે માનપદ તોપણ) યોગ્યજનની ને રાંકની સંભાળ લો તો સારૂં. સરકારનું પોતાનું દેશી સેન ને દેશી રાજા એના વિચાર સરકાર તરફ ગમે તેવા હોય પણ ખાલસાની આર્યપ્રજાનું

વાસ્તવિક સ્વરૂપ ઉપર પ્રમાણે છે ને તે ખુંધાં ખમવાં એ નીતિ પાળે છે. પણ વળી,–

આર્ય તથા બીજી બધી પ્રજામાંનો કેટલોક ભાગ જે અંગ્રેજી ભણતરે અંગ્રેજી રાજનીતિથી જાણીતો થયલો ને જે રાજકીય સુધારો દેશમાં વધેલો જોવાને ઉદ્યમી છે તે 'માગ્યા વિના મા પણ ન પીરસે,' 'બોલે તેના બોર વેચાય,' 'જેવાં ભાઈના મોસાળાં તેવાં બેનનાં ગીત' 'થાય તેવા થઇએ ને ચકલા વચ્ચે રહીએ' એવે ભાવે "શઠે શાઠ્યં" એ નીતિયે અગ્રેસર થઈ વર્તે છે.

એ નીતિ સઘળી જાતની પ્રજામાં પેઠી કે પછી સરકાર ને પ્રજા વચ્ચે યુરોપના રાજ્યની પેઠે નિત્ય કલહ ચાલવાનો ને તેનું પરિણામ મોડેથી પણ સરકારવિરૂદ્ધ જવાનું—સરકાર ઐરીશ પ્રજા સામાં ફાવે છે, અહીં પણ ફાવી છે પણ ઉપલી નીતિનું બળ વધેથી ફાવનાર નથી એમ પ્રજાની મોટી સંખ્યા જોતાં જણાય છે.

યુરોપની રાજકીય વ્યવસ્થા નીતિ બ્રિટિશ સરકારે પ્રજાને આપી છે; એ નીતિ ચલાવવા વિષે સરકારને સંશય હતો ને પ્રજા પણ તે વિષે ઝાઝું જાણતી નહિ; એ નીતિનો પ્રસાર પ્રજામાં સારી પેઠે થાય તેવો સમય આપણી સરકારે આણ્યો છે. પ્રધાન ડિઝરાએલી તથા તેના સમયના વૈસંરાયની કરડી કારકીર્દી પુરી થઇ ને પ્રધાન ગ્લાડસ્ટન તથા લોર્ડ રીપનની મહેરભરી કારકીર્દી દેખાઈ છે; એ પણ કેટલીક રીતે પરવશ છે.

સને ૧૮૮૦ ના જુનથી આજ લગીમાં ઉદારબુદ્ધિ લોર્ડ રિપને જે કીધું છે તેની ટુંકી નોંધ નીચે ટીપી છે.* તેમાંથી સ્થાનિક સ્વતંત્રતા સંબંધી કંઈક અહીં જણાવીશું.

---

*(૧) ધારા—આબકારી, શિકારી, વર્તમાનપત્ર એ સંબંધીના તે રદ કરવામાં આવ્યા છે ને હથિયાર સંબંધીનો તેનું જોર નરમ રાખ્યું છે; ઠરાવ–આવા કે લેજિસલેટીવ કોસલમાં ચાલતી વાત દેશી ભાષા મારફત પ્રજામાં ફેલાવી ને પ્રજામત જોઈ પછી ધારા કરવા; શક ઉપરથી ગુનેહગારને બેડી ન પહેરાવવી; વગેરે. (૨) કેળવણી ખાતામાં સુધારો કરવાને કમીશન કીધું. (૩) ધંધા તથા નાણાંની ભીડ મટાડવા બાબત—ખેડુતોને માટે બેંક; ધંધાર્થી કોઈ પણ મંડળી રેલવે બાંધી શકે તેવી ગોઠવણ કીધી; દેશી હુન્નરને ઉત્તેજન આપ્યું—જે વસ્તુની પેદાશ અહીં તેની કારીગીરી પણ અહીંજ થવી. (૪) પ્રાંત તાલુકાને લગતી નીતિ—દરેક પ્રાંત થપોતાની ઉપજમાંથી અમુક ખરચ કરે, મ્યુનિસિપલ ને લોકલ ફંડ થી તાતાંખતા

અંગ્રેજી ભણેલા જે આગળ પડી કામ કરેછે માટે તેજ પ્રજાની શાણી બુદ્ધિ છે એમ નથી. અંગ્રેજી ન ભણેલી એવી મોટી સંખ્યાની પ્રજામાં અંગ્રેજી વિના છેટા રહે છે. સમર્થ બુદ્ધિના ઠરેલ પુરૂષો છે પણ વળી અંગ્રેજી ભણેલામાં જે નિપુણબુદ્ધિ તે સરકારી નોકરીનાં બંધનમાં છે એટલે તે ઉપયોગના નથી. વકીલોમાં જે મોટા તથા કામવાળા તેઓથી જોઇયે તેટલું મન રાજપ્રકરણમાં ઘલાય નહીં.—એમાંના થોડાક ને બીજા વકીલ, થોડાક કેળવણીખાતાના ને અંગ્રેજી ન ભણેલા એવા કેટલાક એમાંથી અધિકારીઓની નેમણુક થવાની; નિમણુકનું કામ પણ કઠિણ છે; સરકાર પોતાની તરફના અધિકારી નિમવાની અને તે સભા જે કામ કરશે તે પ્રજામત્ત કહેવાશે.

---

**૭૩. સ્વદેશી નીતિ ને પરદેશી રાજનીતિ એ બેને હળેજ નહિ.** દેશી તે પરદેશીમાં કે પરદેશી તે દેશીમાં ભળે એટલે એમ નવું સ્વદેશી ઐક્ય થાય ત્યારેજ રાજરંગ વિરાજે.* આર્ય, પરધર્મી સત્તાથી આગળજ રહ્યા છે. સ્પેનના ને રૂશિયાના ખ્રિસ્તી પોતપોતાના પરધર્મી સત્તાધારીથી જેટલા જુદા રહેતા તેના કર્ત્તાં ઘણાજ વધારે (સ્વધર્માચાર તથા સ્વસંસાર નીતિને લીધે) જુદા રહ્યા છે; વળી ખ્રિસ્તીઓ પોતાના સત્તાધારીને નિત્ય અરિસ્યાએ જોતા ને બહુ દુઃખ પામતા પણ આર્યપ્રજા પ્રારબ્ધભોગને વિચારે ને સંતોષવૃત્તિયે (રાજ્યપ્રકરણની પ્રવૃત્તિમાં ન પડવાથી) થોડું દુઃખ પામતી—સમય સમયના ત્રાસમાં અગ્રેસર રજપુત સરદારો સામે કે યુદ્ધે સત્તાધારીને સમજાવતા ને પ્રજા પાછી સ્વસ્થ થઈ રહેતી.† બ્રિટિશ સત્તા તળે આર્યપ્રજા સ્વધર્માચારનાં રક્ષણ વિષે નિર્ભય છે ને રાજકીય વહેવારમાં માન મર્યાદાએ રૂડી વર્ત્તે છે પણ ઉપરાઉપરી પડતી કરભારની ભેખડ ને

---

કામમાં પ્રજાને કેટલોક હક આપવો. (પ) દેશને લગતી નીતિ—ઇંગ્લંડે ઇજીપ્તની લડાઇના ખરચમાં કેટલોક હિસ્સો આ દેશ ઉપર નાંખ્યો તેની સામાં વૈસરાયે પ્રોટેસ્ટ કીધો. વગેરે, વગેરે.

* જેમકે રોમનો ટયુટનમાં, ઇરાનીઓ મુગલમાં અને મીંચુતાર્તર ચીનાઓમાં, નોર્મન ફ્રેંચ આંગ્લો સાકસનમાં મળ્યા.

† મુસલમાની હાકમીના વખતની તવારીખો જોવી. એ પ્રકરણ સંક્ષેપે આર્યદર્શનમાં દર્શાવ્યું છે.

ઉપરાઉપરી પથરાતી કાયદાની જાળ એથી સઘળી જાતની પ્રજાનું મન બહુજ ખાટુ થઇ ગયું છે.

**૯૪. રાજનીતિ ને પ્રજાનીતિ.** રાજનીતિ વિષયના ઘણાક ગ્રંથ સંસ્કૃતમાં છે તેનો સાર આટલો કે રાજાએ પ્રજાનું ઉત્તમ પ્રકારે રક્ષણ પાલણ કરવું ને પોતાના આચરણથી તેને સદાચારી રાખવી.* ક્ષત્રિઓની નીતિ વખાણાઇ છે પણ સર્વોત્તમ તે રામની હતી; યુધિષ્ઠિરની પણ કીર્ત્તિમાં છે. રજપુત રાજાની નીતિ પણ પ્રજારક્ષણ વિષે—ગોબ્રાહ્મણની પ્રતિપાલના વિષે ખંતીલી જણાઈ છે. આ દેશની બાદશાહીમાં અકબરશાહની ને પેશવાઇમાં મોટા માધવરાવની રાજનીતિ સારી કહેવાઇ છે. બ્રિટિશ રાજ્ય નીતિ આ દેશની પ્રજાને સુખી કરે તથા પોતાને અનુકૂલ કરી રાખે એને માટે હિંદુસ્થાન તથા બ્રિટનના અધિકારી પુરૂષો વિચાર ને પ્રયોગ ઉપર ઉપરી કરે છે.

**પ્રજાનીતિ** આર્યે આદિકાળથી તે આજ સુધી એકસરખી ઉત્તમ દેખાડી છે. રાજા ક્રૂર કપટી હોય પણ તેની આજ્ઞામાં રહેવું—માનમર્યા-

---

* ઇંદ્ર, વાયુ, યમ, અગ્નિ, વરૂણ, કુબેર ને ચંદ્ર એ સાત દેવના અંશ રાજાનામાં હોય છે. શુક્રનીતિમાં ગુણભેદે રાજાને આ પ્રમાણે ઓળખાવ્યા છે—"સ્વધર્મનિષ્ઠ, પ્રજાપાળક, સર્વયજ્ઞનો યાજ્ઞિક. શત્રૂસમુદાયને શિક્ષા કરનારો, બહુ દાનશીલ, ક્ષમાવાન, શૂર, ભોગસામગ્રી વિષે નિસ્પૃહ વિરક્ત, સાત્વિક ન અંતે મોક્ષને પામે છે. એથી વિપરીત તામસ તે નરકે જનારો નિર્દય, મદોન્મત્ત, હિંસક ને સત્યવર્જિત હોય. રાજસ તે દાંભિક, લોભી, વિષયી, વંચક, શઠ, મનમાં કંઇ વાણીમાં કાંઈ એવો, કલહપ્રિય, નીચપ્રિય, સ્વેચ્છાચારી, નીતિહીન ને છળમાં પૂરો. સાત્વિક તે દેવના અંશ ભોગવે, તામસ તે રાક્ષસના ને રાજસ તે માનવનાં; માટે સત્વને વિષેજ મન રાખવું." બીજા ગ્રંથોમાંથી—"શત્રૂ દુર્બળની પણ ઉપેક્ષા ન કરવી; ખળ સાથે સંધિ કરવી નહિં; સેનાભિયોગ, પ્રસ્થાન, બળસંખ્યા ૪૦ જાણ્યા પછી યાન કરવું કે દુર્ગસંગ્રહ કરવો; બળવાન મદોન્મત્ત શત્રૂ દેશને પીડા કરતો હોય ને શૂરને ધર્મે ન જીતાય તેવો હોય તો તેને મોહ પમાડી છળકપટ કરીને પણ જીતવો." "ઉતરતાને ભય દાખવતાં રહેવું, ખરોબરીઆને પરાક્રમ દાખવ્યાં કરવું, વધારે બળવાનને પોતાની ખામીઓ દેખાડવી નહી; શત્રૂનો નાશ કરવો તો પુરેપુરો—વિશ્વાસ આપી પોતીકો કરી લઈ મારવો. રાજાએ પુત્ર, ભ્રાતા, સખાગુરૂ એ જો શત્રુ પ્રમાણે વર્ત્તે તો તેઓને પણ મારવા." "ભય નથી ત્યાં સુધી બીવું પણ ભય આવે નિર્ભય થવું; કામ કરવું તે એવી રીતે કે કીધા પછી મિત્ર કે શત્ર જાણે;" ઈત્યાદિ.

દાએ રહેવું-તન મન ધને કષ્ટ ખામતાં પણ રહેવું, ને એમજ કરવું એ ધર્મ છે એ સમજથી રેહેવું એ ઉત્તમ ગુણ તે આર્યપ્રજાનાજ છે. રાજભક્તિમાં આર્યપ્રજા વખણાઇ છે અને અગ્રેસર યોદ્ધાઓએ પ્રાણદાન કીધાના દાખલા ઘણા છે. કુટુંબમાં જેમ વડીલ પૂજ્ય તેમ રાજ્યરૂપી મોટા કુટુંબમાં રાજા પૂજ્ય છે. ને એ વડીલરૂપે અધર્મે વર્ત્તે તો તેની વ્યવસ્થા પ્રજામાંના વડીલ તે યથા-ધર્મ કરે. રાજનીતિના ગ્રંથોમાં પ્રજાએ પોતપોતાને કુળધર્મે સદાચારી રહેવું એથી વિશેષ જોવામાં આવતું નથી પણ રાજાએ તેના આચારની વ્યવસ્થા રાખવી ને તેનું મન દુભવું નહીં, પ્રજાની આંતરડી કકલે કે રાજા પડે એવું ઘણું છે.

એ સાત્વિક નીતિ અમણા બગડવા માડી છે કેમકે બ્રિટિશ રાજ્યની પ્રકૃતિ નીતિ એથી, બ્રિટિશ લોકના સહવાસ વેહવારથી ને અંગ્રેજી વિદ્યાએ યુરોપના લોકની નીતિ રીતિ ઉપર પ્રજાને મોહ વધવાથી, સ્વધર્મશિક્ષક સ-મયનઃ વેગને વિપરીત જોઈ નિસ્પૃહ રહેવાથી, ઉન્મત્તપણું, વિલાસ ને પ્ર-પંચ દેશમાં વધે છે—ધર્માચાર, ગૃહસંસાર ને વ્યહવારનીતિ એ ખાલસાની પ્રજામાં કેટલેક લગી બગડયાં છેજ—મોટા રજવાડાના ને બ્રિટિશ સેનના આર્ય હજી સુધી સાવધ છે ખરા.

સત્તાએ સેનિક જનને માટે સૈનિક કરડી નીતિ રાખીછે; દેશી રાજ્યો સાથે વર્ત્તવાને યુક્તિ દક્ષતાની રાખી છે; અને પોતાની પ્રજા સાથે વર્ત્તવાને ધારાન્યાયનીતિ રાખી છે. એ ત્રીજીમાં પ્રજાને રાજકીય હક આપવા સં-બંધી પણ છે. (૧) પ્રજા પોતાનાં દુઃખ અને સરકારના કામ ઉપર સ્વ-તંત્ર વિચાર (અટકાવ થતાં સુધી) નિર્ભયપણે જણાવે.* (૨) યોગ્ય દેશી-ઓને પણ સરકારી ઊંચી નોકરી મળે.† (૩) મ્યુનિસીપાલીટી લોકલ ફંડ જેવાં ખાતાં ચલાવવામાં પ્રજાએજ આગળ પડી કારભાર કરવો.‡— એ નીતિ પ્રજામાં વહેલી દાખલ થયલી જોવાને લોર્ડ રીપન ખંતી જણાયઙ

* ૧૮૬૦ પછી તો માગ્યો લાભ મળ્યો નથી પણ સરકારે વધારે કરડાકી રાખી છે.

† જુજ જણને સિવિલ સરવિસ મળી છે અને હૈ કોરટમાં કોઈ કો-ઈને જડજની જગા મળી છે.

‡ પ્રેસીડેન્સીની મ્યુનિસિપાલીટીનો વહીવટ ચાલેછે તે રૂડો તો નહીં કેહવાય.

§ પ્રજાએ મતપ્રદાને પોતાના પ્રતિનિધિ ઠેરવવા ને એઓની સભા

છે. એ પ્રસાદરૂપ નીતિયોનો હેતુ કે હક મળેથી પ્રજા રાજી થાય તથા રાજ્ય ભણી પ્રીતિ વધારે અને સરકાર તથા પ્રજાનું ઐક્ય થઇ રાજ્ય સબળું શોભે. ઇંગ્લંડની રાજયનીતિ તે પ્રજાનીતિયે અંકુશિત છે પણ અહીંની તે સદા સરકાર નીતિયે અંકુશિતજ રહેવાની, પછી થોડે ઘણે ઉત્તેજને તે મોડીવહેલી પુષ્ટિ પામો.

આર્યપ્રજામાં થોડાક વડિલજનનો વિચારે તેજ પ્રજાનો વિચાર એ નીતિ પરંપરાથી છે, ગ્રામ-ધર્મ-રાજ્ય-જ્ઞાતિ-ગૃહવ્યવસ્થામાં એ નીતિ અને મતપ્રદાને નક્કી થયલા અમુક પ્રતિનિધિયોનો બહુમતે જે વિચાર તેજ પ્રજાનો વિચાર એ નીતિ એ બે એક નથી ને એકમેકમાં ભળે તેવી નથી એકમાં મર્યાદા ને બીજીમાં સમાનતા એ બીજ છે. બંનેને માટે તેના પાળનારા જુદી જુદી પ્રકૃતિના લોક છે. પહેલી તે એશિયા ખંડના સઘળા લોકમાં જુના કાળથી મનાતી આવી છે ને બીજી તે યુરોપ અમેરીકાના લોકની છે. *

---

થઈ સભાસદો વિશેષાનુમતે નિર્ણય કરી કામ કરે. (એ નવી રીતે કામ કરવાને પ્રજા યોગ્ય જણાશે ત્યાં સુધી સરકાર પોતાની તરફના કેટલાકને સહાયમાં આપશે એમ અમણા સરકારનું કહેવું છે.)

અંગ્રેજી રાજ્ય થયા પછી મતપ્રદાને કારભારી નિમવાની ને વિશેષાનુમતે નિર્ણય કરવાની નીતિને અનુસરી દેશીઓ સાંચાખાતાં, ધર્મખાતાં, ટ્રસ્ટીખાતાં, વિદ્યાખાતાં ચલાવે છે તે યથાસ્થિત નથી ચાલતાં ને તે તો વળી અભ્યાસથી સારાં ચાલે અને રાજકીય પ્રકરણમાં સરકાર જે નીતિ દાખલ કરે છે તે પણ અભ્યાસે રૂડી થાય અને પુનાસાર્વજનિક સભાનું જોઇ તેવી બીજી સભાઓ દેશમાં થાય એમ સંભવ માની શકાય પણ બ્રિટિશ સત્તા સબળી રહે ત્યાં સુધીજ.

* એ નીતિ બીજે સ્વરૂપે પ્રજાના હક વધારનારી તે પ્રાચીન કાળમાં ગ્રીસ રોમનાં નગરરાજ્યની હતી. અર્વાચીન કાળમાં સ્વરાજ્યના સુધારાને માટે તે ઇંગ્લંડ તથા ફ્રાન્સની છે; પરદેશી રાજ્યથી મુક્ત થવાને અમેરિકાના સંસ્થાનોની ને ઇટલીના લોકની ઐક્ય કરવાના ઉદ્યોગમાં હતી; અને જગતમાં વંશપરંપરાની રાજસત્તા નજ જોઇએ એ મતના પ્રસારને અર્થે ઉદ્યમી તે યુરોપ અમેરિકાના સર્વે રાજ્યોમાંના થોડા ઘણા લોકની છે.

રાજાના ને રાજવર્ગના હક તોડવા—અંકુશિત રાખવા—કાઢી નાખવા અને રાજકીય હકને માટે સર્વ પ્રજા સમાન હક ધરાવે છે માટે તે મળવા એ ઉદ્દેશ યુરોપની પ્રજાનીતિના છે. ઉન્મત્ત લોકમાં રાજા વિશેષ ઉન્મત્ત હોય તેને લીધે તે લોકમાં તેવી નીતિ નિકળી છે.

૭૫. ઉપસહાર. (૧) કોઈ પણ દેશના લોક જંગલી કે સુધરેલા પરદેશી સત્તા તળે જતાં પહેલાં ન જવાને મથે છે—પરદેશીને શત્રૂ* કહેછે. આ દેશમાં રજપુતો આફ્ગાન સામાં લડયા હતા; રજપુત તથા આફ્ગાન તે મોગલ સામા લડયા હતા અને મુસલમાન તથા મરેઠા તે અંગ્રેજ સામાં લડયા હતા. દેશી સત્તાની હાર થઇ ને અંગ્રેજી સત્તા સ્થપાઇ ને પૂરી સ્થપાઇ (૧૮૧૮)†

(૨) નિયમજ છે કે નવી સત્તા બેસ્તાંવારને તરત તો લોકની પ્રીતિ મેળવવાને તેની ચાલતી નીતિરીતિમાં વધારે હાથ નજ ઘાલે. એ નીતિને અનુસરી કંપની સરકાર વર્ત્તિ.

(૩) સને ૧૮૫૦ પછી બ્રિટિશ સત્તાએ **લોભ ને મમત** એ બેને પ્રધાન કીધા અને એઓ ૧૮૫૭ પછી પોતાનો પ્રતાપ વધારતાં ભવ્યપણે પ્રકાશે છે.

(૪) સને ૧૮૫૦ પછી કલકત્તા તથા મુંબઈના અંગ્રેજી ભણેલાઓએ પરધર્મનીતિનો બોધ અભિમાને પ્રવર્ત્તાવ્યો કે જેની ધાંધલે, ધંધાની સાંકડે, આગગાડી વગેરેની સગવડે, સરકારની ધામધુમે તે પ્રેસીડેન્સીના લોક કેટલીક રીતે મોહિત થયા; તોપણ મંડળનો મોટો ભાગ સ્વધર્મશીલજ રહ્યોછે. દેશી રાજ્યો તો સ્વધર્મશીલ છેજ. અર્થાત્ આર્યપ્રજા સમસ્ત સ્વધર્મશીલજ છે એમ કહેવાય; માત્ર તેના રક્ષણને માટે આગ્રહ બળરહિત છે. દેશી રાજાઓ પોતાના મર્યાદાવાળાં ચોખ્ખાં માનને સામું માન સ્વાર્થસાધક મળે છે જોઈ, વળી અહીં તહીં દોરાયાથી પોતાનું માન જાય છે તથા ખરચ થાય છે એ જોઈ મનમાં અપ્રસન્ન રહેતા; વડોદરાના મામલાથી

---

* નવી સત્તા અમારૂં સર્વસ્વ (ધર્મનીતિરીતિ) અસ્તવ્યસ્ત કરી નાખશે, પોતાના લોકને વર્ત્તાવશે ને અમને નિત્ય દુ:ખ દેશે એ વિચારે શત્રૂ કહે છે. શું પારકો અમારી સત્તા લેઈ લેશે? નહિ લેવા દેઇએ, લડાઈ કરી જેટલું બચાવાશે તેટલું બચાવીશું; શું પરદેશી અમને કાયદા આપશે? નહિ લેઇએ; એ વિચારે રાજવર્ગ શત્રૂ સામાં લડવા ઉભો રહે છે પછી જીતે કે હારે. (જે લોક શત્રૂ તે આપણા સત્તાધારી રૂપે દેશીનું હિત કરવા ઉદ્યમી છે અને દેશીઓ પૂર્વના શત્રૂનીજ નીતિરીતિનો પ્રેમથી આદર કરે છે—એમજ કાળ પ્રવર્ત્તાવે છે મોહ!)

† સમયોચિત સાહસ, છળકપટ, 'સબસીડીઅરી સીસ્ટમ' નામની પ્રપંચનીતિ ને ભરોસાદાર કવાયતી લસ્કર સાવધ ચતુર ગોરા સરદારવાળું એ કારણબળ હતાં.

ચમકયા ને કૈસરેહિંદના ઉત્સવથી છેક નિરભિમાન બેઠા છે ને રાજ્યરૂપી જાગીરો સમાલ્યાં કરે છે. દેશી રાજ્ય ને ખાલસા અહિંના સઘળા લોકનું મત સરકારની નીતિવૃત્તિવિરૂદ્ધ થયું છે. (પણ વળી સરકાર પોતાની ભણી ખાલસાની પ્રજાની રાજભક્તિ વધે તેમ કરેછે ને પ્રજામાંનું મોહિત ટોળું રાજકીય હક મળવાના કોડમાં ઉદ્યમી છે.)

(૫) સુધારાએ અનેક ઐકય ગોજયાં પણ એક સાધ્યું નહિ ને તેનું અભિમાન લજ્જિત થઇ હવે ગળેછે. મોહ તે સંમોહ થવા પામ્યો નહિ. સમજ પડવા માંડી છે તેથી, ને દુઃખ પડવા માંડયું છે તેથી, ને સરકારની વૃત્તિ જાણવામાં આવી છે તેથી સુધરેલનું વલણ સ્વધર્મનીતિરીતિ ભણી પાછું વળતું જોવામાં આવે છે. સંસ્કૃત પુસ્તકોનાં ભાષાંતર થઈ છપાય છે તેથી લોકને સ્વધર્મનીતિ ઉપર ભાવ બેસતો ને દૃઢ થતો જાય છે. વળી દેશ અતિ નિર્ધન થઈ જવાથી પણ સૌ પ્રારબ્ધ ને પરમેશ્વરનો વિચાર કરતા થયા છે. દેશી રાજ્યો પોતપોતાના જથામાં ઐકય કરેછે. એ સઘળું રાજા તથા પ્રજાના નિમિત્તરૂપ કર્મદ્વારા કાળ કરેછે, અંતે રાજાના કે પ્રજાના લાભમાં તે, તે પોતેજ જાણે છે.

---

૭૬. (હવે શૈલી બદલીને) ભો આર્ય! પરમેશ્વરને જાણવો, પોતાનો તથા તેનો સંબંધ જાણવો, પોતાની ઉત્તમ ગતિ તથા એને અર્થે પોતાનાં કર્ત્તવ્ય એ જાણવાં એને માટે મનુષ્યદેહ છે એ તું જાણે છે. સંસાર અસાર છે, એમ જાણતાં ને પૂરૂં જાણવાને મનુષ્યકર્મ છે એ તું જાણે છે. જાણવા છતાં કર્ત્તવ્ય ભણી તારી મનોવૃત્તિ સ્થિર થતી નથી એ મારૂં ભાગ્ય છે એ તું જાણે છે. ભાગ્યને અધીન છતે પણ કર્ત્તવ્ય કરવાની વૃત્તિ રાખવી એ તારૂં પુરૂષાર્થ છે એ તું જાણે છે. એ પુરૂષાર્થ પણ જો નિષ્કામ બુદ્ધિનું તોજ તે ઉત્તમ એ પણ તું જાણે છે. એ સઘળું તું જાણે છે પણ કર્ત્તવ્ય કરવા ભણી મનોવૃત્તિ વળતી નથી એ કેમ? એજ કર્મલીલા; એનેજ વિચારે સત્કર્મ ને સ્વપ્રકૃતિને યોગ્ય એવાં સત્કર્મને અર્થે સ્વધર્મ ઉપર આસ્થા હોય. મોહાભિમાન ટાળ, વૈરાગ્ય ધૈર્ય ભાળ ને સ્વધર્મકર્મ પાળ કે કાળ તુને ઊત્તમ સ્થિતિ ગતિયે પહોંચાડે–પ્રસન્ન રહે સ્વરૂપનાં જ્ઞાનમાં, પછી કોઇ પણ સ્થિતિમાં.

૭૭. ભો આર્ય! સ્વધર્મપાલણ અનુકૂળ નિરૂપદ્રવ સ્થિતિમાં થાય પણ ભાગ્યવશાત્ પ્રતિકૂળ સ્થિતિ (મુસલમાન) આવી ને આવી કે પાલ-

ણુ ગયું ને રક્ષણુની ચિંતાએ તુંને સપડાવ્યો. પણ એનેજ તેં તારો સમયનો પ્રધાનધર્મ માની સ્વધર્મનું તેં યથાશકિત રક્ષણ કીધું. પણ હવે વળી એવી મોહિત સ્થિતિમાં તું છે કે રક્ષણ વિષે પણ નિસ્પૃહ છે. ને નિસ્પૃહ એટલુંજ નહિ પણ પરધર્મનો આદર કરતો થયો છે. આર્ય! એ તો તું બહુજ ખોટું કરે છે—ભુંડું, ભુંડું! થા સાવધ ને કહે અર્જુનની પઠે કે—

नष्टो मोहःस्मृतिर्लब्धात्वत्प्रसादान्मयाच्युत !
स्थितो स्मि गतसंदेह: करिष्ये वचनं तव.

અર્થ—અચ્યુત! તારે પ્રસાદે મારો મોહ નાશ પામ્યો ને મને મારાં સ્વરૂપની સ્મૃતિ થઇ; હવે હું ચંચળ અધીર બાવરો નથી પણ સ્થિર છું, સંદેહ મારો ગયો છે, તારા કહેવા પ્રમાણે કરીશ. *

૭૮. ભો આર્ય! રૂડી અનુકૂલ સ્થિતિ તો સ્વરાજ્ય થાય ત્યારેજ આવે ને નિવૃત્તિપ્રવૃત્તિના ધર્મનો ઊત્કર્ષ ત્યારેજ પૂરો પ્રકાશે. મધ્યમ ઉત્કર્ષ તે કેટલાંક આર્યનાં તથા કેટલાંક બીજા દેશીઓનાં એમ જૂદાં જૂદાં સ્વતંત્ર રાજ્યો હોય ને દેશના સામાન્ય લાભમાં સંપે રહેતાં હોય ત્યારે જોવામાં આવે. † પણ એવા ભાવિ ઉદ્દેશનો વિચાર કરવો ને ઉપાય યોજવા ને મથન કરવાં એને માટે તારી પ્રકૃતિબુદ્ધિ નથી.

વર્ત્તમાનનો વિચાર ને અવશ્યે સ્વધર્મરક્ષણનો તથા એને અર્થે રાજકીય સુખનો વિચાર કરવો એટલાજ માટે તારી પ્રકૃતિબુદ્ધિ છે ને એ ...ની સાત્વિકબુદ્ધિને બલિષ્ઠ પ્રકાશતી કરવી એજ તારો ઉદ્દેશ છે એમ ...

૭૯. ભો આર્ય! અમણાંની વ્યવસ્થિત શારીરસ્થિતિ જોતાં બ્રિ... સત્તા તૂટવાને તો લાંબો કાળ જોઇયે; પણ નીતિબળ ઘટવા માંડયું

---

* કૌરવ સાથે યુદ્ધ કરીશ એમ અર્જુને કહ્યું હતું પણ આર્ય તું કેહ કે પરધર્મપ્રવૃત્તિથી છેટે રહીશ ને એમ કરવામાં અગત્ય પડશે તો તેની સામાં ઝુઝીશ.

† એક કાળ ઇ. સ. ૧૧૯૩ સુધી હતો ને બીજો ચૌદમા શૈકાની આખરથી તે સોળમાના પા ભાગ લગીનો તે ઠીક હતો.

છે એમાં તો સંશય નથી. પણ વળી તે સંબંધી તર્ક કરવા * ને કોડમાં આશા બાંધવી એ ઘેલાઈ છે અને ઇટલીના લોકની પેઠે ઉદ્યોગ ચલાવવો એ તો મૂર્ખાઈજ છે એમ તું જાણ. ખાલસાની પ્રજાએ ખુંધાં ખમવાની નીતિ છોડી બીજી નીતિ લેવી એ યોગ્ય નથીજ. અને પ્રજાના અગ્રેસર કેવા જોઇયે તેને માટે નીચેનું ટિપ્પણ જો. †

૮૦. ભો આર્ય! (તામસ) તું વિષમ કાળમાં આર્ય સમસ્તના સંસારસુધારાને માટે બકે છે પણ વૃથાભિલાપી શું કરવા થાય છે? વિલાસસેવા, સ્ત્રીસેવા, નીચસેવા, ઉદરસેવા, સ્વાર્થ, શઠતા ને સૂમપણું, કાતર-કપટી-ક્રૂરપણું કોડે પાળે છે તે કોડમાંથી ખસી જા, પુરૂપ–ઉદાર–શૂરના ધર્મનો રાગી થા, પરંપરાનો કુળધર્મ જાણ ને પછી તુંને સુઝશે ખરેખરૂં શું છે તે. ‡

૮૧. ભો આર્ય! (રાજસ) તારી પ્રકૃતિ કર્મ કરવાની છે પણ નિશ્ચયપૂર્વક એક સદ્દુદ્દેશને વળગી નથી રહેતો. યુરોપને પ્રપંચે અભિમાન જગાવી ઐકય કરાવે છે તે ખોટોજ ઉદ્દેશ છે એ તું નક્કી જાણ. વળી યુરોપનાં પ્રપંચ સાથે તેનું શૌર્ય ક્યાં છે? તેની પ્રકૃતિ કયાં છે? તેનો ખંતી અભ્યાસ કયાં છે? માટે સ્વદેશની પ્રકૃતિ જોઈ સ્વદેશને પોતાની

---

* રાજ્યને રૂશિયાતું ભય કહેવાય છે, બિસ્માર્કે પોતાના જર્મનને માટે યોજના કરી રાખી હોય; વળી બ્રિટિશ રાજ્ય યૂરોપની લડાઈમાં ગુંચવાય, અહીંની ફોજ બહાર જાય તેવામાં અહીં થાણું રોખી રહેવા ફ્રેંચ ને દેશી રાજાઓ ઉભા થાય; એમ રાજકીય તર્ક દેશીઓમાં જૂજ કોઈ કર્ત્તા હોય પણ આમ તો ઘણાક કહે છે કે ન્યાય ઘટે છે, કર વધે છે ને પ્રજા ચિંતાએ સોસવાય છે—વળી કોઈ કોઇ કહે છે કે સરકાર પ્રજાથી અતડી રહે નહિ, રહે ને શસ્ત્રરહિત હોવાથી પોતે દુર્દશાને કેમ નહિ પામે?

† કોઇપણ જાતનો સ્વાર્થ ન રાખતાં સાર્વજનિક કામનો ભાર પોતાને શિર છે એમ સમજનારા, સ્વતંત્ર, અનુભવી, ઠરેલ, પ્રમાણિક, વિવેકી એવા ને માનપૂર્વક પણ નિર્ભયપણે સ્પષ્ટ રીતે સરકારને સમજાવનારા હોવા જોઇએ. એવા કેટલાક જણાની સભા થઇ તે સરકારને સમજાવે તો તેથી સરકાર પ્રજા બંનેને લાભ તે સરકારે નિમેલાં કમીશનથી કે ન્યુસપેપરના પોકારથી થતા લાભથી વધારેજ થાય.

‡ વર્ણભેદ વિષે ને સ્ત્રી વિષે બીજા ગ્રંથોમાં છે; અને અનસૂયા તથા રમા એ બાઇયોના સ્ત્રીકેળવણીના ભાપણ તથા લોકનો મોહ એ વિષે બીજે કોઇ ટાણે બોલાશે.

નીતિનું અભિમાન આવે તેને માટે પ્રયત્નશીલ રહે. **માન** શબ્દ જે આજકાલ સાર્થ નથી તેને સાર્થ તેજસ્વી કર. લાભ ઘટાડનારી વસ્તુનો ને બગ ઘટાડનારા દુર્ગુણોનો ત્યાગ કર અને સૌના અર્થને માટે પોતાના અર્થની હાનિ થવા દેઈ ઉદાર બુદ્ધિયે ઉદ્યોગમાં ઝુઝ ને પછી તુંને જણાશે કયાં સુધી આવી પહોંચ્યો તે.

૮૨. ભો આર્ય! (સાત્વિક) તું સ્વધર્મ કર્મ પાળે છે પણ સંશય સાથે; નથી ગમતું પણ અમણાંના અસત્ય વહેવારમાં સામેલ રહે છે ને પેટ ભરવાને ચિંતાતુર રહે છે;—નોકરી કરે છે, કાલાવાલા કરે છે, પ્રપંચ કરે છે ને વળી એકાંતમાં ઇશ્વરને સંભારે છે; સમય જેમ ઘસડે છે તેમ ઘસડાય છે; દયામણી સ્થિતિ છે તારી. પણ હવે તું સ્વધર્મ વિષે સંશય રહિત થા, ધર્મીને ઘેર ધાડ ને કસાઇને ઘેર કુશળ એવો સમય હોયછેજ, પણ અંતે ધર્મનો જય છે એ વિશ્વાસે ધીરજથી દુ:ખ પડે તે ખમ ને ધર્મકર્મ વધારે પાળ.

૮૩. ભો આર્ય! તું સારી પ્રકૃત નીતિને પાછો વળગ—સાચાઇ, સાદાઈ ને નમ્રતા; સ્વેચ્છાચાર નહિ, મર્યાદાચાર; લોભ નહિ, સંતોષ; અધીરતાળસ નહિ, ઉદ્યોગ; ઉડાઉપણું નહિ, મિતવ્યય; દાધ્યો રંગ નહિ, ડાહ્યો રંગ; એનેજ વળગી રેહ. રાજપ્રકરણની પ્રવૃત્તિમાં મા પડ, પણ તારા કુળના ધંધામાંજ કુશળ રહે. રાજવહેવારમાં તારો જયેષ્ઠભાઈ અક્ષર કે શસ્ત્ર પ્રયોગમાં કુશળ પણ સમયને જાણનારા ડાહ્યા, બુદ્ધિશાલી નીતિમાન ઉદાર છે; ને તે અમણા જો કે નિર્મલ છે તોપણ અનુકૂલ સમયની આકાંક્ષામાં પરમેશ્વરને પૂજેછેજ; અને જોકે તારો વડીલ ગુરૂભાઈ સ્વધર્મ કર્મનો અનુષ્ઠાની નથી તોપણ તે હવે સઘજ કરતો થશે ને પ્રજાના સ્વધર્મતેજની વૃદ્ધિ કરશે.

૮૪. ભો આર્ય! પ્રાકૃત વિદ્યા વધી છે; પદાર્થશાસ્ત્ર કળા વધ્યાં છે; સામાન્ય જ્ઞાન સારૂં થયુંછે, બુદ્ધિમાં ચાંચલ્ય આવ્યું પણ તે કેવળ બહિર્મુખ—નવૃત્તિધર્મ તો ઘણાજ બગડયા છે. કહ્યુંછે, કે "અધર્મના આચરણથી પૃથ્વી ખેંચાય છે જેમ અગ્નિમાં ચામડું તેમ." વળી કહ્યુંછે કે "રાજાથી પ્રજા પીડા પામે છે ત્યારે એવો કોઈ અગ્નિ ઉઠેછે કે તેનાં પ્રાણ કુળ સંપતને ભસ્મ કીધા વિના તે થંડો પડતોજ નથી." વળી કહ્યુંછે કે "સમય સમય બલવાન હે, નહી પુરૂષ બલવાન"—"કાળે તૃણ તે વજ્રનું કામ કરે છે." માટે ચંચળતા ઘટાડી બુદ્ધિનું અંતર્મુખ સ્વધર્મ ભણી વાળ.

૮૫. ભો આર્ય ! તારો ઉત્કર્ષ કેવળ નિજ પુરૂષાર્થે છે—નથી મળવાની કોઈ પડોસનાં રાજ્યની સાહાય કે યૂરોપ અમેરિકાના સ્વતંત્રતાના હિમાયતી આવવાના સહાય થવાને. તારો ઉત્કર્ષ મથન પ્રયોગે નથી પણ સહનશીલતામાં ને અંતે કાળના અવતરણ પુરૂષના કર્મદ્વારા છે. તારો ઉત્કર્ષ સ્વધર્મરક્ષણનો આગ્રહ ધરવાથી અને એને માટે, પરધર્મપ્રવૃત્તિ જે તારા દેશમાંથી તારી પરંપરાની નિવૃત્તિપ્રવૃત્તિને કાઢવાનું છે ને જેને તારાજ કેટલાક મોહિત ભાઈઓ સાહાય કરે છે તેની સામા હઠે ઝુઝવાથી છે. તારો ઉત્કર્ષ અભિમાને સંસારબુદ્ધિ તથા શારીરબળ વધારવાથી નથી પણ નિરભિમાનપણે ધર્મબુદ્ધિ તથા નીતિબળ વધારવાથી છે. તારો ઉત્કર્ષ, પ્રજા પોતપોતાની વર્ણના અને પુરૂષ સ્ત્રીના વિશેષ ધર્મ અવશ્ય પાળે તેમાંજ છે. (બીજા ધર્મની પ્રજા જેમ એક વર્ણરૂપે પુરૂષસ્ત્રી સમાન ધર્મ પાળે છે તેમ નહિજ). તારો ઉત્કર્ષ સંસારી અર્થ કામ માટે પણ સ્વધર્મ પાળણથી છે એનુંજ ન દેખાતું પુણ્ય તુને તારો ઉદ્યોગ ફળ્યો દેખાડશે. તારો ઉત્કર્ષ રજસ્તમસી બુદ્ધની ભક્તિથી નથી પણ સાત્વિક બુદ્ધિને વિશ્વાસે ને સત્વરજસીની શ્રદ્ધાએ સત્કર્મ કરવાથી છે.

૮૬ ભો આર્ય ! તારી પ્રકૃતિ સમજીને કામ કરવાની છે તેનેજ તું વળગી રહે—મોહથી વગર વિચારે કામ કરવા ન મંડી પડ. ભો આર્ય! અમણા તું નિયમરહિત થયો છે તે તું ધર્મકર્મના નિયમ પાળવાથીજ સંસારી કામને માટે પણ નિયમ પાળતો થઈશ માટે નિયમપાળણ અવશ્ય રાખ. ભો આર્ય! સર્વત્ર અનાચાર દુરાચારનું મલિન અમંગળપણું પસરી રહ્યું છે તે જાય અને પવિત્ર સદાચાર પાછો તેજબળે જથી થાય તેને માટે તું તારી કુળદેવી દુર્ગાનું ચિંતન નિત્ય ચિત્તમાં રાખજે પણ કર આ ટાણે તો સ્તવન અમારી સાથે—

"महामोहा भगवती महादेवी महासुरी
प्रकाति स्त्वंच सर्वस्य गुणत्रयविभाविनी."
"दुर्गे स्मृता हरसि भीति मशेषजंतोः
स्वस्थैः स्मृता मति मतीव शुभां ददासि
दारिद्रयदुःखभयहारिणि का त्वदन्या
सर्वोपकार करणाय सदार्द्र चित्ता"

"देवि प्रसीद परिपालय नोरिभीते
नित्यं यथासुरवधादधुनैव सद्यः
पापानि सर्व जगतां प्रशमं नयाशु
उत्पातपाकजनितांश्च महोपसर्गान्
"लोकानां वरदाभव."* जयतु.

---

* અર્થ–મોટા મોહ કરનારી, ઐશ્વર્યવાળી. મોટી દેવી, મોટી આસુરી, ત્રણ ગુણને પ્રગટ કરવાવાળી પ્રકૃતિ તું છે. હે દુર્ગે! સ્મરણ કરેલી તું સર્વ જીવોનાં ભયને મટાડે છે, સ્વસ્થ જનોને સ્મરેલી તું અત્યંત શુભ મતિ આપે છે. દરિદ્રપણાનાં દુઃખનું ભય ટાળનારી. તારા વિના બીજી કોણ શક્તિ છે ને સર્વેને ઉપકાર કરવાવાળી કોમળ ચિત્તની? હે દેવી પ્રસાદ દે, જેમ અસુર-વધથી અમણા સદ્ય રક્ષણ કીધું તેમ નિત્ય અમારા શત્રૂના ભયથકી સર્વ જગતનાં પાપ અને ઉત્પાત ને પરિણામે ઉપજેલા જે ભુંડા ઉપદ્રવ તેને વહેલી શમ પમાડ. લોકને વરદેનારી થા.

# મુક્તિતંત્ર.

૧. પ્રાણીમાત્રને સુખદુઃખની લાગણી તેના મૂળ સ્વભાવથીજ છે. મનુષ્યમાં તે લાગણી તેના મનના મળાવડાથી વિશેષે છે. તે સુખની ઇચ્છા પ્રાકટી કરે છે, ઇચ્છા પાર પાડવાને પ્રયત્ન યોજે છે ને ઇચ્છા તથા યત્ન કરવામાં લાભાલાભ, શુભાશુભ, વિધિનિષેધનો વિવેક રાખે છે.

૨. મનુષ્ય સુખ ઇચ્છવે ખોળવે સ્વભાવથી સ્વતંત્ર છે, પણ વળી આયુષ્ય, આરોગ્ય, સાધનરૂપ દ્રવ્ય તથા ક્રિયા, પ્રયત્નનું પરિપક્વ થવું, સમયનું સંધાન, પ્રકૃત નીતિ શક્તિની જોઇતી છત, પોતાની સ્વસ્થિતિની યોગ્યતા ને પારકાનો આશ્રય, અણધારયા યોગ ઇત્યાદિ વાતે તે જન્મથીજ પરવશ છે કે જેથી તેને જોઇતું સુખ મળતું નથી.

૩. સુખેચ્છા એવી તો ઉગ્ર હોય છે કે તે પ્રતિકૂળ સ્થિતિની સ્પૃહા ન રાખતાં તેની સામાં મથન કરે છે; અને મરણ પછી પણ ઘણે કાળે મળવાની ઉત્તમ સ્થિતિઅભિલાષે આ સંસારમાં પણ વર્ત્તે છે. નડતાં બંધનના પરતંત્રપણાથી છૂટી સ્વતંત્રે સુખ ભોગવવું એટલે મુક્તિ પામવી એ તેનો ઉદ્દેશ છે.

૪. સુખની ઇચ્છા સર્વ મનુષ્યમાં છે પણ એક સરખી નથી; સુખને અર્થે યત્નક્રિયાઓ એક સરખી નથી ને સિદ્ધિસ્વરૂપ પણ એક સરખાં નથી. વિષયભેદે, અમુક કોડ–અર્થ–વિવેકના અંશ સ્વભાવમાંજ ઓછા વધતા હોવાથી, સંગત તથા અભ્યાસથી એકેક મનુષ્ય પોતપોતાને માટે અમુક પ્રકારનું સુખ ઉત્તમ માને છે;–જૂદા જૂદા જનમંડળનાં ઊંચા માનેલાં સુખ જૂદાં જૂદાં પ્રકારના હોય છે;–પણ વળી એક મંડળના સર્વે જણાનું સર્વોપરિ માનેલું સુખ સામાન્યતઃ સરખું હોય છે. અર્થાત્ મુક્તિના સ્વરૂપ મંડળ મંડળે પોતપોતાના વિશેષ નક્કી કીધાં છે.

૫. મનુષ્ય સંસારસાગરમાં સ્વેચ્છારૂપ નાવ ચલાવે છે પણ તેમાં તે અમુક નીતિ રાખે છે કે જે તેણે પોતાના પૂર્વકર્મના અનુભવની નીતિ અને પૂર્વજના અનુભવની નીતિ અને સંગતિથી પ્રાપ્ત કરેલી નીતિ એને ધોરણે નક્કી કીધી હોય છે. મંડળ મંડળના મહાત્માઓએ પોતપોતાના જનના સર્વોત્તમ કલ્યાણને અર્થે ઉદ્દેશ તથા પ્રાપ્તિનાં સાધન વિષે બોધ

શિક્ષા આપી છે તેને તેઓ સારી માને છે. મુક્તિનું સ્વરૂપ, તેને માટે આચરણ તથા ક્રિયા તથા જ્ઞાન અને વળી તેના વિધાન એ સર્વેની જે એક રચના તેને **મુક્તિતંત્ર** એ સંજ્ઞાએ ઓલખીએ.

૬. મુક્તિતંત્રમાં ધર્મનું અવશ્ય પ્રધાન દર્શન છે. અમુક સુખની ઇચ્છા તો કીધી પણ તે સુખ પછીથી દુઃખરૂપ થાય તેવું છે કે કેમ તેનો વિવેક કરવો, સાધનમાં અમુકથીજ લાભ છે એનો વિવેક કરવો ઈત્યાદિ વિષે બોધિત થવાને મનુષ્ય ઇછે છે અને તેટલા સારૂ અમુક નિયમને દૃઢ ધરી રાખવા વિષે તથા શ્રદ્ધાએ કર્મ કરવા વિષે તેને ધર્મબોધની અગત્ય છેજ.

૭. મનુષ્ય જે મનુષ્યજાતિના સામાન્ય ધર્મના અને નિજમંડળકુળના વિશેષ ધર્મનાં આચરણથી લાભ છે અને મર્યાદારહિત મનસ્વી આચરે તથા પરધર્મને સ્વીકારે હાનિ છે એ સત્યવિષે વિવેકશીળ મનુષ્ય નિઃશંક છે–પછી તરતને માટે કદાપિ દુરાચરણે લાભ થયો તો શું થયું–સુખરૂપ માનેલા તે લાભનું પરિણામ દુઃખજ છે.

विना धर्मं मनुष्याणां, जायते न शुभं क्वचित्;
यत्नतो धारयेत्तस्मात्, पुरुषो धर्म मेव हि.–१

**અર્થ**–ધર્મવિના મનુષ્યનું કદી કલ્યાણ થતું નથી; માટે પુરૂષે ધર્મને યત્નથી પાળવોજ.

૮. મનુષ્યને આ સંસારમાં ઇચ્છા પ્રમાણે પૂરૂં સુખ નહિ તેથી મરણ પછી પણ તે મળે અને અહીંના દુઃખ ભય ઘણાં ઓછાં થાય તેને સારૂ તે ધર્મનો આસરો લે છે. દેશકુળ પરત્વે કેટલાંક મનુષ્યની પ્રકૃતિ કેટલીક રીતે સરખી હોય છે અને તેજ પ્રકૃતિના પણ ઉત્તમ પ્રકારે બોધિત થયલા એવા શિષ્ટો પોતાના મંડળને મટે ધર્મ સ્થાપે છે, અમુક જણની પ્રકૃતિના સર્વોપરિ સુખને જુએ છે. અર્થાત્ મનુષ્યનું ઇચ્છિત સુખ તે તેના સ્વધર્મમાંજ હોય–સ્વધર્મજ પૂરૂં અને ખરૂં સુખ તથા તેના યોગ્ય સાધન દેખડાવે.

૯. સત્યયુગના આરંભથી તે દ્વાપરનાં અંત લગી આર્યજનની સર્વોત્તમ સુખેચ્છા બે પ્રકારે જણાઈ છે–આત્માએ ઉપનિષદ્જ્ઞાને કે સાત્વિક યોગે આનંદમય સર્વાત્મા થઇ રહેવું કે ઇચ્છિત વેદોક્ત સ્વર્ગાદિ લોકમાં બહુ કાળ વાસ કરવો. આ કલિયુગમાં રાજા જનમેજય થકી તે શંકરાચાર્ય

લગીના કાળમાં લોકમાં વિધવિધ પ્રકારની સુખેચ્છા હતી:-કેમકે તત્વદર્શન જુદાં જુદાં હતાં; અગ્નિઇંદ્રાદિ દેવતાને યજ્ઞાદિક કર્મ ઓછાં થઈ ગયાં હતાં; શિવ અને વિષ્ણુ સર્વોપરિ પૂજ્ય મનાતા થયા હતા ને તંત્રોક્ત શક્તિ ભૈરવાદિની ઉપાસના વધી ગઈ હતી. (વળી બૌદ્ધ, જૈન ને ચાર્વાકના મતની જુદી જુદી મુક્તિ હતી.) તોપણ, તત્વજ્ઞાને મૂળ સ્વરૂપ જોવું ને દેવતાઓની ગતિ પામવી એવી સર્વ લોકની ઇચ્છા હતી. પછી રામાનુજાચાર્યના કાળ લગી લોકના મોટા ભાગની સુખેચ્છા અદ્વૈત તત્વમાં મળી જવામાં કે તેના શિવસ્વરૂપ સરખું થવાની કે તેના લોકમાં વસવાની હતી. પછીનાં કાળમાં દ્વૈતસિદ્ધાંત ને વિષ્ણુની કે તેના અંશાવતાર રામકૃષ્ણની અનેક પ્રકારની ભક્તિ ને નિર્ગુણ પરમેશ્વનું ભજન ને ગુરૂભક્તિ ને સાધુઓના તપ એ આગળ પડયાં. (દિગંબર ને શ્વેતાંબર એ જૈન મત પણ હતાં.)

૧૦. અમણાના કાળમાં જોકે એક પાસથી ખ્રીસ્તી પાદરીઓ ને બીજી પાસથી પોતાનામાંનાજ પરધર્મમોહિતજનો મથન કરે છે તોપણ મંડળ હજીતો સ્વધર્મ રાખી રહ્યું છે-આજે પણ દુર્ગા, કાળિકા, વિંધ્યવાસિની, હિંગળાજ, મહાલક્ષ્મી ને અંબા શક્તિસ્વરૂપો પૂજાય છે; શિવ વિષ્ણુના પૂજન છે; વામન, નૃસિંહ, રામ, કૃષ્ણ એ અંશાવતારની ભક્તિ છે; સાધુઓ દેહકષ્ટ તપ કરે છે; કોઈ વ્રતાદિ કરે છે ને કોઈ તત્વજ્ઞાનમાં રાચે છે. જોકે વૈરાગ્યવૃત્તિ ઘટીછે, આચારવિચાર વિક્ષેપમાં છે ને નિષ્ઠ બળિષ્ઠ સતેજ નથી તોપણ મંડળ આ સંસારનાજ **સુખભોગની તૃષ્ણાવાળું** થયું નથી.

૧૧. વેદધર્મી શિષ્ટોના તત્વવિચાર કાળે કાળે જે થયા છે તે સર્વે નિર્ગુણ સગુણ-અદ્વૈતદ્વૈત * એ બે મુખ્ય સિદ્ધાંતમાં સમાય છે; અને બંને સિદ્ધાંતે મૂળવસ્તુ એક છે-પરમાત્મતત્વ કે પુરૂષોત્તમ ;-પહેલું મોક્ષપદ વિશેષે બ્રાહ્મણને ને બીજું તે વિશેષે ક્ષત્રી વૈસ્યને ઇષ્ટ છે.

---

* વિશ્વ તે વસ્તુત: સત્ય નથી પણ આકાશમાં જેમ ગંધર્વનગરનો ભાસ તેમ આત્માસત્તાને વિષે વિશ્વનો ભાસ છે. એ ભાસ દેખાડનારી શક્તિ તે આત્માનું જ્ઞાન ને અજ્ઞાન એ બેએ યુક્ત એવી ને અયસ્યે અજ્ઞાનને લીધે ત્રણ ગુણ ધારણ કરનારી અનાદિ કાળથી કલ્પિત થયલી છે ને તે વિશ્વની લીલા દાખવે છે. વળી પોતાના ને પોતાનામાં રાખેલા ચરાચર જીવોનાં અજ્ઞાનને નાશ કરનારો તે પણ તેજ છે :-અર્થાત્ તે સર્વકાળ સમાન નથી ; એવો તો એ એક આત્માજ છે—જ્ઞાનમય આનંદમય.

૧૨. મુક્તિ પાંચ પ્રકારની છે. **કૈવલ્ય** એટલે મૂળતત્વ—બ્રહ્મ—સદાશિવજ થઈ રહેવું ; **સાયુજ્ય** એટલે શિવ કે વિષ્ણુ કે દેવી કે માનેલા કોઇપિણ સર્વેશ્વરના સ્વરૂપમાં ભળવું ; **સાર્ષ્ટિ** એટલે તેના સરખા સામર્થ્ય પ્રભાવવાળું થવું ; **સારૂપ્ય** એટલે તેના સરખું સ્વરૂપ મેળવવું ને **સાલોક્ય** એટલે તેના લોકમાં વાસ કરવો. વૈષ્ણવ આચાર્યોમાં કોઇયે કૈવલ્ય લીધું નથી. શંકરાચાર્યે કૈવલ્યને પરમ મુક્તિ ને સાયુજ્યને ઉત્તમ મુક્તિ જાણી છે.

૧૩. મુક્તસ્થિતિ ક્યારે થાય કે જ્યારે જીવ જન્માંતરથી આવૃત્તિથી છુટે ત્યારે. જન્માંતરથી છુટવાને ધર્મ છે. પરલોક સુખનેમાટે ધર્મ છે. મનુષ્યજીવને દેહથી છુટયા પછી દુઃખમાં સહાય કરવાને કોઈ સગું કે-વહાલું તેની સાથે રહેતું નથી પણ ધર્મજ રહે છે ને સંસારમાં વર્તવાને પણ ધર્મ છે માટે સુખને અર્થે ધર્મરૂપ સાધન થોડામાં કહીશું ; પણ તેની પહેલાં જે સામાન્ય તત્વ સઘળા સંપ્રદાય તથા માર્ગે માન્યાં છે પણ જે સાંપ્રત નિસ્તેજ જેવાં છે તે સતેજ થવાં જોઇયે.

૧૪. વેદ એ આર્યને સ્વધર્મનું મૂળ છે ; સર્વ વિદ્યાનો સાગર છે; વંદનીય પવિત્ર કલ્પવૃક્ષ છે. (૨) વેદને આધારે રચાયલા ગ્રંથ સર્વમાન્ય છે. (૩) એક, અરૂપ, વ્યાપક, તેજોમય બ્રહ્મને આકાર કર્તા થઇને અથવા પરમેશ્વર મૂળેજ સાકાર હોઇને **બહુ રૂપે બહુ** ભાવ ધારણ કરે છે. (૪) જીવ શુભાશુભ સ્વકૃત કર્મના **ફળને ભોગવે છે.** (૫) એ ભોગ પૂરા કરવાને તેને **જન્માંતરો** લેવા પડે છે. (૬) પૂર્વજન્મના કર્મપરત્વે જીવોને **પ્રકૃતિવૈચિત્ર્ય** ને જૂદાં જૂદાં **ભાગ્ય** હોય છે. (૭) સદાચાર વિહિતકર્મ ને તત્વજ્ઞાનથી પાપનો નાશ થાય છે. (૮) યોગસિધ્ધિ ને મંત્રસિ-

---

દ્વૈતવાદી જગતને સત્ય માને છે ને પરમેશ્વરને સાકાર માને છે. ચૈતન્યશક્તિ ને જડશક્તિ એ બેએ યુક્ત એવો તત્વરૂપ, કર્તારૂપ ને ભોક્તારૂપ પરમેશ્વર છે ને તે સ્વેચ્છાએ જગત રચે છે. કોઈ કહે છે કે જડ વસ્તુ પણ પરમેશ્વર સ્વરૂપે છે. કોઈ કહે છે કે પરમેશ્વર તત્વ ને જીવતત્વ એ બે જૂદાંજ છે.

ઉપરે કહી તે શક્તિ શુધ્ધ સત્વગુણવાળી તેમાં આત્માનું જે પૂર્ણ પ્રતિબિંબ ને જગ્તકર્ત્તા સર્વજ્ઞ સર્વેશ્વર છે ને એ પોતાના સંકલ્પથી નિયમપુરઃસર જગત રચે છે, પાળે છે ને સંહારે છે. મલિન સત્વગુણવાળી તે શક્તિમાં આત્માનાં કિંચિત પ્રતિબિંબવાળા તે અલ્પજ્ઞ જીવ છે. દેવપિતર તે મોટી શક્તિ ધરાવનારા અંશી પ્રાણી છે.

દ્ધિ. (૯) આચાર વિચાર. (૧૦) વર્ણાશ્રમ. (૧૧) દેવ પિતરનું નિત્ય યજન ; વ્રત નિયમ ને તીર્થયાત્રા ; દાન દક્ષિણા ; બ્રાહ્મણનું પૂજન ને તેને ભોજન ; સત્સંગ ને વૈરાગ્ય. (૧૨) ગુરૂ ને માતપિતાની ભક્તિ ; વડીલની મર્યાદા. (૧૩) સત્ય વ્યવહાર. (૧૪) પતિની સેવા. (૧૫) રાજભકિત. (૧૬) દયા, પરોપકાર ને શાંતિ સંતોષ આદિ સદગુણ.

૧૫. પરલોક સુખનાં સાધન ઘણાંક છે પણ તે સઘળાં **કર્મ, ભક્તિ** ને **જ્ઞાન** એ ત્રણમાં સમાવેશ થાય છે. એ સાધન અહીંયાં સુખને માટે પણ છે.

(૧) **કર્મ.** કર્મને લીધે દેહી ને દેહીરૂપે વળી કર્મ કરનારો એવો જીવ તે કર્મથીજ શુધ્ધ થાય છે; ને પછી કર્મથી અળગો રહી વિદેહીરૂપ કે વિદેહી થાય છે. જીવનાં કર્મ સારાં નઠારાં એમ ભેળાં હોય છે અને ન દેખાતી એવી કર્મની અસરોની રસાયનક્રિયાએ પરિણામરૂપ કાર્ય ઘડાય છે–સ્થૂલ દેહ થાય છે. પૂર્વ જન્મના અમુક પુણ્યકર્મથી મનુષ્યદેહ થાય છે ને એમાં પણ અમુક કુળ સ્થિતિ ને અમુક બુદ્ધિ ગુણ વિશેષે હોય છે. મનુષ્યરૂપે કેટલુંક કર્મ સર્વમાં સરખું ને સ્થિતિ ગુણપરત્વે કેટલું જુદું હોય. એ ઉપરથી સામાન્ય ને વિશેષ ધર્મનું નિરૂપણ છે. ધર્મ કર્મ ત્રણ પ્રકારનાં કહ્યાં છે–નિત્ય, નૈમિત્તિક ને કામ્ય. સંસ્કારે દ્વિજ એવા ને સંધ્યા જપ, સ્વાધ્યાય, દેવપૂજન, ઋષિ તથા પિતરનાં તર્પણ, હોમ, બીજાં પ્રાણીને બલિ ને અતિથિને ભોજન એ નિત્ય કરવાનાં છે; જપ પૂજન એ દ્વિજ નહિ તેવાએ કરવાનાં છે; સંસ્કાર, પ્રાયશ્ચિત, શ્રાદ્ધાદિ કર્મ તે નૈમિત્તિક છે; અને અમુક જણે અમુક કામનાની સિદ્ધિસારૂ જે અમુક યજ્ઞ, વ્રત, દાનાદિક કરવાં તે કામ્ય. **ફળની ઈચ્છા રાખ્યા** વિના પાંચ રૂણ (દેવ, પિતર, ઋષિ, મનુષ્ય બીજાં પ્રાણી નિમિત્તનાં) અવશ્ય આપવાનાં તે આપવાથી અને પૂર્વજન્મના કર્મથી ઉપજેલા ભલાં ભુંડા ભોગને સમાનવૃત્તિએ તથા ધૈર્યે ભોગવવાથી પાપનો નાશ થાય છે, ચિત્તશુદ્ધિ તથા વૈરાગ્યવૃદ્ધિ થાય છે ને તત્વજ્ઞાનમાં રૂડો પ્રવેશ કરાય છે.

(૨) **ભકિત.** એ કર્મ કરતાં કેટલીક રીતે સુલભ છે: એમાં કાયા તથા મનબુદ્ધિને ઝાઝું કષ્ટ નહિ ને દ્રવ્યસામગ્રીનો ઝાઝો ખરચ નહિ; એ અવશ્યે મનોવૃત્તિયે સંપાદન થાય છે. પરમેશ્વર કે તેના કોઈ ઉપર પ્રેમ ભાવ રાખવો ને તે નિમિતે કર્મ કરવાં એવે વિશ્વાસે કે પાપ ભયનો નાશ ને પુણ્યસુખની વૃદ્ધિ તેની કૃપાએ થશે એ ભક્તિ. ગુણનું શ્રવણ

ને સ્મરણ, પ્રતિમા પૂજા ને સેવા, નામ કીર્ત્તન ને તીર્થાદિ, દેવ સાધુનું દર્શન, વ્રત ઓચ્છવ એ ભક્તિ પ્રાપ્ત કરવાનાં ને દૃઢ કરવાનાં સાધન છે. ભક્તિ ગુણભેદે ત્રણ પ્રકારની છે-બીજાને પીડા થાઓ એ ઉદ્દેશે દંભને આગળ કરી મત્સર ક્રોધયુક્ત થઈ દેવને ભજે તે ભક્તિ તામસી; નિત્ય પોતાના યશસંપત્તિભોગને માટે ભજે તે રાજસી; અને **અહંકાર તથા ફલેચ્છા રહિત** અનન્ય ભાવે ભજે તે સાત્વિકી. એ ભક્તિ પ્રારબ્ધાધીન સર્વ જાણીને પરમેશ્વરમાંજ ચિત્ત રાખવાની ચિંતા વિના બીજી કોઈ ચિંતા રાખે નહિ કે જેથી કીધાં પાપનો નાશ થાય, નવાં થાય નહિ ને પ્રભુપ્રસાદ મોટો થાય.

(૩) **યોગ.** અધિકારી* મુમુક્ષુએ સ્વાત્મા ને સર્વાત્મા-બ્રહ્મનું ઐક્ય કરવું તે યોગ. એ સાધન બે પ્રકારના છે-હઠયોગ ને રાજયોગ. પહેલામાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન સમાધિ એ વિષય છે. એનો અભ્યાસ ગુરૂ કરાવે તેવી રીતે શિષ્યે બ્રહ્મચર્ય પાળી કરવાનો છે. સમાધિના અભ્યાસથી અંતઃકરણમાં સમાતું ચિત્ત ચિંતનીય તત્વ સાથે એકતાર રહે ને પછી નિર્વિકલ્પ સમાધિયે આત્મા તે સર્વાત્મા થાય. કહ્યું છે કે "તત્વબીજ, હઠક્ષેત્ર, ઉદાસીનપણું એ જળ ને ઉન્મની-સ્થિતિ એ કલ્પલતિકા." રાજયોગ આવો કે એક પાસથી "सर्वं खल्विदं ब्रह्म," "सत्यं ज्ञान मनंतं ब्रह्म," "प्रज्ञानमानदं ब्रह्म," अहं ब्रह्मास्मि," "तत्वमसि," अयमात्मा ब्रह्म" ઇત્યાદિ વિષય સમજવાનો અભ્યાસ કરવો ને બીજી પાસથી સ્વભાવ, જ્ઞાન, આનંદ ઈત્યાદિનો એકેકના મૂળનો લક્ષ્ય કરી સર્વનાં મૂળતત્વ તે હું છું એવા ભાવમાંજ રહેવાનો અભ્યાસ કરવો; 'હંસ'ની ઉપાસના કરવી. રાજયોગના આરંભમાં ક્ષમા, વિવેક, વૈરાગ્ય, શાંતિ, સંતોષ, નિસ્પૃહતા એને દહાડે દહાડે વધારવાનો અને કપટ, હિંસા, તૃષ્ણા, મત્સર, રોષ, લજ્જા, અશુચિપણું, રાગદ્વેષ, આળસ, પાખંડ, ભ્રાંતિ, લોભમોહ ઓછાં કરવાનો અભ્યાસ કરવો અવસ્ય છે.

---

*જેણે નિત્યાનિત્ય વિષે થોડો ઘણો વિચાર કીધો હોય, અહીંના કે પરલોકના ભોગની ઇચ્છાનો ત્યાગ કીધો હોય, જેની પ્રીતિ આત્મા વિષે જાણવા ઉપર લાગી હોય, બાહારમાંહેની ઇંદ્રિયો ઉપર તેનો અંકુશ હોય, શીત ઉષ્ણ દુઃખ સહન કરવાની ટેવ હોય અને નિશ્ચય તથા શ્રદ્ધા હોય તે. દંભથી કે ક્રિયાના મોહથી કે સિદ્ધિના લોભથી કે પરમેશ્વર વહેલો મળે તેવી અધીરી સમજથી જે યોગાભ્યાસ કરે તે મુમુક્ષુ નહિં.

(૪) વળી આચાર જેમાં અનેક પ્રકારની ચોખાઈ રાખવાની તે અવશ્ય પાળવો. શરીરસંબંધી, રસોઈ સંબંધી, ખાવાપીવાની વસ્તુસંબંધી, સુતકસંબંધી, રજસ્વલા સુવાવડીસંબંધી વગેરે. અને સદાચાર સદ્ગુણ જેવા કે જીવમાત્રને દુઃખ ન દેવું, સત્ય, શાંતિ, સહનશીલતા, ધૈર્ય એ રાખવાં અને વિષયનું લંપટપણું, અતિ ચંચળતા, દંભ, મોટાઈ, પરદારગમન એ ન રાખવાં, કોઈનું મર્મ ઉઘાડવું નહિ વગેરે.

૧૬. અમુક આત્માએ સર્વાત્મા-બ્રહ્મ-તત્વરૂપ થઇ રહેવું એ કૈવલ્ય મુક્તિનેમાટે તો આત્મજ્ઞાન એજ યોગ અવશ્ય સાધનછે; સાકાર પરમેશ્વરના પૂર્ણ સાદૃશ્યને માટે નિષ્કામ કર્મ કે ભક્તિ એ પ્રધાન સાધન છે પણ તેની સાથે તેથી ઉપજેલું પૂર્ણ વૈરાગ્ય તથા ઇશ્વરસ્વરૂપનું જ્ઞાન એ પણ હોય; અને સકામ કર્મ કે ભક્તિની એ જેવા પ્રકારનાં હોય તે તે પ્રમાણે જૂદા જૂદા લોકને પમાય ને પછી સલોકતા સમીપતા એ મુક્તિ પણ સધાય.

૧૭. પૂર્વે કહેલાં સાધનમાંથી કીયું કોણે રાખવું એ વિષે સામાન્ય ધોરી નીતિ આ કે પોતાના કુળનું ધર્માચરણ પાળવું ને ચઢતાં ચઢતાં તેમાંજ જે ઉત્તમ તે સાધવું. કાળેકાળે આચાર્ય તે લોકની પ્રકૃતિ તથા સ્થિતિ જોઇ સાધનનાં વિધાનમાં ફેરફાર કરે તેથી કુળધર્મ બદલાય તો પ્રજાએ તેમ વર્તવું.

૧૮. મુક્તિ એટલે બહુ કાળના દુઃખમાંથી છુટવું, ને સદા સુખમાં રહેવું, એવું કહેવામાં આવ્યું છે; પણ હવે સુખ દુઃખને વિચારિયે. મૂળ સ્વભાવે કે કીધેલે વિચારે દેહધારી આત્માને વિષયનો સંબંધ અનુકૂળ આવેથી જે પ્રિય લાગવું તે સુખ અને સંબંધ પ્રતિકૂળ આવેથી જે અપ્રિય લાગવું તે દુઃખ. મનુષ્યની વૃત્તિ સત્વાદિ ગુણ ભેદે જૂદી જૂદી, વિષય જૂદા જૂદા, વૃત્તિઓનો વિષયો સાથે સંબંધ જૂદો જૂદો તેથી સુખ દુઃખ જૂદા જૂદા પ્રકારનાં હોય છે; અને કેટલાંક વળી કેટલી રીતે સરખાં પણ હોય. જેણે અમુક સ્થિતિમાં જેને સુખ માનેલું તે પોતાની અમુક સ્થિતિમાં તે સુખને ઇછતું નથી; જે વિષયથી સુખ માનેલું તે વિષયના દોષ જાણ્યા પછી તે વિષયથી દૂર રહેવામાં પણ તે સુખ માને છે; અને સંબંધ પણ કોઈવાર થોડો ને કોઇવાર ઘણો ગમે છે અથવા બીલકુલ ગમતો નથી. ઇચ્છા, ક્રિયા ને વિવેકનાં સુખ પણ વિધવિધ હોય છે. એમ છે તથાપિ હું નિત્ય સુખમાં રહું એ ઇચ્છા આત્માને નિત્ય રહે છે ને

ને.સ્મરણ, પ્રતિમા પૂજા ને સેવા, નામ કીર્ત્તન ને તીર્થાદિ, દેવ સાધુનું દર્શન, વ્રત ઓચ્છવ એ ભક્તિ પ્રાપ્ત કરવાનાં ને દૃઢ કરવાનાં સાધન છે. ભક્તિ ગુણભેદે ત્રણ પ્રકારની છે-બીજાને પીડા થાઓ એ ઉદ્દેશે દંભને આગળ કરી મત્સર ક્રોધયુક્ત થઈ દેવને ભજે તે ભક્તિ તામસી; નિત્ય પોતાના યશસંપત્તિભોગને માટે ભજે તે રાજસી; અને અહંકાર તથા ફલેચ્છા રહિત અનન્ય ભાવે ભજે તે સાત્વિકી. એ ભક્તિ પ્રારબ્ધાધીન સર્વ જાણીને પરમેશ્વરમાંજ ચિત્ત રાખવાની ચિંતા વિના બીજી કોઈ ચિંતા રાખે નહિ કે જેથી કીધાં પાપનો નાશ થાય, નવાં થાય નહિ ને પ્રભુપ્રસાદ મોટો થાય.

(૩) યોગ. અધિકારી* મુમુક્ષુએ સ્વાત્મા ને સર્વાત્મા–બ્રહ્મનું ઐક્ય કરવું તે યોગ. એ સાધન બે પ્રકારના છે–હઠયોગ ને રાજયોગ. પહેલામાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન સમાધિ એ વિષય છે. એનો અભ્યાસ ગુરૂ કરાવે તેવી રીતે શિષ્યે બ્રહ્મચર્ય પાળી કરવાનો છે. સમાધિના અભ્યાસથી અંતઃકરણમાં સમાતું ચિત્ત ચિંતનીય તત્વ સાથે એકતાર રહે ને પછી નિર્વિકલ્પ સમાધિયે આત્મા તે સર્વાત્મા થાય. કહ્યું છે કે "તત્વબીજ, હઠક્ષેત્ર, ઉદાસીનપણું એ જળ ને ઉન્મની-સ્થિતિ એ કલ્પલતિકા." રાજયોગ આવો કે એક પાસથી "सर्वं खल्विदं ब्रह्म," "सत्यं ज्ञान मनंतं ब्रह्म," "प्रज्ञानमानदं ब्रह्म," अहं ब्रह्मास्मि," "तत्वमासि," अयमात्मा ब्रह्म" ઇત્યાદિ વિષય સમજવાનો અભ્યાસ કરવો ને બીજી પાસથી સ્વભાવ, જ્ઞાન, આનંદ ઇત્યાદિનો એકેકના મૂળનો લક્ષ્ય કરી સર્વનાં મૂળતત્વ તે હું છું એવા ભાવમાંજ રહેવાનો અભ્યાસ કરવો; 'હંસ'ની ઉપાસના કરવી. રાજયોગના આરંભમાં ક્ષમા, વિવેક, વૈરાગ્ય, શાંતિ, સંતોષ, નિસ્પૃહતા એને દહાડે દહાડે વધારવાનો અને કપટ, હિંસા, તૃષ્ણા, મત્સર, રોષ, લજ્જા, અશુચિપણું, રાગદ્વેષ, આળસ, પાખંડ, ભ્રાંતિ, લોભમોહ ઓછાં કરવાનો અભ્યાસ કરવો અવશ્ય છે.

---

*જેણે નિત્યાનિત્ય વિષે થોડો ઘણો વિચાર કીધો હોય, અહીંના કે પરલોકના ભોગની ઇચ્છાનો ત્યાગ કીધો હોય, જેની પ્રીતિ આત્મા વિષે જાણવા ઉપર લાગી હોય, બાહારમાંહેની ઇંદ્રિયો ઉપર તેનો અંકુશ હોય, શીત ઉષ્ણ દુઃખ સહન કરવાની ટેવ હોય અને નિશ્ચય તથા શ્રદ્ધા હોય તે. દંભથી કે ક્રિયાના મોહથી કે સિદ્ધિના લોભથી કે પરમેશ્વર વહેલો મળે તેવી અધીરી સમજથી જે યોગાભ્યાસ કરે તે મુમુક્ષુ નહિં.

"आत्माज्ञानं सुखं नित्य मनित्यं भोगजं स्मृतं;
नाशात्मकं तु तप्त्याज्यं वेदशास्त्रार्थ चिंतकै:"—१
इतिप्रथमोल्लास:

---

પ્રત્યેક જીવનું પરલોકવિષયમાં મુક્તિસુખ કહ્યું, હવે આર્યજનનો અમણાની અવસ્થાના દુ:ખમાંથી છૂટે ને સારી સ્થિતિ ભોગવે તે સંસારી મુક્તિ વિષે બોલીશું.

૧. ક્ષુદ્ર જીવે અનંત ઐશ્વર્યના ભોક્તા થવું—પરમેશ્વર થવું તેનેમાટે ઉદ્યોગ કરવાનું વેદ કહે છે. એ ઉદ્યમબોધ શું વેદે સ્વમતરંગ જેવો ચવ્યો છે? ના; મોક્ષપદની પાસેનાં પદ પામેલાને તેણે દેખાડયા છે કે જેઓએ પોતાને શુધ્ધ સત્વગુણે મનુષ્યસંસારમાંજ પોતાનાં ઐશ્વર્ય પ્રસિધ્ધ કીધાં છે એવા, ચૈતન્યપૂજક ઉદ્યમવાદીઓની આગળ જડપૂજક ઉદ્યોગી જન જે આ સંસારનાં ક્ષણભંગુર સુખને સારૂ તૃષ્ણા રાખે છે ને તેમાં દૈવકાળવશાત્ કદાપિ ફાવે છે તો નિજ પ્રયત્નને મોટું પુરૂપાર્થ માની લે છે તે ક્ષુદ્રક કેમ નહિ? જીવ પોતાની મૂળ પ્રકૃતિ (સત્વાદિ ગુણ પ્રધાન એવી), પોતાના કર્મ ને પૂર્વકર્મનો વિપાક એને વશ છે; તે અનેક દેહે અનેક પ્રકારે સુખ દુ:ખ ભોગવે છે પણ તેમાં દુ:ખજ વધારે છે;—એ પરતંત્રપણાંએ આર્યજીવ સંસારમાંથી ઉદાસીન રહે છે; પણ વળી પરલોકમાં અધિક સુખ કે લોકરહિત અટળ પદ ઢુંઢવે ઉદ્યમી છે. ઊદાસીન ને ઉદ્યમી એ બે એકેકથી ઉલટી એવી વૃત્તિવાળો આર્ય તત્વવિવેક, શાંતિ, વૈરાગ્ય, શમ, દમ, તપ, ધ્યાન, શ્રદ્ધા, ભક્તિ ભણી જુએ છે; સત્ય, શુચિ, દયા, દાન, અહિંસા, ક્ષમા, નિર્મળતા, નિર્મોહત્વ, ધૈર્ય, સંતોપને રાખે છે; ભાગ્યને માનનારો તે ઊત્સાહ શૌર્યથી ખંતે કર્મ કરે છે અને સ્નેહ તથા અર્થનાં ધર્મયુક્ત કોડમાં પ્રસન્ન રહે છે. વારેવારે આશાભંગ ને આશાતુર થતો એવાને માટે, પરલોકને માટે ને આ લોકને માટે વેદે એકજ શિક્ષા આપી છે કે **નિયમે સત્ક્રિયા કર, નિયમે જ્ઞાનાભ્યાસ કર**; તે ભણે છે કે મારા મંત્રો પણ "नियमेफलप्रदा:" છે. કર્મ પ્રમાણે સ્થિતિ માટે શુભ સ્થિતિસારૂ **સત્કર્મ—પુણ્ય કર**; જો કર્ત્તવ્ય બુદ્ધિથી કરીશ તો ઉત્તમ પુણ્ય છે ને રાગી વૃત્તિયે કરીશ તો થોડું પુણ્ય છે પણ આરંભે તારે પોતે ને સંબંધીજને **શુદ્ધ તથ શ્રદ્ધાળુ થવું ને દ્રવ્યસામગ્રીને શુદ્ધ કરવાં** કેમકે પવિત્રતાનું આકરૂં તેજ મહાબળિયા મલિન રાક્ષસોને

સમજ પ્રમાણે માની લીધેલાં સુખને માટે સમજ પ્રમાણે મથન કરે છે.

૧૯. સુખ વિષે મનુષ્યની સમજ જૂદી જૂદી છે પણ આટલું તો સર્વ માન્ય છે કે જે સુખ, દુઃખનું કારણ થાય તે સુખ ખરૂં નહિ; જે દુઃખના ભેળવાળું હોય તે પણ રૂડું નહિ–સુખ નિર્મળ તેજ ખરૂં સુખ જે સુખ ઘણીવાર રહે તે મોટું સુખ; અને ઘણા વિષયના સંબંધમાં જે સુખ તેના કરતાં થોડા વિષયના સંબંધનું સુખ તેજ આત્માને સ્વભાવે વધારે ગમતું છે.

શાંતિમાં, સ્થિરતામાં, સંતોષમાં જે ખરૂં સુખ તેવું ઉન્મત્તાઇ, ચંચળતા, લોભમાં નથી; જેવું નિઃસંગ કે ત્યાગમાં તેવું સંગ કે રાગમાં નથી; જેવું નિરિચ્છપણુમાં તેવું ઇચ્છામાં નથી; ધર્મ કર્મનું તેવું વ્યવહાર કર્મનું નથી; અને પરોપકારબુદ્ધિનું તે સ્વાર્થબુદ્ધિના સુખથી શ્રેષ્ટ છે, પણ વળી પરમાર્થ વિષયમાં સ્વાર્થબુદ્ધિનું તેજ સર્વોપરિ છે.

૨૦. વેદ, વિરક્તને માટે એકાંતસેવન, આત્માનું ચિંતન, વેદાંતશ્રવણ અને કર્મ કરવાની વૃત્તિથી પાછાં હઠી પૂર્ણ શાંત સ્થિતિભણી આવી રહેવા અભ્યાસ કરવાનો બોધ કરે છે. સંસારીનેમાટે નિત્ય નૈમિત્તિક કર્મના સદાચારના બોધ કરે છે; દેવને અરાગે અહંકારરહિત કીધેલું અર્પણ તેજ ઉત્તમ છે. ધર્મકર્મનું ફળ તરત દેખાતું નથી ને મોડું પણ થાય તેથી ભોગપ્રિય અધીર જનોને માટે કામ્ય કર્મનાં વિધાન પણ વેદે દાખવ્યાં છે.

૨૧. જીવાત્મા નિર્મળ સુખને ઇછે છે ને ઇછે, કેમકે તે પોતે અમર છે પણ ત્યારે તેવાં સુખનો વિષય પણ નાશરહિત નિર્મળ જોઇયે ને વૃત્તિનો સંભોગ પણ એકસરખો જોઇયે ને બંધ કે મોક્ષનું કારણ મન છે માટે તે પણ જિતેંદ્રિય તથા વાસનાજાળરહિત નિર્મળ જોઈયે. સંસાર વિષય સદોષ, રૂપાંતર પામતો ને દુઃખદ છે અને અવિનાશી પ્રભુરૂપ વિષય અદોષ, દોષને હણનારો, નિત્ય ને સુખદ છે. માટે, જીવે સંસારી ભોગ લક્ષુતા ઉપરથી પ્રીતિ ખસેડી સાત્વિકબુદ્ધિ વધારી એક, અક્ષર, પૂર્ણકામ પુરૂષોત્તમના નિકટ સંબંધમાં રહેવું તે નિત્ય સુખ છે. રાજસ કે તામસ જીવો ઊગ્ર તપથી ઊંચી સદ્ગતિ પામે પણ પછી સત્વબુધ્ધિ થયે આત્મજ્ઞાને મોક્ષપાત્ર થાય. જ્યારે દેવાત્મા કે જીવાત્મા તત્વરૂપ વિષયનું ધ્યાન કરતાં પોતાના અહંને ટાળે ત્યારે વિષયરૂપ તે પોતે થાય છે ને ભોગવૃત્તિ તે પોતાનું મૂળ જે આત્મામાં જે રહેલું છે (આત્માજ મૂળ પ્રેમાસ્પદ છે) તેમાં લય પામે છે અને ત્યારે તે પૂર્ણાનંદજ થઇ રહે છે.

"आत्माज्ञानं सुखं नित्य मनित्यं भोगजं स्मृतं;
नाशात्मकं तु तप्त्याज्यं वेदशास्त्रार्थ चिंतकै:"—१
इतिप्रथमोल्लास:

---

પ્રત્યેક જીવનું પરલોકવિષયમાં મુક્તિસુખ કહ્યું, હવે આર્યજનો અ-મણાની અવસ્થાના દુઃખમાંથી છૂટે ને સારી સ્થિતિ ભોગવે તે સંસારી મુક્તિ વિષે બોલીશું.

૧. ક્ષુદ્ર જીવે અનંત ઐશ્વર્યના ભોક્તા થવું—પરમેશ્વર થવું તેનેમાટે ઉદ્યોગ કરવાનું વેદ કહે છે. એ ઉદ્યમબોધ શું વેદે સ્વપ્નતરંગ જેવો ચવ્યો છે? ના; મોક્ષપદની પાસેનાં પદ પામેલાને તેણે દેખાડયા છે કે જેઓએ પોતાને શુધ્ધ સત્વગુણે મનુષ્યસંસારમાંજ પોતાનાં ઐશ્વર્ય પ્રસિધ્ધ કીધાં છે એવા, ચૈતન્યપૂજક ઉદ્યમવાદીઓની આગળ જડપૂજક ઉદ્યોગી જન જે આ સંસારનાં ક્ષણભંગુર સુખને સારૂ તૃષ્ણા રાખે છે ને તેમાં દૈવકાળવ-શાત્ કદાપિ ફાવે છે તો નિજ પ્રયત્નને મોટું પુરૂષાર્થ માની લે છે તે ક્ષુ-દ્રક કેમ નહિ? જીવ પોતાની મૂળ પ્રકૃતિ (સત્વાદિ ગુણ પ્રધાન એવી), પોતાના કર્મ ને પૂર્વકર્મનો વિપાક એને વશ છે; તે અનેક દેહે અનેક પ્ર-કારે સુખ દુઃખ ભોગવે છે પણ તેમાં દુઃખજ વધારે છે;—એ પરતંત્રપ-ણાંએ આર્યજીવ સંસારમાંથી ઉદાસીન રહે છે; પણ વળી પરલોકમાં અધિક સુખ કે લોકરહિત અટળ પદ ઢુંઢવે ઉદ્યમી છે. ઉદાસીન ને ઉ-દ્યમી એ બે એકેકથી ઉલટી એવી વૃત્તિવાળો આર્ય તત્વવિવેક, શાંતિ, વૈ-રાગ્ય, શમ, દમ, તપ, ધ્યાન, શ્રદ્ધા, ભક્તિ ભણી જુએ છે; સત્ય, શુચિ, દયા, દાન, અહિંસા, ક્ષમા, નિર્મળતા, નિર્મોહત્વ, ધૈર્ય, સંતોષને રાખે છે; ભાગ્યને માનનારો તે ઉત્સાહ શૌર્યથી ખંતે કર્મ કરે છે અને સ્નેહ તથા અર્થનાં ધર્મયુક્ત કોડમાં પ્રસન્ન રહે છે. વારેવારે આશાભંગ ને આશાતુર થતો એવાને માટે, પરલોકને માટે ને આ લોકને માટે વેદે એકજ શિક્ષા આપી છે કે **નિયમે સત્ક્રિયા કર, નિયમે જ્ઞાનાભ્યાસ કર**; તે ભણે છે કે મારા મંત્રો પણ "नियमेफलप्रदा:" છે. કર્મ પ્રમાણે સ્થિતિ માટે શુભ સ્થિતિસારૂ **સત્કર્મ—પુણ્ય કર**; જો કર્તવ્ય બુદ્ધિથી કરીશ તો ઉત્તમ પુણ્ય છે ને રાગી વૃત્તિયે કરીશ તો થોડું પુણ્ય છે પણ આરંભે તારે પોતે ને સંબંધીજને **શુદ્ધ તથ શ્રદ્ધાળુ થવું** ને **દ્રવ્યસામગ્રીને શુદ્ધ કરવાં** કેમકે પવિત્રતાનું આકરૂં તેજ મહાબળિયા મલિન રાક્ષસોને

હણનારૂં ને તારૂં કાર્ય સદ્ય સિદ્ધ કરનારૂં થશે, એમ જો ખંતે ઘણું પુણ્ય કર્મ થાય તો તેનું ફળ શીઘ્રજ થાય–"अत्युग्र पुण्य पापनां फल मिहैव मश्नुते"–અતિ ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ અહીંજ પમાય છે.

૨. મંડળનો મોટો ભાગ સ્વધર્મે રાખી રહ્યો છે પણ નિયમપાલનમાં દૃઢ નથી; ધર્મશિક્ષક તે સ્વધર્મ વિષે અભણ, ધનાર્થી તે વિષયાસક્ત છે; ત્યાગી તે દંભી, મમતી ને જીભ તથા ઉપસ્થના રસમાં મગ્ન છે; અંગ્રેજી ભણેલા તથા ભણતા ને તેના સંબંધી તે સ્વધર્મનિંદક, પરધર્મ વિષે મોહિત પણ વળી સ્વેચ્છ ધર્મ પ્રવર્તાવવાને કોડીલા, પરલોક વિષે સંશયી અને ધનમાનસ્ત્રીસુખને માટે ફાંફાં મારતા છે. અર્થાત્ ધર્મપરાયણ છે અને તેથી અવ્યવસ્થિત છે. એઓના મનોરથ પૂરા પડવાને પ્રથમ તો સ્વધર્મવિષે ભક્તિ દૃઢ થવી જોઇયે. પણ અર્થકાળની ઉન્મત્તાઇમાં તે ભક્તિ સતેજ કેમ થાય? નજ થાય. અસહ્ય દુઃખ ભોગવવું પડે ને પશ્ચાત્તાપ થાય ત્યારે તે ભક્તિ થાય અથવા તો સુભાગ્યે પુણ્યના વિપાક કાળે પૂર્વજનાં જ્ઞાનધર્મની સ્મૃતિ થાય ને મોહ ખસે ત્યારે થાય. ધર્મનાજ વિચાર સત્ય છે તથા તેજ બળવંત છે એજ જ્યારે પ્રજા માનશે ત્યારેજ તે સુવ્યવસ્થિત થશે. પરધર્મના વિચારોથી આર્યમંડળ ત્રુટિત ને અનીતિયે અવ્યવસ્થિત છે તે પાછું સ્વધર્મના વિચારથીજ ઐક્ય થઈ વ્યવસ્થિત થશે. આર્યની પ્રકૃતિમાં ધર્મજ પ્રધાન છે, તેજ મોહને ખસેડશે ને તે વેહેલો ખસે તેને માટે આપણે પ્રયત્ન કરવો એ સમજુકને કર્તવ્ય છે. સંસારી અર્થકાળના યશને માટે નીતિનિયમ અવશ્ય જોઇયે તેપણ અમણા આર્યમાં નથી ને મનોરથ તો મોટા કરે છે તો તે સિદ્ધિ કેમ પામે? અર્થકાળની નીતિને માટે પણ આર્યે સ્વધર્મ જોવો જોઇયે અને સ્વધર્મથીજ તે નીતિયો પળાશે; અર્થાત્ આર્યને સ્વધર્મેજ શ્રેય છે, અન્યથા નહિ.

૩. અંગ્રેજી ભણેલાઓએ દેશ દાઝમાં સંસારી અર્થકામના વિચાર આગળ પાડ્યા; પ્રથમ નિકળેલા ઉચ્છેદક સુધારાવાળાનો બોધ નીચે પ્રમાણે હતોઃ–

પ્રજાની સ્થિતિ ઉત્તમ કરો; સ્વદેશનું અભિમાન રાખો. એટલેઃ

(૧). યૂરોપના દેશોની વિદ્યાકળા સ્વદેશમાં આણો; તેણી તરફ જવામાં સંકોચ ન રાખો.

(૨). વેપારધંધા વધારો; કારખાનાં કાઢો; દેશી કારીગીરીને ઉત્તેજન આપો.

(૩). શારીરબળ વધારો; સાહસિક થાઓ.

(૪). રાજ્યનીતિ જાણો; પ્રજાના હક સમજો ને તે સરકાર પાસે માગો.

(૫). મંડળીઓ મેળવી ઉદ્યાગ ચલાવો.

સ્ત્રીજાતિની સ્થિતિ રૂડી કરો; તેઓને છૂટ આપો.

(૧) તેઓને ભણાવો. (૨) તેઓ મોટી થઇ સ્વેચ્છાવર કરે. (૩) વિધવા પણ બીજીવાર પરણે.

એક સર્વ શક્તિમાન્ નિરાકાર જગત્કર્ત્તાની ભક્તિ કરો સ્તુતિ પ્રાર્થનાએ કે તે મનોરથના ઉદ્યમમાં સહાય થાય; માનવધર્મ પાલો.

વેદને ન માનો; દેવપિતર ખોટાં; મંત્રકર્મ થોથાં; જન્માંતર જૂઠા; મૂર્ત્તિપૂજા મૂર્ખાઇ; ધર્મગુરૂ હીણા; બ્રાહ્મણ ભુંડા.

જાતિભેદ ન રાખતાં એક વર્ણ કરો કે ઐક્યબળ વધે.

પછી સમાજો થઇ; તેણે પોતપોતાનાં ધર્મમત સ્થાપિત કીધાં પણ તે બધીનો ઉદ્દેશ (પ્રગટ કે પ્રચ્છન્ન) કેવળ આ સંસારનાજ સુખભોગનો હતો ને છે.

૪. સુધારાનાં ધર્મમત વિષે બહુ લખ્યું છે; અહીં આટલું જણાવીશું કે તેમાં પણ બહુ ભેદ છે, સ્વમત પ્રમાણે તેઓ ચાલતા નથી ને જેમ જેમ વયે, જાણે વધારે સમજતા જાય છે તેમ તેમ તેઓ પોતાના પૂર્વજના ધર્મ ભણી પાછું વલણ કરે છે; તે મનસ્વી મત, મંડળમાં દાખલ થનાર નથી; તો પછી તેથી સંસારી અર્થની વૃદ્ધિ થવા વિષે બોલવું નિરર્થક છે. તે સંશયી અતોભ્રષ્ટતતોભ્રષ્ટને માટે અને સ્વધર્મને વળગી રહેનારાને માટે કહીશું કે આર્યપુત્રે તો નીચે લખેલાં તત્વ સત્યજ માનવાં:

(૧) વેદ, સર્વે પ્રાણીઓનાં પરલોક આલોક સંબંધી કલ્યાણને સારૂ સાધનસામગ્રીરૂપ જ્ઞાનકર્મની બોધવાણી છે—ઉત્તમ પુરૂષાર્થદર્શન ને પરમ પરમાર્થદર્શન છે. જગતના આરંભમાં મહાતપસ્વી દેવાત્માએ અંતરપ્રેરણાએ પ્રગટ કરેલી આદિ વાણી પરમ પવિત્ર છે. મંત્રક્રિયાનો વિધિ તે, બ્રાહ્મણ ને વેદનો સાર વેદાંત તે બ્રહ્મનું નિરૂપણ કરે છે.

(૨) આત્મા (બ્રહ્મ; તત્સત્) સકળ વિશ્વમાં વ્યાપી રસ છે. એજ એક નિરામય નિરાકાર નિત્ય દેવ છે. ૧

(૩) આત્માશક્તિ. નિરાકાર આત્માનું સામર્થ્યપરમેશ્વર્ય પ્રગટ કરનારી સર્વ ચૈતન્ય રૂપ શક્તિ; ઓંકાર રૂપે આત્માના આશ્રયમાં રહી ઇચ્છા, ક્રિયા, જ્ઞાન, ઉત્પત્તિ, સ્થિતિ, લય એના મહા નિયમોને પ્રવર્તાવે છે.

આત્મજ્ઞાને આત્મા ને તે જ્ઞાનને વિસ્મરણે જગત દેખાડે છે. એજ શક્તિમાં નિર્ગુણ આત્મા અનેક અંશે પ્રતિબિંબિત થઇ દેવાત્મા, જીવાત્મા રૂપે સગુણદેહ ધારણ કરે છે. ૨

(૪) **દેહાંતર**ને વશ છે પ્રાણી માત્ર પોતપોતાના કર્મને લીધે. તે દેવ–દૈત્ય, પિતર–પ્રેત, મનુષ્ય–ભૂત થાય; પશૂ પક્ષી કીટ થાય; વૃક્ષ કે પાષાણ થાય. વળી સ્થિતિયે રાજા કે રાંક થાય, બ્રાહ્મણ કે અંત્યજ થાય ને લાંબે ટુંકે આવરદે કૃતકર્મનો ફળભોગ કરે.

(૫) **મોક્ષ.** દેહાંતરનાં બંધનથી છુટી જીવે (નિર્ગુણ) શિવ કે નરે (સગુણ) નારાયણ થઈ રહેવું સદાકાળ તે.

(૬) **ધર્મ.** વેદોક્ત બોધનું વિધિયે ને શ્રધ્ધાયે જે પાલણ તે. જીવાત્માએ શુધ્ધ થઇ, સ્થિર થઇ પરમાત્મા સાથે યોગ કરવો તે સંબંધી દૃઢ ધરી રાખેલું આચરણ. વિશેષ ધર્મ તે વર્ણના, આશ્રમના, રાજાના, સ્ત્રીના ઇત્યાદિ. ૩

(૭) **આચાર** સત્ય શુચિ ને મર્યાદા; અહિંસા, દયા ને દાન; ઇત્યાદિ. વિશેષ તે ગ્રામાચાર, કુળાચાર. આચાર નિવૃત્તિમાં ને પ્રવૃત્તિમાં. ૪

૧. અંગ્રેજી પેહેલી ચોપડીમાં "ગાયને આત્મા નથી" એ વાક્ય છે તે વિચાર આર્ય બાળકોએ સાચો માનવાનો નથી.

૨. આર્ય તે અનાત્મા શક્તિના નહિ પણ આત્મશક્તિનાજ પૂજક છે. હાલ અનાત્મશક્તિયે આર્યનાં મન હરણ કીધાં છે પણ તે મોહથકી તેઓએ ખસવું જોઇયે. જડશક્તિના સેવક અંગ્રેજી ભણેલાને શુધ્ધિમાં આણવાને મેડમ બ્લાવાટસ્કીનો શ્રમ રૂડો છે, જો કે એની થીઓસોફી આર્યની શુદ્ધસત્વ સ્વરૂપિણી ચૈતનશક્તિને સ્વચ્છ સમજતી ના પણ હોય. વેદે સ્તવેલાં આત્મયોગસામર્થ્યને આગળ ન પાડતાં સ્વામી દયાનંદે રજસ્તમસીબળ, પદાર્થબળનું મહાત્મ્ય કથ્યું એ ઠીક ન કીધું પણ તેમ કરી કેટલાક સુધારાવાળાને વેદ માનતા કીધા એ તેણે ઠીક કીધું.

૩. અગ્રાહ્ય પૂર્ણ આત્માનું દુર્લભ જ્ઞાન પામતાં પહેલાં અંશી દેવાત્માનું યજન અવશ્ય છે. પ્રત્યેક જણ પોતપોતાની પ્રકૃતિને ગમતી ઇષ્ટ દેવતાને સાધે કે તેની પ્રસાદિએ જ્ઞાન પામવાની યોગ્યતા વહેલી મળે. નમન, પૂજન, જપ, ધ્યાન, એમ ઘણા પ્રકારનાં કર્મ છે. પ્રતિમા તે સ્થિર થવાને ઓઠું છે પણ અગત્યનું છે.

૪. અભિમાન રહિત–નમ્રપણું રાખવું એ મોટો સદાચાર છે. હાલ મદ્યપાન ને વ્યભિચાર એ બહુ વધ્યાં છે; મહાપાતક માટે તે તજવાં.

૫. મંડળના સંસારી અર્થલાભનેસારૂ ઉપાય બે પ્રકારના છે–ધર્મકર્મ કરવાં ને વ્યવહારકર્મ કરવાં. પૂરી આસ્થાવાળો ધીર તે ધર્મકર્મજ કરે ને ચલિત અધીર તે વ્યવહારકર્મ કરે ને ધર્મકર્મ પણ કરે. હવે નાસ્તિક તે વ્યવહારકર્મજ કરે. લાભ તો દૈવ તથા તેના ઉદયકાળને અધીન છે અને કર્મ તે દૈવને સહાયભૂત થાય અથવા ન થાય. પ્રયત્ન ઊપરાંત અણધારયા અનુકૂળ યોગ વચમાં આવી પહોંચે તે દૈવવશાત્ હોય અથવા ધર્મકર્મથી મળતી ઇશ્વરકૃપાએ પણ હોય. ધર્મકર્મથી દોષવાળાં કેટલાંક કર્મ નાશ પામે કે જેથી ઇચ્છિત યોગ વહેલો આવે. વળી તે કર્મથી વ્યવહારિક કર્મમાં ભૂલ ન થાય, બુદ્ધિ દૃઢ થાય, યુક્તિ સૂઝે ને કર્મબળ વધે. ધર્મકર્મમાં કાળ ગાળવાથી વ્યવહારકર્મમાં ખલેલ થાય છે એ વિચાર ખોટો છે.

આર્યજને નિત્ય સવારના પહોર સુધી ધર્મનું, પછી સાંજ સુધી અર્થનું ને રાતે કામનું (કુટુંબ મિત્રમાં) સેવન કરવું. અમણા છોકરાઓ ઉઠતાંવારને નિશાળના પાઠ ગોખવા માંડે છે તેમ ન થવું જોઇએ પણ એક કલાક તેઓ સ્વધર્મવિષયનું ભણે ને પછી નિશાળના પાઠ કરે. જેને જેવો લાભ જોઇએ તેણે તે પ્રકારનું અનુષ્ઠાન કરવું કે કરાવવું. મંડળ દુઃખી હોય તો તેમાંના કેટલાક જણે યજ્ઞાદિક કરવાં–મહામારીની શાંતિને માટે કે જોઇતી વૃષ્ટિનેમાટે યજ્ઞ કરેછેજ. મહારાણી કે તેનું કુટુંબ સંકટમાંથી ઉગરવા નિમિત્ત આર્યપ્રજા પાસે સરકાર પ્રભુસ્તવન કરાવે છે. આર્ય પ્રજાએ પોતાના દુઃખનિવારણ પ્રભુને ધર્મકર્મથી વિનવવો. પ્રજાની દાઝ જાણનારો પોતાન નિત્યકર્મને કીધા પછી પ્રજાના કલ્યાણને અર્થે પોતાના ઇષ્ટદેવની પ્રાર્થના કરે. માંદાને સારૂં કરવાને વૈદનું ઓસડ હોય ને ધર્મકર્મ પણ હોય. તેમ નિર્બળ પ્રજાએ સ્થિતિ સારી કરવાને બંને પ્રકારના ઉપાય યોજવા જોઇએ.

૬. સંસારી ઊપાય. નિયમ તો આ રાખવાનો કે આર્યોએ પોતપોતાનાં કુળકર્મ કરવાં પછી કુળને ઉદ્યોગે કુટુંબનિર્વાહ ન થતો હોય તો ઉદ્યોગ બદલવો પણ તેમ કરતાં ઊતાવળ ન કરવી ને નવો ઊદ્યોગ લીધા પછી તેનેજ વળગી રહેવું. થોડે ઉદ્યોગે થોડા કાળમાં બહુ લાભની તૃષ્ણા રાખવી નહિ. ખંતી ઉદ્યોગ ધીરજ સાથે નિયમિત ખરચ રાખતાં કરવાથી લાભ થાય. મોટા લાભને માટે–મોટા કામને માટે ફાંફાં ન મારવાં પણ ધીરજે ઉદ્યોગ કરવો. મોટાઇમાં મોટા ખરચ ન રાખવો કે પ્રસંગે પ્રસંગે તરતના જસને સારૂ ઘેલા થઈ ખરચ ન કરવો. કુટુંબનું ભરણપોષણ

થાય, ધર્મકર્મ થાય તેને માટે ઉદ્યોગ કરવો પણ વૈભવ વધારવાના હેતુથી ઉદ્યોગ કરવો નહિ.

મંડળની અમણાની સ્થિતિ સારી કરવાને પ્રથમ તો જનોએ પોતાની **નીતિ સારી કરવી જોઇએ;** અને દેશકાળનો વિચાર કરતાં નીચે લખેલી નીતિ સૌએ રાખવાની છે.

(૧) **વિલાસ ઉપરથી આસક્તિ ઉડાડવી**—વૈભવસામગ્રીની લલુતા ન રાખવી; વિલાસથી તનમનધનબળ ઘટે ને અર્થસાધનમાં તો બળનું કામ છે.

(૨) "देहंपातयामि" કે "अर्थसाधयामि" એવે નિશ્ચયે પોતપોતાનો ઉદ્યોગ **નિયમે** કરયાં કરવો ને સિદ્ધિનેસારૂ અધીન ન થવું.

(૩) ઉદ્યોગના માર્ગમાં આવતાં વિઘ્ન સંકટ ભયાદિ **દુઃખોને ધીટ થઈ સહન કરવાં** ને તેને નિવારવાને વધારે ઉત્સુક થઈ સમયોચિત્ત વધારે શૌર્ય દાખવવું.

(૪) સંબંધી જનનાં અનેક મત સાંભળી **મનને સંશયી ન કરવું** પણ તેના સારને ઉપયોગમાં લેવો; અને આરંભેલું વચમાંથી મૂકી દેવું **નહિ.**

(૫) મોટાઇ, લજ્જા ન રાખતાં **આશ્રય પણ મેળવવો,** પણ આશ્રયથીજ કાર્યસિદ્ધિ ઇચ્છવી નહી. 'આપ સમાન બળ નહી' એ નીતિનુ સ્મરણ રાખવું.

(૬) માન જસનો વિચાર ન રાખતાં **કર્તવ્યનોજ** લક્ષ રાખવો.

(૭) અધીરતાએ—દીનતાએ, અસાધુપણે—દુરાચારે એટલે **અધર્મે અર્થ સાધવો નહિ.** તે પૂરો સધાય નહિ, સધાય તો ભોગવાય નહિ ને ભુંડી સ્થિતિમાં આણે.

૭. મંડળના સામાન્ય અર્થ, સત્તાધિકાર ને દ્રવ્ય. પ્રથમ વિદ્યા વિષે મંડળના મોટા ભાગની સ્વભાવરૂચિ પદાર્થવિદ્યાકળાભણી નથી પણ પરલોકસાધનવિદ્યા ભણી છે; તોપણ તે વિદ્યાઓનો અભ્યાસ સંસારી લાભનેમાટે કરવાને તેઓ તત્પર છેજ. પણ ભ્રષ્ટ સ્થિતિમાં, ઉદ્યોગ આશ્રયની અછતમાં તેઓ તે વિદ્યામાં પોતાના જસ શું બતાવે? યુરોપની અમણાની વિદ્યાકળાની જાણ માટે અંગ્રેજી ભાષા સારી શીખવી જોઇએ ને દ્રવ્યનો ખરચ કરવો જોઇએ; પણ તે અનુકૂળતા દેશીઓને નથી. અમણા કાલેજોમાં રસાયન, ઉદભીજ, વૈદ્યક, શિલ્પ વગેરે શીખવવામાં આવે છે પણ વિદ્યાર્થીઓ ધંધે લાગ્યા પછી તે વિદ્યામાં વધારો કરી શકતા નથી. યંત્રથી ચાલતાં કારખાનામાં કામ કરનારા દેશીઓ જાણીતા થયા છે પણ

યંત્ર કેમ બનાવવાં એ વિષયમાં તેઓ અજાણ છે. દેશી કારીગીરીને ઉત્તેજન નથી. પરતંત્ર સ્થિતિમાં એમજ હોય, સધાય તેટલું સાધવું. આ કરીએ કે તે કરીએ ને ઇચ્છા તો આ છે પણ પેટનું પ્રથમ કરવાનું છે; શ્રીમંત મૂર્ખ છે ને કામદાર ધુર્ત છે; તોપણ વિદ્યાર્થીએ ગુજરાન જેટલું મળેથી સંતોષે રહી પોતાની રૂચિની વિદ્યામાં વધારો કરવાની ખંત રાખવી.

ધર્મવિષયના ગ્રંથોના ભાષાંતર થવા લાગ્યાં છે એ ઠીક થાય છે પણ કેવળ સંસારી વિષયના જેવા કે વૈદક, શિલ્પ તથા બીજી કારીગીરીના, ગણિત ને જ્યોતિષના, ઇતિહાસ ને રાજનીતિના ગ્રંથ પ્રસિદ્ધિમાં આણવાને પંડિતોએ પરિશ્રમ કરવો. અંગ્રેજી ભણેલાઓએ યૂરોપની પદાર્થવિદ્યાને તેમાં અવસ્યે યંત્ર, શિલ્પ ને રસાયન એ ત્રણનો, નૌકાશાસ્ત્ર ને યુદ્ધકળાનો પરદેશ જઇને ને તેણી તરફની ઇતિહાસકથા તથા રાજનીતિનો ને વૈદકમાંની વાઢકાપની કળાનો અભ્યાસ કરવો. (૨) સત્તાધિકાર, નોકરીમાં ને રાજસત્તાઓમાં દેશીઓનેમાટે તે વિષે લખાયું છે ને વળી લખાશે;— પણ એ વિષયમાં ઉચ્ચ વિચારની પ્રજા અતિશય દુઃખી છે ને સરકારની સ્વલ્પ કૃપાનેમાટે ભારે ઓશીઆળી દીન છે. (૩) રાજકુટુંબ ઇંગ્લંડમાં રહે છે, ત્યાંથી આવતા કારભારી મુદત ભરાયે પાછા ત્યાં જાય છે તેથી દ્રવ્ય અહીં રહેતું નથી; દેશી વેપારીઓ અંગ્રેજી ભણેલા નહિ તેથી અંગ્રેજ આડતીઆ મારફત વેપાર કરે છે ને તે આડતીઆ કેવી રીતે સોદા કરે છે, કેવી રીતે નાણાં પાછાં વાળે છે એ વિષે બેદરકાર છે કે જેથી દેશીઓને જોઇએ એટલો લાભ નથી; ઇંગ્લંડથી આવતા માલનું તકલદીપણું ને તેથી વારેવારે ખરચ કરવાનો; વગેરે કારણથી દેશમાં ધન રહેતું નથી. દેશી વેપારીઓ અહીં રહી સાંચાના કારખાનાં કાટવાને તજવીજો ચલાવે છે. દેશનું દલદર જાય ને દોલત વધે તેના ઉપાયમાં બાધક કારણ કેટલાંક સરકાર તરફનાં છે કે જે ખસે તેવાં નથી પણ દેશીઓએ પોતાની તરફથી જેટલું બને તેટલું કરવું.

પ્રજાને પોતાના ધર્મઅર્થકામનેમાટે રાજ્યસત્તા અનુકૂળ જોઇએ. તે અનુકૂળતા પ્રજા અને સત્તા એ બેના દેશ—જાતિ—સ્વભાવ—નીતિના નિકટ દૂરના સંબંધ પ્રમાણે વધતી ઓછી હોય ; અને **સ્વદેશી સ્વધર્મી સત્તાથીજ પ્રજાને ઉત્તમ સુખ હોય છે.** તેવું સુખ આર્ય પ્રજાએ ભોગવ્યું છે ને તેવું સુખ પાછું મળે તેવી ઇચ્છા કોઇને થતી પણ હોય પણ લાંબે કાળે સંધાય તેવો તે સીધો ઉદ્દેશ મનમાં રાખનારા કોઈ નથી ; તો, તે

વિષે અમારે અવશ્યે વધારે બોલવુંજ શું ? માત્ર અમણાની અવ્યવસ્થાનુ કેટલુંક દુઃખ ઓછું થાય તે વિષે બોલીશું.

૯. પ્રજામાં અવ્યવસ્થા પ્રજાની પોતાની તરફની ને સરકાર તરફની એમ બે પ્રકારની છે. પહેલી વિષે સરકાર નથી કહેતી કે કોરટમાં કજીઆ લેઇ આવો પણ બાપ દિકરા, ધણી ધણીઆણી, સગા ભાઇઓ, હેત પ્રીતે થયલા ભાગીઆઓ કોરટ ચઢે છે; જ્ઞાતિઓમાં તથા કુટુંબોમાં ક્લેશ છે; અરીષ્યા ને મમત, ગજા ઉપરાંત વ્યય ને વ્યસનલંપટપણું, ધનવંત મદે ભરયા ને 'દળદરીને સૂસ્તી ઘણી', ભણેલ સક્કાઈ લુચાઇ કરે ને અભણ તે ભુંડાઈ ધરે,—સર્વ પ્રકારની મર્યાદાનું ઉલ્લંઘન ને મેલું સ્વચ્છંદી આચરણ જોવામાં આવે છે. નક્કી, પ્રજામાં સદાચાર નથી ત્યાં સુધી તેને રાજકીય લાભ પણ થનારો નહિ. પ્રજાએ સદગુણી થવું એ અર્થ પ્રથમ સાધવો જોઇયે કે જેના બળથી બીજા અર્થની પ્રાપ્તિને માટે વધારે બળ આવે.

ઉપાયમાં (૧) **સ્વધર્મ વિષે ભક્તિ** સતેજ થવી જોઇએ કે જેથી પરલોક આલોકનું ખરૂં સુખ તે સમજે કે દુર્ગુણથી થતાં પાપની મુવા પછી સિક્ષા ભોગવવી પડશે ને અહીં પણ દુર્દશા થશે;—દુર્દશા અનુભવે જેટલું સમજશે તેટલું બોધથી નહિ, તોપણ ધર્મશિક્ષકોએ સ્વધર્મે રહી ખંતથી બોધ આપ્યાં કરવો. (૨) મોટા જનોએ પોતાનાં સારાં આચરણથી બીજાઓને દાખલો મળે તેમ કરવું ને એમ કરી ઉઠી ગયલાં જનમતને પાછું પ્રતિષ્ઠિત કરવું. (૩) વાંદરી દારૂ પીધેલી હોય, વીછુઓ દંખ દેત હોય ને વળી ભૂત ભરાયું હોય, તેવી જનમતિ છે પણ તેને મનુષ્યના વિવેકવાળી કરવી જોઇએ; ઠરેલપણું, સંતોષ ને સંપ એથી જે લાભ છે તે ચંચળતા, અસંતોષ ને કુસંપમાં નથી.

૧૦. સરકાર તરફની અવ્યવસ્થા ત્રણ પ્રકારની છે;—અંગ્રેજની નીતિ, અંગ્રેજી રાજ્યની નીતિ ને અહીંની અંગ્રેજી સરકારની નીતિ કેટલીક તે પ્રજાને પરવડતી, કેટલીક ન પરવડતી છે ને કેટલીક વિષે તે નિસ્પૃહ છે. જોઇયે:

(૧) અંગ્રેજી લોક યૂરોપખંડવાસી છે તથા ધર્મે ખ્રિસ્તી છે; યૂરોપવાસીની નીતિ સામાન્યતઃ વિશેષ આ સંસારઅર્થભોગની છે ને મોટું ને ઉત્તમ રાજ્ય કરવું એનેમાટે તેનો પ્રયત્ન છે; રાજનીતિના પ્રકાર ખોળવા પ્રયોજવા એમાં તે ઉદ્યમી છે; જર્મન ખ્રિસ્તી બ્રાહ્મણ છે, ફ્રેંચ ખ્રિસ્તી ક્ષત્રી છે ને અંગ્રેજ ખ્રિસ્તી વૈસ્ય છે ને રૂશિઅન હવે પછી પૂરા જણાશે;

જર્મન રાજસત્તાને, ફ્રેંચ પ્રજાસત્તાને ને અંગ્રેજે તે બે ભેળી સત્તાને શ્રેષ્ઠ સ્થાપી છે; સ્વદેશી સ્વાધીન રાજ્ય કરવું ને રાખવું એ વિષે યૂરોપના લોકની ખંત છે. પ્રત્યક્ષ તેજ સત્ય, પદાર્થવિદ્યાથી લાભ છે, તે પ્રત્યક્ષ છે, ભોગસામગ્રીની વૃદ્ધિ કરવી ને મનુષ્યે બંધુત્વ રાખવું એ વિચાર શ્રેષ્ઠ મનાય છે.*

આર્ય પ્રજા એશિયાખંડવાસી છે ને વેદધર્મી છે; એશિયાવાસી સર્વ લોકની સામાન્ય નીતિ આ સંસારી અર્થભોગને અવશ્યે તુચ્છ માનનારી ને પરલોકના વિચારવાળી છે તેથી રાજ્ય મેળવવા કે સ્વાધીન કરવા વિષે તેનો ખંતી ઉદ્યોગ નથી ; એશિયાના સર્વ લોકે રાજસત્તાનેજ શ્રેષ્ઠ સ્થાપી છે. આર્યપ્રજા પોતાની ચૈતન્યશુધ્ધિ તથા ઇશ્વરજ્ઞાનબળની વૃધ્ધિ ને મનુષ્યથી ઉત્તમ લોકની સ્થિતિ મેળવવાને ઇચ્છે છે—યૂરોપના વૃધ્ધિવિચારનું પરિણામ દારિદ્રય ને શાઠ્ય છે ને તે પ્રત્યક્ષ છે. પ્રાણી માત્રની દયા એ આર્ય વિચાર છે.

અર્થાત્ અંગ્રેજ ને આર્ય એ બેને હળે નહી ને હળતું નથી, પણ પ્રજાના ધર્મ ઉપર કોઇ રીતની જબરદસ્તી નથી તેથી તે પ્રજા તે લોકના સંબંધમાં ઝાઝી નથી. અંગ્રેજો આ દેશમાં થોડા છે તેથી પ્રજાને અગ્રેજની ત્રાસદ સત્તાની પીડા નથી. પછી 'યથા રાજા તથા પ્રજા' તેમ સહવાસ સંગતિયે દેશીઓ સ્વધર્મ ભૂલે ને પછી દુઃખી થાય એ અલાભ થોડો ઘણોતો રહેવાનોજ. આ દેશના દ્રવ્ય ઉપર અંગ્રેજોની મેલી દૃષ્ટિ છે ને કેવળ અર્થબુદ્ધિની ન્યાયનીતિયે વ્યવહારમાં વર્ત્તે છે એટલું ખોટું છે ને તેઓનો ઉદ્દેશ ગમે તેવો હોય તે વિષે લક્ષ ન આપતાં ખંતી ઉદ્યોગ ને નિયમપાલણ એને આર્યપ્રજા શિક્ષણીય માની વખાણે છે.

(૨). ઇંગ્લંડના રાજ્યની નીતિને અનુસરતું અહીંનું અંગ્રેજી રાજ્ય છે ; ઇંગ્લંડના ધારા ઘણાક સ્થાપિત છે ને અહીંના થોડી થોડી મુદતે બદલાતા છે તેથી પ્રજાને ગુંચવાવું પડે છે. ઇંગ્લંડનું રાજ્ય પોતાના આ દેશનાં ઉપરાજ્યને પોતાનાથી છૂટું પાડવાને ઇચ્છતું નથી કારણ કે તેમ થવાથી તેને દ્રવ્ય, માનયોગ્યતા વગેરેમાં હાનિ થાય ; એટલે 'બાદશાહ ત્યાં બજાર'ની નીતિયે આ દેશનું દ્રવ્ય અહીં રહે એમ થાવું દુર્લભ છે. વળી

---

* એમાંના ઘણાક વિચાર અંગ્રેજી ભણેલાઓએ આર્યપ્રજા પાસે મનાવવાને યત્ન કીધો તેથી પણ અવ્યવસ્થા મંડળમાં ઘણીક રીતે થઈ પણ તે અવ્યવસ્થા ટાળવાને ઉપલા વિચાર ટાળવા જોઇએ.

આ દેશની સમૃદ્ધિ તે ઇંગ્લંડના લોકને સારૂ ને અહીંના લોક તંગીમાં રહે એ નીતિ દેશી પ્રજાને અનુકૂળ નથી. દેશમાં મકાનો, કારખાનાં, રેલ-વે, તાર, વગેરેથી, રસ્તાઓની સુધરાઇથી, પોસ્ટ વગેરેની સગવડથી દેશી-ઓને સુખ છે. રાજ્ય પોતાની અંગ્રેજ પ્રજાનો અને દેશી પ્રજાનો ન્યાય ભેદબુદ્ધિયે કરે ને તેમ સ્વભાવે ને સ્થિતિની મોટાઇયે હોય પણ સમાનતા ને દંભે વિષમનીતિ તે દેશીઓને અણગમતી છે.

(૩). અહીંની સરકારના વડા તે ઇંગ્લંડની રાણી સરકારથી નીમાય છે; તેઓ થોડે થોડે વર્ષે બદલાય છે ને પોતપોતાની મતિયે ધારા કરે છે. અભ્યાસ વિનાના દેશીઓને ઘડી ઘડી બદલાતી ચંચળ નીતિ અ-સાવધ ને અલાભ કરનારી છે. દેશી બધી પ્રજાને સમાન ન્યાય આપે છે, ઊંચી કેળવણી આપે છે પણ ઊંચા દરજાની નોકરી નહિ; અહીંની સર-કાર વેપારપ્રકરણમાં પણ ઈંગ્લંડના કારખાનાનો લાભ વધારે જોય છે; ઇંગ્લંડને વાસ્તે અહીંથી ફોજ જાય તેના ખરચમાં અહીંની સરકાર ભાગ આપે; કરવેરાથી ને નોકરી ધંધાની અછતથી પ્રજા હેરાન છે. મ્યુનીસી-પાલીટીઓને કેટલોક હક આપ્યો છે, લોકની તરફથી ને સરકાર તરફથી નીમાયલા એવાની સભા તે વિશેષમતે કારભાર કરે; * ધારા કરનારી સ-ભામાં પણ થોડાક દેશીઓની નામગણના થાય છે પણ તેથી હવે પછી કેટલું સારૂં પરિણામ પ્રજાના હકમાં થશે તે સમય ઉપર આધાર રાખે છે. સરકાર વર્ગમાંના થોડાકનું મત છે કે દેશીઓને પછી તેના હક જાણી કે પોતાની મેહેરબાનીએ ઊંચા ચઢાવવા ને તેઓની ભક્તિએ રાજ્યને સબળ કરવું; કેટલાકનું મત છે કે આંગળી આપતાં પોંચો પકડશે ને રોજ સ-તાવ્યાં કરશે માટે સાવધ રહી આપવું. અને ઘણાકનું મત છે કે પ્રજા વિશ્વાસને પાત્રજ નથી તેને શસ્ત્રે કે દંડબળે ડાબીજ રાખવી જોઇએ. અર્થાત્ સરકારનીતિ કોઈ સમે અનુકૂળ ને કોઇસમે પ્રતિકૂળ થાય છે.

૧૧. એ વિવેચન ઉપરથી દેશી પ્રજાના રાજકીય સુખ વિષે સ-મજવાનું છે. જાન માલની સલામતી, ધર્મ તથા સંસાર વહેવાર પ્રકરણમાં યથેચ્છ વર્ત્તવા વિષે અટકાવ ન હોવો, મુસીબતે પણ છેલીવારે ઘણુંખરૂં

---

* લોકના પ્રતિનિધિઓની મંડળીઓ ને તેમાં વિશેષાનુમત્તને ધોરણે કામ કરવું એ નીતિ દેશીઓને પોતાની નીતિ તથા સ્થિતિમાં હાની કરનારી છે; જો કે તેથી કેટલાક સુધારાવાળા રાજી થયા છે ને તે આદ્ લાજ માટે કે સરકાર કોઈ પણ રીતે દેશીઓની યોગ્યતા જાણે.

ખરો ઇનિસાફ મળવો અને લુખાં પણ માનમાં લાડ એ જાણું જેવાં સુખ ઉપરાંત જે સુખ તેને માટે વીસ વર્ષને માટે પણ નક્કી કેહેવાય નહિ ; સમય જે કરે તે ખરૂં, કેમકે રાજનીતિ સમય સમયની જૂદી એટલે ચંચળ હોય.

લાર્ડ રીપનની ઉદાર નીતિયે કેટલીક રૂડી યોજનાઓ કીધી છે પણ નવો વૈસરાય તે નહિ ફેરવે કે તેમાં વધારો કરશે એની શી ખાતરી ? તેણે કરવેરાની બાબદમાં કેટલાંક બીલ રદ કીધાં છે, દેશી છાપાંને કેટલીક અણઘટતી બંધી હતી તે કાઢી નાંખી ; કેળવણીની હાલત જાણવાને કમીશન કીધું ; દેશી કારીગીરીને કાંઇએક ઉત્તેજન આપ્યું ; દેશીઓને સ્થાનિક કારભાર કરવાનો હક આપ્યો અને તે જ્યુરીસડિકશન બીલ પસાર કરવાને બહુ મથ્યો.

**ઉપાય.** હક શા માટે ન આપે, ન આપે તો સતાવીને પણ લેવા એવી ઐરીશ પ્રજા જેવી આ દેશની પ્રજાની નીતિ નથી ; એ રાજ્ય પ્રકરણની જાથુની ખટપટથી કાયર છે. અગ્રેસરોએ પત્ર કે પુસ્તકદ્વારા વિવેકે કહેવાની રીત રાખી છે તેજ ચાલુ રાખવી—કે ન્યાય ચોખ્ખો થવાથી કરભાર ઓછા થવાથી, રોજીને સારૂ ઘણાક જણ કકળે છે તે બંધ થવાથી ને ઊંચા કારભારમાં સામેલ કરવાથી પ્રજાની પ્રીતિ રાજ્ય તરફ વધશે ને તેજ અડીવેળાએ સરકારને ખરી મદદ કરશે. અગ્રેસરો દરેલ ક્ષત્રીની વૃત્તિ રાખીને સ્પષ્ટવક્તાપણું કરે ; તેઓ પોતાનો અર્થ ન જોતાં પ્રજા સમસ્તના અર્થનો ને સમયની સરકાર નીતિનો અર્થ વિચારી પ્રૌઢપણે વર્ત્તે. ગોરી પ્રજાનો પણ ઇનિસાફ યોગ્યતાવાળો દેશી કરે એ વિષયમાં ગોરી પ્રજાએ સરકાર ઉપર પણ ડાબ ચલાવ્યો ને દેશી પ્રજાને ભાંડી તેવા ઉત્પાતમાં અગ્રેસરોએ પોતાનું ઊંચાપણું દાખી ઉચી બળિષ્ટ રાજનીતિ આગળ પાડવી.

૧૨. પરવિચારમોહિત સુધારો કહે છે મંડળના ઘણા જણનું રાજપ્રકરણમાં મન હોય તો તેથી ઘણો ને વહેલો લાભ થાય ; મંડળ અદૃષ્ટને માને છે ને પ્રયત્ન કરતું નથી તેથી તેને સુખ મળતું નથી ; ખંતી ઉદ્યોગે સરકાર પણ ડરીને હક આપે. જે જ્ઞાન ધર્મે નખોદ વાળ્યું છે તેને હણવો ; અહીંના સુખ સારૂ પ્રયત્ન તેજ પુરૂષાર્થ છે.

પરંપરા કહે છે કે રાજા દેશી વિદેશી કોઇ પણ હોય ને ગમે તેમ તે રાજ્ય કરે, અમારા ભાગ્ય પ્રમાણે અમને સુખદુઃખ મળશે. પ્રપંચની જાળમાં ગુંચવાયાથી ધર્મસેવનમાં ખલેલ પહોંચે ; ધર્મને સારૂ મનુષ્ય જન્મ છે. પરતંત્રતા સ્વતંત્રતા એ કાળને અધીન છે. સરકારની મતિ અતિ

વિપરીત થશે એટલે તે પાપે પડશે; વળી યોગ આવેથી પ્રજા શક્તિપ્રગટી દેશમાં સ્વસ્થતા આણશે. ભુંડા સમયનું પણ દુઃખ સહેવું, તથા લાભ સંતોષે રહેવું ને ઊંચી આશાએ ધર્મ પાલનકરવું.

પૂજ્ય છે પ્રભુનો નિયમ કે ચઢતી પડતી સર્વને છે; જરા તથા નાશને અધીન થવા વિના કંઇ પણ રહેતું નથી; અભિમાની આસુરી સત્તા મોટી સમૃદ્ધિ સાથે વહેલી પડે છે ને અંતે જયી દૈવી સત્તા હોઇને એ ઘણા કાળ રહે છે. સ્થિર થઈ વિવેકે જોવા જેની દૃષ્ટિ ટુંકી તે અદૃષ્ટને ન માને; મંડળને કાળકાળના ઉત્પાતમાં ક્ષેમ રાખનાર જ્ઞાનધર્મ છે; નખોદ વાળવાને તો સુધારો પોતે મથે છે; આર્યધર્મ હણાયજ નહિ કેમકે તે અમર આત્માનો ધર્મ છે. પરતંત્રપણાની પીડાનો મલાવડો અમને નથી; એકલપેટે વૈભવ કરશે તે મહાદળદરી થશે ને સાધુને જે દાસ ગણશે તે પોતાની સઘળી આશા ખોશે. ધીરવીરની યોગ્યતા ઉન્મત્તશૂરેથી અધિકજ છે. વિપત્તિમાં ધૈર્ય, સંપત્તિમાં ક્ષમા ને સર્વ કાળ ધર્મ એજ આર્ય પુરૂષાર્થ છે, અહીંના સુખને માટે પણ.

પરતંત્રપણામાં સ્વધર્મનું રક્ષણ અવશ્ય કરવું. તત્વસત્યાર્થ, તે ઉપરથી સ્થાપિત થયલા ધર્મ ને એને આધારે રચાયલી સંસારવહેવારની નીતિ રીતિ એ સર્વેને બને તેટલે પ્રયત્ને ક્ષેમ રાખવાં, પછી કાળેકાળે ઘસારો થાય તેને તો અધીન થયા વિના છુટકો નહી. પરધર્મી વિચારોના સહવાસથી મતિસ્થિતિ ભ્રષ્ટ થાયજ. દેશાભિમાનની નીતિયે ગમે તેવું નઠારૂં પણ તે આપણું ને વિષમ કાળમાં તેનું પણ અભિમાન રાખવું તો આપણું સારૂં છે તેને કેમ વગોવવું. રાજ્યપ્રકરણમાં મન રમવાથી વાદ વિવાદ, લોભ, સંકોચ, શઠતા એ વધે છે માટે મંડળે દૂર રહેવું, પણ વળી કાર્યપરત્વે તેના પ્રતિનિધિ રક્ષક જે ક્ષત્રી ને એને અભાવે અમણાં મુત્સદીઓએ રાજપ્રકરણમાં મચવું.

આર્ય મહાત્માનો બોધ છે કે ભોગની લલુતા ન કરવી પણ અનાયાસે પ્રાપ્ત થયલો સુખભોગ ભોગવવો. ગીતાનું જ્ઞાન છે કે ફળેચ્છા રાખ્યા વિના કર્તવ્ય કરવાં પણ અમણાના ચંચળ આર્યને માટે ભર્તૃહરિની શીખામણ અહીં લખીશું કે—"ઇચ્છિત ફળ ભોગવવાને સત્ક્રિયા ભગવતીને આરાધ કે જે ખળને સાધુ કરે, મૂર્ખને પંડિત કરે, શત્રુને મિત્ર કરે, પરોક્ષને પ્રત્યક્ષ કરે, વિષને અમૃત કરે ને તત્ક્ષણ તેવી છે;—હે સાધુ ઘણા ગુણને વિષે પ્રીતિ કરી મિથ્યા આસ્થા કરીશ નહિ." સત્ક્રિયા તે ધર્મ વ્યવહાર, અભિલાષે વિષયમાં—

"या साधुंश्च खलान्करोति विदुषो मूर्खान् हितान् द्वेषिणः
प्रत्यक्षं कुरु ते परोक्षममृतं हालाहालं तत्क्षणात्.
तामाराधय सत्क्रियां भगवतीं भोक्तुं फलं वांछितं
हे साधो व्यसनै गुणेषु विपुलेष्यास्थां वृथा मा कृथा"--१
इति द्वितीयोल्लासः

---

ધર્મ તથા અર્થ વિષે કહ્યું; હવે કામ (પ્રેમ—અભિલાખ—કોડ) વિષયમાં થોડુંક બોલીશું.

## ગૃહસ્થાશ્રમ.

(૧) યોગમાયા પરમાત્માને આધારે છે ને એને આશ્રયે જીવોનું પાલન કરે છે. સગુણ કરે છે. સગુણ સર્વેશ્વરના દર્શનમાં દક્ષિણાર્ધ અંગ તે પુલિંગ સ્વરૂપે છે; દેવની મૂર્ત્તિની ડાબી પાસે તેની શક્તિની મૂર્ત્તિ હોયછે.

પુરૂષ સ્ત્રીનો આધાર છે; સ્ત્રીને સૌભાગ્ય તે પુરૂષથીજ છે—'અખંડ હેવાતન' એ આશિશ તેનો સ્વામી જીવતો રહે ને તેના આશ્રયમાં તે ધર્માર્થ કામ પામે. શુભ કર્મ કરવાના પ્રસંગમાં સ્ત્રી પુરૂષની ડાબી પાસે છે.

એ વિચારો હજારો વર્ષ થયાં પળાતા આવેલા તેને મંડળમાંથી કઢાવી નાખવાને સુધારાએ સ્વતંત્રતા ને સમાનતા બોલી બતાવી!

(૨) દેવપિતર મનુષ્ય સંબંધી દેણ આપવાં ને પ્રજાની ઉત્પત્તિયે પરલોકમાં સદ્ગતિની આશા રાખવી એ આર્ય ગૃહસ્થના શ્રમનો ઉદ્દેશ છે. ધર્મને ઉદ્દેશ, વિધિયે લગ્ન કરવાં ને ધર્માચારે રહેવું. ધર્મ રાખવાને અર્થ સાધન છે પણ સંસારી અર્થ સાધવો પણ ધર્મે; અને ધર્મ જે બાધ ન આવે તેમ સંસારી વિલાસ ભોગ પણ કરવો. પુરૂષ સ્ત્રીનો સહવાસ કરે પણ વળી પાછો તેનાથી અળગો થાય અને સ્ત્રી પોતાના બંને લોકના હિતને માટે આશ્રયરૂપ પુરૂષને વળગતી જાય, પણ વળી પછી પોતે પણ ત્યાગ ધરે. બ્રાહ્મણી, ક્ષત્રાણી, વૈશ્યાણી પતિના વાનપ્રસ્થમાં સાથે જતી-પણ સંસારી ભોગ રહિત રહેતી અથવા પતિને પરણે સંસારમાં દેવ યજ નથી ને દેહકષ્ટવાળાં વ્રતથી વૈરાગ વધારતી.

બૌદ્ધજૈનની આરજાઓ ત્યાગનો બોધ કરનારી છે, પણ કેવળ સંસારી અર્થકાળને ઉદ્દેશે ગૃહસ્થાશ્રમ અને આર્ય સ્ત્રીની સ્થિતિ નરસી ક

ની લઇ તેને સારી કરવાની દાઝ અને સ્ત્રીની પ્રસન્નતામાં પોતે પ્રસન્ન રહેવું,-સ્ત્રીજિતપણામાં-સ્ત્રીસેવામાં રાજી રહેવું એ કોડ સુધારાએ જણાવ્યાં!

(૩) કુમારિકાનાં પૂજન, કન્યાદાન, કન્યાએ સધવા થઇ સદવાસનાએ સ્વામીને સેવવો ને વિધવા સ્ત્રીએ મુવા ભર્તારની સદ્ગતિ ને પોતાની પરલોકમાં સારી સ્થિતિ એને માટે બ્રહ્મચર્યે ધર્માચરણ કરવું. પુરૂષ પોતાના ધર્માર્થ કામમાં સ્ત્રીને સહાય રૂપે-સેવક રૂપે-પ્રિયા રૂપે રાખે, તેના અર્થકામને સંતોષે પણ વળી તેની ચંચળવૃત્તિને ઉપર શિક્ષા પણ કરે.

સુધારો ધર્મોક્ત શુદ્ધિ, દાન, પરલોકને માનતો નથી. સ્ત્રી પુરૂષે એકમેકની ઈચ્છાએ લગ્ન કરવાં એમ તે કેહેતો, પણ વળી અમણા તે ચાલતી રીત રાખે છે. બાળલગ્નથી પ્રજા નબળી થાય માટે રજસ્વલા થયા પછી પણ લગ્ન કરવાં એમ કહે છે અને વર્ણભેદ પ્રમાણે વિધવાના લગ્ન થાય તેને સારૂ ઉદ્યમી છે.*

(૪) આર્ય સ્ત્રીયો પોત પોતાના ઘરના ધર્મ માર્ગ પાળે છે; આદિ ચૈતનશક્તિ તથા તેના સ્વરૂપોનાં વ્રત કરે છે; જીવને જન્માંતરો ને પુણ્ય પાપે સ્વર્ગ નરક સુખદુઃખ ભોગવવાનાં છે એ વિચાર રાખે છે; ઈત્યાદિ. ઘરની તથા પ્રજાની વ્યવસ્થા આચાર સાથે રાખે છે ને કુટુંબ જ્ઞાતિના વહેવાર પણ ચોખ્ખા રાખે છે ને એ કામમાં તે સ્વતંત્ર જેવી છે. ગરીબ ઘર સારી રીતે ચલાવી જાણે છે, કુછંદી સ્વામીનું પણ સહન કરે છે, ને સંતોષે રહે છે, વડીલની મર્યાદા પાલે છે; ધણીને જમાડયા વિના પોતે જમતી નથી, રસોઇ કરતાં, સીવતાં ભરતાં જાણે છે, ઉંચ ઘરની કેટલીકને વાંચતાં લખતાં આવડે છે ને ભણેલી નહિ તે પણ પોતાના ધંધાના લેણદેણના હિસાબ સારી રીતે સમજે છે.

સુધારો સ્ત્રીયોને ભણાવવા વિષે બોધે છે તે શીએ ઉપદેશે? ભણ્યા પછી સ્ત્રિયોએ જે કરવાનું તે તો ભણ્યા વિના પણ આર્ય સ્ત્રિયો કરે છે; સંસારી વિદ્યા કળામાં જાણીતી થાય, સ્વતંત્રપણે ઉદ્યોગ કરતી થાય, ટુંકામાં યુરોપનાં દેશની સ્ત્રિયો જેવી વૈભવી થાય એ હેતુ હશે!!

(૫). હાલ પુરૂષ ઉદરનિર્વાહની ચિંતાએ અવ્યવસ્થિત છે; પુરૂષ

---

* અમારૂં મત હવે આ છે કે ધર્માચારે પોતાની ઉંચી માનનારી જ્ઞાતિયોમાં વિધવાલગ્ન ન થવાં. પ્રથમ આપેલાં મતમાં દયા ને આલોક સુખના વિચાર આગળ પડતા હતા ને અમણાના મતમાં શુચિ ને પરલોક તથા આલોકહિતના આગળ પડતા છે.

સ્ત્રિ બંનેનું મન કાળે આણેલા વૈભવ તરફ છે ને તેથી અસંતોષી છે ને તેથી નીતિયે ભ્રષ્ટ છે. નીરાંત તાઢા લોહીનું—સંપનું સુખ આર્ય ઘરોમાંથી ઓછું થાય છે પણ એવી સ્થિતિમાં ગૃહસ્થાશ્રમનો ભાર જેઓને શિર રહ્યો છે એવી જે આર્ય સ્ત્રિયો તેઓએ ધણીની અવ્યવસ્થામાં વૈભવની આસક્તિ તજી વ્રતાદિ ધર્માચરણ પાળવાં.

"વેદોક્ત વચન પાળવું કે નારીને પોતાનો પતિ તેજ દેવ છે માટે કહીં કોઇવાર ને કોઇપણ પ્રકારે તે વિના બીજાને વિષે ભાવ કરવો નહીં." "પતિની સેવામાં રહેવું એજ સ્ત્રીનો સનાતન ધર્મ છે, શુભ ઇચ્છાવાળીએ તે જેવો હોય તેવો સર્વ પ્રકારે સેવવો." અનસૂયાનું કહેવું છે કે "માત્ર સ્વામી સેવાથીજ સ્ત્રી ઇચ્છિત લોકને પામે છે; જેનું ચિત્ત સ્વામીને પ્રસન્ન કરવામાં છે તે તેના પુણ્યનું અર્ધફળ પતિસેવાથી ભોગવે છે." "સ્ત્રીને તેનું શીલજ પાપથકી સદા રક્ષણ કરે છે." પુરૂષે સ્વકીયામાંજ પોતાનું પ્રેમસુખ જોવું, ઉત્તમ સંબંધ તે સ્વકીયાનો, મધ્યમ તે સામાન્યાનો ને કનિષ્ઠ તે પરકીયાનો છે. વ્યભિચાર તે પુણ્યનો ને આયુષ્યનો ક્ષય કરનારો છે.

## શૌર્યના અખાડા.

મોટા દેશમાં ૨૭ વર્ષ થયાં કોઇ રણઅખાડો થયો નથી; તે સરકારનો જશ કહેવાય, પણ પ્રજા પાસે શસ્ત્ર હોત ને એટલો કાળ રણઅખાડો ન થયો હોય તો તે બહુ મોટો જશ દેશ વિદેશમાં મનાત. સરકારી ફોજમાંના થોડાક દેશી સીપાઇઓ આફ્ગાનીસ્તાન ને ઇજીપ્તમાં પોતાના કામથી વખાણ પામ્યા છે. આર્યપ્રજાનો મોટો ભાગ રણથી છેટે રહેનારો છે ને તેની લડનારી જાતિયોના જન કોઇ દેશી રાજ્યની ફોજમાં છે, કોઈ ખેતી કરે છે ને કોઇ બીજા ધંધા કરે છે. મમત મોટાઇના વાદમાં ને સુધારાના બરાડામાં પ્રજાનું શૌર્યદર્શન છે.

## મંડળનું અમંગળપણું.

દેશમાં બખેડા નહિ તે છતાં પ્રજા સુખમાં નથી—સુખના ઉદ્યમમાં નથી, દુઃખી છે. તે પોતાની સ્થિતિ સુધારવાના વિચારમાં ફાંફાં મારતી છે. સંશયનો ધુંધવાટ; સંકોચ ને શોચ; ક્ષુદ્ર કોડ ને ખંધી હોડ, મમતનો વાદ ને ઇંદ્રિયોનો સ્વાદ, નાગપાશી નીતિ ને વિલાસી ભક્તિ, વધતો દુરાચાર ને ઘટતો સદાચાર, લઘુતા બ્રહ્મવિદ્યાની ને ગુરૂતા ભ્રમવિદ્યાની એ અમંગળપણું સર્વત્ર છે.

## ઉપાય.

અધીર પ્રજા મથન કરે, ધીર પ્રજા તપન કરે ને સર્વ પ્રજા સહન કરે પણ શાંતિસુખનો યોગ તે દૈવકાળે થાય. એ મર્યાદા ઇશ્વરી છે પણ અતિ પીડિતને માટે તે યોગ વહેલો આવવો તે કૃપા ઇશ્વરપ્રસાદે થાય એ પણ ઇશ્વિરી નીતિ છે. સર્વ પ્રજાએ અભિમાન મૂકી પોતપોતાના ઇષ્ટદેવતાદ્વારા સર્વેશ્વરનું નિત્ય સ્મરણ કર્યા કરવું. અને અમે આ ઉલ્લાસની સમાપ્તિયે સર્વ અશુભની ભીડ ભાંજનાર ને સર્વ શુભને આપનાર જગતનાં માતપિતાનું શરણ ધરીએ છીએ.

"शरणं तरणेंदुशेखरः, शरणं मे गिरिराजकन्याका
शरणं पुनरेव तावुभौ, शरणं नान्यदुपैति दैवतं"—१.

इति तृतीयोल्लासः

---

વળી મિત્રોની ઇચ્છાએ ચોથો ઉલ્લાસ કરી ગૃહસ્થાશ્રમ વિષે વિશેષ વદીશું.

૧. સ્ત્રી પુરૂષનો બંધાયલો જે નિત્ય સંબંધ પોતાનો વિસ્તાર કરવાને તે ગૃહ; અને તે સંબંધરૂપ ઘરમાં જે પુરૂષ તથા સ્ત્રી તે ગૃહસ્થ તથા ગૃહિણી એ શબ્દે ઓળખાય છે. પરણ્યાં સ્ત્રી પુરૂષે સાથે રહી ઘર ચલાવવું એ તેઓની સ્થિતિ તે ગૃહસ્થાશ્રમ.

મંડળમાં સ્ત્રી પુરૂષની સંખ્યા એકમેકના પ્રમાણમાં હોય તેના ઉપર ાતરે ને તેના પ્રકારપર આધાર રાખે છે; મંડળમાં પરણેલાં જન ઘણાં હોય તે કે થોડાં હોય તે સારૂં; સારા સૈનિક જન વાંઢા કે પરણેલા નીકળે; છડાં છુટાં રહેવામાં સુખ કે પરણી પણતરના બંધનમાં રહેવાથી સુખ; પરણ્યા પુરૂષે સાસરાના આશ્રયમાં નવું ઘર માંડવું કે સ્ત્રીએ પુરૂષને ઘેર જઇ રહેવું કે એ બંનેએ નવું સ્વતંત્ર ઘર માંડવું એ વિષય મંડળીઓમાં ચરચાઓ.

૨. સ્ત્રીપુરૂષે સ્વેચ્છાએ પરણવું ને વડીલની ઇચ્છાએ લગ્ન થવાં એમાં વધારે સારૂં કીઉં? પણતરનો સંબંધ અખંડ સતેજ રહે એ ઉદ્દેશ નીતિ બંને મતે માન્ય રાખી છે. ઉપલાં બે મતમાં બીજું બળિષ્ઠ છે; કેમકે તેમાં પિંડના સુખ કરતાં ઘરને ક્ષેમ રાખવા ઉપર બંનેનો લક્ષ વિશેષ હોય છે, મર્યાદાને વિચારે.

સ્વેચ્છિત લગ્નમાં પ્રેમ, કારણ તથા સાધન હોય છે. પણ પ્રેમ પતંગીઆનો કે દીવામાં ઝંપાવે, પ્રેમ માછલાંનો કે ગલથકી કે જાળથકી વહેલાં મોડાં મરે, પ્રેમ ભ્રમરનો કે ઠામઠામ રસ લે પણ તેને એક ઠામ વધારે વાહાલું હોય. પરસ્પર બને અને ઘર—પ્રજા—વ્યવહારની વ્યવસ્થા સારી રહે એને માટે સ્વતંત્ર મૂળ પ્રેમ કોઇ રીતે સાધન નથી. તેના બગાડાનું મોટું કારણ થાય ખરો. લગ્ન પછી થોડે કાળે સ્ત્રીપુરૂષને પ્રેમ ટાઢો પડે, ઘર ચલાવવામાં તેઓનું મન રોકાય કે પ્રજા થાય કે બંને પ્રેમ તે ઉપર ઠરે એટલે પ્રથમનો પ્રેમ કદાપિ હોય તો તે અપ્રગટ જેવો થઇ રહે છે. વળી સ્વતંત્ર પ્રેમ જ્યારેત્યારે ક્રોધમાં ભરાય તે ઘર કે પ્રજાની દરકાર ન કરે. જે પ્રેમ ચંચળપણું છોડી ઠરીને ચળકે તે ઉત્તમ; પ્રિય પ્રિયામાં જે એક બીજાને માટે પોતાના સુખની હાનિ કરે, પોતે દુઃખ પામી તેની સેવા કરે તે ઉત્તમ પ્રેમ. એવો પ્રેમ સ્વતંત્ર પ્રેમવાળાં પણતરોમાં જુજ કોઇ ઠામે હોય; **વડિલ વિવેકે** પરણેલામાં ઘણે ઘેર હોય. વડીલ પરણાવે છે ત્યાર પછી વહુવરમાં પ્રેમલાગણી ઉપજે છે; વડીલની મર્યાદાએ અંકુશમાં રહેતાં તે લાગણી અધીરી થાય છે પણ વળી મર્યાદાએ ધીરી થાય છે; ને એ રીતે પ્રેમ સુઘડ ને ઠરેલ થાય છે. કદાપિ એકમેકને ન બન્યું તો પણ બંને, કુળની લાજ રાખવાના વિચારથી નિભાવે છે. ને ઘરને ભાંજવાનું સાહસ કરતાં નથી. સ્વતંત્ર પ્રેમમાં સમાનતાને વિચારે અણબેનાવનો સંભવ વધારે છે. વડીલો સંતાનના ભાવિ સુખનો વિચાર કરી પરણાવે છે તેમાં ભૂલ પણ થાય, પણ તરૂણ જનો પોતાના મોહિતપણામાં જે ભૂલો કરે તે ઘણી હોય. સ્વતંત્ર પ્રેમવાળાં ઇચ્છામાં આવે ત્યારે પરણે ને વડીલ જનો રૂઢિ ને સમય સ્થિતિનો વિચાર કરી પરણાવે.

૩. ઘર જો કે પુરૂષ સ્ત્રી બંનેથી મંડાય છે ને બંનેથી ચાલે છે તોપણ તેમાં પુરૂષનું સ્થિતિપદ મોટું છે. તેની બુદ્ધિનીતિ ઉપર ઘરનું મોટપણ તથા સુખ અવશ્ય આધાર રાખે છે; તેને નામે ઘરવ્યવહાર ચાલે છે. તે ઘરરાજ્યનો રાજા છે. સ્ત્રીએ પુરૂષની ઇચ્છાને અનુસરતાં રહી તેના આશ્રયમાં ઘરવ્યવસ્થાનું, બીજાં ઘરો સાથે વહેવાર ચલાવવાનું ને પ્રજા ઊછેરવાનું કામ જે પોતેજ કરવાનું તે કરવું ને પુરૂષના કામમાં પણ સહાય રહેવું.

પ્રેમસ્વભાવમાં પુરૂષ મોહક ને સ્ત્રી મોહિત છે—કઠિણ સુંદરતા કોમળ સુંદરતાને પોતા તરફ ખેંચે છે; પણ કેટલાંક મંડળમાં સ્ત્રી મોહકપણે વર્ત્તે

છે ને પુરૂષ મોહિતપણે ને એમ મૂળસ્વભાવથી વિપરીત વર્ત્તણુકે બનાવ રહે નહીં ને તેથી સમાનતાને વિચારે બંનેએ પોતપોતાનું સમાધાન થવું માની લીધું છે. પુરૂષ સ્ત્રીની બુદ્ધિનીતિ જન્મથી સરખી છે, તેનામાં સ્વાભાવિક દોષ વિશેષ નથી એમ કહેનારા તે પોતાના અનુભવના સત્યને પણ અસત્ય કહેનારા છે; મોહિતપણાંને પણ મગત ધરીને સ્ત્રીબુદ્ધિ ઉપર પુરૂષબુદ્ધિનો અંકુશ હોય તોજ ઘર સારૂં ચાલે; જે ઘરમાં સ્ત્રીનું ચલણ તે ઘર પોતાનો જશ વધારે તો નહિ પણ ઘણોજ ઘટાડે.

૪. વડીલ વિવેકે લગ્ન, મર્યાદા વિવેકવાળો વહુવરનો પ્રેમ, અને પુરૂષની ઇચ્છાને અધીન રહેવું એ સ્ત્રીનો તથા સ્ત્રીપ્રજાને સંરક્ષિત રાખવાં એ પુરૂષનો વિવેક—એ તત્વ એશિયાના ઘણાખરા લોકના ગૃહસ્થાશ્રમમાં ઘણા કાળથી છે ને તેમ આર્યપ્રજાનો ગૃહસ્થાશ્રમ છે (પરલોક સંબંધી તત્વ અમણાં દૂરજ રાખ્યાં છે).

જુના કાળમાં ક્ષત્રીઓમાં કોઈ કોઇ તે પ્રેમેચ્છાએ પરણતા ને તે ગાંધર્વ વિવાહ કહેવાયો છે. ત્રણ પ્રકારની સ્વયંવરની રૂઢિ હતી. વડીલ, રાજકુલોને પોતાને ત્યાં બોલાવે ને તેમાંથી એકને કુમારી પસંદ કરી પરણે; વડીલ કે કન્યા અમુક પ્રતિજ્ઞા કરે ને જે કોઇ તે પૂર્ણ કરે તેની સાથે પરણે; અને કન્યાનું હરણ કરી લઇ જવાનો રાક્ષસવિવાહ હતો જેમાં કોઇ કન્યાને ગમતું ને કોઇને અણગમતું થતું.

૫. વળી શુચિ, મર્યાદા ને અવિભક્તપણું એ આર્ય ગૃહસ્થાશ્રમનાં તત્વ છે; તેનું પ્રગટ દર્શન શુભાશુભ પ્રસંગે કુટુંબોના પરસ્પર વહેવારમાં છે; અને હુતું પ્રૌઢું દર્શન વર્ણવ્યવહારમાં છે. અથવા, વર્ણ—જ્ઞાતિ—ગૃહ—એ ત્રણેનું બંધારણ ઉપલાં તત્વોથી છે.

એ પ્રકરણગ્રંથ વિસ્તારને પામેથી આર્યદર્શન ચોખ્ખું થશે. જુદી જુદી જાતના લોક એક ઠેકાણે આવી રહિ અને એક જાતના લોક એક ઠેકાણે આવી રહી કુટુંબોની વ્યવસ્થા કરે તે બે નીતિ જુદી હોય ને તેમાં બીજી તે આર્યની છે. ઉપર લખ્યા સાત્વિક સદગુણ તે જુની ખાણના હીરા જેવા છે કે જેને સરાણે ચઢાવેથીજ આર્યનું ખરૂં કલ્યાણ થશે. તે હીરા સુધારાને પસંદ નથી; તે નવી ખાણના પાસાદાર બનાવેલા હીરા તરફ મંડળનો રાગ કરાવે છે પણ તેમાં તે ભૂલ કરે છે; કેમકે આર્યના સ્વભાવમાં સંસાર તે અસારજ છે. વિપરીત પ્રકૃતિ થઇ કે પ્રાણ રહે નહિ; ત્યારે આર્ય તે સંસારનેજ સાર માનતો થશે ત્યારે તે આર્યજ નહિ.

સુધારો એકવર્ણ કરવા ઇચ્છે છે પણ સુઘટિત બંધારણ જોતાં તેમ થવાનો સંભવ નથી. તે જ્ઞાતિના બંધન તોડવા મથે છે પણ તે હઠીલી છેઃ યુરોપનાં સંસારબંધન ઘણાં ભુંડાં છે. તે બાળલગ્ન કાઢવાનું કહે છે પણ નથી જોતો કે તે ચાલ ઘણા કાળની છતે પ્રજાએ વીરશ્રી દાખવી છે; ને આજે પણ ઘણાક પ્રાંતની પ્રજા શરીરબાંધામાં સબળીજ છે. તે વિધવાની દાઝ આણે છે પણ તેથી થવાની જે વ્યવસ્થા ને અશુચિ તેનો વિચાર કરે છે? સ્ત્રિયોને ભોગલલુતા વાળી સ્વચ્છંદી કરવામાં લાભ છે? એ સવાલની જરૂર નથી;–યુરોપમાં જેમ થાય છે તેમ અહીં થશે એમ તેનું કહેવું છે. તે જડશક્તિની સંપત્તિ મંડળને આપવા કરે છે પણ મંડળે તો જીવશક્તિની સંપત્તિને શ્રેષ્ઠ માની છે.

૬. આર્ય પુરૂષનું શૌર્ય ધર્માર્થમાં હતું; બ્રહ્મનિષ્ટ બ્રાહ્મણમાં ને ગૌબ્રાહ્મણપ્રતિપાળ ક્ષત્રીમાં; તે પોતાની ધીરવીરશ્રીએ ને ધર્મદાનશ્રીએ આદિ સંપદ્દિમાં પ્રસન્ન રહેતો. આર્ય સ્ત્રીનો સર્વોપરિ યશ તે તેના સતીપણામાં–પતિવ્રતમાં–કુળવધૂપણામાં–શીલમાં હતો. તેણે સર્વસ્વ પતિને અર્પણ કીધું હતું. આર્યનું પ્રેમશૌર્ય સ્વધર્મવિષયમાં.

તેમાંનું આજે કેટલું છે? બહુ થોડું, પણ તે છે; ને સ્મૃતિમાં તો સઘળું છે. પણ વળી સુધારો યુરોપના શૌર્યપ્રેમ દાખી તેની ભક્તિ કરાવવા નિકળ્યો છે! પણ વળી આર્યસ્ત્રીએ પ્રેમની ઉત્તમ નીતિયે પોતાના સઘળા હક સ્વામીને આપી દીધા છે તેનું કેમ?

અમણાની સ્થિતિ: કોઇ ખાવા લેઈ છોકરીને પરણાવે છે–ઘરડાને કે રોગીને; કોઇ સામા આપનારની છોકરી સાથે છોકરાને પરણાવે છે; કહીં કહીં કજોડાં છે. કેટલેક ઘેર એકથી વધારે વહુ હોય છે ને ત્યાં શોકોના કલહ હોય છે; સાસુ નણંદ ને વહુવારૂના અણબનાવ; સાવકાં સરીઆરાના ટંટા હોય છે. કેટલેક ઘેર સ્ત્રિયોને ઘરકામની સૂઝ નહિ, કોઇ છોકરાંને રડતાં રઝલતાં રાખનારી કે અતીસેં લાડ કરનારી છે, ને કેટલીક તે લુગડાં ઘરેણાની વધી ગયલી ઇચ્છામાં કોઇ પણ રીતે તે મેળવવાની જુક્તિ કરે છે. જ્ઞાતજ્ઞાતની કેટલીક રીતિ નઠારી છે જેવી કે ફટાણાંની, રડવા કુટવાની વગેરે. ઉંચી જ્ઞાતિયોમાં ઘણીકને લખતાં વાંચતાં આવડે છે, કોઇ સંસ્કૃત ગીતાભાગવતનો પાઠ કરે છે, જુજ કોઇ તે સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરે છે. કેટલીક સ્ત્રિયો ગીત ગાવામાં ને કેટલીક ઢોલક સાથે ગાવામાં સારી માહિતી ધરાવે છે; સીવવું, ભરવું, રાંધવું તો ઘણીખરીને

આવડે છે. ખેતી, કારીગરી, મજુરી કરનારી જ્ઞાતીમાં બૈરાં ધણીનાં કામથી જાણીતાં થઇને તેને મદદ કરે છે. કોઈ દેવદર્શનના, કોઇ માળાપુજાના નિયમવાળી ને ઘણું કરીને સઘળી વ્રત પાળનારી હોય છે, છોકરીઓ પણ એ પ્રમાણે છે; જે નરસું છે તે કાઢવું ને સારૂં છે તે વધારવું એને માટે અનુકૂળ સ્થિતિ આવેથી પુરૂપ ને સ્ત્રી ઉત્તમ યોગ્યતાવાળાં થશે–સુધારાની યોજનાએ નહિ પણ સ્વધર્મશિક્ષકના બોધથી.

૭. * જ્યાં સત્તાધારી ને પ્રજા જુદી જાતનાં હોય, જ્યાં પ્રજા ધર્મવિચારની સામસામી હોય ત્યાં ગૃહસ્થાશ્રમ વ્યવસ્થિત સુંદર હોય નહિ ને થાય નહિ; તોપણ બનેતેટલો તેને વ્યવસ્થિત રાખવા તથા કરવા ઉપાય આ છે કે **પુરૂષોએ** પોતાની ઉદ્યમશક્તિ વધારવી, વિચાર પાકા કરવા ને સબળી નીતિ આચરવી.

સુધારો કહે છે કે (૧) આર્ય ગૃહસ્થાશ્રમ સારો નથી; (૨) તેને સારો કરવાને પ્રથમ સ્ત્રિયોની સ્થિતિ સારી કરવી; (૩) ને એને માટે તેઓને ભણાવવી.

(૧) કેટલીક નીતિરીતિ નરસી છે તે ઉપરથી માત્ર નહિ પણ આર્ય સંસારનાં તત્વ પરલોક વિચારથી મળેલાં છે ને કેટલાંક સંસારી બંધન ઘણાં સખત છે માટે તે નઠારો છે એમ તે કહે છે. તે જુના વિચાર જાણી લેવાને ઇચ્છિતો નથી, પોતાનો વિચાર મહામંડળમાં કેટલો ચલાવી શકશે તેનો વિચાર કરતો નથી પણ પોતાનોજ કક્કો મનાવવાને મથે છે.

---

* બીજીવારનું આર્યરાજ રજપૂતોના ટંટાથી ને મુસલમાનની જીતથી તૂટયું હતું. મુસલમાની સત્તામાં આચાર્યોએ તથા જ્ઞાતીયોએ આચારનું ને સાધુઓએ ઇશ્વરજ્ઞાનનું રક્ષણ કીધું; રજપૂતોએ તથા મુત્સદ્દીઓએ રાજપ્રકરણમાં બન્યું તેટલું પ્રજાલાભમાં કીધું અને સ્ત્રિયો ઉપર બળાત્કાર થવા લાગ્યો ત્યારે સેંકડો રજપૂતાણી ને બીજીઓએ લાજનું રક્ષણ કરવાને ચિતા પેટવી કે શસ્ત્રથી કે વિપથી આપઘાત કીધા હતા.

અંગ્રેજી સત્તાતળે પ્રજા નિર્ભય ને સ્વતંત્ર છે; પણ અંગ્રેજી વિદ્યા નીતિ વૈભવે પ્રજાને મોહિત કીધી છે; અતિમોહિત તે પ્રજાનું સર્વસ્વ વખોડતાં મંડળમાં પરદેશી પરધર્મી તત્વ ઘુસાડવાને મથે છે ને પ્રજા અવ્યવસ્થિત છે; પુરૂપ કોડીલા તેમજ સ્ત્રીયો પણ કોડીલી થઇને વ્યભિચારમાં ઉતરી છે; દેશ નિર્ધન છે ને દેશીનીતિ નબળી છે; અંગ્રેજી ભણેલા રાજકીય લાભ સરકાર પાસે માગે છે.

(૨) પ્રથમ સ્ત્રીને સુધારવી. સુધારાને યુરોપની વાત ગમતી છે તો અમે પુછીશું કે ત્યાંનાં કીઆ લોકની રાજસ્થાપના સ્ત્રીસુધારાથી થઈ છે? ને કીઆ લોકોએ પરતંત્રપણામાંથી નીકળવાને પ્રથમ સ્ત્રીસુધારો કીધો હતો? કોઈએ નહિ એજ ઉત્તર તેને દેવાનો છે. યુરોપના લોક પોતપોતાની રાજકીય પરાધીનતાથી છુટયા અને પછી ધર્મ તથા રાજ્યવિષયના યુદ્ધોથી પરવાર્યા ત્યારેજ (સ્વસ્થતામાં) તેઓએ સ્ત્રીસુધારાના વિચાર કરવા માંડયા હતા. સ્ત્રી સુધરશે, તેની પ્રજા પરાક્રમ કરશે ને રાજ્યને સ્વાધીન કરશે ને પછી જે ગૃહસ્થાશ્રમ થશે તેનું સુંદર દર્શન થશે; અચ્છી દીર્ઘદૃષ્ટિ!

(૩) સ્ત્રીને ભણાવવી. તેનો ઉદ્દેશ મંડળની પરંપરાની નીતિ ઉછેદવાની છે, તો હવે પોતાની નીતિને અનુસરતું ભણતર કીયું તે ભણાવશે? યુરોપનો સ્ત્રીસુધારો ચાર સ્વરૂપે દેખાય છે—અમેરીકાની કહેશે કે અમે પુરૂષજસના કામને લાયક છીએ ને તે આ જોઈ લો; અંગ્રેજેણ કહેશે કે આપણા હક આપણને મળવાતો જોઇએ ખરા; ફ્રેંચેણ કહેશે કે સમાન હકનો વિચાર તો અમારૂં જીવન છે; અને જર્મનેણ કહેશે કે અમારા હક વિષે અમારા પુરૂષ સમજેછે;—કીઆ મંડળના સુધારાનાં ધોરણ ઉપર સુધારો નવી રચના કરવા ઇચ્છે છે? જે પ્રજા સ્વભાવે તથા કેળવણીએ રણે ખટપટે રાચનારી, જેમાં સંસારી માનનો વિચાર આગળ પડતો ને સ્ત્રિયોને માનમાં રાખવાની પરંપરા તે પ્રજાની નીતિરીતિ આ દેશની પ્રજામાં દાખલ કરવા વિષે શી યોજના કીધી છે? આ દેશની સ્ત્રીઓને કેટલે લગી છુટ આપવાના વિચાર તેણે કીધા છે? સુધારાને સહાયરૂપ ધર્મ આપવાનો તે વળી કીયો? એ વિચાર તેણે કીધાજ નથી; ને એ નક્કી થયા વિના સ્ત્રિયોને કેઇ વિદ્યા શીખવવી એ વિષે પણ નક્કી શું હોય? ઉચ્છેદક સુધારો તો આમજ કહેશે કે પુરૂષની પેઠે સ્ત્રિયો ભણે—ઇચ્છામાં આવે તે ભણે—સ્કૂલ કાલેજમાં ચાલતું ભણતર ભણે, પુરૂષની પેઠે ઉદ્યોગ લે ને શક્તિનીતિના જસ જગતને દેખાડે!

પાંતરીસ વર્ષ થયાં નિશાળો ચાલે છે; તેની સ્થિતિનું અવલોકન અવશ્ય કરવાનું છે. છોકરીઓ પરણ્યા પછી—૧૧ વર્ષની વય પછી નિશાળમાં રહેતી નથી; સ્ત્રીશિક્ષકો છતાં પણ રહેતી નથી ને વિધવા છોકરીઓ પણ આવતી નથી. નિશાળે ભણેલી છોકરીમાંથી મોટી થયા પછી કોઇ વિદ્યા કે ગુણે નામ ગણવામાં જણાઇ નથી. લાંબી મુદત થયાં શિક્ષકોનો વિચાર અમે જાણી લીધો છે કે ઘણીક છોકરીઓએ પોતાના લખવા

વાંચવાને આડે રસ્તે વાપરયું છે ને છોકરીઓને લાયકનું ભણતર શીખવામાં આવતું નથી. ટ્રેનિંગ કોલેજવાળી જે શિક્ષકની નોકરીએ ગુજરાન કરે છે તેમાંથી પણ કોઇ બહાર આવેલી નથી.

કેટલાક સુધારાવાળા પોતાની સગીઓને ભણેલીનું માન અપાવે છે. કેટલાક પુરૂપ ભણેલી સ્ત્રિયો ઉપર આશ્ચર્યથી જોય છે. કોઇ કોઇ તરૂણીઓ પોતાને સુધરેલી કહેવડાવતી હશે પણ તે સ્વરૂપ ઠરેલું નહિ ને સુધરેલી માતા એવું સ્વરૂપ તો હજી હવે દેખાય ત્યારે.

અમારૂં મત સ્ત્રિયો ભણે તેને માટે છે પણ તેઓએ કેઇ કેઇ વિદ્યા ભણવી, તેઓને કેવે પ્રકારે ભણાવવી ને શાળાઓ કેવી જોઇયે એ વિષે યોજના અમે કીધી નથી.

૮. મૂળતત્વ જનાર નથી. નવો રંગ વધતો ઓછો ભળે, રૂપાંતર પામતી સ્થિતિમાં ધોરણ બંધાય નહિ, માટે છે તેનું રક્ષણ કરવું ને રક્ષણ કરતાં તેને સબળ કરવું એજ દેશજનતાને–દેશાભિમાનને–આર્યાભિમાનને–સ્વધર્મને ઇચ્છનારા આર્યપુત્રોનો ધર્મ છે. નિસ્તેજ પણ અમારૂં; અમે અમારૂં ગૃહસ્થાશ્રમસ્વરૂપ અદર્શ થયલું ને તેને બદલે નવું સ્વરૂપ જોવાને ઇછતા નથી. યૂરોપની વિદ્યાનીતિને અમે માન આપીશું પણ પૂજીશું તો અમારીજ વિદ્યાનીતિને ; કાળી બૈરીઓ સાબુ લગાડવાથી ને વસ્ત્રાલંકારથી ગોરી થનારી નથી પણ તે બહારના કાળાપણમાં અંદરનું ગોરાપણું દેખાડે તેવું અમે ઇછીએ છીએ. અમે ચંચળ સુંદરતાને પણ જોઇને રાજી થઇયે પણ વસાવીશું તો ઠરેલ સુંદરતાને. અમે ઘીના સવાદીઆ છૈયે. *

મિસ્રી ખાલદી આજે નથી ; યાહુદી ટોળું સ્વદેશરહિત અહીં તહીં વેરાતું છે પણ મૂળ ધર્મ રાખી રહયું છે; જુના ગ્રીક રોમન આજે નથી ; જુના ઇરાનીનું રહેલું નાનકડું ટોળું આ દેશમાં વાસો કરે છે ; પણ તેઓની સ્વધર્મસ્થિતિ આજના આર્ય કરતાં વધારે ભુંડી છે; ચીનાઓ પોતાની જુની નીતિરીતિ રાખી રહ્યા છે અને આર્યજન તે એક મોટા

---

* યૂરોપીઅનો માંખણના સ્વાદ લગી આવ્યા છે, ઘીનો અનાદર કરે છે પણ ઘીની લેહેજત લેતા થશે (ઝાડપાનના ખોરાક ઉપર આવશે) ત્યારેજ તેઓ અહિંસક થઇ આર્યનું સાત્વિક બળ સુંદરતા જોશે. આર્ય છેક પૂર્વકાળથી ઘીના ભોગી છે. યજ્ઞમાં ઘી હોમી દેવતાને તે આપતા.

થામાં એક ઠેકાણે અનેક ઉત્પાતોમાં પણ પોતાનો સ્વધર્મ રાખી રહ્યા
। રક્ષણબળ સ્તુત્ય નથી એમ કોણ કહેશે?

અને અમે અમારા સંસારી ગૃહસ્થાશ્રમના પરલોકવિચાર સાથે અ
પણ સતેજ જોઇયે છીએ.

૯. રાજ્યમાં ને ઘરમાં સ્વસ્થતાનું સુખ જોઇએ. સ્થિતિ છિ
ન્ન છે: તોપણ ભૂળના બંધારણથી, પરંપરાની રહેણીકરણીથી, પરલો
ખની આશાથી આર્ય ગૃહોમાં શાંતિનું ઉંચું સુખ દેખાય છે. એ
ખને સારૂ મહા ઉદ્યમી યુરોપીઅનો પણ તૃષ્ણા રાખે. આર્ય પોતા
ુસ્થાશ્રમને આ પ્રમાણે બતાવે છે:—આનંદયુકત ઘર, સારી બુદ્ધિવા
ત્ર, કાંતા અપ્રિય ભાષણ કરનારી નહિ, સારા મિત્ર, ધનપણ ખરૂં, પે
ાનીજ સ્ત્રીનો સંભોગ, આજ્ઞાતત્પર સેવકો, મિષ્ટાન્નપાનનો ભોગ, નિ
ાતિથ્ય—દાન, દેવપૂજન ને સાધુનો સંગ ઉપાસવામાં આવે તે ગૃહસ્થાશ્રમ
ન્ય છે.

सानंदं सदनं सुताश्च सुधिय: कांता न दुर्भाषिणी ॥
सन्मित्रं सधनं स्वयोषितिरति श्चाज्ञापरा: सेवका ॥
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे ॥
साधो: संगमुपासते हि सततं धन्यो गृहस्थाश्रम :" १

- इति चतुर्थोल्लास.

## ધર્મજિજ્ઞાસા.

પ્રશ્ન–ધર્મ એટલે શું ?

ઉત્તર–દેશદેશના મહાનુભાવ આત્માઓએ * અજ્ઞાન જીવોનાં કલ્યાણને અર્થે જે નિશ્ચય, નિયમ ને કર્મવિધાન દેખાડયાં હોય તે તથા તે ત્રણેનું જે પાલણ તે ધર્મ.

પ્ર.–એમ તો દેશદેશના ધર્મ જૂદા પડે ને એક દેશમાં પણ અનેક ધર્મ હોય ને કાળકાળના પણ જૂદા થાય?

ઊ.–હા. પણ એક દેશમાંના જે અનેક તેમાં ઘણુંક તો તેનું તેજ હોય; કાળકાળના જૂદા તેમાં પણ કેટલુંક તેનું તેજ હોય; અને દેશદેશના જૂદા તેમાં પણ માનવધર્મરૂપે કેટલુંક તેનું તેજ હોય.

પ્ર.–પણ ત્યારે અનેક ભેદ શું કરવા હોવા? સર્વકાળ સર્વ દેશમાં એકજ ધર્મ કેમ નહિ?

ઉ.–અનેક ભેદ થવા એવી મનુષ્યની પ્રકૃત બુધ્ધિ છે એટલે તે અનિવાર છે.

પ્ર.–જ્યારે જગત્‌ના સર્વે મનુષ્યનો એકજ ધર્મ નજ થાય એવું છે ત્યારે કેટલાક ધર્મના આચાર્ય તથા ઉપદેશક સર્વેનો એક ધર્મ કરવાને મથન શામાટે કરે છે?

ઉ.–મિથ્યા;—અજ્ઞાને માની લીધેલાં કલ્યાણની બુદ્ધિયે, કોડની ઘેલાઈયે કે કીર્ત્તિને લોભે કે દયાને આવેશે.

પ્ર.–એક દેશમાં એક કાળના ધર્મ એક બીજાથી જૂદા પડે ને તેના કરતાં તેજ દેશના કાળકાળના ધર્મ વધારે જૂદા પડે પણ ત્યારે તેજ દેશના સર્વકાળ એકજ ધર્મ એવું હોય કે નહિ?

ઉ.–હોય, ને છેજ; ને એમજ કેહેવાય છે. એક દેશના લોક ઘણીક રીતે સ્વભાવ બુદ્ધિ તથા નીતિરીતિમાં સરખા હોય છે; તેઓ પોતાના

---

* મૂળધર્મના પ્રવર્તાવનારા યોગબળે કે ધ્યાન ધારણાબળે પ્રકાશિત થયલા હોય છે–તેઓએ અંતરપ્રેરિત થઈ પોતાના મંડળને ધર્મબોધ કરેલો ને મંડળે તેને વિશ્વાસે સત્ય માનેલો તથા શ્રદ્ધાએ દૃઢ પાળેલો.

વૃધ્ધોએ પાળેલો ધર્મ ફેરફાર વિના કે થોડોક ફેરફાર કરી પાળે છે; અને એમ વંશપરંપરાના ધર્મ જોતાં તે સર્વ ધર્મોનું મૂળ કોઇ છેક જૂના કાળમાં હોય છેઃ—એટલે કે જૂના કાળમાં જે ધર્મબોધ લોકને મળેલો છે તે ઉત્તરોત્તર કાળમાં થોડા કે ઘણા ફેરસાથે દેશમાં પળાય છે :- એટલે દેશના સર્વલોકનો સર્વકાળને માટે નિત્યધર્મ તો એકજ છે. વળી એક દેશનો નિત્યધર્મ બીજા દેશના નિત્યધર્મથી જૂદો હોય છે માટે દેશદેશના ધર્મ જૂદ કહેવાય છે.

પ્ર.—શું બે ત્રણ દેશમાં એકજ ધર્મ નથી હોતો?

ઉ.—હિંદુસ્થાનના ઘણા લોકનો એકજ ધર્મ છે, ચીનમાં સૌનો એકજ ધર્મ છે અને મધ્યમ તથા પશ્ચિમ.એશિયા ખંડના ઘણાખરા દેશોનો એકજ ધર્મ છે અને યુરોપખંડના સઘળા દેશોનો તથા અમેરિકા ખંડના ઘણાક દેશોનો એકજ ધર્મ છે એમ કહેવાય.

પ્ર.—ત્યારે વર્તમાનમાં આ પૃથ્વિ ઉપર મુખ્ય ધર્મ કેટલા છે?

ઉ.—ઉપર કહેલા પ્રદેશ વિભાગ પ્રમાણે ચાર છે અને તે વેદોક્ત, બૌદ્ધ, મહંમદી ને ખ્રિસ્તી એ નામે ઓળખાય છે.

પ્ર.—એ ધર્મો ક્યારથી પ્રથમ પ્રવર્તમાન થયા?

ઉ.—મહમ્મદી તે સંવત ૬૭૮ માં, ખ્રિસ્તી તે સંવત ૮૨ માં, બૌદ્ધ તે વિક્રમ સંવત પૂર્વે ૪૮૭ વર્ષ ઉપર, અને વેદોક્ત તે અનાદિ છે.*

પ્ર.—જેમ જૂનો તેમ શું વધારે સારો ધર્મ સમજવો?

ઉ.—જે લોકમાં જે ધર્મ ચાલતો હોય તે લોકમાં તે ધર્મનું મૂળસ્વરૂપ સૌથી ઉત્તમ સમજવું.

પ્ર.—ત્યારે તે પ્રમાણે સર્વકાળ મૂળધર્મ કેમ નથી પાળતા?

ઉ.-કાળે કાળે લોકની બુદ્ધિ તથા સ્થિતિ બદલાય છે માટે મૂળધર્મને અનુસરતો એવો સમયનો જે ધર્મ તે ધર્મ તે સમયના લોકોને માટે ઉત્તમ છે. વર્તમાનમાં મૂળધર્મ પ્રમાણે વર્તાયજ નહિં ને તેમ વર્તવા વિષે આ ગ્રંથ ભરયો જે બોધ તે નિષ્ફળ છે.

---

* મહંમદી નેં ખ્રિસ્તી એ બે ધર્મનું મૂળ યાહુદીધર્મમાં છે ને એ પ્રવર્તાવેલો મુસાએ સંવત પૂર્વે ૧૪૩૫ વર્ષ ઉપર. મહંમદી ને ખ્રિસ્તીનાં મુખ્યતત્વ મુસાઇધર્મમાં છે. બૌદ્ધધર્મ વેદોક્તધર્મથી જૂદો છે પણ તેનાં કેટલાંક તત્વો વેદોક્તધર્મમાંનાંજ છે. વળી જરથોસ્તીધર્મ જે ઇરાન દેશમાં પ્રવર્તેલો તેનાં તત્વ પણ વેદોક્તધર્મમાં છે.

પ્ર.–ધર્મ જીવના કલ્યાણનેઅર્થે છે પણ તે મરણ પેહેલાનાં કે પછીનાં કે સદાનાં કલ્યાણને અર્થે છે?

ઉ.–સદાનાંજ કલ્યાણને અર્થે છે અને એમ છે માટે મરણ પેહેલાનાં કરતાં પછીનાં કલ્યાણને અર્થે અવશ્યે ધર્મબોધ હોય છે. વળી એ ધર્મબોધમાં મરણ પેહેલાંનાં કલ્યાણ વિષે પણ બોધ આવે છેજ.

પ્ર.–ઇશ્વરપ્રીત્યર્થે કર્મવિધાન તે ધર્મ અને સંસારવિષયમાં જે નિયમપાલણ તે નીતિ એમ આજકાલ ભેદ પાડવામાં આવે છે તે વિષે આપણું શું મત છે?

ઉ.–અવશ્યે ભેદ રાખવો એવું અમારૂં મત નથી. ધર્મ શબ્દમાં નીતિનો સમાસ થાય છે. પૂર્વકાળમાં નીતિને ઠેકાણે ધર્મ શબ્દ વપરાતો.

પ્ર.–ધર્મવિષયમાં જગત્કર્ત્તા કોઇએક પરમેશ્વરનું અસ્તિત્વ માનવું અવશ્ય ખરૂં કે?

ઉ.–હા અવશ્ય ખરૂં. (બૌદ્ધજૈનધર્મમાં એક પરમેશ્વરનું અસ્તિત્વ નથી તો પણ તેમાં ઉતમ ગતિને પામેલા જીવ પોતાનાં મહાસામર્થ્યવડે જગત્ની ઉત્પત્તિવ્યવસ્થા કરે છે માટે તે ઇશ્વરો મનાય છે).

પ્ર.–વ્યવહારિક ધર્મમાંના કેટલાક, સર્વ મનુષ્યને માટે સઘળાજ ધર્મમાં સરખાજ મોટા મનાવ્યા છે પણ ઇશ્વિરજ્ઞાન વિષયમાં તથા તેની પ્રીતિ મેળવવાનાં કર્મવિધાનમાં બહુજ અંતર છે એ શામાટે વારૂ?

ઉ.–પરોક્ષ વિષયમાં સ્વભાવ બુદ્ધિવરત્વે લોકે જૂદા જૂદા વિચાર કરયા છે. * જૂદે વિચારે જૂદા સિદ્ધાંત ને જૂદે સિદ્ધાંતે જૂદા કર્મ થાય. જરથોસ્તી, યાહુદી, ખ્રિસ્તી ને મહંમદી એમાં અવશ્ય ભક્તિપ્રધાન મનાવી છે અને વેદોક્ત તથા બૌદ્ધમાં **જ્ઞાનનેજ** અવશ્ય પ્રધાન મનાવ્યું છે.

પ્ર.–ભક્તિપ્રધાનધર્મમાં શું કોઇ પુરૂષ જ્ઞાનધર્મના સિદ્ધાંતને માનનારો ન હોય ને હોય તો તેને એ ધર્મમાં લેવાય કે નહિ?

---

* સ્વાર્થ વિષયમાં–શરીર તથા મન શુદ્ધ રાખવાં, સત્ક્રિયાએ ઉદ્યમ કરવો, સુખમાં ફુલાવું નહિ ને દુઃખે ચિડાવું નહિ, ગર્વ કરવો નહિ ને નિત્ય સમાધાન સંતોષમાં રેહેવું. પરાર્થ વિષયમાં–પરોપકાર કરવો, સાચો વ્યવહાર રાખવો ને ન્યાયે વર્ત્તવું. પરમાર્થ વિષયમાં–જગત્કર્ત્તા એક છે ને સત્યસ્વરૂપ તથા મોટા ઐશ્વર્યવાન છે, માટે શ્રદ્ધાયે કર્મ કરી તેની પ્રીતિ મેળવવી. એ, સર્વ ધર્મમાં છે પણ ઇશ્વરનાં સ્વરૂપવિષે, જીવવિષે ને તે એના સંબંધ વિષે દેશદેશના ધર્માધિકારીઓની સરખી પોંચ નથી, જૂદી જૂદી સમજ છે.

ઉ.–હોય પણ તેનાથી તે પળાવો કઠિણ છે. તેને લેવાય પણ જ્ઞાનધર્મને જેવી રીતે પાળવાને તે શક્તિમાન હોય તે પ્રતિનો ધર્મ તે પાળે.

પ્ર.–કોઇ મનુષ્ય પોતાની બુદ્ધિ ઇચ્છાએ પોતાનો પરંપરાનો મુખ્ય ધર્મ છોડી બીજો કોઇ મુખ્ય ધર્મ પાળે તો તેથી તેનું કલ્યાણ છે કે નહિ? કોઇ મોટો સમૂહ પોતાનો મુખ્ય ધર્મ બદલે તો કેમ?

ઉ.–સામાન્યત: આજ ખરૂં છે કે એકનું કે સમૂહનું મુખ્ય ધર્મ બદલવાથી કલ્યાણ નથીજ. મુખ્ય ધર્મમાં રહીને જે કોઇ પોતાના વૃદ્ધનો ધર્મમાર્ગ ટાળી બીજો ધર્મમાર્ગ સ્વીકારે તો તેથી કલ્યાણ થાય પણ જો વળી તે ધર્મમાર્ગ પોતાના સ્વભાવગુણને અનુકૂળ હોય તોજ; પુરતો વિચાર કર્યા વિના ઉદ્ધતપણે કે સ્વાર્થબુદ્ધિયે સ્વીકારે તો અકલ્યાણ છે. સૌએ પોતપોતાની જાતિનો ધર્મ પાળવો* "પારકો ધર્મ સારો વ્યવસ્થિત હોય તોપણ તેના કરતાં અવ્યવસ્થિત સ્વધર્મ શ્રેયકારી છે; સ્વધર્મમાં મરણ પણ શ્રેય છે ને પરધર્મ તે ભયને આણનારો છે."

श्रेयान् स्वधर्मो विगुण: परधमार्त्प स्वनुष्टितात्।
स्वधर्मे निधनं श्रेय: परधर्मो भयावह: ॥ १ ॥

---

પ્રશ્ન–વેદોક્તધર્મમાં એક પરમેશ્વરનો વિચાર નહોતો કે હમણાં એજ વિચાર અવશ્ય આગળ પાડવામાં આવ્યો છે?

ઉત્તર–જ્યારથી વેદ ત્યારથીજ તે વિચાર ચાલ્યો આવે છે; વેદધર્મી લોક એટલે પરમેશ્વર એક છે ને વળી આવે સ્વરૂપે છે એમ જાણનારા જે લોક તે. વેદના ઉપનિષદ્ ભાગમાં તેજ વિષય છે; સંહિતામાં તથા સ્મૃ-

---

* જીવ પોતાના પૂર્વનાં ગુણકર્મપ્રમાણે અમુક દેશલોકમાં જન્મ લે છે, જન્મ લીધા પછી તે સહવાસ સંગતિની બુદ્ધિનીતિપ્રમાણે ઘણુંકરીને પોતાનાજ લોકના જેવો ઘડાય છે, તેમાં વળી જો તે વર્ણવ્યવસ્થાએ અમુક વર્ણમાં મુકાય તો તેના ગુણકર્મ ઘણુંકરીને તો પછી નાજ બદલાય, માટે તેણે પોતાના ધર્મથી ભાવ ઉઠાડવાનું સાહસ કરવું નહિ કોઇ સમૂહ પોતાનો મુખ્ય ધર્મ બદલે કે તેને બદલવો પડે તોપણ તેની મૂળધર્મબુદ્ધિના અંકુર રેહેવાના, પછી તે પરદેશમાં બીજાના સહવાસમાં જઇ રેહે તોપણ. ધર્મ પાળ્યાથી જીવની ઉત્તમ ગતિ થાય છે, ને સ્વધર્મ પાળ્યાથી તે વેહેલી થાય છે; સ્વધર્મનો ત્યાગ કરે તો તે સ્થિતિભ્રષ્ટ પતિત થઈ રેહે ને ફરીથી ઉંચે ચડતાં તેને વાર લાગે.

તિપુરાણમાં એકનુંજ જ્ઞાન વ્યાપ્ત છે ને એકનુંજ જ્ઞાન આપવા માટે અનેક વિષયની યોજના છે. આચાર્યોએ ને પંથના ગુરૂઓએ એકનોજ બોધ કીધો છે. અર્થાત્ પરમેશ્વર એક છે એ આપણા લોકે નવું જાણવા માનવાનું નથી. પણ તે એકના સ્વરૂપનું જ્ઞાન થવું દુર્લભ માટે તેનાં લભ્યસ્વરૂપોને કર્મઉપાસનામાં યોજ્યાં છે; એ અનેકસ્વરૂપ દેવના ઉપર અભ્યાસે આસક્તિ વધી જવાથી લોકને મૂળસ્વરૂપનું સમયે સમયે વિસ્મરણ થાય છે. મુસલમાનોએ આપણા ધર્મને નિંદ્યો ત્યારે વૈષ્ણવ આચાર્યોએ અને કબીર નાનક વગેરેએ એક પરમેશ્વરનું જ્ઞાન સમેજ કરાવ્યું. અંગ્રેજી ભણેલા તરૂણો પણ તેમજ સમજ્યા ને અમોએ વળી માની લીધું કે એજ કારણ છે દેશની પડતીનું ને પછી દેશની ચઢતી કરવાને એકેશ્વરની ભક્તિનો બોધ કાઢયો. ધર્મસંબંધી ચર્ચાએ પરમેશ્વર એક છે એ જ્ઞાન તો પાછું સતેજ આર્ય સમસ્તને થયું છે.

પ્ર.–એક દેવ ને અનેક દેવ એ બધું શું?

ઉ.–ધીરજ રાખ, અમણા એકનીજ વાત કર.

પ્ર.–બીજા ધર્મના લોક આદિદેવને માને છે ને આપણે પણ માનીએ છીએ તો હવે એ વિષયમાં કાંઈ વિશેષ જાણવાનું છે?

ઉ.–હા, બહુ જાણવાનું છે અવશ્ય, તેઓનો આદિદેવ વ્યક્તિવાળો સગુણ છે ને આપણો અવ્યક્ત નિર્ગુણ છે.

પ્ર.–એ વળી શો ભેદ છે?

ઉ.–હું છું–ઇચ્છું છું–કરૂં છું, એવુ જ્ઞાન પોતાને હોવાથી જેનું આપોપુંપોતાપણું સ્પષ્ટ છે તથા જે જગત્‌ની ખટપટ–મનુષ્યનાં કામ સાથે સંબંધ રાખે છે તે તેઓનો આદિદેવ છે; અને આપણો આદિદેવ જગત્ સંબંધી જે ઉપાધિ તે રહિત છે; હું સ્ફુરણ (આપોપું) વિનાનું તથા એની પૂર્વની સ્થિતિમાં જે જ્ઞાન તે રૂપે છે. તે એક, અનાદ્યંત, અપ્રાકૃત, અચંચળ, સઘન, નિત્ય, સર્વવ્યાપી, સૂક્ષ્મ, શાંત, તેજસ, આનંદરૂપ, નિરાકાર, જ્ઞાનતત્વ છે.

પ્ર.–આદિદેવ વિષે સ્વચ્છ કેમ સમજાતું નથી?

ઉ.–તે આપણી મનેન્દ્રિયને અગ્રાહ્ય છે પણ યોગ્ય સાધને ગ્રાહ્ય થઇ અનુભવાય છે; એ સમજવાને પાત્ર કરનાર તે માત્ર એક વેદધર્મ છે, બીજો કોઈ નથી.

પ્ર.–આદિદેવ વિષે સમજાવશો વળી?

ઉ.—ના, અમણા નહિ; ઓળખાવી રાખીશું—"સર્વ ઉત્પન્ન થયલાંને વિષે ગૂઢ રહ્યો છે; સર્વવ્યાપી તથા સર્વ જગત્‌નો અંતરાત્મા છે; પોતે કર્મ ન કરતો છતે જેનેવડે કર્મ થાય છે તથા જેને વિષે કર્મ લય પામે છે એવો અધ્યક્ષ છે સર્વ કર્મનો; સર્વ જગત્ જેમાં મૂળે વાસો કરી રહ્યાં છે તે છે; સાક્ષી; પ્રેરણા કરનારો, નિર્ગુણ, કેવળ એક દેવ છે." "હૃદય કમળમાં સત્યસ્વરૂપ, સર્વ જગત્‌સ્વરૂપ, પરમાત્મા એ સંજ્ઞાએ ઓળખાતો, વાણીએ અગમ્ય, નિત્ય, જ્ઞાનરૂપ એક પ્રમાણપુરૂષ છે તેનું ધ્યાન કરું છું."

एकोदेवोसर्वभूतेषुगूढः सर्वव्यापीसर्वभूतांतरात्मा।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षीचेताकेवलोनिर्गुणश्च॥१॥
हृत्पद्ममध्येपुरुषंप्रमाणंसत्यात्मकंसर्वजगत्स्वरूपं।
ध्यायामिनित्यंपरमात्मसंज्ञंचिद्रूपमेकंवचसामगम्यं॥२॥

---

પ્ર.—અચળ, અકર્મ, નિરાકારત્વ એ કર્મશક્તિ વિના જગત્‌ને કેમ ઉત્પન્ન કરી શકે? ને એ જગત્કર્ત્તા કેમ કહેવાય?

ઉ.—સત્તાધીશ રાજા પોતે કામ ન કરે પણ તેના નિમેલા પ્રધાનાદિજનો કરે તો પણ રાજા કર્ત્તાહર્તા કહેવાય તેમ સત્તાધીશ તત્વદેવ તે જગદીશ્વર જગત્કર્ત્તા કહેવાય. પણ સાંભળ, અચળ તત્વ પણ જડતત્વ નથી જ્ઞાન તત્વ છે; તે પોતાની યોગમાયામાં પ્રતિબિંબરૂપે ઉતરે છે.* અને

---

*જ્ઞાનતત્વ સર્વકાળ સ્વરૂપસ્થિતિમાંજ હોય છે; અને યોગમાયા-ચિત્સ્ફુરણ શક્તિ—ત્રણ ત્રણ સાધારણ કરનારી મૂળ પ્રકૃતિ—જગત્‌ની બીજરૂપ જડશક્તિ જે જ્ઞાનતત્વને આશ્રયે રહી છે તે ઉગે છે, રહે છે, લય પામે છે એમ રૂપાંતર દાખવ્યાંજ કરે છે. લય થયા પછી પણ શેષ રહે છે. આદિતત્વ-બ્રહ્મના એક દેશમાં એમ કેટલાક કહે છે પણ કેટલાક તો કહેછે કે પ્રકૃતિ એ કાંઇ જૂદી શક્તિ નથીજ, માત્ર અજ્ઞાનનો સ્વલ્પ ભાસ છે કે જે મોક્ષ સમયે રહેતોજ નથી. અનેક સ્ફુરણ ઉપડે છે ને લય પામે છે; એકેકમાં મહદ્‌ભૂત ઐશ્વર્ય રહ્યું છે. કોઇ જગતનો કર્ત્તા તે ઇચ્છા પુરૂષના હુનો સત્વગુણ, કોઇનો તે રજોગુણ ને કોઇનો તે તમોગુણ હોય છે; આપણા જગત્‌નો બ્રહ્મા ને નારાયણના હુંનું રજોગુણ સ્વરૂપ છે. નિરાકાર તે સાકાર, વ્યાપક તે મૂર્ત્તિમાન એ કેમ, વિદ્યાશક્તિવાળા જીવ એ શું, અનેક દેવ—જીવ—જગત એ સૌનો એક બ્રહ્મસાથે સંબંધ એકેકનો ને સમૂહનો—એ સર્વે પ્રકરણની અહીં સૂચના કરી રાખવાનું કારણ કે તત્વજ્ઞાન ઉપર આપણો ધર્મ રચાયો છે.

એ સ્વરૂપે તે સગુણ જગદીશ્વર છે; જેમ રાજા કોઈ સમયે પ્રધાનરૂપે થઇ કામ કરે તેમ. એ રીતે અકર્ત્તા તે કર્ત્તા થાય છે. એ ઇચ્છે છે કે હું બહુ રૂપે થાઉં "एकोहंबहुधास्यां "ને એવો આ જગત્‌ની ઇચ્છા કરનારો દેવ નારાયણ છે, ને એ પછી ઉત્પત્તિસ્થિતિલયકર્ત્તા થાય છે ને એમ આ જગતની ઉત્પત્તિ કરનારો દેવ તે બ્રહ્મા છે.

પ્ર.—ખરેખર અદ્‌ભૂત ગહન વિષય છે; એમાં પ્રવેશ કેમ થાય?

ઉ.—અનેક સાધન છે પણ તે ઉપરથી લોકનો ભાવ ખસી ગયો છે તે પાછો બેસવો જોઇયે. તું થોડો કાળ થોડો પણ વિશ્વાસ રાખ પોતાનાથી વધારે જાણીતા ઉપર; ધીરો થઇ સાંભળી લે ને પછી ઠરીને વિચાર કરજે.

પ્ર.—આપણા લોકમાં વર્ત્તમાનમાં મનાતા બ્રહ્મા, વિષ્ણુ, શિવ એને, આદિદેવ સર્વવ્યાપી અચળતત્વના સંબંધમાં કેવી રીતે ઓળખવા?

ઉ.—અવતરણ સ્વરૂપે. આદિદેવ શુદ્ધ નિરાકાર છે પણ ચિત્‌સ્ફુરણે પ્રગટેલા દેવ તે સાકાર છે (પછી કોઈ પણ પ્રકારની સૂક્ષ્મ દેહે ને એ દેવ તે પોતાના સંકલ્પથી સ્થૂલદેહ પણ કરી શકે). સાકાર દેવમાં જ્ઞાનતત્વનો મોટો અંશ હોય છે તેથી આદિદેવે અવતરણ કરેલું જેમાં એવા તે મનાય છે. પૂર્વકાળમાં અગ્નિ, વાયુ, સૂર્ય એ દેવતા મનાતા. દેવતાઓને લોક અવતરણસ્વરૂપે ને જ્ઞાનીઓ તત્વાર્થ લક્ષણાએ જોયાછે. રામકૃષ્ણ એઓએ અસાધારણ અલૌકિક ઐશ્વર્ય દાખ્યું માટે તે પણ અવતાર મનાયા.

પ્ર.—ત્યારે સમાજોના દેવને કેવી રીતે ઓળખવો?

ઉ.—તે દેવની પ્રતિષ્ટા તત્વને દર્શને કે વિવેકે થઈ નથી. તે, જગત્‌ની ઉપાધિરહિત એવો આદિદેવ નથી કે તેનું અવતરણ સ્વરૂપ નથી કે તેનું તટસ્થલક્ષણાસ્વરૂપ પણ નથી.

પ્ર.—તેઓ તેને અનંતગુણ વિશેષણોએ ઓળખાવે છે ને?

ઉ.—ને શું આપણાં અવતરણસ્વરૂપોને તેમ ઓળખાવામાં નથી આવતાં? વિષ્ણુ—શિવ—દેવી સહસ્રનામ પ્રસિદ્ધજ છે. પરધર્મી લોક પણ પોતાના દેવને તેવાં વિશેષણ લગાડે છેજ. વળી સમાજોના દેવમાં કર્તૃત્વ, સત્ય, સામર્થ્ય, ન્યાય, કૃપા એ અવશ્ય બાહાર પાડવામાં આવે છે તેમ આપણા અમુક અમુક સ્વરૂપમાં અમુક અમુક ગુણનું વિશેષ આરોપણ છેજ. સમાજોના દેવસંબંધી વિશેષ ઓળખ શી અપાય? *

---

* આટલી અપાય કે કોઇપણ ધર્મવાળા માન્ય ન કરે તેવો છાયારૂપ ઉટાંગદેવ છે; પછી આર્યસમાજ સંહિતાનો, નવી બ્રહ્મસમાજ તથા પ્રાર્થ-

પ્ર.–અવતરણસ્વરૂપ કલ્પિત કે સત્ય હશે?

ઉ.–કેવળ સત્વ તો એક અચળ જ્ઞાનતત્વ છે. સઘળાં અવતરણ સ્વરૂપ અંતે લય પામે છે એટલે મિથ્યા છે. તોપણ જ્યાંલગી તે ભક્તના ભાવમાં છે ત્યાંલગી તે સત્ય છે ને દૃઢ ભાવે તે સાક્ષાત્ દર્શન દે છે કે અદર્શ રહી કાર્ય કરી પોતાનો અસ્તિત્વની પ્રતીતિ આપે છે.*

પ્ર.–સ્વરૂપોની ઉપાસના શામાટે કરવી?

ઉ.–નિર્ગુણ તત્વનું ચિંતન ચોખ્ખી રીતે જ્ઞાની કે યોગીથીજ થાય, કેટલાક વળી તટસ્થપણાએ કરે પણ પ્રપંચમાં પચેલા લોકથી ને થઇ શકેજ નહિ; વળી આ દેશના રસભર્યા લોકને શુષ્ક ઉપાસના ગમે નહિ માટે †

૧૦૪૮ પ્ર.–પણ ઘણાની શામાટે?

ઉ.–સૌ પોતપોતાની પ્રકૃતિને પ્રિય એવાંનેજ શોધે; પ્રિય સ્વરૂપને ભજતાં મનકામના વહેલી પાર પડે; વળી એકજણ કાર્યવશાત્ બીજાંને પણ સેવે.

પ્ર.–સર્વ લોક અમુક એકજ સ્વરૂપને ભજે તો તે વધારે સારૂં કે નહિ?

ઉ.–હા; ને લોક તેમજ કરે છે. છેક જૂના કાળમાં મુખ્ય ઉપાસના બ્રહ્માની હતી; ને પછી શિવવિષ્ણુની થઇ. લોકનાં ઐક્યને અર્થે અનેક સંપ્રદાય-અનેક મત ને અનેક ઉપાસના છે તો પણ લોક શિવ કે વિષ્ણુ એ બેજ મુખ્ય સ્વરૂપની ઉપાસના કરે છે.‡ ને એ બેમાં પણ કાળે કાળે એકનેજ આગળ પડતો ગણે છે, વિક્રમ સંવતથી તે ૧૨૫૦ સુધી શિવધર્મ પ્રધાન હતો ને પછીથી વૈષ્ણવધર્મ થયલો જે આજ વગોવાય છે.

---

નાસમાજ બુદ્ધિનો, ભલે ભણો; ને વળી પોતપોતાના નિશાણ ઉડાવી તે ઉપર દેખાડો શાંતિઃ શાંતિઃ કે તત્સત્ કે સત્યમેવજયતુ, ઓંકારને આગળ કરીને.

કબીરે નિર્ગુણની તત્વાર્થલક્ષણાએ એક સગુણ રામની ઉપાસના કરાવી હતી અને નાનકે નિર્ગુણને શબ્દલક્ષણાએ ઓળખાવી તેનો બોધ કીધો હતો.

* એકેકા સ્વરૂપમાં દૃઢ બ્રહ્મભાવ ધરેથી બ્રહ્મરૂપ થવાય છે. એ વિષય તે યોગમાયાનડે આત્માના અદ્‌ભૂત કામ છે.

† વેદાંતી જયકૃષ્ણે શંકરાચાર્યના સ્તોત્ર પોતાના મંડળનેમાટે છપાવ્યાં છે તેમાંનાં કેટલાંકનાં નિર્ગુણની ઉપાસના છે. એવી ઉપાસના સર્વ લોકને અનુકૂલ આવે તો બહુ સારૂં પણ તેમ આવેજ નહિ બુદ્ધિભેદે.

‡ બે હોવાનું કારણ કે પ્રથમથીજ બ્રાહ્મણવર્ગ લોકવર્ગથી જૂદો છે જ્ઞાન, સ્વભાવ તથા કરણી રેહેણીમાં, તો તે વર્ગનો મોટો ભાગ લોકનાથી જૂદા ઇષ્ટદેવને માને.

પ્ર.–અનેકની ઉપાસનાથી ધર્મ વધારે અવ્યવસ્થિત નહિ થાતે?

ઉ.–અનેકની પણ વ્યવસ્થાવાળી ઉપાસનાથી જ્ઞાનધર્મ અવ્યવસ્થિત થતો નથી; અનેકની ઉપાસના પરંપરાથી ચાલી આવી છે તે ધર્મ રહ્યો છેજ; સમયે સમયે થોડોઘણો અવ્યવસ્થિત થાય પણ થોડીવાર સત્યધર્મ ખોળતાં તે તેવો થાય તોપણ શું? સમાજ કાઢી બોધ આપનારા તેજ સૌ એકમતના કયાં છે ને કેમ થતા નથી?

પ્ર.–ત્યારે હવે લોકે કયું સ્વરૂપ પૂજવું, કઈ સમાજનો દેવ ભજવો?

ઉ.–વળી ભૂલ્યો? સમયે અવ્યવસ્થા ને સમયે વ્યવસ્થા થવી ક્રમજ છે. અમારૂં મત આ છે કે હજુ થોડાંક વર્ષ સૌએ પોતપોતાનો સ્વતંત્ર વિચાર કરવો; પ્રત્યેક જણે પોતાની શક્તિ નીતિ જેટલી બાહાર કઢાય તેટલી કાઢવી, દુરાગ્રહે નહિ; તોપણ નિર્ગુણ સગુણ વિષે અને શિવ કે વિષ્ણુ કે સમાજોનો દેવ એ ત્રણમાંથી એકને પૂજ્ય માનવા વિષે અવશ્ય ડરીને અંતે વિચાર કરવો.

પ્ર.–એકતત્વની સત્તાએ અનેક સંકલ્પદેવતા ઉત્પન્ન થયા છે અને સગુણ દેવતા તે અચળ દેવના અવતરણસ્વરૂપ છે એ તો મારે નક્કી માનવું કે?

ઉ.–તે તો તું જાણે.

પ્ર.–વળી કહેશો કંઈ?

ઉ.–"આત્મા–ઈશ્વર–સાક્ષી–સ્વયંપ્રકાશ–પોતાને પોતેજ જાણનાર જેને કોઇ પણ વિશેષણ અપાતું નથી, એવું જે પરમ કારણ જગત્નું તેજ હું (વિષ્ણુ) છું, બ્રહ્મા છે ને શિવ છે; કેમકે એ દક્ષ! તેજ હું, ગુણવતી ને આત્મમાયામાં પ્રવેશ કરીને જગત્નું સૃજન, સંરક્ષણ તથા સંહાર કરતાં ક્રિયાને ઘટતું નામ ધારણ કરૂં છું; માટે, હે બ્રાહ્મણ! જે મનુષ્ય સર્વ ભૂતના આત્મારૂપ તથા એકરૂપ એ ત્રણેમાં ભેદ નથી જોતો તેજ શાંતિને (મોક્ષસુખને) પામે છે."

अहंब्रह्माचशर्वश्चजगतःकारणंपरं ।
आत्मेश्वरउपद्रष्टास्वयंदृगाविशेषणः ॥१॥
आत्ममायांसमाविश्यसोहंगुणमयींद्विज ।
सृजन्रक्षन्हरन्विश्वंदध्रेसंज्ञांक्रियोचिताम् ॥२॥
त्रयाणामेकभावानांयोनपश्यतिवैभिदाम् ।
सर्वभूतात्मनांब्रह्मन्सशांतिमधिगच्छति ॥३॥

---

**પ્રશ્ન**–પરમેશ્વર–ઇશ્વરની પ્રાપ્તિને અર્થે કે તેની પ્રીતિને અર્થે સાધન શાં છે?

**ઉત્તર**–જ્ઞાન, ઉપાસના ને કર્મ એ ત્રણ છે. પણ એ ત્રણેનું સત્વ તે વિશ્વાસ–ભાવ–શ્રદ્ધા છે; એ વિના ત્રણે સાધન નિષ્ફળ છે.

પ્ર.–જ્ઞાન તે શું? તેથી ફળ શું ને તે સાધન કોને અનુકૂલ આવે?

ઉ.–બ્રહ્મ ને જગત્–શિવ ને જીવ એ વિષે તથા તત્વો વિષે જાણિ લેઈ કર્મદોષ તથા અજ્ઞાન એથી શુદ્ધ થઇ કર્મબંધન તથા ભ્રાંતિથી છુટવું એ વિષયમાં જે વિવેક વિચાર કરવો તે જ્ઞાન. એથી અંતે ફળ આ કે જીવ વારે વારે જન્મ લેતો અટકે ને સચ્ચિદાનંદ–સદાશિવ–વિષ્ણુરૂપ થઇ રહે. એ સાધન જેનામાં જન્મથી વૈરાગ્યનો અંકુર હોય તેને અનુકૂળ આવે, સૌ લોકને નહિ.

પ્ર.–ઉપાસના તે શું? તેથી ફળ શું ને કોને અનુકૂળ આવે?

ઉ.–નિર્ગુણ બ્રહ્મનું કે તેના કોઇ સગુણ સ્વરૂપનું શરીરની ચેષ્ટા તથા મનની ચંચળતાએ રહિત થઇ એકાગ્રચિત્તે ચિંતન કે ધ્યાન કરવું તે ઉપાસના. એ સગુણ ઇશ્વરની સકામ હોય તો ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ને નિષ્કામ હોય તો વધારે ઉંચી સ્થિતિ; વળી ઉત્તમ હોય તો કેટલીક સિદ્ધિ તથા ઇશ્વરપ્રાપ્તિ. નિર્ગુણની યોગક્રિયાએ જે ઉપાસના તેથી મોટી મોટી સિદ્ધિ ને તત્વદર્શન. ઉપાસનાસાધન નિશ્ચયવૃત્તિવાળાને વિશેષ અનુકૂળ આવે.

પ્ર.–કર્મ તે શું? તેથી ફળ શું ને કોને અનુકૂળ આવે?

ઉ.–સગુણ ઇશ્વરની કૃપાપ્રસાદીને અર્થે, શરીરચેષ્ટા સાથે જે કાંઇ કરવું–કરેલું તે. એથી કર્મના દોષ જાય ને અંતઃકરણ શુદ્ધ થાય. એ સર્વ લોકને અનુકૂળ આવે. જીવની વૃત્તિ જન્મથકીજ કર્મ ભણી છે; મનુષ્યે પોતાની વૃત્તિ સત્કર્મ * ભણી કરવી એ તેનું બીજા પ્રાણીઓથી જુદું ને પોતાનું વિશેષ કર્મ છે; સત્કર્મ તે મનનાં માન્યાં નહિ પણ સ્વધર્મોક્ત કરવાં એ તેનું પુરૂષાર્થ છે. ઉપાસનાને માટે પાત્ર થવાને કર્મ અવશ્ય છે; જ્ઞાનપ્રાપ્તિ થતાં પહેલાં સ્વભાવમનના દોષ કાઢવાને કર્મ અવશ્ય છે; જ્ઞાન વિરાગથી, વિરાગ ભક્તિથી ને ભક્તિ કર્મથી થાય છે.

પ્ર.–ઇશ્વરનું સ્મરણ કરવાને, તેને ભક્તિ અર્પણ કરવાને પ્રસંગે નિત્યને માટે વિહિત કર્મ કિયાં છે?

---

* કર્મ, અસત્કર્મ, સત્કર્મ, જ્ઞાતિકર્મ, આશ્રમકર્મ, નિત્યનૈમિત્તિક કામ્યકર્મ, શુભાશુભ કર્મ ઇત્યાદિવિષે હવે પછી.

ઉ.—સ્નાન, સંધ્યાવંદન, જપ, પૂજન, હોમ.

પ્ર.—સમાજવાળા સ્નાન તે સ્વચ્છતાને માટે છે ને જપ હોમ તે નિરર્થક છે એમ જાણે છે. જગદીશ્વરની કૃપાપ્રસાદીને માટે તેની પ્રાર્થના કરવી એજ ખરૂં સાધન છે ને મૂર્ત્તિ તો નજ પૂજવી એવો તેઓનો હઠી બોધ છે. એ વિષે આપનું શું મત છે?

ઉ.—સ્નાન સ્વચ્છતાને માટે છે એ તો ઠીક પણ વળી સ્નાનથી મન ઉકળાટ ગયે થંડું પડે છે તથાં વ્યગ્રતા ટળે સ્થિર થાય છે—એટલે ઇશ્વરારાધનને આરંભે સ્થિર થવાને પ્રથમ કર્મ છે ને ઇશ્વરસ્મરણ એ પવિત્ર ઉદ્દેશને અર્થે જે સ્નાન તેથી શરીર તથા મનની પવિત્રાઇ છે.* જપ, હોમ, એ યોગ્ય સાધન છે. જપ સમજુ અણસમજુ સૌને માટે છે ને નિત્ય અનુકૂળતાવાળાને માટે છે. પણ બ્રાહ્મણે નિત્ય વૈશ્વદેવ ને સૌએ શુભાશુભ કર્મને પ્રસંગે યજ્ઞ કરવા એ વિનાઃ પૂર્વકાળની પેઠે અગ્નિહોત્ર રાખવાં તથા વારે વારે યજ્ઞો કરવા એને માટે આ સમય નથી.† પ્રાર્થના, સ્તુતિપાઠ, જપધ્યાન, હોમ, જેમ જેને ગમે ને ફાવે તેમ તે કરે. મૂર્ત્તિપૂજન એ સગુણ દેવ પ્રીત્યર્થ સારૂં કર્મ છે; ઉત્તમ નથી. ચિત્તમાં કલ્પેલી દેવની મૂર્ત્તિ સ્થિર ન રહે માટે પ્રતિમાં એમ ન સમજતાં પ્રતિમા એજ દેવ છે એમ સમજવું ને મૂર્ત્તિપૂજન એજ ઉત્તમ ધર્મકર્મ છે એવો મમત ધરવો એ અજ્ઞાન તથા જડશક્તિ છે ને તેથી કલ્યાણ નથીજ. વળી જેઓ કેવળ મૂર્ત્તિના દર્શનનીજ લલુતા રાખે છે તે તો પામર પ્રાણી છે.‡ "સર્વ

---

* સમાજવાળા પ્રભુનું ન્યાયીપણુ પ્રગટ પાડે છે પણ પવિત્રપણુ નહિં; અંતરશુદ્ધિને વખાણે છે પણ એને બાહ્યશુદ્ધિથી ઘણી પુષ્ટિ મળે છે એ વાતને તુચ્છ ગણે છે. વળી આ જાણી રાખવાનું છે કે મુસલમાન મસીદમાં જઇ જોડા કાઢી હાથપગ ધોઇ પછી નિમાજ પઢે છે; આપણા લોક દેરા બહાર ઉભાં રહી દૂરથી દર્શન કરે છે તે પણ જોડા કાઢીને, પણ સમાજવાળા જોડા સાથે લટકતે પગે ઉંચે બેસી પ્રાર્થના કરે છે.

† ગુણ વિશેષણે ઇશ્વર સંબંધી મનમાં જે ઓળખ છાપ તે પણ એક પ્રકારની મૂર્ત્તિ છે એ વિષે સમાજના અગ્રેસર વાંધો લેજ નહિ; પણ દર્ભના ચટ કે ધાતુના દેવતા કે કાષ્ટપાષાણની પ્રતિમા એ પૂજવાની તેઓ ના કહે છે; પણ જ્યારે તેઓ અવતરણ, સ્વરૂપને માનતા નથી, મંત્ર દૈવતે દેવની પ્રતિષ્ઠા થાય છે એ માનતા નથી ત્યારે તેઓ મૂર્ત્તિપૂજનની નાજ ભણે.

‡ વેદમાં અગ્નિ, ઇંદ્ર, વરૂણાદિ દેવતાનું યજન છે એમ જે સઘળા

ભૂતને વિષે રહ્યો એવો જે હું આત્મા-ઇશ્વર તેનું જ્ઞાન રાખી પ્રતિમાને ભજે છે મૂઢપણે તે રાખોડીમાંજ હોમે છે."

योमांसर्वेषुभूतेषुसंतमात्मानमीश्वरं।
हित्वार्चांभजतेमौढ्यात्भस्मन्येवजुहोतिसः॥ १

---

પ્રશ્ન.-વ્રત, તીર્થ, દાન, એ વિષે સમજાવશો?

ઉત્તર-વ્રત એ ઉપાસના અંગનું સંકલ્પ સાથે આચરણ છે. વ્રત અનેક છે પણ તે ત્રણ વર્ગમાં મુકાય-દેવદેવીનાં-જેવાં કે એકાદશી, શિવરાત્રિ, નવરાત્રિ, ; અવતારી પુરૂષસંબંધી-જેવાં કે વામનદ્વાદશી, રામનવમી, જન્માષ્ટમી; અને સદ્ગુણસંબંધી-જેવાં કે સત્યવ્રત, દાનવ્રત, બ્રહ્મચર્યપતિવ્રત, માતાપિતાની સેવા, ઇત્યાદિ. પહેલા બીજા વર્ગનાં વ્રતમાં ઉપવાસ કે ફલાહાર કરવો ને ઉપાસ્યનું ચિંતન કરવું એ આચરણ હોય છે અને ત્રીજા વર્ગના વ્રતમાં હાનિ કે ભયની સ્પૃહા ન રાખતાં દૃઢ નિશ્ચયે અમુક સદ્ગુણનું (સર્વકાળ) પાલણ હોયછે.*

---

ભાષ્યકારોએ કહ્યું છે તે વિષે અમને શંકા નથીજ. પૂર્વકાળમાં વેદાધ્યયન યજ્ઞ એ મુખ્ય કર્મ હતાં, વળી પાર્થિવ તથા બીજી પ્રતિમાનું પૂજન હતુ તોપણ અમણાં જેમ સ્થાપિત દેવનાં અનેક દહેરાં છે તેમ તે કાળે નહોતું; યજ્ઞશાળાઓ ઘણી હતી એમ અમે માનીએ છિયે. બૌદ્ધધર્મે યજ્ઞધર્મને નિંદી મૂર્ત્તિપૂજન વધારેલું તેથી બ્રાહ્મણોએ પણ તે કર્મ સ્થાપિ રાખ્યું એમ અમને લાગે છે. અમણાંના લોકની અપટ સ્થિતિ, ધર્મવિષે અરૂચિ ને વિષયસેવન ઉપર લલુતા એ જોતાં લોકસમૂહને મૂર્ત્તિપૂજન વિના બીજું કોઇ કર્મ અનુકૂળ આવે એવું નથી. માટે નિરાકાર તત્વનાં જ્ઞાનવિના મુક્તિ નથીજ; બ્રહ્મા, વિષ્ણુ, શિવ એ આદિ દેવ પણ અંતે મિથ્યા છે; મૂર્ત્તિયો એ માત્ર ધ્યાન કે સ્મરણને માટે છે; એ આપણાં લોકના નિત્યના વિચાર પણ અમણા અજ્ઞાને વિસ્મૃતિની ગુફામાં પડ્યા છે તે પાછા વિદ્યાબળે બહાર પડી ઊંચે ચઢી પ્રકાશતા થવા જોઇએ-પછી મૂર્ત્તિપૂજા રહો અથવા ન રહો.

* વળી દ્વાદશી (વિષ્ણુપર્વણી), સંક્રમણપર્વ, ગ્રહણપર્વ ઇત્યાદિ તિથિ કાળ પુણ્ય કરવાને છે. ભૂખ્યા રેહેવું કે સ્વલ્પ ફલાહાર તે આટલા માટે કે શરીર હલકું રહે, આળસ ન રહે ને ઇષ્ટનાજ વિચારમાં રહેવાય. ત્રીજા વર્ગના મહાપુરૂષોના દાખલા રામાયણ, મહાભારત ને પુરાણોમાં ઘણા છે. અંગ્રેજી ભણેલા પહેલા બીજા વર્ગનાં વ્રતને માનતાજ નથી પ

પ્ર.–તીર્થ તે શું ને તેનો મહિમા શો?

ઉ.–શરીર મન પવિત્ર થાય તેવાં ઠેકાણાં તે તીર્થ.* નદી સમુદ્ર, ધર્માત્મા સત્પુરૂષના આશ્રમ કે દેવદેહરાં અને માતપિતા (સંબંધ સ્થાન). એકમાં સ્નાને, બીજામાં દર્શને કે સ્મરણે ને ત્રીજાને વિષે સેવાએ પવિત્ર થવાય છે. દેવદર્શન, ધર્માત્માના સ્મરણ તથા કથાશ્રવણ ને ત્યાં મળેલા સાધુસંતનો સમાગમ એથી મન નિર્મળ થાય છે; ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન વિષે સુબુદ્ધિ થાય છે; અને દાનપુણ્ય થાય છે.

પ્ર.–હવે દાન વિષે?

ઉ.–સ્મૃતિકારોએ કલિયુગને માટે દાનધર્મજ પ્રધાન કહ્યો છે. પાત્રને યથાશક્તિ દાન આપવું ને દાન આપીને કહી સંભાળવવું નહિં. વિદ્યાદાન તથા અભયદાન એ ઉત્તમ છે; ને કીર્તિને માટે કે કામ કરાવવાને માટે દાન તે અધમ છે. બહુ લોકનું હિત થાય તેવા સુબોધદાનથી કે પ્રાણ-દાનથી અને કુવા વાવ ધર્મશાળા, સદાવ્રત, પરવ એથી મોટું પુણ્ય ને ઉંચી સ્થિતિ પ્રાપ્ત થાય છે–પછી નિષ્કામ કે સકામ ભાવ હોય તે પ્રમાણે.†

પ્ર.–દીનને, ભૂખ્યાતરસ્યાને, અપંગનિરાશ્રિતને દાન આપવું એ યોગ્ય છે પણ બ્રાહ્મણને દાન ભોજનનો શો મહિમા? સ્વધર્મ નથી જાણતા કે નથી પાળતા તે છતાં તેઓ પૂજાય છે તે તેઓને પોતાને વારસામાં મળેલાં બળે કે લોકને અજ્ઞાને કે બંનેથી?

ઉ.–બ્રહ્મજ્ઞાન, આચાર, વિદ્યા, નિવૃત્તપ્રવૃત્તધર્મનું શિક્ષણ, અયાચકવૃત્તિ સંપત્તિ હોવાથી બ્રાહ્મણ પ્રથમપૂજ્ય ને ઉત્તમદાનપાત્ર છે. અમણાના બ્રાહ્મણો તારા કેવા પ્રમાણે 'બંનેથી' પૂજાય છે પણ યુગ યુગના ધર્મ

---

ટલાક, લોકલાજે કે વડીલને ધાકે કે સ્ત્રિયોની હઠે પાળે છે; તેઓ સદ્ગુણને બહુ વખાણે છે પણ એકના પણ ઉપાસક નથી.

* કેટલાંક તીર્થનાં સ્નાનથી શરીરના બહુકાળના રોગ પણ જાય છે. તીર્થયાત્રાથી સુખદુઃખની અનુભવતુલના થાય છે; અને અનેક લોકના મેલાવડાથી તથા અનેક વસ્તુનાં હાટ ભરાવાથી પણ લાભ થાય છે.

† જે દાન જેવે ભાવે અપાય તેવે ભાવે બીજે જન્મે મળે; ભાવથી આપનાર લેનાર બને સ્વર્ગે જાય છે; માગવા આવનારને કંઇપણ આપવું, કેમકે એમ નિત્ય આપતાં કોઇ સમયે પાત્ર પુરૂષ પણ આવી જાય કે જે દાતારને સર્વ દુઃખથી તારે. અમુક દાનથી અમુક ફલ પ્રાપ્તિ એ વિષે સત્પુરૂષોનાં વચન છે.

જૂદા હોય છે અને કલિયુગના બ્રાહ્મણ પણ ઉતરતા હોય છે માટે તેઓની પાસે પૂર્વજોનું સામર્થ્ય ઇચ્છવું એ મિથ્યા છે: અમણાં પણ શુભાશુભ કર્મ કરાવનારા ને આચારને સ્થાપિત રખાવનારા બ્રાહ્મણજ છે.

પ્ર.—અમુક પુરૂષોને માટે આપ કહો છો તે ઠીક છે પણ હું તો ભૂખે બ્રાહ્મણના સમુદાયને માટે કહું છું.

ઉ.—એ વિષે અમણા આટલુંજ જાણી રાખ કે બ્રહ્માણજાતિ પૂર્વ કાળથી જૂદીજ રહીને ઉંચી મનાતી આવી છે. વિદ્યાચારમાં તે બીજી બધી જાતિથી હજી પણ ઉંચીજ છે. તોપણ, મૂર્ખ અપાત્ર બ્રાહ્મણને દાન કે ભોજન આપવું ને ઘણાને જમાડવા એ તો જમાડનારનો અવિચાર તથા કીર્ત્તિધર્મ છે; મૂર્ખ આળસુને ઉત્તેજન આપ્યાના પાપમાં તે પડે છે.*

પ્ર.—બીજાં સત્કર્મ વિષે બોલશો આજે?

ઉ.—આચારવિષે બીજા પત્રમાં બોલીશું પણ આ પત્રમાં કેહેવા જેવાં કર્મ આ છે કે વેદાર્થના વ્યાખ્યાન, ઊપનિષદવિષયનાં ભાષણ, સ્મૃતિયોના વિષયની ચર્ચા, પુરાણકથા, હરિકીર્તન ને સંતસાધુનો સમાગમ એનો લાભ લેવો કે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનો સુબોધ હૃદયમાં ઠસે.

પ્ર.—ભક્તિ એટલે ભાવે સ્નેહ દેવને અર્પન કરવું તે; પણ વૈરાગ્ય તે?

ઉ.—સંસારવિષયનું સેવન એ પાપ છે, મુવા પછી દુઃખ ભોગવવુંજ છે ને જીવતાં પણ તે દુઃખદ છે એમ સમજી તે ઉપરથી પ્રેમ—રાગ ખસેડી લેવો તે વૈરાગ્ય. (ઇશ્વરપ્રતિ વૃત્તિ કરવાને.) આ સુભાષિતનું સ્મરણ રાખજે:—

गेयंगीतानामसहस्रं ध्येयंश्रीपतिरूपमजस्रं।
नेयंसज्जनसंगातेचित्तं देयंदीनजनायचवित्तं ॥ १ ॥
सुरतटिनीतरुमूलनिवासः शैयाभूतलमातिनवासः।
सर्वपरिग्रहभोगत्यागः कस्यसुखंनकरोतिविरागः ॥ २ ॥

પ્રશ્ન.—વેદોક્તધર્મમાં આચાર કોને કહે છે?

---

* મનુસ્મૃતિ—"ધનવાન ગૃહસ્થે પણ ઘણાને જમાડવા નહિ, તેમ કર્યાથી બ્રાહ્મણનો સત્કાર, દેશકાળની યોગ્યતા, પવિત્રતાને પાત્ર બ્રાહ્મણ મળવાની આવશ્યકતા એનો નાશ થાય છે." દસ લાખ મૂર્ખને જમાડવા તેના કરતાં એક જ્ઞાનીને જમાડવાનું અધિક પુણ્ય છે.

ઉત્તર.–વેદની મર્યાદામાં રહી સત્પુરૂષ જે પદ્ધતિયે પરંપરાથી ધર્મ કર્મ પાળતા આવેલા તે.*

પ્ર.–મુખ્યત્વે કીયા ધર્મકર્મ વિષયમાં આચાર પાળવાનો?

ઉ.–સંસ્કાર, વેદાધ્યયન, દેવકર્મ, પિતૃકર્મ, શૌચાશૌચ, ભક્ષાભક્ષ ને પ્રાયશ્ચિત્ એમાં

પ્ર.–એ કર્મ સૌ લોકોને માટે હતાં?

ઉ.–દ્વિજ માત્રને માટે એટલે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય એ ત્રણે વર્ણને માટે હતાં, શૂદ્રને માટે કેટલાંક નોહતાં.

પ્ર.–ઉપર કહયા તે વિષયમાં વર્તમાનમાં બ્રાહ્મણ વિના બીજા કોઈ આચાર નથી પાળતા ખરૂં?

ઉ.–વેદોક્ત ધર્મ માનનારાં સૌજ આચાર પાળે છે;†–હમણા આચાર સતેજ નથી પણ વળી છેક બળ વિનાનો પણ નથી.

પ્ર.–તે કાળની ને આ કાળની જ્ઞાતિમાં અંતર શો?

ઉ.–પૂર્વે મુખ્ય ત્રણ વર્ણ હતી; ઘણીક શંકર જ્ઞાતિ હતી, ને શૂદ્રની ચોથી વર્ણ કેહેવાતી. હમણા સેંકડો જ્ઞાતિ છે ને એમાંની ઘણીક પોત-

---

* પરંપરાથી ચાલતી આવેલી રીતિ તે આચાર (રૂઢિ)–દેશાચાર જ્ઞાત્યાચાર કુલાચાર. વ્યવહારમાં રીતિ તથા તે પ્રમાણે થતી ક્રિયા એમને આચાર કહેવામાં આવે છે ને એમજ અમે અહીં વાપરયો છે.

† વેદોક્ત કે તેને અનુસરતો ધર્મ માનનારા લોક પંદરેક કરોડ હશે. બ્રાહ્મણ તથા જનોઇવાળી બીજી જ્ઞાતિ મુખ્ય સંસ્કાર હજી કરે છેજ; વેદનું અધ્યયન કરનારા બ્રાહ્મણ હજી છેજ; જનોઇવાળી ઘણીખરી જ્ઞાતિ દેવ પિતરનું અર્ચન વેદોક્ત મંત્રે કરે છે; અને બ્રાહ્મણ તો ભક્ષ્યાભક્ષ્ય, શૌચાશૌચ પ્રાયશ્ચિતનો વિચાર અવશ્ય પાળે છેજ.

જનોઇ વિનાની સઘળી જ્ઞાતિ કેટલાક સંસ્કાર રીત જે રાખવાને પણ કરે છે; વેદાધ્યયન નથી કરતી પણ પુરાણોક્ત ભક્તિ વૈરાગ્યની તથા વેદાંત જ્ઞાનની કથા સાંભળે છે; ખાવાપીવા સંબંધી, સૂતકપ્રાયશ્ચિત સંબંધી થોડા ઘણા નિયમ રાખે છે; અને દેવપિતરના કર્મ તો કરે છેજ.

બ્રાહ્મણમાંથી થતા સંન્યાસી ત્યાગી જોગી (શૈવ), વેરાગી (વૈષ્ણવ) તે પણ કેટલોક આચાર પાળે છે. વૈષ્ણવ બ્રાહ્મણ કે વૈષ્ણવ ક્ષત્રી વૈશ્ય આચારને માટે બહુજ આગ્રહ રાખે છે.

આર્યસમાજ તથા પ્રાર્થનાસમાજવાળા અણગમતો આચાર પણ પાળે છે (પણ નવી બ્રહ્મસમાજે પોતાના જનોઇવાળા પાસે જનોઇ કડાવ્યાં છે અને લગ્નને માટે સરકારમાં નવો ધારો કરાવ્યો છે.)

પોતાની સ્વતંત્ર વ્યવસ્થા રાખે છે; તોપણ બ્રાહ્મણ માત્રની એક અને એઓને પૂજ્ય માનનારા બીજા લોક સમસ્તની એક એમ બે મુખ્ય જ્ઞાતિ ગણાય. હમણાની જ્ઞાતિયોમાં (બ્રાહ્મણની તેમાં પણ) એક બીજા સાથે ખાવાપીવાનો ને બેટી લેવાદેવાનો વ્યવહાર રાખવામાં કઠિણ પ્રતિબંધ છે કે જેવો પૂર્વે નહોતો.

પ્ર.—હમણાના પ્રતિબંધ સકારણ થયેલા શું? એથી હાનિ નથી?

ઉ.—કારણ ધર્મરક્ષણ હતું; પણ ધર્મશિક્ષક નિર્બળ હોવાથી લોકે આચારના દુરાગ્રહમાં ને સંસારી મોટાઇ તથા દ્વેષ મમતમાં તે વધારી દીધા. કઠિણ પ્રતિબંધે લોકનું કલ્યાણ નથીજ.

પ્ર.—વંશપરંપરા જ્ઞાતિભેદ રાખવાની આવશ્યકતા ખરી કે?

ઉ.—હા, મુખ્ય જ્ઞાતિયો પરંપરા જુદી રેહેવી જોઇએ: * પણ વળી સમયે સમયે નવી વ્યવસ્થા થવી ગુણકર્મપ્રમાણે—પ્રત્યેક જ્ઞાતિમાંથી કેટલાક ખસે ને તેમાં કેટલાક નવા આવે. વર્તમાન સમય કઠિણ પ્રતિબંધ તોડવાનો છે માટે હમણા વ્યવસ્થાનો વિચાર કરવાનો નથી.

પ્ર.—વારૂ, આશ્રમ તે?

---

* જ્ઞાનનો સૂક્ષ્મવિષય એવો ધર્મ તથા તેના ઘણાક સ્થલ ભેદ ને એમાં પવિત્રતાની આવશ્યકતા; લોકની પ્રકૃતિબુદ્ધિ પણ ધર્મભણી, દેશ મોટા તથા તેમાં ઘણાક પ્રદેશ; અને લોક ઘણા તથા બહુ બહુ પ્રકારની સ્થિતિ બુદ્ધિના;—એ કારણથી વેદોક્તધર્મનાં નિત્ય રક્ષણને અર્થે તથા તેની સારી વ્યવસ્થાને અર્થે પરંપરાની જ્ઞાતિ અવસ્ય છે. બ્રાહ્મણ જ્ઞાતિ જુદી રહી છે તોજ હજી આર્યપણું રહ્યું છે. ભેદ કેવા પ્રકારનો તથા કેવા પ્રતિબંધનો તો તે અવ્યવસ્થિત સમય વીત્યા પછી લોકનું ધર્માચરણ જેવું દેખાય તેને અનુસરતો;—હમણાના અવ્યવસ્થિત કાળને અંતે બ્રાહ્મણ ક્ષત્રી—વૈસ્ય બુદ્ધિના જેટલા તથા જેવા જણાશે તે પ્રમાણે વર્ણવ્યવસ્થા થશે. જ્ઞાતિભેદ વિષે હજી વધારે બોલાશે.

વિષ્ણુબ્રહ્મચારી કહે છે કે જે વર્ણમાં જે છોકરો જન્મ્યો હોય ને તે વર્ણનો ગુણ તેનામાં નહોતાં તે વર્ણનું કામ કરે તો તે નરસું કરે તથા લોકને અપકારક કરે માટે વર્ણવ્યવસ્થા જોઇએ; માટે છોકરાઓની પરીક્ષા લેઇ બ્રાહ્મણ કે ક્ષત્રી કે વૈસ્ય શૂદ્રના ગુણકર્મનો અંકુર હોય ને તે પ્રમાણે તે તે વર્ણમાં મૂકી તે તે વર્ણના કામનો અભ્યાસ કરાવવો—વર્તમાનમાં પણ એમજ કરવું.

સ્વામી દયાનંદ નિસ્પૃહ રહી એ વિષે એટલુંજ કહે છે કે ત્રણ વર્ણ કહી છે તેમ મનુષ્યની એકજ જ્ઞાતિ છે ને વળી આર્યને દસ્યુ—શૂદ્ર કે વિદ્વાન ને મૂર્ખ એવી બે જ્ઞાતિ પણ કહી છે વેદમાં.

ઉ.–પૂર્વે જનોઇના સંસ્કારથી તે મરણ લગીમાં અમુક કાળે અમુક જે સ્થિતિ રાખવાનો નિયમ હતો તે–બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને સંન્યાસ, એ ચાર આશ્રમ હતા. હમણા વાનપ્રસ્થ કોઇ પાળતું નથી ને સંન્યાસ કોઇ કોઇ બ્રાહ્મણ લે છે.

પ્ર.–ત્યારે બેજ આશ્રમ છે કે હમણા?.

ઉ.–બ્રહ્મચર્યાશ્રમ પણ નહિ જેવો; ગૃહસ્થાશ્રમ માત્ર છે.

પ્ર.–એ વિષે થોડુંક કેહેશો?

ઉ.–પુર્વે બ્રાહ્મણ ક્ષત્રી કે વૈશ્યપુત્ર ધનાઢ્ય કે નિર્ધન, કોઇ પણ ઓછામાં ઓછા બાર વર્ષ વિદ્યાભ્યાસ કરતો ને પછી તે સંસાર માંડતો, હમણાં વિદ્યાભ્યાસ કરાવ્યા વિનાજ છોકરાને પરણાવી દેવામાં આવે છે. પૂર્વનો ગૃહસ્થાશ્રમ વિદ્યા સંપન્નજનનો ધર્મ કર્મ પ્રધાન એવો તથ સાંસારિક ઉદ્યમે સબળજ હતો; હમણાના ઉદરપોષણ કર્મપ્રધાન એવો તથા સગાજ્ઞાતિલાનો વ્યવહારચિંતાએ જાળવવા વિષે નિર્ધન સ્થિતિયે ભુંડો દયામણો છે.

પ્ર.–હવે સંસ્કારિક કર્મ વિષે થોડુ થોડુ સમજાવશો?

ઉ.–संस्कार–શુદ્ધ વેદોક્ત કે તેને અનુસરતો ધર્મ પાળનારો છે. મનુષ્ય, એમ ઓળખવાને કે તે ધર્મ પાળવાની પાત્રના આણવાને જે કર્મ તે *

वेदाध्ययन–જનોઇના સંસ્કાર વિના વેદાધ્યયન કોઇએ ન કરવું કે ગાયત્રી મંત્ર ન જપવો એ શિક્ષાએ હમણા પણ વર્તવું. વળી આ સમય વેદાધ્યયનને માટે નથીજ, લોક પાત્ર નથીજ ને તે ઇચ્છતા પણ નથી.†

देवकर्म–સ્નાને શુદ્ધ થઇ સ્થિર વૃત્તિયે જપ પૂજન સ્તુતિ એ કર્મ કરવાં દેવપ્રીત્યર્થ જે બ્રાહ્મણોએ પોતાનાં નિત્ય કર્મ ઉપરથી શ્રદ્ધા ઉઠાડી તેઓએ તે પાછાં કરતાં થવું.‡

---

* સંસ્કાર રહિત તે અપવિત્ર; 'સંસ્કારે બીજ તથા ગર્ભને લગનાં પાપ ધોવાઇ જાય છે.' વિષ્ણુબ્રહ્મચારી તથા સ્વામી દયાનંદ સંસ્કાર કરાવી લેવાનું કહે છે.

† સ્વામી દયાનંદ કહે છે કે સૌ લોકે વેદાધ્યયન કરવું ને આ સમયમાં પણ.

‡ બ્રાહ્મણ જ્ઞાતિના પુરૂષ પોતાપણું નહિ જાણે ત્યાં સુધી તેઓની પોતાની ને લોકની દુર્દશા રહેવાની. મનુસ્મૃતિમાં વચનો છે કે 'બ્રાહ્મણ ધર્મનું મૂળ છે;' 'ક્ષત્રી બાહુથી, વૈશ્ય શુદ્ર પોતાના ધનથી પણ બ્રાહ્મણ તો કેવળ જપ હોમથી પોતાની પીડા દૂર કરે છે;' 'બ્રાહ્મણનું વડીલપણું, જ્ઞાનથી છે;' 'કોઈ બ્રાહ્મણ જ્ઞાનનિષ્ટ, કોઇ તપમાં મચેલો, કોઇ વેદપાઠી

પિતૃકર્મ—સંતતિનું કલ્યાણ ઇચ્છનાર પિતરરૂપ જીવાત્માપ્રતિ કૃતજ્ઞ વંશજનું જે કર્તવ્ય તે—તર્પણ શ્રાદ્ધ. *

શૌચાશૌચ—(શુદ્ધિ ને અશુદ્ધિ) એ પ્રકરણમાં અહિં સૂચવવા જેવો વિષય સૂતકનો છે. મુવાંનું સૂતક સંબંધીઓએ પાળવું એટલે તેઓના જીવ, શોકગ્રસ્ત, મલીન, અપવિત્ર હોવાથી તેઓએ દેવ પિતરના પવિત્ર કર્મ કરનારાઓએ તેઓનો સ્પર્શ કરવો નહિ.†

ભક્ષ્યાભક્ષ્ય—આટલી વસ્તુ ખાવાપિવામાં લેવી ન લેવી એ વિષે નિયમો હતા;—મદ્ય તો વર્જ્યજ હતો, ને અમુક માંસને માટે પ્રતિબંધ નહોતો. હમણાંને માટે અમારૂં મત આ છે કે મદ્ય તો વેદોક્ત ધર્મ માનનારા કોઇએ પણ વાપરવો નહિ અને માંસ માત્ર ક્ષાત્ર કર્મ કરનારા વાપરે. ‡

---

ને કોઇ કર્મકાંડમાં કુશળ હોય.' વેદમાં વચન છે કે 'બ્રાહ્મણ' "सहस्रशीर्षा" પુરૂષનુ મુખ છે'—સત્વગુણયુક્ત તે છે. ગીતામાં કહ્યું છે કે 'શમ (શાંતિ), દમ (ઇન્દ્રિયદમન), તપ (સ્વધર્મનું અનુષ્ઠાન), શૌચ (પવિત્રતા), ક્ષાંતિ (ક્ષમા), આર્જવ (દંભ નહિ પણ સરળપણું), જ્ઞાન (વિદ્યા), વિજ્ઞાન (નિરાકાર તત્વનું અનુભવજ્ઞાન) અને આસ્તિક્ય (વેદધર્મ ઉપર વિશ્વાસ), એ ૭ ગુણકર્મનો અંશ (થોડો કે ઘણો) બ્રાહ્મણમાં સ્વભાવિક હોય છે. બ્રાહ્મણે 'ભૂદેવ' એ નામ સાર્થ કરવું.

* પિતરરૂપ આત્મા તે દેવતારૂપ આત્મા કરતાં પણ અધિક પવિત્ર છે માટે પિતૃકર્મમાં ઘણીજ પવિત્રાઇ જોઇયે. તર્પણ એટલે જળદાને પ્રસન્ન કરવાને, શ્રાદ્ધ એટલે શ્રદ્ધાયે પુજન કરી તેઓનો આશીર્વાદ 'આયુ, પ્રજા, ધન, વિદ્યા, યશ, સ્વર્ગ, મોક્ષ, સુખ થજો' એ મેળવવો.

† રજસ્વલા, સૂતિકા, શબ એ અપવિત્ર ગણાય છે ને તેનો સ્પર્શ કરનાર અપવિત્ર થાય. મરનારનાં પાસેનાં સંબંધી અપવિત્ર થાય ને વળી તેના મૂળ પુરૂષની વંશશાખાના પુરૂષ પણ અપવિત્ર થાય. સૂતકમાં જીવના સ્વરૂપ તથા તેના સગપણ સંબંધ એ વિષયનો સૂક્ષ્મ વિચાર પવિત્રતાને લગતો છે. સૂતકી જીવે પોતાનું મન સ્નેહ—સંસારમાંથી ખસેડવું—સર્વ નાશવંત છે એમ વિચારી, ઇશ્વર સ્મરણ કરવું. મુછ મુંડાવવી તે એમાં માની લીધેલી શોભાનો ગર્વ મૂક્યો એમ સર્વને જણાવવું—નમ્ર થવુ એ પણ ખરૂં.

‡ મદ્યમાંસથી બળ વધે છે એવી સમજ લોકમાં ફેલાઇને માંસ તેટલું નહિ પણ મદ્યપાન ઉંચી જાતીયોમાં બહુ વધી ગયું. હવે વળી તે સમજ ખોટી હતી એમ વિચાર ચાલે છે. યજ્ઞકાર્યમાં પશુવધ, દેવિને મદ્યમાંસનું નૈવેદ્ય, બ્રાહ્મણ પણ પ્રસંગે મદ્યમાંસ ખાય, ઔષધમાં મદ્ય સેવો, ઇત્યાદિ વિષે ચર્ચા બીજા કોઇ પ્રસંગે.

प्रायश्चित्त—"દુષ્ટ બુદ્ધિનાં આચરણ પાપ ભરયાં હોય છે માટે શુદ્ધ થવાને પ્રાયશ્ચિત્ લેવું; એમ ન કરેથી બીજે જન્મ શરીર ઉપર નઠારાં ચિન્હ જણાશે." "પૂર્વ જન્મમાં તથા આ જન્મમાં કરેલાં પાપને લીધે શરીર ઉપર કોહોડ કે બીજા રોગ કે ખોડ કોઇ હોય તે મટાડવાને પ્રાયશ્ચિત્ કરવું." "સત્ય તથા શ્રધ્ધા પુર્વક પ્રાયશ્ચિત ક્રિયા કરવી."*

પ્ર.—હવે નિત્ય પાળવાના સદ્ગુણ કહી જશો?

ઉ.—કોઇનું કંઇ હરણ કરવું નહિ—ચોરી છિનાળી રંડીબાજી કરવી નહિ, કોઇના જીવની હિંસા કરવી નહિ, માદકપદાર્થ ખાવા નહિ, અસત્ય બોલવું નહિ, જુઠા સમ ખાવા નહિ, વ્યવહારમાં અપ્રમાણિક થવું નહિ, કોઇનું મર્મ ઉઘાડું પાડવું નહિ, સત્ય પાળવું, ધૈર્યવાન થવું, કાયા કષ્ટ હોવાનો અભ્યાસ પાડવો, જીવમાત્ર ઉપર દયા રાખવી, પરોપકાર કરવો, અતિથિને સંતોષવું, ગુરૂ-વડીલની મર્યાદા પાળવી.

પ્ર.—છેલ્લું કહો વદોક્ત ધર્મનું મૂળ શું?

ઉ.—બ્રાહ્મણની આજ્ઞા ને એનું મૂળ તપશ્ચર્યા ને એનું મૂળ આચારે છે.†

आचारात्प्राप्यतेश्रेय्यं आचारात्कर्मालिप्यते।
कर्मणोजायतेज्ञानंमितिवाक्यंमनोः स्मृतं ॥

---

* "બ્રહ્મજ્ઞાન, તપ, ધર્મ, કાર્ય, કાળ, મન, સૂર્ય, વાયુ, જળ, માટી, ગાયનું છાણ એટલા વાનાં દેહધારીને પવિત્ર કરે છે.' 'અણજાણતાં થયલાં પાપને માટે થોડું ને ઇચ્છાથી થયલાને માટે વધારે પ્રાયશ્ચિત્ છે.' 'નરસાં કર્મનો પ્રશ્ચાત્તાપ થાય ને પ્રાયશ્ચિત લે તોજ પાપથી છુટાય.' 'વિદ્વાન અપરાધને ક્ષમા કરવાથી, અયોગ્ય કામ કરનાર દાનથી, જેનાં પાપ છાનાં રહેલાં તે જપથી ને વેદ ભણનારા તપશ્ચર્યાથી પવિત્ર થાય છે.' 'બ્રાહ્મણ પોતાનો અપરાધ પ્રસિધ્ધ સભામાં પ્રકટ કરે તો તે દોષથી મુકાય.' ગોહત્યા, બ્રહ્મહત્યા ગુરૂતલ્પગનું પાપ, મદિરાપાન એ મહા પ્રાયશ્ચિતનાં કર્મ છે.

બ્રહ્મઘાતી તે ક્ષય રોગી, ચાડિયા ને નાકમાં ફોલ્લા, સુરાપાનીના દાંત કાળા, વ્યભિચારીને ઇંદ્રિય રોગ એ પ્રમાણે બીજા નરસા કર્મને લીધે આંધળા, લુલા બહેરા મુગાં થાય છે.

† 'તપોબળે બ્રહ્માએ વેદધર્મ રચ્યો ને તપોબળે ઋષિયોએ વેદનુ જ્ઞાન મેળવ્યું; દેવ ને મનુષ્યનાં સર્વ સુખનું મૂળ તપમાં રહ્યું છે;' 'નાના પ્રકારની સમૃદ્ધિ તપોબળેજ મલે છે.' 'દુસ્તર દુર્લભ તે તપથી સાધ્ય થાય છે;' 'તપ એ કર્મ કરયાં સમાન છે, તે બ્રાહ્મણને જ્ઞાન, ક્ષત્રીને રક્ષણ, વૈશ્યને ધંધો ને શૂદ્રને સેવા છે.'

**જિજ્ઞાસુ**–આપે જે જે કહ્યું તેથી થોડાક સંશય મટ્યા ને આપણા ધર્મવિષે કેટલીક મને નવી જેવીજ જાણ થઇ; પણ હજી ઘણા સંશય છે, તેમાંના કોઇ કોઈ આગળ કરૂં આજે?

**સુજ્ઞ**–ના, તે પછી; જીવ વિષે થોડુંક સાંભળી લે. દેહનાં અમુક તત્વનાં સંયોગીકરણથી ઉત્પન્ન થયલો એવો જીવ નથી, તેમ દેહના નાશની સાથે જીવનો નાશ નથી; પણ દેહના મૂળ તત્વમાં–જગત્‌ની બીજશક્તિના પ્રસ્તારમાં પ્રતિબિંબરૂપ જે ચિદંશ છે પરમાત્માના તે જીવ છે; વસ્તુતઃ જીવ દેહથી જૂદોજ છે.* જીવ દેહના સંબંધમાં હોય, દેહ વિના કર્મ કરી શકે નહિ, કર્મપ્રમાણે નવા નવા દેહ ધારણ કરે એમ તેને સર્જિત છે; વળી સ્વરૂપનું જ્ઞાન પામવે, ઇચ્છિત દેહ ધારણ કરવે, દેહરહિત હોવે સમર્થ પણ તે થઇ શકે ખરો. જીવ સત્કર્મે દેવ પિતરાદિ તથા મનુષ્યદેહ પામે છે અને અસત્કર્મે પશુ કીટ વનસ્પતિ ને સ્થાવર એવી દેહ લે છે; વળી અનેક જન્માંતરે શુદ્ધ તથા જ્ઞાની થઈ પરમ કલ્યાણપદને પામે છે.

જિ.–જીવસંબંધી કથા અદ્‌ભુત છે!

સુ.–વૈદિક અને બૌધ્ધ તથા જૈન એ ત્રણે ધર્મની એક સરખી વાણી છે કે જીવ કર્મ પ્રમાણે જન્માંતર કરે છે તે તત્વજ્ઞાને કર્મ રહિત થઈ પરમ સુખપદે ઠરે છે.

જિ.–જીવે અંતે નિત્ય કલ્યાણપદે ઠરવું એજ મોક્ષ કે?

સુ.–હા; સર્વ દ્વૈતભ્રાંતિથી ને કર્મબંધનથી ને જન્મમરણાદિકના દુ-ખથી છુટવું તે મુક્તિ ને તેવી જે સ્થિતિ તે મોક્ષ.

જિ.–ત્રણે જ્ઞાનધર્મનું દર્શિત મોક્ષદર્શન એક ક્યાંથી? વેદોક્તધર્મનું કીધું છે?-

---

* "હૃદયકમળમાં એક અતિસૂક્ષ્મ કમળ છે તેમાં અંગુષ્ટ જેટલો જીવ રહે છે." દેહથી જુદો પડે છે ત્યારે મૂર્છિત થાય છે પણ પછી તેણે કીધેલાં કર્મ પોતાની મેળે સાંભરી આવે છે.–નવી ભોગસૃષ્ટિ ઉત્પન્ન થાય છે જેમ બીજમાંથી વૃક્ષ તેમ, અને જીવ સૂક્ષ્મદેહે સુખદુઃખ ભોગવે છે જેમ સ્વપ્નમાં તેમ. પછી તે પાછો વિસ્મૃતિમાં પડે છે ને એ સમયમાં તેનાં પાપપુણ્ય નક્કી થાય છે ને પછી એને ભોગવવાને નવો દેહ ધારણ કરે છે. કીએ પાપે કીએ પુણ્યે કીઓ દેહ–સત્વાદિ ગુણભેદે કીઓ એ વિષે બીજે કોઇ સમયે કહેવાશે પણ આટલું નક્કી જાણી રાખ કે "વિ-ષયને સેવતાં જીવ તેમાં વધારે કુશલ થઈ વધારે પાપ કરે છે ને તેથી તેનાં જન્માંતર પણ વધતાં જાય છે ને વધારે વધારે દુઃખી થાય છે."

સુ.–ત્રણેનું જુદું જુદું છે ને પ્રત્યેકનું તે પણ કાળકાળના આચાર્યની દૃષ્ટિયે કંઇ કંઇ જુદું જુદું ચિતરયું હોય છે. વેદોક્ત ધર્મમાં ચાર પ્રકારની મુકિત છે ઉત્તરોત્તર. સલોકતા, સમીપતા, સરૂપતા, ને સાયુજ્ય. જીવે સદાશિવ બ્રહ્મજ થઇ રહેવું એજ સર્વોત્તમ મોક્ષ છે. *

જિ.–વેદોક્ત ધર્મના સ્વરૂપનો હવે મને ભાસ થયો પણ અમણા ચાલેલા વિચારોના સંબંધમાં સંક્ષેપમાં ફરી પાછું વિવેચન કરશો?

સુ.–પરમેશ્વર છે એ વિષે લોકને શંકા નોતીજ; શું એક નથી? એવી વિસ્મયવાળી શંકા કેટલાકને થઇ હતી તે તેઓને હવે નથી.

(૧) એક છે એટલુંજ જાણીને અટકી રહે તેવી આ દેશના લોકની બુદ્ધિ નથી ને એ હવે એક તે શું છે, કેવું છે એ જાણવાને ઉત્સુક છે; વળી સમય પણ અનુકૂળ છે ઉદ્યમો બંધ પડવાથી;–તો વિષ્ણુ કે શિવ અને સમાજોનો જગદીશ્વર એમાંથી કીયાને દેશમાં સમયનો મુખ્ય દેવ સ્થાપવો એ વિષે લોકે વિચાર કરવો. †

---

* એક બ્રહ્મતત્વવિના બીજું કંઇજ નથી વસ્તુતઃ અને જીવ તે શિવ આત્મા તે પરમાત્માસ્વરૂપ થાય એ બે વિષય માત્ર વેદોક્ત ધર્મનાજ છે ને એટલાજ માટે વેદોક્તધર્મ તે બીજા તથા ભક્તિધર્મથી ને બીજા જ્ઞાન-ધર્મથી જુદો છે ને જુદો હોઇને વળી સર્વનો સમાવેશ પોતાનામાં કરે છે. જૈનમોક્ષ આ કે પ્રત્યેક જીવ પોતપોતાની મુળ પ્રકૃતિમાં આવી સિદ્ધરૂપે થઇ રહે. બૌધ્ધ નિર્વાણ આ કે પ્રત્યેક જીવ પોતાની મૂળ પ્રકૃતિના મહાકાશમાં અદર્શ થઇ જાય. વેદોક્તમોક્ષ આ કે મુક્ત જીવ સર્વે એક પરત્માભારૂપ થઈ રહે.

ઓંમ એ ત્રિગુણ માયાની તથા એના શુદ્ધ સત્વસ્વરૂપની જાણ કરી એને જેવો આશ્રય એવું જે બ્રહ્મ તેની સૂચના કરે છે; નિર્ગુણનું સગુણ થવા ઉપરનું સ્વરૂપ છે–ને તેથીજ તે સર્વે દેવતાના નામની સાથે જોડાય છે; બ્રહ્મનું ઓળખ નામ છે; સર્વે મંત્ર બીજનું આદિબીજ છે; ૐ જ્યોતિસ્વરૂપ સર્વે પાપને બાળનાર છે; પરમ પવિત્ર છે.

† વિષ્ણુ, શિવ, એ સર્વવ્યાપી એક નિર્ગુણ બ્રહ્મનાં સગુણસ્વરૂપ છે; તેમ વળી એકેક તે પૂર્ણ આદિદેવ સ્વરૂપ પણ મનાય છે; વળી જગત્કર્તા પિતા, સર્વ શક્તિમાન્, મુક્તિ આપનાર એમ પણ સમાજોનો દેવ તે સ્વતંત્ર સગુણ છે એટલે સાકારજ. અનેક દેવની ગોંધળ છે એમ કહેનારાઓ ચૈતન્યશાસ્ત્રના સત્ય જે વેદોક્ત–બૌદ્ધ–જૈન ધર્મી પંડિતોએ અનુભવેલાં છે તે જાણી લેવાં; ગોંધળ તો વ્યવસ્થા ન સમજે તેને સમજ ન પડે તેથી સત્યને અસત્ય કહેવું ને અસત્યને સત્ય કહેવું?

(૨) એ વિચારની સાથે સાધનવિષયમાં વિચારવાનું છે કે ભક્તિ કે ક્રિયા? ભક્તિ–સપ્રેમ ભક્તિ તે અવશ્યે ઇષ્ટની કૃપા ઉપરજ વિશ્વાસ રાખે છે ને ક્રિયા તે અવશ્ય પોતાના નિયમબળ ઉપર રાખે છે ઇષ્ટની પ્રસાદીને અર્થે. *

(૩) પવિત્રતા ને સ્થિરતા કેટલી સાધ્ય છે (આ સમયમાં) તે વિષે વિચાર કરવાનો છે.†

(૪) કેટલીક સમાજ તે વેદને વિભુપ્રભૂનીવાણી માનતી નથી; વળી ધર્મક્રિયાનો અનાદર કરી માત્ર સંસારી નીતિ પાળવા વિષે કહે છે; અને મનુષ્યનો બંધુત્વભાવ આગળ પાડે છે;–એ વિષે અને જીવ, પુનર્જન્મ, મોક્ષ એના સંશયવિષે લોકે બહુ પૃચ્છા કરી મનનું સમાધાન કરવાનું છે.‡

(૫) લોકની બુદ્ધિ જો મૂળનો વેદોક્તધર્મ સમજવાને પાત્ર નથી તો તેઓને માટે તેજ ધર્મનો રૂપાંતર પ્રકાર રાખવો કે અમણા લોકને ગમે તેવો ધર્મ યોજી તેને મૂળનો વેદધર્મ છે એમ ઠોકી બેસાડવું! એ વિષે પણ બુદ્ધિમંતોએ વિચાર કરવા.

જિ.–એ પાંચ પ્રકરણમાં આપે શો વિચાર કીધો છે ને શું મત રાખ્યું છે?

સુ.–સર્વે વિચાર વ્યાખ્યાનમાં જણાવાય તે પછી મત કહેવાય તો ઠીક; પણ તું ઇચ્છે છે તો મારૂં મત સાંભળી લે. (૧) લોકે શિવસ્વ-

---

* સમાજોએ ભક્તિને વધારી છે તે ધર્મક્રિયાને કઢાવવાને; અને સંશય, નાસ્તિક્ય, મોહ એના કાળમાં; એટલે નામની ભક્તિ.

† ધર્મકર્મ નિરર્થક છે ને તેમાં કાળ ગાળવાથી સંસારી કામ થાય નહિ એ ખોટી સમજથી લોકની વૃત્તિ ચંચળ થઇ બહેકી ગઇ છે.

‡ પરમાત્મા બ્રહ્મ, અંતર્યામિ, સર્વાત્મા, જીવ એ વિષે, પરાવાણી એ શું છે, એ વિષે સહજ પ્રેરણા એ શું છે, યોગનું ઐશ્વર્ય શું છે એ વિષે યથાસ્થિત જાણી લેઈ પછી વેદવાણિ વિષે શંકા કરવી. 'आत्मवत् सर्वे भुतेषु' 'समो नामे मशके' એ ભાવના મહત્વ જેટલું બંધુત્વનું નથી–૪. વેદોક્તનીતિ પ્રાણીમાત્ર પ્રતિ ઔદાર્ય તથા દયાની છે ને બંધુત્વની માત્ર કહેવાની છે, પુનર્જન્મને માનતા નથી તે પાપી જીવનો એક સમાટે આદિદેવસાથે ભક્તિયોગ કરાવી દે છે; અને જન્માંતર માનનારી સમાજ દેવપિતર યોનિની ના કહે છે.

રૂપને પૂજવું* (૨) ઇશ્વર પ્રીત્યર્થે સ્વધર્મકર્મ કરવાં ભક્તિપૂર્વક, (૩) પવિત્રતા તથા સ્થિરતાનો અનાદર ન કરવો. (૪) વેદ એ પરમેશ્વરની વાણી છે ને તે સૌએ પૂજ્ય માન્ય રાખવીજ; જીવ જન્માંતર કરે છે ને તે તેણે પોતાની મુક્તિને અર્થે શાસ્ત્રોક્ત શિક્ષાને અનુસરતું આચરણ રાખવું. (૫) વર્તમાન જે ધર્મપ્રકાર ને સત્યયુગનો ધર્મપ્રકાર એ બેમાં મોટો અંતર છે તોપણ વેદધર્મનું સત્ય તથા તેના તત્વ તે પૂર્વે હતાં તેજ હમણા છે.

જિ.–ધર્મક્રિયાની ખટપટથી સંસારી કામમાં ખલેલ પહોંચે ને એથી સંસારસુખની હાનિ થાય.

સુ.–નિયમિત કાળે ધર્મકર્મ ને નિયમિત કાળે વ્યવહારકર્મ રાખવાથી કોઈ રીતની હાનિ નથી પણ લાભજ છે.†

---

જિ.–વિવેચન સંક્ષેપમાં પણ બહુ કીધું આપે; થોડીક વાત સમજમાં ઉતરી પણ ઘણીક તો મેં મોહમૂઢ થઈ સાંભળ્યાંજ કીધી છે.

સુ.–હા બહુ ગર્ભિત છે વિવેચન; સમજાશે ધીમેધીમે.

જિ.–વર્ત્તમાનમાં લોકની ધર્મબુદ્ધિ નથી તેનું કારણ શું? તે પાછી આવશે કે નહિ? ને શી રીતે આવશે?

સુ.–ધર્મબુદ્ધિ કોઈ કાળે અધિક હોવી ને કોઈ કાળે ન્યૂન હોવી એવો મહાનિયમજ છે. તે પાછી આવશે ને સમય આવશેઃ–જયારે કેટલાક જણ દુઃખથી છુટવાને અનેક મથન કરતાં પણ ફાવશે નહિ ત્યારે તે પરોક્ષ સામર્થ્યની કૃપાને અર્થે પોતાના જીવની વૃત્તિ કરશે ત્યારે. જ્યારે કેટલાક પૂર્વજન્મના સંસ્કારે મોહગર્ભિત કે જ્ઞાનગર્ભિત વૈરાગ્યે સ્વધર્મને જાણશે ત્યારે અને ત્યારે કોઈ મહાપુરૂપ ઉત્પન્ન થઈ ધર્મની વ્યવસ્થા કરશે ને સર્વ લોક સુખી થશે.

---

* વિષ્ણુની શક્તિ સંપદા લક્ષ્મી તે તો અનીતિમંત લોક ઉપર રૂઠી છે; વિષ્ણુના સેવક તે આચાર ક્રિયાની જાળથી કંટાળ્યા છે; પણ વિદ્યાશક્તિ હવે આગળ પડી છે, શિવની ભક્તિમાં ઠાઠમાઠ નથી; વૈરાગ્યબુદ્ધિયે શિવની ભક્તિયે લોક નીતિમંત થશે ને આર્યસરસ્વતી તથા આર્યલક્ષ્મી તે ફરી દર્શન દેશે.

† ધર્મકર્મ એ સંસારી કર્મને બાધ કરતાં નથી. સંસારી ઉદ્યોગથીજ સંસારી કામની સિદ્ધિ એમ નથી–સિદ્ધિ થવી એ તો પૂર્વજન્મના કર્મથી બંધાયલે પ્રારબ્ધે છે ને ઉદ્યોગ એ અવસ્ય સાધક નિમિત્ત છે; ધર્મકર્મ એ સદ્દ્યોગ છે ને સંસારી કર્મ એ સત્ અસત્નો છે. (એ વિષે વિસ્તારપૂર્વક યથાસ્થિત વિચાર બીજે પ્રસંગે.)

જિ.-લોકોની ધર્મબુદ્ધિ કરવાને ઉપાય નથી?

સુ.-ઉપાય ચાલેજ છે; ને વળી સમયે લોકની વૃત્તિ ફેરવવા માંડીછે; પણ લોકનું મનબળ છેકજ ઘટી ગયું છે.-જો અભિમાન મુકતા ને આસ્થા રાખતા, મર્યાદા પાળતા ને યથેચ્છ ઉદ્યમ કરતા, ધીરજ ધરતા ને દેહકષ્ટ કરતા, અસત્યને ટાળતા ને સત્ય સ્થાપતા થાય-સ્નેહમાં ધર્મ, અર્થમાં ધર્મ ને ધર્મમાં ધર્મ જોતા થાય તો ધર્મ પ્રકાશે ને એ પ્રકાશ્યો કે થયું કલ્યાણ એ તું નક્કી જાણ.

જિ.-વિનંતીપૂર્વક ઇચ્છા કરૂંછું કે વેદોક્ત ધર્મના નિત્ય સ્વરૂપનું દર્શન છેલ્લું એકવાર કરાવો.

સુ.-જો કોઈ વનચર કહે કે અમારો સગો મરી ગયા પછી બળવાન દેવ થયો છે તથા જીવતાના અંગમાં આવે છે અને વેવારમાં સૂરજ ચાંદાની શાખ પાળે છે તો તે વેદોક્ત ધર્મની આણમાં છે; પણ જે નગરવાસી શરીરમાં જીવ ઉપજે છે તથા યંત્ર ખગડેથી તે તેમાં સમાઈ જાય છે એમ કહે અને વેવારમાં કદાપી ઉત્તમ સાધુપણું રાખે તોપણ તે કોઈપણ જ્ઞાનધર્મની આણમાં નથી. જે જન્માંતરને તથા ઓંકારને માને છે પણ એકથી જે અનેક થયું છે તે અનેક ટળી પાછું એકજ થઇ રેવાનું છે એ જે નથી માનતા તે વેદોક્ત ધર્મની આણમાં નથી. જગકર્ત્તા કે વેદ કે આચાર એ વિષે જે કાંઈજ જાણતો નથી, માત્ર કાષ્ટ પાષાણની સારાં ડોળ-ા વિનાની કે ભયંકર ડોળની મૂર્ત્તિયો અનેક પૂજે છે પણ જો બ્રાહ્મણ તેને ગોર છે તો તે વેદધર્મની આણમાં છે; પણ બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મી વેદશાસ્ત્ર ભણ્યો છતે નાસ્તિક કે આચાર રહિત હોય તો તે વેદધર્મની આણમાં નથી

એ દૃષ્ટાંતોથી જાણ કે મરણ પછી જીવને ગતિ છે ને જગદીશ્વર એક છે, એ જ્ઞાન (વેદ) ઉપર જેને વિશ્વાસ છે ને એ જ્ઞાને ઉત્પન્ન કરેલો આધાર (વેદોક્ત) જે પાળે છે તે વેદધર્મ માનનારો છે.

ચાર્વાક તથા બીજા કેટલાક પંડિતોએ વેદ, રૂપિ અને આચાર એ ત્રણને નિંદ્યા ને બૌદ્ધ જૈન પ્રકાશી અસ્ત પામ્યા (આ દેશમાં) તોપણ આજે વેદોક્ત ધર્મ છે અને એ આપણા વૃદ્ધોએ પાળ્યો હતો તથા આપણે પાળીયે છિયે.

ભક્તિધર્મમાં સ્વતંત્રતા નથી, જ્ઞાનધર્મમાં બહુ છે; પણ વેદોક્ત ધર્મમાં વર્ણવ્યવસ્થા સાથે છે. કોઈ યજો, કોઈ જપો, કોઈ તપો, કોઈ ધ્યાએ, કોઈ સત્વો, કોઇ પૂજો, કોઈ કલ્પો, કોઈ વિચારો;-પણ આગળથી

બુદ્ધિનું વલણ નક્કી કરીને; આગળથી જાણવું, શિષ્ટનું માનવું ને પછી કામ કરવું એ આપણી પદ્ધતિ છે.

એક ને અનેક, નિત્ય ને અનિત્ય, સત્ય ને અસત્ય એ આપણું જ્ઞાન છે; શાન્તિ ને શૂચિ, સંતોષ ને મર્યાદા, પ્રસન્નતા ને અવ્યવસ્થા એ આપણો સ્વભાવ છે; આત્મા ને બુદ્ધિ, મુખ ને બાહુ, બ્રાહ્મણ ને ક્ષત્રી એ આપણું ઉચ્ચ સ્વરૂપ છે; પરમાર્થ ને ઔદાર્ય, યોગ ને ત્યાગ, ભાગ્ય ને પ્રયત્ન એ આપણું બળ છે; વેદ ને આચાર, તપ ને યજ્ઞ, અનુષ્ઠાન ને વ્રત એ આપણું કર્મ છે; નિરભિમાન ને અભિમાન, સત્તા ને ઐશ્વર્ય, ધર્મ ને રાજ્ય એ આપણો જયપ્રકાશ છે; અને આપણે બહુ લાંબા જન્માંતર. માર્ગમાં અનેક પ્રસ્થાન કરતાં કરતાં, સ્વધર્માનુષ્ઠાન કરતાં કરતાં ને "कोहं कोहं" એમ આત્મસ્વરૂપ વિચારતાં વિચારતાં 'तत्वमसि' 'अहंब्रह्मास्मि' એ સ્થિતિયે પોંચી પ્રજ્ઞાનમાનંદ થઇ રહેવું છે-છેલ્લું ચિંતન કરી

हरिः ओम् ३ शांतिः शांतिः शांतिः १

---

પ્ર.-સ્ત્રી પુરૂષની સ્થિતિયોગ્યતા સમાન કે વધતી ઓછી ?

ઉ.-મનુષ્યરૂપે સમાન પણ સ્ત્રીપુરૂષ જાતિરૂપે તે એ જેમ ઘાટ રૂપમાં જૂદાં છે તેમ સ્વભાવ, બુદ્ધિ, બળ, કર્મ, યશ એમાં પણ જૂદાં છે; અને જેમ જ્ઞાન તે કર્મથી, બ્રાહ્મણબુદ્ધિ તે ક્ષાત્રવૈશ્યબુદ્ધિથી, સત્વગુણ તે રજોતમોગુણથી તેમ પુરૂષ તે સ્ત્રીથી અધિક છે સ્થિતિયોગ્યતામાં.

પ્ર.-આપણા શાસ્ત્ર શું કહે છે? ને આપણું શું મત છે ?

ઉ.-'આત્માશક્તિનું જમણું અંગ તે પુરૂષ ને ડાબું તે સ્ત્રી,' 'પુરૂષનું વામાંગ તે સ્ત્રી,' 'શરીરના બંધારણમાં જેટલી કઠિણ વસ્તુ તે પુરૂષનો ભાગ ને કોમળ તે સ્ત્રીનો,' એમ ઘણીક રીતે કથી 'સ્ત્રી તત્વજ્ઞાનને યોગ્ય નથી,' 'સ્ત્રી સ્વાતંત્ર્યને યોગ્ય નથી,' 'સ્ત્રીને ધર્મકર્મવિષયમાં પૂરો અધિકાર નથી' એ પ્રમાણે સ્ત્રીની યોગ્યતા ઓછી ભણી છે-સામાન્ય પક્ષે-પછી કોઇ સ્ત્રિયો શ્રેષ્ઠ પુરૂષને સમાન કે તેથી પણ અધિક શ્રેષ્ઠ હોય કોઈ સમયે. અમારૂં પણ એ મત છે. સ્ત્રીપુરૂષની યોગ્યતા સમાન એ વિચાર માત્ર ખ્રિસ્તી લોકનો છે* ને તે વર્ત્તમાનમાં અંગ્રેજી ભણેલા જનોમાં ઝાઝો

---

* એશિયાના સર્વે લોક બહુ જૂના કાળથી સ્ત્રીને પુરૂષથી ઓછી યોગ્યતાની સમજતા આવ્યા છે. ખ્રિસ્તીઓ સ્ત્રીને સમાનતા આપે છે પણ સઘળાજ તેમ મનમાં સમજે છે કે ખરેખર વર્ત્તે છે એમ નથી-યૂરોપમાં સ્ત્રિયો હકને માટે મથન કરે છે પણ હજી લગી તો તેઓ ફાવી નથી.

ફેલાયો છે; પણ તે આપણાં જનમંડળને બહુ બહુ રીતે હાનિ કરનારો છે.

પ્ર.–એ વિષય શું વાદયુક્ત નથી?

ઉ.–અમે નથી કહેતા. વિચારશીલ આર્યપુરૂષ તો નિઃશંક છે તે વિષે અને સમાન યોગ્યતાનો દાવો કરનારી કોઇ પણ સ્ત્રી નિકળે તો તે આર્યસ્ત્રી નહિ એ અમારૂં મત છે.

પ્ર.–ત્યારે સ્ત્રી કેટલી સ્વતંત્રતાને પાત્ર છે?

ઉ.–આર્યસ્ત્રી યથેચ્છ સ્વતંત્રતાને, પણ સ્વધર્મે રહે તોજ.*

પ્ર.–સ્ત્રીના–આર્યસ્ત્રીના સ્વધર્મ તે કીઆ?

ઉ.–સ્ત્રીજાતિના ધર્મનો આર્યસ્ત્રીના ધર્મમાં સમાવેશ થાય છે અને આર્યસ્ત્રીના ધર્મ તે કહીશું.

પ્ર.–તેનો સ્વધર્મ શો પુરૂષપ્રતિ ને પુરૂષનો શો સ્ત્રીપ્રતિ?

ઉ.–સ્ત્રીએ પતિની આજ્ઞા પાળવી તથા એને પ્રસન્ન રાખવામાં પોતે પ્રસન્ન રહેવું એ દૃઢ વ્રત; અને પતિયે તેને સંરક્ષિત તથા સંતુષ્ટ રાખવી એ યત્ન;–એ બે સત્વને ઐક્યબળે ગૃહસંસારથી પોતાનો યશપ્રકાશ કરેછે.

પ્ર.–ગૃહસંસારમાં તેની યશવાળી સ્થિતિ કેવી?

ઉ.–તે, સઘળી વ્યવસ્થા રાખનારો તથા સ્વામીને સહાય રેહનારો તથા પંડે યશ લેઈ કામ કરનારો ગૃહરાજ્યનો પ્રધાન છે.†

પ્ર.–સ્ત્રી માનને તો યોગ્ય ખરી કે?

ઉ.–નિસંદેહ તે માનને યોગ્ય છે સદ્ગુણ વ્રતને યશે. એ તેને ઉત્તમ માન છે, માત્ર ઘરકામની આવડત તથા વ્યવહારની જાણ એ તેને મધ્યમ માન છે, માત્ર અમુક વિદ્યામાં કુશળતા એ પણ તેને મધ્યમ માન છે અને એ સર્વેમાં નિપુણ તે બહુ બહુ માનને યોગ્ય છે.

---

યૂરોપના લોક જેટલી છૂટ સ્ત્રિયોને આપે છે તેટલી નજ આપવી એવો આમણાના ભણેલાનો પણ વિચાર ખરો. જોન સ્ટુવર્ટ મિલ તથા તેવા બીજાના ઉત્તેજનથી ઉસ્કેરાયલી સ્ત્રિયોના ઉદ્યમનો જસ હવે પછી જણાશે.

* સ્વભાવબુદ્ધિના ધર્માધર્મમાંથી જે સત્ધર્મ નિત્યને માટે સારરૂપ છે તેજ અર્થમાં સ્ત્રીનો સ્વધર્મ સમજવો આ પત્રિકામાં.

† સર્વ વિષયમાં સઘળી વ્યવસ્થા–ઘરમાંની વસ્તુની ગોઠવણ, ઘરનાં કામની ગોઠવણ, સાચવવું તથા ખરચવું, છોકરાંની સંભાળ તથા તેની કેળવણી, ચાકરના કામની તપાસ, સગાં સ્નેહી જ્ઞાતિજન સાથેનો વેહેવાર, દુઃખ અડચણના સમયને માટે આગળથી વિચાર તથા પ્રયોગ ઇત્યાદિ સંબંધી જાણવી.

પ્ર.–સ્ત્રીના મુખ્ય સદ્ગુણ ગણાવશો?

ઉ.–ભર્તારનું કલ્યાણ ઈચ્છવું, કુળમર્યાદા પાળવી ને ઘરની વાત ઉઘાડી પાડવી નહિ એ મુખ્ય છે; પતિવ્રત પાળવું એ તો સર્વોપરિ છેજ ઘર ચલાવવાની નીતિમાં કુશળ રહેવું; ઘરના વડીલની મર્યાદા પાળવી, પરોણાનો સત્કાર કરવો દક્ષતાએ, રોપવાળું મુખ પતિને દેખાડવું નહિ ને પતિ દોષવાળો હોય તોપણ અધિન રહેવું ઈત્યાદિ.* બ્રાહ્મણીએ પતિને કર્મમાં સહચારિણી રહી બીજી વર્ણની સ્ત્રિયોને સર્વ વિષયમાં ધર્મબોધ કરવો; ક્ષાત્રબુદ્ધિનીએ સ્વામીને ક્ષાત્રકામમાં ઉત્તેજન આપવું અને વૈશ્યાણી ને શૂદ્રી એઓએ પોતાના ઉદ્યોગમાં સહાય રહેવું.

પ્ર.–આજથી પચ્ચીસ વર્ષ ઉપરની ને અમણાની સ્ત્રી કેવી હતી ને છે તે દાખવશો?

ઉ.–તે વેળાની સ્ત્રી પોતાનું ઘર તથા પોતાનો વેહેવાર એ જાણતી આમન્યા પાળતી, ધર્મભાવ રાખતી, કુંટુંબ દેખી હરખાતી, ધણીને વશ રહી સંતોષે વર્ત્તતી; અને અમણાની તે પોતાના પંડની વાત જાણતી (હું મારો ધણી ને મારાં છોકરાં), આમન્યાવિનાની, ધર્મરહિત, ધણી વશ રહે તથા હું સ્વતંત્ર ઉપરી ઘરની થાઉં એમ અસંતોષે વર્ત્તતી છે. અનાચાર ને દૂરાચારમાં અમણાની સ્ત્રીની સંખ્યા આગળના કરતાં સોળ ગણી વધારે હશે.

પ્ર.–સુધારાવાળાનો શ્રમ તો સ્ત્રિયોની સ્થિતિ સારી કરવાને છે દેખાય છે તો આમ?

ઉ.–પણ સુધારાવાળા પોતેજ મોહિત નિર્બળ છે એટલે સ્ત્રિયો પણ ઉન્મત્ત હોય. ઉમંગ વધ્યો છે સંસારી વિષયમાં પણ એ સ્વધર્મે સુઘટિત નથી ને ઇચ્છિત અર્થ ન મળવાથી તેઓ મનસ્વી રીતે વર્ત્તે છે.

પ્ર.–સુધારાના વિચાર બહાર પડવાથી કીઊં કીઊં કામ થયું છે?

ઉ.–વિદ્યાભ્યાસ વધ્યો છે. છોકરીઓ વાંચતાં લખતાં ગણતાં શિખે છે ને શિખે છે; તેઓ કેટલીક જાણ નિશાળમાંથી ને કેટલીક ઘરમાં વર્તમાનપત્રોથી કે સુધરેલ જનોના સમાગમથી મેળવે છે. સિવવા, ભરવા, ગુંથવાના કામમાં કેટલીક સ્ત્રિયો આવડતવાળી થઈ છે ને થોડીક.તો બહુ વખાણને યોગ્ય છે. કેટલીક રૂઢિ નઠારી છે ને કેટલાક વહેમ દુઃખદાયક

* એ સામાન્ય ધર્મ છે; દોષવાળો પતિ હોય તો સ્ત્રીએ ને દોષવાળી સ્ત્રી હોય તો પતિયે કેમ વર્ત્તવું એ વિષે વિશેષ ધર્મ તે જૂદા છે.

એ તેઓએ જાણ્યું છે ને કોઈ કોઈ સ્ત્રી નરસાંથી અળગાં રહેવાની ચિંતા રાખે છે.*

પ્ર.—બાળવિવાહ ને પુનર્વિવાહ સંબંધી કામ થયું જણાતું નથી કેમ? આપનું મત કહેશો.

ઉ.—અતિબાળલગ્નનો* નિષેધ સમજુ પુરૂષના હૈયામાં વસ્યો છે પણ રૂઢિને માન આપનારી તથા કોડીલી સ્ત્રિયો આગળ તેઓનું ચાલતું નથી. આ સમયમાં છોકરીને નવમું બેઠાવિના ને છોકરાને સોલમું બેઠાવના લગ્ન કરવાં નહિ; સાથે રહેવાની વય ૧૩ ને ૧૯ રાખવી; પચાસનો સાત આઠ નવનીને પરણે એ અતિ અધમ લગ્ન છે. પુનર્વિવાહ જૂજ થયા છે ને તેપણ સ્થિતિ વિધિ પરત્વે સ્વચ્છ નહિજ. નિયોગને માટે સમયજ નથી ને પુનર્વિવાહ ચાલવાનો સંભવ નથી તો તેવિષે આ પ્રમાણે મત આપીએ કે અળગી ન બેઠેલી એવીનું તેના કોઈ સગાને દાન આપવું અને અળગી બેસતી થઈ હોય ને તેની ઇચ્છા ફરી લગ્નની હોય તો તેણે ઇચ્છાવર ખોળવો; વળી ધણી સાથે રહેતી થઈ હોય ને સંતાન ન થયું હોય કે થઇને મરી ગયું હોય ને તેની ઇચ્છા હોય તો તેણે પણ ઇચ્છાવર ખોળવો.†

પ્ર.—પુરૂષ એકથી વધારે સ્ત્રી કરે?

ઉ.—તેણે એકથીજ સંતુષ્ટ રહેવું; તોપણ તેને કેટલાંક કારણથી વધારે કરવાની શાસ્ત્રાજ્ઞા છે ખરી.‡

---

* આગળ ઊંચી જાતિમાં કેટલીક સ્ત્રી વિદ્યાભ્યાસ કરતી ને હમણા સર્વ જ્ઞાતિઓને માટે બોધ ચાલે છે. આજલગીમાં સ્વભાષા કે પરભાષામાં વિદ્વાન થઈ પ્રસિદ્ધિ પામેલી એવી આખા હિંદુસ્તાનમાં વીસેક કહીએ પણ એક પણ એવી નથી સંભળાઇ કે જેનું કામ પોતાની જાતિને સુધારવા સંબંધી મોટું અગત્યનું થયું હોય. આગળ કોઈ કોઈ સ્ત્રી લેણદેણ વ્યાજવટંતરના ગણિતમાં કુશળ હતી પણ હમણાં થોડીજ રૂચિ ગણિત વિષયમાં જણાય છે. સ્ત્રીકેળવણી નિશાળોથી એ બોલવું અર્થરહિત છે. અગિયાર બારની વયલગી ભણતી ને નિશાળમાંના પાઠ એથી શું? ભણેલી સ્ત્રિયોની વૃત્તિ કોડ ભણી છે પણ ધર્મનીતિ ભણી દેખાતી નથી.

† જેણે પ્રથમ વિવાહમાં કન્યાદાન દીધું હોય તેવિના બીજાને દેવું અને સ્વયંવર હોય તો ઓછામાં ઓછા પાંચ પ્રતિષ્ઠિતજનની સાક્ષે બ્રાહ્મણ મંત્ર ભણે તે પ્રમાણે અગ્નિમાં આહૂતી આપવી. પચ્ચીસ વર્ષ ઉપરનીનો પુનર્વિવાહ ન થાય; પુનર્લગ્ન પછી વર મરે તો ત્રીજી વાર લગ્ન ન કરવું; અણબનાવના કારણથી ધણીધણીઆણી જૂદાં રહે પણ થયલો સંબંધ ટળે નહી.

‡ પ્રથમ પરણેલીને ધર્મકર્મનો અધિકાર હોય; સંસારસુખવિષયમાં પુરૂષે ન્યૂનાધિક રાખવું નહિ.

પ્ર.–ધર્મ સમજનારા આર્યશિષ્ટોએ પુરૂષને વિશેષ અધિકાર શા માટે આપ્યો હશે ?

ઉ.–પુરૂષના વ્યભિચારાદિક અધર્મની વૃદ્ધિ થતી અટકાવવાને; વંશ-વિસ્તાર ધર્મે કરવાને અને સ્વર્ગપ્રાપ્તિ તથા પિતૃને સંતોષ એને માટે પુત્ર ઉત્પન્ન કરવાને.*

પ્ર.–સ્ત્રિયોવિષે આપણા લોકમાં શું બહુ મત નથી ?

ઉ.–કાળકાળના લોકની ધર્મબુદ્ધિ તથા પ્રેમવૃત્તિ જૂદીજૂદી હોવાથી મતફેર છે;† તોપણ સ્ત્રિપુરૂષના સંબંધમાં ધર્મરહિત સ્નેહને અધમ દુઃખદ

---

* છોકરીઓની ઝાઝી ઉત્પત્તિ, યોગ્ય કુલીન પુરૂષને કન્યાદાન કરવાનો મહીમા એ પણ કારણ છે; કોઈ મહાપુરૂષ કાર્યવશાત્ ઘણી સ્ત્રી કરે એમ પણ છે. સુરાપાન કરનારી, રોગી, ધૂર્ત, વંધ્યા, ઘરકામનો વણસાડ કરાવનારી, અપ્રિય ભાષિણી, કન્યાજ જણનારી, પુરૂષદ્વેષિણી એવી સ્ત્રી હોય તો બીજી પરણવી એવા ઘણ વચન છે સ્મૃતિઓમાં. વ્યભિચાર એ મોટો દોષ છે પુરૂષને ને સ્ત્રીને, તોપણ સ્ત્રીને વિશેષ છે એમ શિષ્ટોએ ભણ્યું છે. સકારણ તેવિષે બીજે કોઇ પ્રસંગે બોલાશે.

† 'અસત્ય, સાહસ, માયા, મૂર્ખતા, લોભ, અશૌચ, નિર્દયપણું એ સ્ત્રીના સ્વભાવિક દોષ છે;' 'પુરૂષથી બમણો આહાર, ચારગણી લજ્જા, છધણું સાહસ ને આઠગણો કામ છે;' એ બે શ્લોકાર્થ તમોગુણી સ્ત્રીને વિષે જાણવા. દુષ્ટભાર્યાના સહવાસમાં રેહેવું તે સાપ હોય તેવા ઘરમાં રહેવા જેવું છે;' 'સ્ત્રી નિર્ધન પુરૂષને તજે છે;' 'સ્ત્રીનો વિશ્વાસ ન કરવો;' ઇત્યાદિ. 'સંસારતાપમાં જે વિશ્રાંતિ ઠામ છે તેમાં મુખ્ય સ્ત્રી છે;' 'ભાર્યા તો ખરો મિત્ર છે;' 'સ્ત્રીએ ઘર શોભે છે;' રૂપયૌવન માધુર્ય એના જેવું સ્ત્રીનું બીજું ઉત્તમ બળ નથી' ઇત્યાદિ. 'જો સ્ત્રી પતિના છંદને અનુગામી છે તો સ્વર્ગ અહીંજ છે;' 'દંપતીમાં કલહ નથી ત્યાં લક્ષ્મી પોતાની મેળે આવી વસે છે;' 'કુલીન સ્ત્રી લજ્જા મુકે નષ્ટ થાયછે;' 'સત્યસ્ત્રીઓએ ઘરનું રક્ષણ થાય છે,' 'પતિવ્રત એ સ્ત્રીનું રૂપ છે;' નઠારા કુળમાંથી પણ સ્ત્રી-રત્ન લેવું;' 'સત્કુળમાં કન્યા આપવી;' 'સ્ત્રીઓને યત્ને સેવવી;' 'ક્રોધમુખી ભાર્યાને તજવી,' દાન તીર્થ ઉપવાસથી નારી શુદ્ધ થતી નથી જેવી ભર્તારના પાદોદકથી થાય છે તેવી;' 'પતિની આજ્ઞાવિના વ્રત કરનારી તે પતિનું આયુષ્ય ઘટાડે છે;' 'વાગ્દાન થયું ત્યારથીજ સ્ત્રી પતિને વશ છે; એ સદાચારવિનાનો, પરસ્ત્રીની આસક્તિવાળો 'વિદ્યાદિગુણવિનાનો હોય તોપણ પતિવ્રતાએ પતિનો દેવપ્રમાણે સત્કાર કરવો.' એ સર્વેમાંથી સ્ત્રીના સ્વભાવિક ગુણદોષ જે પુરૂષથી અવશ્ય જૂદા પડે તેવિષે અને સત્વાદિગુણ પરત્વે સ્ત્રીજાતિમાં જે વિશેષ જૂદા પડે તેવિષે બીજે પ્રસંગે કહેવાશે અને

જાણવો. સ્નેહના ધર્મમાં રજોગુણનો ન્યાય ઇચ્છાતો તે શ્રેષ્ઠ ને સત્વગુણનો પોતાનું વ્રત દૃઢ પાળતો તે અધિક શ્રેષ્ઠ છે. સામાન્યપક્ષે સધર્મસ્નેહ તે ઉત્તમ છે; એજ સ્નેહ આર્યનો તે નિત્ય કલ્યાણકારક છે. વર્તમાનમાં ધર્મ-સ્નેહ છે.

પ્ર.—આપણો ઘરસંસાર હવે ક્યારે વ્યવસ્થિત થશે?

ઉ.—જ્યારે વિદ્યાવિચારે આપણે પુરૂપ આપણું પોતાનું સ્વરૂપ સમજીશું ત્યારે. પરદેશી ધર્મી વિચાર જે આપણા ઘરમાં ઘુસ્યા છે તે જતા થશે ને આપણા પોતાનાજ નિત્યધર્મના નિર્મળ સતેજ જ્ઞાનપ્રવાહે આપણા ઘોવાઇ પવિત્ર થશે, જ્યારે આપણે પુરૂષો ને આપણી સ્ત્રિયો પોતપોતાના ધર્મના ઉપાસક થઇશું ત્યારે આપણો ઘરસંસાર સધર્મસ્નેહે પાછો ઉત્તમ વ્યવસ્થિત થઈ શોભશે. જયારે આપણી સ્ત્રિયો આપણી પૂર્વ બ્રાહ્મણી ક્ષત્રાણી વૈશ્યાણીમાંની ઉત્તમ ઉત્તમની ગુણમૂર્ત્તિયોનાં મંગળ દર્શન કરશે અને વળી કેટલીક તે પોતાના દૃષ્ટિમાર્ગમાં આધુનિક કાળની સર્વે ધર્મની ને સર્વે વર્ગની ઉત્તમ સ્ત્રિયોને પણ સાવધાનપણે નિહાળી લેશે ત્યારે આર્યસ્ત્રિયો પોતાની મેળે ને સંતતિદ્વારા સ્ત્રીજાતિમાં પોતાનું સર્વોપરી ઉચ્ચપણું (ધર્મે) ને મોટપણું (સામર્થ્યે) સુંદર ભવ્ય દાખવશે અને ત્યારેજ આર્યગૃહસંસાર ધર્મ અર્થ કામ એણે સંપન્ન એવો જગતમાં પ્રકાશશે.

---

પ્ર.—અંગ્રેજી રાજ્ય થયા પછી આપણા લોકમાં પ્રથમ સંકલ્પ શો ઉઠયો?

ઉ.—ધર્માભિમાન ઉદય પામ્યું.

પ્ર.—એ સમજાવશો?

ઉ.—બંગાલામાં પાદરીઓ અનેક દેવ તથા મૂર્તિપૂજાની નિંદા કરતા તેવામાં એક બંગાલી બ્રાહ્મણે ઉપનિષદમાંથી દેખાડયું કે હિંદુઓ એકજ દેવને માનનારા છે; ને પછી બ્રહ્મસમાજ સ્થાપી.

પ્ર.—પછી કયા વિચારો બહાર પડયા!

ઉ.—મુંબઈના દક્ષણી તથા ગુજરાતીઓમાં સ્ત્રીકેળવણી ને પદાર્થવિદ્યાના વિચાર ચાલ્યા; અને પ્રજાના દુઃખ વિષે સરકારને જણાવવાને શ્રીમંત તથા વિદ્વાનોએ મળી એક સભા સ્થાપી.

સ્વદેશાભિમાન તથા ઐક્ય અને દેશાટન તથા ઘરસંસાર એ વિષે

---

ત્યારે પૂર્વની આર્ય સ્ત્રી તથા અમણાની આર્ય સ્ત્રી અને રોમન સ્ત્રી તથા યૂરોપની અમણાની સ્ત્રી એ વિષે પણ દાખલા અપાશે.

ભાષણ લખાણ ગુજરાતીઓમાં અને ઐક્યાદિ સદ્‌ગુણ તથા પદાર્થવિદ્યાવિષે ભાષણ દક્ષણીઓમાં ચાલ્યાં.

પછી વળી દક્ષણી ગુજરાતીઓમાં એકેશ્વરને ભજવો ને જ્ઞાતિભેદ ટાળવો એ વિષયની ચરચા ચાલી.

પાદરીઓ જે મૂર્તિની નિંદા કરતા તેની સામાં એક દક્ષણી બ્રહ્મચારીએ મૂર્તિઓની અગત્ય દેખાડીને વેદોક્ત ધર્મ વિષે લોકને કેટલીક સમજ આપી.

એક ગુજરાતી બ્રાહ્મણે એક વલ્લભી મહારાજ સામા પુનર્વિવાહ વિષે વાદ આરંભેલો તેમાંથી એક ગુજરાતી વાણીઆએ લૈબલ કેસ ઉભો કીધો ને તે પ્રસંગે સુધારાવાળા ગુજરાતી તથા દક્ષણી તે વલ્લભી ધર્મ તથા ધર્મગુરૂની સામા એક સંપે હતા. ચાલેલી ચરચાથી ને કોરટના ન્યાયથી વલ્લભી મહારાજો લજ્જિત થયા હતા.

પ્ર.—મુંબઇમાં એટલીબધી ચર્ચાતા હતી તેવામાં બીજે કેથે કોઇ વિચાર નો'તા ચાલતા?

ઉ.—કલકત્તાની બ્રહ્મસમાજમાં વાદ ઉઠેલોકે બ્રાહ્મણને અધિકાર વિશેષ શામાટે ને તે ઉપરથી નવી બ્રહ્મસમાજ થઈ ને એણે પોતાનું નવું સ્વરૂપ દેખાડયું.

પ્ર.—પછી?

ઉ.—મુંબઇમાં દક્ષણીઓમાં એક પ્રાર્થનાસમાજ થઈ. પછી કેટલેક વર્ષે અમદાવાદમાં થઈ ને પછી ગુજરાતી તથા દક્ષણીની એકઠી એવી આર્યસમાજ થઈ.

પ્ર.—બીજું કાંઈ?

ઉ.—પૂનામાં સાર્વજનિક સભા છે.

પ્ર.—પછી?

ઉ.—દેશી કાળાધંધાને ઉત્તેજન આપવાના તથા દેશની સમૃદ્ધિ વધારવાના ભાષણ લખાણ દક્ષણીઓમાં ને પછી ગુજરાતીઓમાં ચાલ્યાં. વળી સરકારે મૂકેલા કરભાર વિષે પણ પત્રોમાં લોકનો પોકાર થઈ રહ્યો.

પ્ર.—પછી?

ઉ.—કંઈ નહીં. આટલું જાણી રાખ કે પચાસ વર્ષમાં અનેક વિષયના ગ્રંથ છપાયા છે જૂના ને નવા.

પ્ર.—સંક્ષેપમાં સુધારાનો વૃત્તાંત આપે સારો કહ્યો. પણ અવે વળી સંક્ષેપમાં જણાવશો એકેક વિષયમાં કેટલું કેટલું કાર્ય થયું છે તે.

ઉ.—કહ્યું તો છેજ સઘળું તને: વળી સાંભળ:

સુધારાવાળાઓએ સ્વદેશના ઉત્કર્ષને અર્થે ત્રણ ઐક્ય યોજ્યાં; ધર્મનુ ઐક્ય, વ્યવહારનું ઐક્ય અને ભાષાનું ઐક્ય.

ભાષાનું ઐક્ય એ ખુદ્દો કોઇકોઈ ગુજરાતીઓએ ઉઠાવ્યો, પણ તે માત્ર આર્યસમાજના પુસ્તકદ્વારા ચાલતો જોવામાં આવે છે. પૂર્વે વિદ્વાનોની એક ભાષા સંસ્કૃત પણ લોકની જૂદી જૂદી પ્રાકૃત હતી; મુસલમાની રાજ્યમાં સરકારના સંબંધમાં આવેલા તે ફારસી જાણતા; અમણા સરકારી નોકરમાંના ઘણાક ને થોડાક બીજા તે ઇંગ્રેજી જાણે છે;—પણ પ્રાંત પ્રાંતની પ્રાકૃત ભાષાઓ સારી રીતે કેળવાતી જાય છે. પ્રાંત પ્રાંતના લોકોનું ઐક્ય આવી રીતે થાય છે કે એક પ્રાંતના અંગ્રેજી ભણેલા પોતાના પ્રાંતમાં છપાતાં વર્ત્તમાન પત્રમાં લખાણ કરે છે ને તે ભરતખંડમાં બધે વંચાય છે અને તે અંગ્રેજી લખાણના ભાષાંતર પ્રાંત પ્રાંતની પ્રાકૃત ભાષામાં થાય છે. વળી એક પ્રાકૃત ભાષામાં લખાયલા વિષયના સાર અંગ્રેજી વર્તમાનમાં પણ આવે છે. પ્રાકૃતમાંથી પ્રાકૃત ભાષાંતર પણ થાય છે.

વ્યવહારઐક્ય બે પ્રકારનું છે. જાતિભેદ કાઢી નાખીને કરવાનું તે ખાવાપીવાના ને લગન વેહવારના પરસ્પર પ્રતિબંધે લોક યથેષ્ટ ઉદ્યમ કરી શકતા નથી ને દેશના સામાન્ય લાભને અર્થે પણ લોક એકત્ર થઈ શકતા નથી વાસ્તે. કોઇ કોઈ જુવાન હામ ભીડી ઇંગ્લંડ જઈ આવ્યા ને કોઇ કોઇએ પુનર્વિવાહ કીધા એ ઉપરથી જ્ઞાતિઓમાં ખળભળ થઇ. વળી સુરાપાન કરવા વિષે જુવાનીઆઓની વૃત્તિ થયેલી તેથી તેઓએ ગુપ્ત રીતે અનેક જાતના જન સાથે ખાનપાન કીધું ને બહારથી વળી જ્ઞાતિયોમાં ખરાબ, તેથી જ્ઞાતિમાંના કેટલાએક સાથી થયા. એથી આટલું થયું કે જ્ઞાતિયોમાંથી ધર્માચારનું મમત્વ ઘટયું ને માત્ર કુળાચારની સત્તા હજી રહી છે. જુદી જુદી જાતિયોમાં પરસ્પર લગ્નવેહેવાર નથી ચાલ્યો ને એક જ્ઞાતિના બીજી જ્ઞાતિના સાથે ભોજનવહેવાર નથી કરતા તોપણ અતિ કરડા પ્રતિબંધ તે શિથિલ થયા છે ખરા. બીજું લોકનું પ્રજારૂપ ઐક્ય તે થયું નથી; અને પરદેશીમાલ ન વાપરવાવિષે પણ થયું નથી. મંડળીઓ સ્થપાઇ ને દેશી માલનો ખપ વધારવાને દક્ષણીઓએ દુકાનો કાઢી ને કોઈ કોઇએ દેશી માલ વાપરવાના નિયમ લીધા પણ એ કામ નહિ જેવું છે.

ધર્મનું ઐક્ય. સર્વે આર્ય પરમેશ્વર વિષે તથા તેને ભજવા વિષે એકમત થાય તો ધર્મસંબંધી અનેક બખેડા ટળે ને સૌ એકલક્ષ થાય, વળી ધર્મકર્મ ઘટવાથી સૌ પોતપોતાનો વ્યવહાર ઉદ્યમ વધારેવાર કરે. ધાર્યા પ્રમાણે બન્યું નહિ. સર્વની એકસરખા ધર્મબુદ્ધ તો થઈજ નહિ. માત્ર આટલું થયું કે પાદરીઓ આર્યધર્મને નિંદતા અટકયા અને સર્વે આર્યનું એક ઇશ્વરનું જ્ઞાન સતેજ થયું.

પ્ર.–અંગ્રેજી રાજ્યમાં અભિમાનનો બોધ નીકળ્યો તે સઘળે-સરખો કે જૂદો.

ઉ.–બંગાલામાં ધર્માભિમાન અને ગુજરાત તથા દક્ષિણમાં દેશાભિમાન, ધર્માભિમાન ને આર્યાભિમાન.

પ્ર.–નવા વિચાર સમાજદ્વારા પ્રવર્ત્તમાન છે તે વિષે આપનું મત જણાવશો.

ઉ.–રામમોહનરાયના મરણ પછી આદિ બ્રહ્મસમાજને બ્રાહ્મણવૈશ્યબુદ્ધિ, નવીને ખ્રિસ્તીહિંદુશૂદ્રબુદ્ધિ, પ્રાર્થના સમાજને ખ્રિસ્તીહિંદુબ્રાહ્મણવૈશ્યબુધ્ધિ, અને આર્યસમાજને ખ્રિસ્તીહિંદુક્ષાત્રશૂદ્રબુદ્ધિ દોરે છે.

પ્ર.–જૂના વિચારના તે નવા વિચારના ઉપર કેવી દૃષ્ટિયે જોય છે?

ઉ.–તેઓ ધર્મવિષયમાં નવા ઉપર મોહથી જોતા પણ હવે એને હસી કાઢે છે કે પાખંડ કહી તે વિષે નિસ્પૃહ રેહેછે. કાશીમાં કેટલાક પંડિતશાસ્ત્રી સ્વામી દયાનંદ સામા થયા હતા. પુનર્વિવાહની ચર્ચામાં કલકત્તા કાશી મુંબઈના પંડિતો ઉતરયા હતા. દેશાટન વિષયમાં ઇંગ્લંડ જઈ આવેલાઓને પ્રાયશ્ચિત કરાવવાની ભાંજગડમાં ગુજરાતના શાસ્ત્રીઓ સઘળાએ સારી પેઠે ભાગ લીધો હતો. વળી ગુજરાતની બ્રાહ્મણ વાણિયાની જ્ઞાતિઓમાં ટંટા પેદા હતા ને જૂના વિચારના લોકે નવા વિચારવાળાને મોટા ધોક્કા પહોંડયા હતા. કહેવાનું આ કે જૂના વિચારના લોકે પોતાનું મૂકયું નથી ને નવા તે જૂના તરફ વળતા જાય છે.

પ્ર.–નવા વિચાર આગલ દોડ કરતા અટક્યા છે ને જૂનાને અધીન થતા જાય છે એ ખરું છે. હવે લોકની અમણાની સંસારવ્યવહાર સ્થિતિ વિષે કહેશો?

ઉ.–રાય ને રાંક, પંડિત ને મૂર્ખ, ધની ને નિર્ધની, સ્વામી ને સેવક સૌજ પોતપોતાની સ્થિતિને માટે ચિંતાગ્રસ્ત છે. મોઘવારીએ હતા ને કરભારે લોક દુઃખી છે. ઉદ્યોગ બંધ પડયા છે, ધીર આંટ ઉઠી ગઈ છે. દેશમાં સર્વત્ર દારિદ્રય વ્યાપી રહ્યું છે. સરકારનો લોકપરથી ને લોકનો સરકારપરથી વિશ્વાસ ઉઠી ગયો છે. જ્ઞાતિ કુળ ઘરસંસાર કલેશમય છે.

પ્ર.–ખરેખર આ સમયે લોક ધર્મભ્રષ્ટ સ્થિતિભ્રષ્ટ હોઇને દુઃખના પર્વત તળે દબાયા છે, તો અવે કેમ કરવું?

ઉ.–ધીટ થઇને દુઃખ વેઠવું, બુદ્ધિનું અભિમાન મૂકી પરંપરાનુ ધર્માચરણ પાળવું; પરદેશી પરધર્મી નીતિ વસ્તુ ઉપર મોહ ન રાખવો; નિશ્ચય તથા ખંતે અને ધૈર્ય તથા સત્યે ઉદ્યોગ કરવો. *

---

* ધર્મજીજ્ઞાસા ગ્રંથ સંવત ૧૯૩૫–સને ૧૮૭૯ માં રચ્યો હતો. અંક ૭ મુંબઈમાં શ્રા૦ શુ૦ ૫–૮–૧૨–૧૪ ને વદ ૮–૧૨; પછીના પાંચ અંક સુરતમાં શ્રા૦ વ૦ ૩૦ ને ભા૦ શુ૦ ૩–૪–૯–૧૩ એકેકો.

# લગ્ન.

ઘરસંસારમાં સુધારાવાળાઓએ જે જે ફેરફાર કરવા યોજ્યા તેમાં મુખ્યત્વે લગ્નવિષય છે.

બાળલગ્ન ને પુનર્લગ્ન એ વિષે બહુ બોલાયું લખાયું છે, આવું કે પ્હેલું ન કરવું ને બીજું કરવું. હવે પ્રથમ લગ્ન વિષે સારી પેઠે સમજી પછી તે વિષે નક્કી કરવું.

લગ્ન વિષે પ્રથમ નિકળેલા સુધારાવાળાનાં મત આવાં કે સ્ત્રીપુરૂષ મોટી વયે એક બીજાની ઇચ્છાએ પરણે—વડીલ સંમત થાય તો ઠીકજ ને ન થાય તો ચિંતા નહિં; વળી લગ્નનું વિધાન જેમ હાલ બ્રાહ્મણો ચલાવે છે—અનેક દેવતાને વચમાં આણીને, તેમ નહિ—પણ સંક્ષેપમાં ને પ્રાકૃત ભાષામાં હોવું જોઇએ. એમાંના ઘણાકનો સમાવેશ કેશવચંદ્રસેનની બ્રહ્મસમાજના મતમાં થાય છે ને તે સમાજે લગ્નવિષયના નિયમ કીધા છે.

વેદ તથા વેદોક્ત કર્મને ન માનનારી પ્રાર્થનાસમાજ, તેણે પોતાના નિયમ લગ્ન સંબંધી બાંધ્યા નથી; પણ કન્યાદાનેજ લગ્ન તથા વેદોક્ત મંત્ર વિધાને તથા અનેક કર્માંગ દેવતાને આણીને કરવાં એવું તેઓનું મત નથી; તોપણ અમણાં તેઓ તે વિષે મૌન રાખી રહી બાળલગ્ન તથા વિધવાના લગ્ન એ વિષે મત પ્રસિદ્ધ કરે છે. આર્યસમાજ અનેક કર્માંગ દેવતાને વચમાં આણવાની ના કહે છે, બાળલગ્ન ન કરવા વિષે આગ્રહ બતાવે છે ને વિધવાને અર્થે નિયોગની ભલામણ કરે છે.

સનાતન ધર્મ પાળનારા લોકમાં પણ વિધવાના લગ્ન વિષે કેટલાકની મતિ થઇ છે દેશમાં સર્વત્ર.

લગ્નને વિષે.—પ્રજોત્પત્તિ ને સંસારી ભોગ એ ઉદ્દેશે લગ્ન છે એવું ? ? ધર્મના લોક સમજે છે; પણ વેદધર્મી લોકમાં વિશેષ એ અવશ્ય .મજ આ છેઃ—પ્રજોત્પત્તિયે તેના ધર્મકર્મ વડે અને વિધિયે પરણેલી સ્ત્રીને સાથે રાખી કરેલાં ધર્મકર્મ વડે પિતર સંતુષ્ટ થાય અને સ્વર્ગ મળે; કન્યાદાનથી પરણેલીનો પુત્ર કુળના પૂર્વજને તથા પરજને અને પોતાને પવિત્ર કરે છે; કન્યાદાનનું મોટું પુણ્ય છે; રજસ્વલા પછી કન્યા પોતાનું વ્રત રાખી રહે એ દુર્લભ છે અને વિધિવિના પશુધર્મ આચરનારી સાથે

વા પ્રથમ કોઇને આપવાનો સંકલ્પ થયલો એવી સાથે લગ્નસંબંધ કરવો તે પવિત્ર નહિ; વલી સપિંડ સગોત્રમાં લગ્ન ન કરવાં. એ સમજ ઉપરથી ચાલેલી રીતી બદલાય ને પારસી, મુસલમાન, ખ્રિસ્તી લોકના જેવી રીતિ હિંદુઓમાં દાખલ થાય એ ઈછા સુધારાવાળાની પાર પડવાનો સંભવ નથી; ને તેટલાજમાટે તેઓનો અમણા ઉદ્યોગ પણ નથી; વલી લગ્નના વિધાન ફેરવવાનો પણ નથી.

ઉપર જણાવેલી સમજમાં જેઓ વિશેષે ને અવશ્યે પરલોક સંબંધી પોતાના લાભ માને છે તેઓ પ્રજા નબળી થાય છે, વરવહુનો સ્નેહ બાઝતો નથી ઇત્યાદિ હાનિ આ લોક સંબંધી બાળલગ્નથી થતી તે વિષે નિસ્પૃહ કેમ ન હોય? પણ સુધારાવાળાઓએ છેક નિરાશ થવાનું નથી; કેમકે ઘણીક જ્ઞાતિમાં મોટી વયે રજોદર્શન પછી છોકરી પરણાવવાનો ચાલ છે. માત્ર બ્રાહ્મણ જ્ઞાતિ તથા તેને અનુસરતી કેટલીક જ્ઞાતિમાં રજોદર્શનની પૂર્વે કન્યા પરણાવવામાં આવે છે તો એ વિષયમાં કન્યાદાનનો કાળ છે તેમાંનો છેલ્લો પળાતો થાય એટલેજ ઘણું થયું. અંગિરા કહે છે કે આઠથી તે દશ વર્ષ લગીમાં ને મનુ કહે છે કે આઠથી તે બાર વર્ષ લગીમાં કન્યા પરણાવવી. વળી દશ વર્ષ પછીની કન્યા તે રજસ્વલા કહેવાય અંગિરાના મત પ્રમાણે; ને કેટલાકના કહેવા પ્રમાણે દશ વર્ષ પછીની તેર વર્ષ લગીની તે વૃપલી કહેવાય; ને વર્ત્તમાન સ્થિતિનું અવલોકન કરતાં જણાય છે કે છોકરીઓ અગિયારથી તે તેર લગીમાં રજસ્વલા થાય છે; માટે નવથી તે અગિયાર લગીનો કાળ કન્યાદાનને માટે રાખવામાં શાસ્ત્રનો બાધ નથી. છોકરીને નવની અંદર તથા છોકરાને ૧૬ની અંદર નજ પરણાવવાં અને તેર લગીની છોકરીને ચાલીસ પછીના પુરૂષ સાથે નજ પરણાવવી એ અમારૂં મત છે.

વિધવાના લગ્નનો વિષય પણ માત્ર ઉંચી મનાયલી જ્ઞાતિયોને કાજે છે; ઉતરતી મનાયલી જ્ઞાતિયોમાં નાતરાંની રૂઢિ છેજ.

એ વિચાર સુધારાવાળાઓને સૂઝ્યો તે શા ઉપરથી? યૂરોપની સ્ત્રિયોને માન લાડ વિશેષ અને આપણી સ્ત્રિયોને તેટલું નહિ તે ઉપરથી એઓની દાઝ અને વિધવાની સ્થિતિ તો અતિશય ભુંડી માટે એ પ્રથમ સુધરવી જોઇએ. *

---

* કલકત્તાના રામમોહનરાયે પુનરલગ્ન થવા વિષે લખ્યું નથી. મુંબઇમાં સંવત ૧૮૯૩માં પ્રથમ દક્ષણીઓએ ચરચા ઉઠાવેલી તે એક નાના

એ વિષય સારી પેઠે ચરચાયો છે—લોકમાં ને શાસ્ત્રી પંડિતોમાં. વિધવાની દયામણી સ્થિતિ—તેઓના કુવેશ, તેઓને થતો તિરસ્કાર, તેઓને પીડતો વિકાર, તેઓનું સંસારસુખમાં નિરાશીપણું એ વિષે તથા તેઓથી થતા કુકર્મ—વ્યભિચાર, ગર્ભપાત, બાળહત્યા એ વિષે લોકમાં બોલાયું છે અને શાસ્ત્રની આજ્ઞા છે* કે નહિ એ વિષેના વાદવિવાદ વિદ્વાનોમાં થયા છે, કલકત્તાના પંડિત ને પૂના મુંબઈના કેટલાક એઓએ પુનર્લગ્નનો અને કાશી સુધીના પંડિતોએ સામો પક્ષ ધરયો છે: બંગાલા, મહારાષ્ટ્ર ને ગુજરાત એ ત્રણ પ્રાંતમાં કોઈ કોઈ વિધવાના ફરી લગ્ન થયાં છે.

**વિવેચન કરીએ**: ઉંચી જ્ઞાતીયોમાં લગ્નવિષયમાં ધરમની સમજ અવશ્ય રહી છે તો વિધવાના લગ્નવિષયમાં તે હોવી જોઇએ; પણ જેવી લગ્નપ્રકરણમાં સર્વે પંડિતોની એક સરખી સમજ છે તેવી વિધવાના પુનર્લગ્નપ્રકરણમાં નથી. બ્રહ્મચર્ય પાળવું કે સતી થવું એ શિક્ષા વિધવાઓનેઅર્થે ઋષિયોએ ભણી છે એમ સર્વે પંડિતો કહે છે; બ્રાહ્મણ વિના બીજી જ્ઞાતિઓને માટે સતી થવાનું મહાપુણ્ય કહ્યું છે શાસ્ત્રમાં પણ—તે પ્રકાર સરકારે બંધ કરાવ્યો છે માટે તે વિષે હમણા બોલવાનું પ્રયોજન નથી; હવે બ્રહ્મચર્યના અભાવમાં પુનર્વિવાહને શાસ્ત્રોક્ત કહે છે કેટલાક પંડિત; ત્યારે બીજા કહે છે કે તેને માટે આજ્ઞા નથીજ એમ છે; પણ ધર્મનું સંરક્ષણ કરવું એ હેતુ બંને પક્ષના પંડિતોનો છે. કેટલાક પંડિત વિધવાથી થતાં કુકર્મ અટકાવવાં તથા તેમને સંસારાશ્રમમાં યોજવાં એ ઐહિલૌકિક ધર્મને પ્રધાન ભણી, સમય ધર્મને તેનો સહાય ઠેરવી, પરાશરના વચનને આગળ પાડી, ધર્મનું રક્ષણ કરે છે અને કેટલાક પંડિત લગ્નના

---

ગ્રંથમાં છપાઈ છે તેમાં એક બ્રાહ્મણે શાસ્ત્રને આધારે દેખાડયું છે કે પુરૂપ સંબંધની પૂરવે—રજોદરશનની પુરવે થયલી બાળ વિધવાનો પુનરવિવાહ કરવો. સ૦ ૧૯૧૨માં સરકારે કાયદો જાહેર કીધો કે પુનરવિવાહ કરનારી વિધવાને તેના આગલા ધણીનો વારસો મલે. સં૦ ૧૯૧૫—૧૬માં ગુજરાતી તથા દક્ષણીમાં સારી પેઠે ચરચા ચાલી; મુંબઈમાં વિષ્ણુ બ્રહ્મચારી પુનરવિવાહના પક્ષમાં ને દક્ષણી શાસ્ત્રિયો તેની સામા હતા. સં૦ ૧૯૧૯—૨૦ માં કલકત્તા ને કાશી અહીંના પંડિતોને વાદ થયો ને સરવેનો સાર તથા સ્વમત એવું પુસ્તક સં૦ ૧૯૨૧ માં વિષ્ણુ પરશુરામ શાસ્ત્રિયે મરેઠીમાં છપાવ્યું મુંબઈમાં. સં૦ ૧૯૨૪ માં છપાયલા આર્યવિદ્યાસુધાકરમાં સુરતના શાસ્ત્રિ યજ્ઞેશ્વરે જણાવ્યું છે કે પુનરવિવાહની ધર્મશાસ્ત્રમાં આજ્ઞા નથી.

પરલોક સંબંધી હેતુપૂર્વક ધર્મનેજ આગલ પાડી, સમયધર્મની સ્પૃહા ન રાખતાં, પરાશરના વચનની જૂદી સમજ દાખવી ધર્મનું રક્ષણ કરે છે. નિત્ય ધર્મના રક્ષણને અર્થે સમયના ધર્મની કંઇ પણ સ્પૃહા ન રાખવી એ મમત છે; કેમકે કાળે કાળે ધર્મસ્વરૂપ કંઈ કંઈ પણ બદલાયા વિના રહેતુંજ નથી,* અને સમયના ધર્મને નિત્યધર્મ ઠેરવવો અથવા સમયના ધર્મને નિત્ય ધર્મમાં દાખલ કરવાને બલાત્કારે મથન કરવું એ મમતાવાળું સાહસ છે કેમકે તરતને માટે ઠીક થાય કદાપિ; પણ ભાવિને માટે નિત્ય ધર્મને મોટી હાનિ પહોંચે કદાપિ. હવે પછીનો કાળ શું નક્કી કરશે તે વિષે અમણાં કંઇ કહેવાતું નથી; તોપણ વર્ત્તમાન કાળે ધર્મબુદ્ધિને ખસેડી. અર્થબુદ્ધિ તથા કામબુદ્ધિ એ બેને બહુજ આગલ પાડી છે એ જોતાં સમયનો ધર્મ પણ નિત્ય ધર્મમાં થોડોક પણ ભળેજ એમ પૂર્વના ઇતિહાસ ઊપરથી માનતાં, વિધવાના લગ્નની રીતિ ચાલુ થવાનો સંભવ છે; પછી ભાવિકાળ સ્વધર્મ બુદ્ધિને વધારનારો આવે ને સ્વધર્મના રક્ષક પુનર્વિવાહને નજ રાખે એમ પણ થાય;—એવું છે માટે નિત્ય ધર્મને જેમ વધારે અનુસરતું રહેવાય તેને પ્રકારે નવી રીતિ દાખલ કરવી એને અમે સાવધાનીવાળી સુધી નીતિ સમજીએ છીયે.

પતિત બ્રાહ્મણને જેમ ફરીથી જનોઇનો સંસ્કાર તેમ વિધવાને પણ ફરી લગ્નનો સંસ્કાર કરવો એમ પુનર્વિવાહના પક્ષના પંડિતો કહે છે ને તે પ્રમાણે કહીં કહીં કર્મ થાય છે, પણ તે કન્યાદાનનો વિચાર કરતાં ખોટાંજ થાય છે. અમારૂં મત આ છે કે ઋષિઓએ કહેલા આઠ વિવાહમાંનો જે ગાંધર્વ તે વિધવાઓને કાજે યોજવો.

**યાજ્ઞવલ્કય** કહે છે કે સ્ત્રીપુરૂષ પરસ્પર પ્રીતિસંકેત કરી વરવહુ થઈ રહે તે ગાંધર્વ વિવાહ. **મનુ**એ કહ્યું કે કેટલાક રૂષિને મતે ગાંધર્વ વિવાહ તે બ્રાહ્મણ પણ કરે અને સ્વમત જણાવ્યું છે કે ગાંધર્વ પણ ધર્મ્ય છે.

**યાજ્ઞવલ્કય** કહે છે કે કન્યાદાનને માટે યોગ્ય અધિકારી ન હોય તો કન્યાએ યોગ્ય વર જોઇને સ્વયંવર- વિધિયે પરણવું. કન્યાને માટે સ્વયંવર વિવાહ કહ્યો છે તો તે વિધવાને લાગુ કરવો. વિધવાને કન્યાદાનના જેવો

---

* યુગયુગના ધરમ થોડા થોડા જૂદા પડે છે; આચાર્યોએ નવા નવા ફેરફાર કીધા છે; એમ ન થાય એટલે દેશકાળનો વિચાર ન કરવામાં આવે તો ધરમની હાનિ થાય.

વિધિ સંસ્કાર ન થાય તથા તેના પૂર્વપતિના સંબંધમાં ધર્મહાનિ થાય એ પ્રકારના દોષનું નિવારણ મોટું પ્રાયશ્ચિત આપી કરાવવું.

પતિના મરણ પછી તરૂણીએ (સોલથી તે પચ્ચીસ વર્ષની વય લગીની ને સંતાનરહિત એવીએ) પોતાને ગૃહસ્થાશ્રમ ભોગવવાની બુદ્ધિ થયેથી પોતાને યોગ્ય એવો પુરૂષ પોતાની મોટી જ્ઞાતિમાંનો ખોલી તેની સાથે લગ્ન કરવું, પણ પતિના મરણના ઉભાં વર્ષમાં તો નહિજ. પ્રથમ પ્રાયશ્ચિત લેવું, પછી દશ વીસ સગાં સ્નેહીની સમક્ષ બ્રાહ્મણદ્વારા વરવહુએ ગાંધર્વ સ્વયંવર વિવાહને અનુકૂળ એવા વેદોક્ત મંત્ર યોગે કર્માંગ દેવતાને પ્રસન્ન કરી સંસ્કાર કરાવી લેવો.*

અમારૂં મત્ત સુધારાવાળામાંના એક રૂપે વિધવાના પુનર્લગ્નની રીતિ ચાલુ કરવાનું હતું તથા તેને અર્થે અમારો ખંતે ઉદ્યોગ પણ હતો. પણ પાછળથી જન્માંતર તથા કર્મવિપાક એ વિષે પુનર્લગ્ન પણ પછી ભાગ્યને અધીનતા એ વિષે, સ્નેહની ઉત્તમ નીતિવિષે, ગર્ભપાતાદિકના પાપ વિધવાના અને સુરાપાન વ્યભિચાર ભ્રષ્ટપણાં પુરૂષના એ વિષે, પુનર્લગ્નની રીતિ દાખલ થયા પછી હિંદુ ગૃહસૂત્ર પવિત્ર વ્યવસ્થિત રહેશે કે કેમ એ વિષે, શાસ્ત્રની આજ્ઞા છે કે નહિ તે વિષે, ઘણા જણની ઈછા છતે રીતિ ઝડપથી દાખલ કેમ થતી નથી એ વિષે અને અમણાં જે કોઈ કોઇ પરણે છે તે શા હેતુથી, કેવે પ્રકારે ને પછી જોડું કેવી રીતે વર્ત્તે છે તે વિષે—એ સર્વ વિષે આમતેમ વિચાર કરતાં જો કે અમારો આગ્રહ શિથિલ થયો છે તોપણ વિધવાના પુનર્લગ્ન નજ થવાં એવું અમારૂં મત નથી; ધર્માચરણ રાખવાની શુદ્ધબુદ્ધિયે યથાવિધિ લગ્ન થાય; કેમકે કાળની કામ પ્રવૃત્તિમાં મોહિત જનને પ્રથમ સામાન્ય ધર્મે પણ અંકુશિત રાખવાને

---

*ઘણાક બ્રાહ્મણ શ્રુતિસ્મૃતિની મર્યાદા બહાર વરતે છે, આચાર પાલતા નથી, કર્મભ્રષ્ટ છે; કળિવર્જ્ય કર્મમાંના ઘણાંક તે બ્રાહ્મણો કરે છેજ; અનધિકારીને વેદોક્ત કર્મ કરાવે છે, શૂદ્ર તથા રજસ્વલા આગલ વેદમંત્ર ભણે છે, એવો જ્યારે સમો છે ત્યારે વિધવાનો વિવાહસંસ્કાર વેદોક્ત મંત્રે કરવામાં બાધ ગણવાનો નથી. હાલ જે પ્રકાર ચાલે છે તેમાં કોઇ અધિકારી દાન દેતો નથી પણ કૃત્રિમ અધિકારી દે છે; વલી વરવહુ પ્રથમ પરસ્પર ઈચ્છાએ લગ્નનો સંકેત કરે છે એ ગાંધર્વવિવાહનું લક્ષણ છેજ ને એમ છે તો તેને ગાંધર્વ વિવાહનોજ સંસ્કાર રાખવો; એ વિવાહનું, કર્મ વિધાન પૂર્વના બ્રાહ્મણોનું રચેલું તે જોઇ તેમાં કેટલીક વધઘટ કરી નવી પદ્ધતિ રચવી.

તથા પછી સ્વધર્મ ભણી વૃત્તિ કરાવવાને આશ્રમ મર્યાદા અવશ્ય જોઇએ; ગૃહસ્થાશ્રમ ધર્મમાં મોટા તથા રૂડા ધર્મ સમાયા હોય છે. કેટલાક કુટુંબો કન્યા ન મળવાથી કુંવારાજ મરી જાય છે તેઓને પણ વિધવાના લગ્નની છૂટથી લાભ થાય.

બ્રહ્મચર્ય પાળવું એ વિધવાનો નિત્ય ધર્મ છે અને ગાંધર્વ વિવાહ એ તેને માટેના સમયનો પ્રેરેલો ધર્મ છે—સુધારાવાળાઓએ પ્રથમ લગ્નમાં ઇછેલો તે છે. એ વિવાહસંસ્કારે મંડાયલી સ્ત્રીની યોગ્યસત્તા વસ્તુતઃ લગ્ન પ્રકારને વિચારે ઊતરતી (સાત્વિક બ્રાહ્મણની યોગ્યતાથી રાજસી બ્રાહ્મણની ઉતરતી તેટલીજ); તોપણ પ્રથમ વિવાહવાળીની પેઠેજ તે સર્વ ધર્મકૃત્ય કે સંસારકૃત્ય કરવાનો સર્વ પ્રકારે અધિકાર રાખશે. તે સ્ત્રીથી પતિથી છુટાં પડી શકાશે નહિ ને પતિને મરણે બીજીવાર પુનર્લગ્ન કરી શકશે નહિ.

વિધવા ગાંધર્વ સંસ્કારે પરણતી થાય, સદાચરણે તથા સ્વધર્માચરણે પોતાના નવા ગૃહસ્થાશ્રમને કીર્ત્તિમંત કરતી થાય તોજ પુનર્લગ્નને માટે ૪૫ વર્ષ થયાં ચાલેલો ઉદ્યોગ સફલ થયો કહેવાય. *

---

* સ્વતંત્ર બુદ્ધિનો કાળ છે, સર્વત્ર અવ્યવસ્થા છે, રાજ્ય અનુકૂળ છે, જાતિના ધરમબંધન ઢીલાં છે એમ છતે સ્ત્રિપુરૂષો બહાર નથી પડતાં. કહીએ કે અગ્રેસરો પોતે દાખલો નથી આપતા; પણ ખરૂં કારણ એ છે કે ગૃહસ્થાશ્રમની નીતિ ભણી તેઓનો લક્ષ નથી પણ ભોગની લલુતા છે તેઓને; જો ખરેખરો જોસો હોય તો જ્યારે ઘણીક રીતે વડીલની મરયાદા તોડે છે ત્યારે આ વાતમાં કેમ ન તોડે? ઇચ્છા કરનારાં આપબળ ચાતુરીએ દુઃખ વેઠીને પણ અર્થ પ્રાપ્ત કરવાની સમજ આણતાં નથી; પણ એકલાં પડી જઇશું, પ્રજા રઝળશે, મરણ વેળા અડચણ પડશે એમ બાનાં બતાવે છે.

# દેશાભિમાન.

હિંદુસ્થાનના સંબંધમાં દેશાભિમાન વિષય મુખ્યત્વે પાંચ પ્રકરણમાં લખાય:—એકમાં પરદેશી રાજ્યસત્તા દેશમાંથી કાઢી નાખવાને અર્થે દેશી સર્વેનો સંપીલો ઉદ્યમ; બીજામાં પરદેશી સત્તાની પ્રજારૂપે સરવે જાતિ વર્ગનાં જનસુખી થાય તથા પરદેશી સત્તાના અંકુશમાં રહેલાં સર્વે દેશી રાજ્યોની કળા વધે તેને અર્થે ઉદ્યમ; ત્રીજામાં દેશની સમૃદ્ધિ વધે, દેશમાં વિદ્યાકળા વધે તેને અર્થે ઉદ્યમ; ચોથામાં જાતજાતના લોક પોતપોતાના ધર્મના મમતમાં પરસ્પર દ્વેષ ન રાખતાં દેશના સામાન્ય લાભને અર્થે સૌ એકરૂપ થાય તેને અર્થે ઉદ્યમ; અને પાંચમામાં જાતજાતના લોક પોતપોતાના ધર્મ તથા સંસાર વિષયમાં સુધારો કરે તેને અર્થે ઉદ્યમ.

(૧) પહેલા પ્રકારનો ઉદ્યમ દેશમાં નથી. એ ઉદ્યમ સર્વે જાત વર્ગના લોકમાં વસે ને વળી ધર્મમાં સર્વ સુદૃઢ થાય તેવી દેશની પ્રકૃતિ નથી ને લોકના મોટા ભાગની પ્રકૃત બુદ્ધિ પણ નથી. અમેરિકાના ને ઇટાલીના લોકે પરદેશી રાજ્યથી સ્વાધીન થવાને જેજે પ્રકારનો ઉદ્યોગ ચલાવ્યો તેવો સંપીલો જાથુનો ઉદ્યોગ આ દેશમાં થવાનો ને જેવી નાની મોટી ટોળીઓ છૂપી કે ખુલ્લી યૂરોપમાં પોતાના રાજકીય મતના પ્રસાર તથા જયને માટે નિરંતર મથન કરે છે તેવી આ દેશમાં થવાનો સંભવ નથીજ.

ઔરંગજેબના જુલમથી હિંદુ પ્રજા કંટાળી હતી ને શિવાજીએ તથા ગુરૂ ગોવિંદે સ્વરાજ્યો કીધાં પણ પ્રજાના મોટા ભાગે હથિયાર લીધાં નો'તાં. પેશવાએ તથા હૈદર ટીપુએ અંગ્રેજોને દેશમાંથી કાઢવાને તજવીજ કીધેલી પણ લોક સર્વેને તે વિષે જાણ નહોતી. દેશાભિમાન શબ્દનો પોકાર અંગ્રેજી ભણેલા જુવાનો કરતા થયા તેની પહેલાં હિંદુ તથા મુસલમાન રાજકુળોએ બ્રિટિશ લશકરની મદદે બ્રિટિશ કંપનીની સત્તા ભાંજી નાખવાને છુપો ઉદ્યોગ ચલાવેલો પણ બ્રિટિશ પ્રજાને ઘણાંક દેશી રાજ્ય એ સૌ કંપનીના હિતુ હતાં. આ ચોવીસ વર્ષમાં કોઈ પણ રાજકુળે કે પ્રજાકુળે પોતાની બુદ્ધિ બ્રિટિશ રાજ્યની સામે થવાને કીધી નથી. સૌ પોતપોતાની વર્તમાન સ્થિતિમાં એવાં તો સંકડાઇ રહ્યાં છે કે કોઇને પાસેની કે તરતની અડચણ મટાડવી એ ઉપરાંત બીજી મોટી ઇચ્છા

હોયજ શેની ? કોઈ સાહસિક પુરૂષ રાની લોકની મદદથી કદાપિ રાજ્યની સામા હથિયાર લે પણ તેને આસરો આપવાની બુદ્ધિ કરે તેવું રાજકુળ કે પ્રજાકુળ કોઈ નિકળે તેવો સંભવ અમણાં તો નથી ;—હજી હાક બ્રિટિશની ગાજે છે અને બ્રિટિશ આણ ઉમંગે પાળે છે પ્રજા, એજ રાજ્યથી મળતાં છૂટ સંબંધી વિશેષ સુખ વિચારીને.•

કદાપિ બ્રિટિશ રાજ્યની પડતીના વખતમાં કોઈ એક પુરૂષ કે કોઈ રાજકુળ કે કોઈ પ્રજાકુળ બહાર પડે કે સઘળાં દેશી રાજ્ય એકી કરી સામાં થાય; તો પણ તે પ્રજાના દેશાભિમાનથી થશે એ સમજ અમે ખોટી સમજીયે છિયે. પ્રજા ઇચ્છે છે કે રાજય ન્યાયી તથા સુખકર રહે પણ કદાપિ ત્રાસદ નિકળ્યું તો તે દુઃખ વેઠશે કાળની અવધિ લગી.

(૨) બીજા પ્રકારનો ઉદ્યોગ બ્રિટિશ રાજ્યની મૂળ નીતિયે પ્રજાને મળતી છૂટ તથા મહારાણીની રહેમ મહેર એને લીધે થોડાક જણ રાજનગરોમાં ચલાવે છે—સભાદ્વારા ને પત્રદ્વારા. આસોશીએશન કહેવાતી સભા તે દેશી વ્યવસ્થાની છે. સરકારી નોકરીમાં નહિ તેવા કેટલાક ધનવંત (અંગ્રેજી જાણનારા કે ન જાણનારા) ને કેટલાક વિદ્વાન (અંગ્રેજી જાણનારા) એવા થોડાક જણે સ્થાપી છે; અને **પુના સાર્વજનીક સભાનુ** બંધારણ આવું કે પુના તથા તેને લગતા કેટલાક તાલુકાના લોકે પોતાના મુખત્યાર ઠેરવેલા એવાઓની તે સભા છે. એ સભાઓ ન્યાય, ધારા, કરભાર, દેશીઓની વૃદ્ધિ એ વિષયમાં સમયે સમયે માંગણી કરે છે ને રાજકુળ કે અધિકારીઓને માનપત્ર આપવાનો વિવેક કરે છે; પુનાની સભા દેશીઓ પોતાના લેણદેણનો ફડચો લવાદ કોરટથી કરી લે તેને માટે યત્ન કરે છે એ વિશેષ છે. એ સભાઓના ઊદ્યોગને ઉત્તેજન મળે તેવું કંઇજ નથી—સભાસદ ખંતે કામ કરવાવાળા જુજ, ને બીજા તે કોઈ માનના કોડીલા, કોઈ બીકણ કે ખુશામતિયા કે મતલબ કાઢનારા હોય છે. સરકાર તેઓનું સાંભળે છે પણ કરે છે પોતાનું ધાર્યુંજ.

પ્રજાના મુખત્યારોની સભાઓ થાય ને તે સરકાર પાસે હક ન્યાય સુખ માગે એવું પરદેશી પરધર્મી સત્તાને અધીન એવી હિંદુસ્થાન જેવા મોટા દેશની, અનેક જાત ધર્મવાળી, ને રાજપ્રકરણમાં ચિત્ત ન રાખનારી એવી, વળી સેંકડો વર્ષ થયાં પરતંત્ર એટલે ઉંચી બુદ્ધિનીતિયે હીણ એવી પ્રજામાં થવાને શી આશા કરવી? હિંદુસ્થાનના લોક સમસ્તના મુખત્યારોની એક મોટી સભા થાય-કાનેડા કે આયરલંડની પેઠે-બ્રિટિશ

પાર્લામેંટમાં દેશીઓ બેસે એને માટે પ્રયત્ન કરવો મિથ્યા છે.* સરકાર કીયા મોટા હક આપે છે ને કેવો કરભાર ઓછો કરે છે તે આપણે જાણીએ છીયે તો સરકાર પોતાની સામાં રાજકીય ઐક્ય કેમ થવા દેશે? અરે! લોકના અગ્રેસરો પોતાનું ઐક્ય કરી શકતા નથી તો બીજા કોની વાત કરવી? દિલ્લીમાં મળેલી દરબારના મેલાવડામાં પત્રવાળાઓએ પોતાની એક સભા કરવાનો વિચાર ઊપજાવેલો તે પાર પડ્યો નથીજ.

દેશીઓની કલમથી લખાતાં જુજ પત્ર, ધારાની બાબતમાં સારી ચરચા કરે છે ને **અમૃતબઝાર** દેશી નીતિ રીતિનું સંરક્ષણ ને સરકારી કામદારોના અન્યાય પક્ષપાત વિષે સ્પષ્ટ બોલે છે. દેશીઓથી લખાતાં સઘળાં પત્રોએ વડોદરાના પ્રસંગમાં પાછળથી એક સરખું લખ્યું હતું; દેશી રાજ્યનું રક્ષણ થવા વિષે. વર્તમાનપત્રોની રીત આપણા દેશમાં નવી છે. (એ વિષે બિજે પ્રસંગે વિચાર આપીશું,) એથી પ્રાંત પ્રાંતના લોક એકમેકનું જાણે છે ને જાણમાં વધારો કરે છે—ને એથીજ સરકારની નીતિવૃત્તિ વિષે લોકે એકસરખું મત વહેલું બાધયું છે. કેટલીક વાતે પત્ર ઉપર સરકારનો અંકુશ છે તથાપિ સરકારની હજી મેહેર છે ને પત્ર છૂટથી લખાય છે.

દેશી રાજ્યના કારભારીઓ બ્રિટિશ સરકારથી નિમાયલા તેઓની નીતિ આવી કે રાજ્યમાં બખેડો ન થાય તેવી વ્યવસ્થા રાખવી ને શેહેર સુધરાઈનાં કામો કરવાં; અને રાજાઓમાં કોણ છે? ઔરંગજેબે હિંદુ ઊપર જીજીઓ મૂકેલો તે કાઢી નખાવવા વિષે ઉદેપૂરના રાજા સરદારે સૌ હિંદુના પ્રતિનિધિ રૂપે બાદશાહને લખ્યું હતું તેવું હાલ કોઈ કાંઈ કરતું નથી.

બ્રિટિશ પ્રજા ને દેશી રાજ્ય બંને બ્રિટિશ સરકાર ઇચ્છા દેખાડે તે

---

*લોકના પોકારથી કોઇએક વાતે તરતને માટે તેઓ કદાપિ પોતાને ફાયદો કરી લે, પણ સરકાર મમતમાં બીજી ઘણીક વાતે તેઓને ગેરફાયદા કરે; સરકાર વખતે વખતે દબતી રેહ એ ફાયદા કરતાં તે બહુ જુલમ કરયાં કરે તેથી લોકને હમેશને વાસ્તે વધારે ફાયદા છે; હિંદુ પ્રજાનો જય સહનત્વનાં તપનમાં છે, અધૈર્યના યત્નોમાં નહિ; એ નીતિ લોક ભૂલ્યા છે ને મથનમાં પણ કેટલીક નીતિ જરૂરની છે કે જે યુરોપના લોક પાળે છે તે પણ તેઓમાં નથી; માટે સભા તથા પત્ર એઓએ લોકનું દુઃખ સરકારને હઠથી નહિ પણ નમ્રતાથી જણાવવું પછી એ ગમે તેમ વર્ત્તે.

કામમાં ભાવે કે અભાવે પણ શ્રમ વેઠે ; યુરોપીઅનને માટે ઉભી થયલી ટીપોમાં ધનવંતો નાણાં ભરે ને દેશી જનને માટે કે દેશી કામને માટે થયલી ટીપમાં ન ચાલતાનું ભરે ને સરકારની ઇતિરાજી થવા જેવું ભાસે તો કંઇ પણ ન ભરે. કેળવણી લીધેલી એવા બુદ્ધિવંતો તે તો સરકારી નોકરીમાં એટલે લોકને અર્થે બોલી લખી શકે નહીં.

કંપનીના રાજ્યમાં સુધારાવાળાઓએ જે રાજનીતિ રાખેલી સરકાર સાથે વર્તવાની, તે આ કાળમાં રહેજ નહિ—એકમાં વસ્તુતઃ બ્રિટિશ રાજ્ય પાસે માંગવાનું હતું ને બીજામાં હિંદુસ્થાનની મહારાણીની સરકાર પાસે માંગવાનું છે.

(૩) ત્રીજા પ્રકારનો ઉદ્યોગ થોડાં વર્ષ થયાં ચાલ્યો છે તેટલામાં ઘણા લોકની ઇચ્છા થઇ છે કે દેશ સધન થાય તો સારૂં. ઉદ્યોગ વેહેલો સફળ નહિ થાય પણ દેશને લાભકારી છે.

સસતું સારૂં તરત મળે તરત ઉપભોગમાં આવે તેવી પરદેશી વસ્તુઓનો આદર કરવા વિષે લોકની બુદ્ધિ છે તેને દોષ ન કહિયે, પણ ભોગલલુતા વધી ગઈ છે ને પ્રાપ્તિને માટે પરિશ્રમ કરવાની ટેવ ઘટી ગઈ છે એ વૃત્તિ મોટો દોષ છે; વળી કેટલાક પરદેશી વસ્તુના વાપરવામાં મોટાઈ માની તેને માટે ઘણું ખરચે ને દેશી બનાવટ ઉમદા હોય તોપણ તેને ખરીદે નહિ એ વૃત્તિ પણ દોષ છે. નગરની કે દેશની વધઘટનો વિચાર જેણે કરવો જોઇએ એવા ધનવંત જે સાહુકાર વેપારી તે આજ કાલ સ્થિતિ ભ્રષ્ટ, અભણ, સ્વાર્થી, વિલાસી, મોટાઇખોર, ખુશામત ઇચ્છનારા છે તેઓ દેશી કળાને ઉત્તેજન આપતા નથી અને એવાઓને સારીપેઠે સમજાવે તેવા સહલા આપનારા નથી. થોડાક જણ દક્ષણી ગુજરાતી બંગાલી પુસ્તકો લખે છે, ભાષણો કરે છે; કાંઈ કાંઈ માલ બનાવે છે ને કેટલોક વેચે છે પણ એ ઉદ્યોગ લોકસંખ્યાના પ્રમાણમાં નહિ જેવો છે.

એ વિષયમાં અપાતો બોધ કે—(૧) દેશનું દ્રવ્ય બહુ બહુ રીતે પરદેશ ગયું છે તથા જાય છે; લોકને ઘણા કર આપવા પડે છે ને તે વળી ધંધા રોજગારની અછતમા, સરકાર લોકનું દારીદ્રય કાઢવાને કાંઈ કરી શકતી નથી; ત્યારે લોકેજ પોતાને માટે વિચાર કરવો. (૨.) લોકમાં કેટલાક હુન્નરી કિસબીઓ છે પણ તેમને આસરો મળે તો પરદેશી વસ્તુઓના જેવી અહીં પણ બને અને ખપ જાગેથી દેશી વસ્તુઓ વધારે સસતી સારી પણ મળે. (૩.) માટે દેશી માલ વાપરવાને સૌએ બુદ્ધિ કરવી ; કારખાનાં કાટવાં; ધ-

નવંતોએ અને વિદ્વાનોએ કૃષિશાસ્ત્ર, ઉદભિજજશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર એ વિષયના ગ્રંથો લખવા.

'બાદશાહ ત્યાં બજાર' એવું આ દેશમાં અમણા ન હોવાથી, રાજ્યાધિકારીઓ પોતાના ધનનો ઉપભોગ ઘણોક ઇંગ્લંડમાં કરવા લાગ્યા તેથી, અહીંના અભણ વેપારીઓ બ્રિટિશ આડતીઆ મારફતે બ્રિટિશ વેપારીઓ સાથે વેપાર કરે તેથી; જુના વહીવટની સાહુકારી તૂટી જવાથી, સરકારના કરભારથી ને પ્રજાના પોતાના અઘટતા ખરચથી દેશમાં નાણું રહેતું નથી; ઝાઝું આવતું નથી, બહુ જાય છે, ને અહીં ભીડ તાણમાં રાખે છે લોકને. બ્રિટિશ કારખાનાને ગેરફાયદો થઈ આ દેશના કારખાનાને ફાયદો થાય તેવાં કામમાં આપણી સરકાર મદદ ના કરે, પણ અટકાવ ખસુસ કરે, એ સ્થિતિ, જોતાં ઉપર કહી તેવી ધનવંતોની સ્થિતિ જોતાં, રાજાથી તે રાંક લગીના સૌ જણનો પરદેશી વસ્તુ ઉપર મોહ તથા સંસારી વૈભવ ઉપર પ્રીતિ એવી લોકની સ્થિતિ જોતાં આ સમયમાં દેશનું ધન વધે ,તેવું તો થનાર નથી. હા, લોકનો મોહ સમજથી કે દુઃખથી ઘટે, હઠથી ઘટે ને લોકમાં સ્વાર્થ, પણ થોડીવારનો કે હમેશનો છે, આ કે તે એવી સમજ આવે તોજ પરદેશી વસ્તુનો કેટલોક વાપર ઓછો થાય ને એમ દેશના ધનનું કાંઇક રક્ષણ થાય ખરૂં.

(૪) ચોથા પ્રકારના ઉદ્યોગનું બીજ આ બુદ્ધિ કે સૌ માણસ સરખાં છે; સૌનો બનાવનાર એકજ છે; એટલે આપણે સૌ ભાઇઓ છીએ, સંસાર વહેવારમાં સૌની નીતિ સરખી છે માટે હિંદુઓએ પોતાનામાંના અનેક ધર્મ પંથના મમત મુકી દેવાં અને મુસલમાન, પારસી, ખ્રીસ્તી સાથે ખાવા પીવામાં બાધ ગણવો નહિ; એઓએ પણ ભળવું; હિંદુઓએ વેદ ન માનવો એમ સ્પષ્ટ કહ્યું અને બીજા ધર્મના લોકે પોતપોતાના ધર્મપુસ્તક ન માનવાં એવું સુચવ્યું. એ મત સમાજોનું લોક માનતા નથી ને સમાજવાળા પણ ઘણાક સ્વમત પ્રમાણે આચરતા નથી; વળી કોઈ મુસલમાને કે બીજાએ પોતાનો ધર્મ છોડી સમાજનો કબૂલ કીધો નથી.

આપણો દેશ યૂરોપના રાજ્યના ઉત્કર્ષને ક્યારે પામે, કેમ પામે એમ ગ્લાનિથી ઉઠેલા ભાવે દેશાભિમાનને હિતુ દીઠું ને પેહેલું બળ સુધારાવાળાઓએ સનાતન ધર્મને નિર્મુળ કરવા ભણી વાપરયું; હિંદુ મુસલમાન સૌને એક કરવાને; અને આ મંત્ર ભણ્યો કે દેશાભિમાન એ બીજ ને સર્વ વિષયમાં ઐક્ય એ શક્તિ એ બેએ સ્વરાજ્ય લક્ષ્મીનો ભોગ પ્રાપ્ત ક-

રવો. સમાજોએ એકેશ્વરની ભક્તિ સુધારાવાળાની રાખી પણ એકની-શાથે ओं શબ્દ બૌદ્ધ જૈન વૈદિકનો જોડયો કે જેને બીજા કોઇ પણ ધર્મના તે કબુલ ન રાખે. આદિબ્રાહ્મસમાજ તે વેદ ઉપનિષદને માને છે; નવી બ્રહ્મસમાજ તથા પ્રાર્થનાસમાજ તે વેદને માનતી નથી પણ ब्रह्म "ओं ततूसत्"રાખે છે કે જે બૌદ્ધ જૈનનું નહી પણ વેદ માનનારાનુંજ છે; અને આર્યસમાજ તે વેદને માને છે. એ સમાજ વળી આગ્રહ સાથે બોધ કરે છે કે આર્યાભિમાન એ બાજ તથા વેદ ઉપર આસ્થા એ શક્તિ એણે લોકનું ઐક્ય કરી પૂર્વના આર્યની મહાલક્ષ્મી પ્રાપ્ત કરવી. સમાજોમાં ત્રણ હિંદૂઓનું ને એક બધા ધર્મનું ઐક્ય કરાવે છે ને ત્રણના મત પણ ઉપર કહ્યા પ્રમાણે જુદાં છે.

રાજપ્રકરણમાં હિંદુ, મુસલમાન વગેરેએ સંપે કામ કીધું છે તે ઇતિહાસ ઉપરથી જણાય છે અને આજે કરે છે તે જોઇયે છીયે; વેપારધંધામાં અગાઉ સૌ સંપે કામ કરતા હતા ને આજે પણ કરે છે: સંસારી કોઈ પણ લાભમાં જાત ધર્મનો વિચાર રાખતાજ નથી. હિંદુઓએ લડાઇમાં ધર્મના આચારની દરકાર રાખી નથી; આજે પણ ઉત્તર હિંદુસ્થાનના બ્રાહ્મણ ક્ષત્રી એઓએ લશ્કરમાં અનેક જાત વર્ગની સંગતિમાં છતે અને દૂર દેશાવર ગયે છતે પણ હિંદુનો આચાર મુકયો નથી

(૫) પાંચમાં પ્રા[illegible]રનો ઉદ્યોગ આ દેશના સર્વ ધર્મના લોકમાં ચાલે [illegible] હિંદુઓમાં ધર્મ સંશોધન થાય છે અને ધર્મ સાથે અવશ્ય તથા વિશેષ બંધાયલા એવા જે જ્ઞાતિ તથા ઘરસંસાર વિષય તેમાં પણ જુના નવા વિચાર ચરચાય છે.

હિંદુઓમાં માંહોમાંહે જ્ઞાતિકુળ બંધન ન જોઇયે એવો સમા[illegible]ના [illegible]શ છે. કર્મ પ્રમાણે સ્થિતિ ને સ્થિતિ પ્રમાણે કુળ એ નિયમ સર્વત્ર છે. બી[illegible] સંસારી સ્થિતિને કુળનું કારણ જાણે છે ને હિંદુ લોક પણ; પણ હિંદુએ [illegible] આ કે જન્માંતરના વિચારથી જે જ્ઞાતિમાં જન્મ તેને પૂર્વ જન્મના કર્મ ઉપરથી પ્રાપ્ત કુળ સ્થિતિ સમજે છે. વળી વેદ ધર્મની વ્યવસ્થા જ્ઞાતેભેદ એ અવસ્ય તત્વ છે—જાતિભેદ ને આચાર ન રહે તેવો કળિયુગ આવવાને હજી ઘણો લાંબો કાળ થશે. વળી બ્રાહ્મણની જ્ઞાતિ તેમાંના સકડો ને હજારોના વિચાર ફરી જાય તોપણ બીજા લોકથી જુદી રેહવાની. સામયના ધર્મને માટે નવી વ્યવસ્થા થશે—કેટલાંક બંધન શિથિલ થયાં છે તથ કેટલાંક તૂટશે ને આચાર ઓછો પળાશે પણ જ્ઞાતિ મર્યાદા રહેશેજ.

યુરોપની ચઢતીમાં સ્ત્રીકેળવણી એ એક અગતનું કારણ મનાયું છે માટે તે લોકમાં દાખલ કરવી; તેની યોગ્યતા, તેને માન, તેને છૂટ વગેરે માં આપણા બૈરાં યૂરોપનાં બૈરાં જેવાં થાય અને આપણામાં લગ્ન, બાળલગ્ન, વિગેરેમાં ઘણો સુધારો જોઇએ ને પુનર્લગ્નની રીતી નવી કરવી. સ્ત્રીકેળવણી દાખલ થાય છે તે ત્રીસ વર્ષના અનુભવ ઉપર વિચારવું છે; યોગ્યતા વગેરે ઉપર વિચાર કોઇએ કીધા છે પણ તે હજી ચરચાયા નથી. લગ્નાદિમાં બોલાયું છે તથા લખાયું છે કેટલુંક અને પુનર્લગ્ન જૂજ કોઇ કોઇએ કરી દેખાડયું છે-(જ્ઞાતિકુળ ઘરસંસાર પ્રસંગે પ્રસંગે બોલવામાં આવશે.)

(૬) ... દેશાભિમાન આ હતું કે દેશની એકજ ભાષા કરવી પણ તે વિષય ઝાઝો ચરચાયો નથી; પ્રાંતપ્રાંતના લોકો પોતપોતાની ભાષાની સંવૃદ્ધિ કરતા થયા છે. તોપણ અંગ્રેજી ને હિંદુસ્થાની એ બે ભાષા લોકના સામાન્ય લાભને અર્થે અગતના સાધન જોવામાં આવે છે. હિંદુઓના શુભાશુભ કર્મ પ્રાકૃતમાં થવા વિષે સમાજોના કાંઇ કાંઈ ઉદ્યોગ છે.

(૭) સાતમા પ્રકારનું અભિમાન તે જુનાં ગ્રંથો ખોળવા વાંચવા છપાવી સિદ્ધ કરવા એની હોંસમાં દેખાય છે કે જેથી લોક પોતાની પૂર્વ સ્થિતિ જાણી ભાવી સ્થિતિને માટે ઉદ્યમી થાય. એ ઉદ્યોગ સફળ થશે.

દેશાભિમાન તથા નીતિવિષયમાં દેશના લોકની કેવી સમજ તથા સ્થિતિ છે તે વિષે ઊત્તર હિંદુસ્થાનમાં કામને અર્થે જઇ આવેલા તથા જાત્રા કરી આવેલા તેઓએ અમને આ પ્રમાણે કહ્યું છે. એક દેશાભિમાની વૃદ્ધ દક્ષણીએ, મળવા આવેલો તેણે, કહેલું કે "દેશાભિમાન કેથે નથી કલકત્તે કે કોઈ ઠેકાણે; અમારા લોકમાં કાંઇક છે પણ બડબડ બહુ ને કૈ.ય નહિ." બીજાઓનું કહેલું તે આવું-લોક અંગ્રેજી ભણે છે તે નોકરી મેળવવાના હેતુથીજ. અંગ્રેજી રાજ્યથી રેહેતી જાનમાલની સલામતા ... એને બહુ વખાણે છે. માત્ર કારભારને વાસ્તે બહુ દલગીર ... બ્રિટિશ ખાલસા ભાગના શેહેર કસબાઓમાં કોઈ કોઈ કેળવણી ... એલા ને રાજ્યપ્રકરણમાં વિચાર કરવાવાળા છે; દેશી કારીગરીથી ગરીબ... મટાડવાનાં ઉદ્યમ વિષે વાતો થાય છે; કસરત કરવા ઊપર સૌને શોખ ...., કાશીમાં બ્રાહ્મણો સન્યાસી મોટા પંડિત છે. અંતરવેદમાં લોક જોસ્સાવાળા છે પણ અજ્ઞાન છે; ઊત્તર હિંદુસ્થાનમાં પૈસો ન મળે. બંગાળી કેળવણીવાળા તે વિવેકી છે પણ યુરોપીયનને ખુશ રાખનારા છે; એઓની રીતભાત ખસૂસ દાખલ કરે છે, ધર્મ વિષે ઘણાક તે પાછલું

કાયમ રાખી ચલાવ્યા જાય છે; રજપૂતોમાં હથિયારનો શોખ તથા ભાવ-જત ઓછાં નથી; કેટલાક રાજ્ય વગવાળાં ને પુખ્ત વિચારનાં છે; સીખ લોક કેટલાક ધનાઢ્ય ને ઘણાખરા શૂરા છે પણ બ્રિટિશ સરકારને અધીન; તેઓમાં કેળવણી નથી.

ધર્મવિષયમાં સમાજોનાં પણ જુદાં મત એને લીધે અને પ્રવૃત્તિનેજ વિચારે તથા હારી થાકી ગયલે અભિમાનને ભૂલી પડેલી સંશયી બાવરી થયલી પ્રજાએ હવે કીઓ માર્ગ લેવો? આપણા પૂર્વના જ્ઞાની શિષ્ટ જનોની શિક્ષા આવી છેઃ—

સેંકડો વર્ષ પરતંત્ર રહી સ્વતંત્ર થવાની શુભેચ્છા થઈ છે તો સિદ્ધિ કાળ વેહેલો મોડો પણ આવશેજ માટે ધીરજ રાખવી. પારકી નીતિયે આપણું બળ વધનારૂં નથી; આપણું બળ આપણી પોતાનીજ નીતિયે વધશે ને તેને માટે પહેલી આ સમજ કે પરદેશી ધર્મ નીતિ રીતિ વસ્તુ ઉપર જે મોહ થયો છે તેને હણવો; આત્મસ્વરૂપ ઓળખી નિર્મળ થવું. રાગી વૃત્તિને અંકુશિત રાખીને વિરાગવૃત્તિ ધરવી કે જેથી આ લોકમાં દૃઢ નિયમે સારાં કામ થાય ને પરલોકમાં સારી ગતિ મળે.

એ ત્રણ શિક્ષાને માટે મંત્રબોધ નિત્યને માટે લોક સમસ્તને અર્થે આ પ્રમાણે કરે છે કે નિરભિમાન એ **બીજ**, સ્વધર્માનુષ્ઠાન એ **શક્તિ**; એ બે ષડૈશ્વર્યના ભોગની પ્રાપ્તિ કરવી. નિરભિમાન રેહવું એટલે ઇશ્વરેચ્છાને બળવતી માનવી, અને મમત્વ સ્વાર્થ ત્યાજવાની તથા સમતા પરોપકારબુદ્ધિ રાખવાની ટેવ પાડવી. સ્વધર્માનુષ્ઠાન એટલે પોતપોતાના ધર્મ કર્મ કે સંસારી ઉદ્યોગ શ્રદ્ધાએ કે ઠરી બુદ્ધિયે કરવાં; ષડૈશ્વર્ય એટલે ઈશ્વરજ્ઞાન, વૈરાગ્ય, સત્તા, બળ, યશ, શ્રી—વળી દુર્ઘટ સમયને માટે કહ્યું છે કે—

तपसा प्राप्यते लक्ष्मी स्तपसा राज्य मुतमं ॥
तपसा बलवृद्धि: स्यात्संग्रामे विजय स्तथा ॥१॥

તો તપ કરવું. પણ વનમાં જઇ યોગ સાધે કે એકાંતમાં ઊપાસના કરે તેવા મહેચ્છ જીવ અમણા નથી ત્યારે કેમ? પ્રત્યેક જણે પોતપોતાની બુદ્ધિને અનુસરતું કામ પોતપોતાના ઉદ્દેશને માટે એક લક્ષે કરયાં કરવું, પણ અભિમાન તથા પ્રપંચ મૂકીને; એમ કરવું તોજ એ તપ

ને એ તપકાળની અમુક અવધિયે ફળશે સૌને; વળી જેનું તપોબળ વિશેષ હશે તે મહાન પુરૂષની કીર્ત્તિ સંપાદન કરશે. *

ઘણા લોકની ધર્મ ઉપરથી આસ્થા ઘટી ગઈ છે ને નીતિ નબળી છે: વિશેષ, માંસ મદ્ય વાપરવાં, કે બળ ને જોસ્સો આવે એવું કેટલાક સુધારાવાળાનું મત હતું પણ હવે તે ફરયું છે; માંસ ઘણું વપરાતું થયું નહિ પણ મદ્ય બહુ વપરાતો થયો. સનાતન ધર્મે મદ્યને ચાર મહાપાતકમાનું એક ગણ્યું છે; કેમકે તેથી તમોગુણ વધે છે, બહુ પાપ થાય છે ને હીણા જન્મ લેવા પડે છે. યૂરોપ અમેરિકાના કેટલાક વિદ્વાનોએ મદ્ય પિવાથી ફાયદો નથી એવું સારી તપાસ કરીને બતાવ્યું છે. સંસારમાં ગેરફાયદા થાય છે તે ખુલ્લા દેખાય છે તે છતાં દારૂ બંધ થતો નથી. દારૂથી વિલાસની વૃત્તિ ને એથી નાફોતી વધેછે. પ્રવૃત્તિના વિચાર વધવાથી લોકની (પુરૂષ સ્ત્રી બંનેની) નીતિ નથી બગડી એમ કોણ કહેશે? ઇચ્છા મોટી ને નીતિ ખોટી તો ઇચ્છા કેમ પાર પડશે? ને એવી સ્થિતિમાં કદાપિ રાજ્ય મળ્યું તો તે ટકવાનું કેટલું? ધર્મ ઉપર મોટો અનાદર, ધર્મ રહિત અર્થ ને ધર્મરહિત સ્નેહ એથી મોટી હાની છે નિઃસંદેહ, ધર્મેજ જય છે.

કાળે સુધારાવાળાને ઉભા કીધા ને એઓએ હિંદુઓને બોધ આપી ચંચળ તથા પૃચ્છક કીધા; કાળે સુધારાવાળાનાં મત જૂદાં જૂદાં તે ચાર સમાજમાં દેખાડયાં; અને કાળ પ્રેરણા કરે છે કે હિંદુઓએ હવે તીસ વર્ષના અનુભવ ઉપરથી પોતાની નવી વ્યવસ્થા કરવી સુવૃદ્ધિ અર્થે. અમારૂં મત આ છેઃ—

ગતાભિમાન રહો થઇ,—થવે ધરો અભિમાન
ધર્મ કર્મ તપશે થશે, જયી સર્વ અભિમાન—૧

---

* તેનું નિરભિમાન તે મહાભિમાન ને તેનો અપ્રપંચ રૂપ થઇ મોટું અદભુત કર્મ દાખવશે કે જેનું પરિણામ મોટાં ઊંચાં ને લાંબો કાલ રહે તેવાં સુખમાં જોવાશે. તે સભા ઉપર મોટા પુરૂષો ભલે પોતપોતાના મંડલને અભિમાન ને પ્રપંચનો બોધ કરે. અભિમાનનો નિત્ય બોધ હિંદુ સરવેને કામનો નથી ને પ્રસંગ વિના તો તે કેવળ બકવાદજ છે. અભિમાનના કરતાં સંકલ્પ નિશ્ચયથી (ફરજ સમજી) કરવાથી કામ વધારે ને વધારે સારૂં થાય.

# સામાજીક તથા સનાતન ધર્મ સ્થિતિ.

કલકત્તાની બ્રહ્મસમાજ સંવત ૧૮૮૪ માં સ્થપાયલી તે વિષે હિંદુસ્થાનના બીજા ભાગના લોક જાણીતા નોહતા, પણ ૧૯૦૮ માં કેશવચંદ્રસેને નવી બ્રહ્મસમાજ સ્થાપી ને મુંબઈ આવી ભાષણ કીધાં ત્યારથી બંને સમાજના મત અહીંના લોકના જાણવામાં આવ્યાં. સંવત ૧૯૦૮માં કે વરસ એક બે અગાઉ પછી એટલામાં, પરમહંસ સભા મુંબઈમાં થઈ હતી પણ તે પોતાનું કામ ખાનગી રાખતી, તેનો ઉદ્દેશ લોક ખાવે પીવે જાતી ભેદ ન રાખે તેવું કરવાનો હતો ને તેવો બોધ કરવાને બહાર પડવું તેને સારૂ છૂપા સભાસદો નોંધાતા; તેની સંખ્યા સો એકની થઈ ને કેટલાએકે મમત લીધો કે હવે તો બહાર પડવુંજ, ત્યારે તે સભા તુટી ગઈ. પછી પાંચેક વર્ષે એમાંના કેટલાએક તથા બીજાઓએ મળી ૧૯૨૪માં પ્રાર્થનાસમાજ સ્થાપી જાતિભેદનો વિષય પડદામાં રાખી એક જગદીશ્વરની ભક્તિનો બોધ બહાર પાડયો. એમ દક્ષણીઓનું જોઈ અમદાવાદના ગુજરાતીઓએ પ્રાર્થનાસમાજ સ્થાપી (૧૯૩૦માં.) પછી સ્વામી દયાનંદે મુંબઇ આવી મૂર્ત્તિપૂજાની વિરૂદ્ધ ભાષણ કીધાં અને વેદને ન માનનારા બ્રહ્મસમાજ તથા પ્રાર્થનાસમાજ તેની સામા વેદને ઈશ્વર પ્રેરિત સ્થાપી દાખ્યો, (૧૯૩૧માં). અનેક ધર્મ કરવાને અતિઉત્સુક તે સૌ એક બીજાથી જૂદા પડયા; પોતપોતાના નાના નાના મંડળ બાંધી બેઠા. દક્ષણી કે ગુજરાતી પ્રાર્થનાસમાજમાં નોંધાયલા જનની સંખ્યા જૂજ છે ને તેઓની હિમત સનાતન ધર્મની આણમાંથી ખસવાની નથી; તેમ તેઓ નથી ભળતા બ્રહ્મસમાજમાં કે આર્યસમાજમાં. બ્રહ્મસમાજવાળા તો સનાતન ધર્મથી જૂદા પડી પોતાનું મત ઉત્સાહથી ચલાવે છેજ. સ્વામી દયાનંદ નવી નવી આર્યસમાજો સ્થાપવામાં, વેદનું ભાષ્ય કરી છપાવવામાં ને પ્રતિપક્ષીઓની સામા વાદ કરવામાં ઉદ્યમી છે. સોળ કરોડ હિંદુઓનું કલ્યાણ—એઓનું નવું ઐક્ય કરવાનું માન કોણ મેળવશે-સ્વામી કે સેન તે હવે પછી જણાશે.

કોઇ પણ સમાંજનો ધર્મ સંસાર પ્રવૃત્તિને નિંદતો નથીજ. જગત્માં જેટલા ધર્મ પ્રવર્ત્યા છે તે સઉએ તો તેને નિંદી છે, પણ એ ન છુટકાની હોવાથી તેમાં કેવી રીતે વર્તવું એને માટે બોધ કીધા છે. પૂર્વે

ત્યાગીઓએ ધર્મ ચલાવ્યા છે ને આજે આ દેશમાં રાગીજનો નિવૃત્તિધર્મ વિષયમાં પણ ઉત્તમ બોધ આપવાને મોટું અભિમાન કરે છે; વળી માનવ માત્રનો સામાન્ય ધર્મ પોતે બોધે છે તેજ છે કે જેવો બોધ પૂર્વે કોઇએ આપ્યોજ નથી. રજસ્તમસી બુદ્ધિવાદ! આ કાળના ખ્રિસ્તીઓના જય-સુખની લલુતાવાળો ને તે વળી દેશાભિમાન દ્વારા ને એનો પ્રકાર આવો કે ધર્મનું ઐક્ય કરવું, એકેશ્વરની ભક્તિએ કે સર્વે વર્ણ એક થઈ સદા પ્રવૃત્તિ-માંજ મચી રેહ! ઊત્સાહ ને પ્રયત્ન તો ખરો; પણ ગાઢો મોહ વિષયનો!

વેદધર્મના કાળકાળના સ્વરૂપ વિષે મેં આર્યસમાજમાં ભાષણ કીધું છે તોપણ પ્રસંગને માટે થોડુંક કહું છું. વિક્રમ પહેલાં દોડસો વર્ષ એ-ટલા કાળથી તે આજ લગી બ્રાહ્મણ આચાર્યોએ સ્થાપેલો ધર્મ આર્યલોક પરંપરાથી પાળતા આવ્યા છે. એ કાળના વેદોક્ત ધર્મના બે સ્વરૂપ (સ-હચર) અદ્વૈત શૈવ ને દ્વૈત વૈષ્ણવ-તેમાં શૈવ સંપ્રદાય પ્રધાન હતો (સં-વત ૧૨૫૦ સુધી) પછીથી વૈષ્ણવ સંપ્રદાય પ્રધાન થયો તે હજી પણ છે. (રામાનુજે ૧૧૮૯ માં જૈનધર્મી બલ્લાલ રાજાને વૈષ્ણવ કીધો હતો.) મુ-સલમાની રાજ્યકાળમાં વૈષ્ણવના ચાર સંપ્રદાય ઉપરાંત બીજા ઘણાઓ પંથ નીકલ્યા હતા. રામાનુજે અવસ્ય ઊંચી જાતના આર્યલોકને બોધ્ય પણ રામાનંદે નીચ જાતિ લોકને પણ બોધપાત્ર ગણ્યા. રામાંનંદે આર્ય સમસ્તનું ધર્મવિષયમાં ઐક્ય કરવાની યોજના કીધી ને એના શિષ્ય કબીરે આ દેશના હીંદુ મુસલમાન બંનેને ધર્મમાર્ગના ઐક્યમાં આણવાને ખંતે શ્રમ લીધો. એ સઘળા મતવાળા સનાતન ધર્મને અનુસરતા રહી પરધર્મ થકી સ્વધર્મનું રક્ષણ કરવાને અને જાતિઓનો દ્વેષ ન રહે તેવું કરવાને મથ્યા હતા. વર્તમાનમાં સનાતન ધર્મ વૈરાગ્યહીન નિયમનિશ્ચયરહિત દિગ્મુઢ છે, પણ બહુ કાળનો સ્થાપિત-બહુલોકમાન્ય-ને બહુબહુ રીતે પોતાના અંગપરસ્પર બળ સાથે ગંઠાએલો, એવો હોવાથી હજીપણ મહા-બળવાન છે. શાંતિ ને દૈવ કાળને પ્રધાન માનનારો સનાતન ધર્મ તે પણ કાળે કરીને મોહિત સ્તંભિત થયો છે! સમાજ ધર્મની સામો થતો નથી ને પોતાની વ્યવસ્થા પણ કરતો નથી.

એ પ્રમાણે સનાતન ધર્મ ને એનો ઉચ્છેદક સામાજીક ધર્મ એ બંને મોહવશ છે. સનાતન ધર્મે પોતાના બ્રાહ્મણ તથા સંન્યાસી દ્વારા સમયને માટે પોતાની વ્યવસ્થા કરવી; સામાજીક ધર્મે પોતાનો મમત દંભ મુકી સનાતન ધર્મને નમવું ને નિવૃત્તિ વિષયમાં તે પોતાનું મત ધ્યે

રતાવે;–એમ થશે ત્યારેજ આર્ય સમસ્તનું ધર્મૈક્ય સબળ થઈ પ્રકાશશે.

સંવત ૧૯૧૩ થી હું ગુજરાતીઓને નિવૃત્તિ પ્રવૃત્તિના ધર્મ વિષે ઉ-પદેશ કરતો થયો ને ૧૯૧૬ માં પરમહંસ સભામાં દાખલ થયા પછી મોટા આગ્રહથી બોલતો લખતો ને આચરતો થયો. સમાજનો ધર્મ તેજ મારો ધર્મ હતો; વિશેષ આ કે જગદીશ્વરની નિષ્કામ ભક્તિ કરવા વીષે પણ કહેતો ને જીવ શુદ્ર થઈ જગદીશ્વરમાં મલી જાય તે મોક્ષ માનતો.

સર્વ ઠામ દીસે મતમત વાદ, કીયો ધર્મ માનું જાણી શુદ્ધ,
કરયો મેં નિશ્ચય જગકર એક, નીતિમય બ્રહ્મ મમ દેવ,
કૃતિ કીર્તિ ગાવી થઈ નીતિમાન, નિષ્કામે તેની એ રૂડી પૂજા. *

એ વિચારો ઉપર વિચારો નિરંતર થયાંજ કરતા; તોપણ ૧૯૩ સુધી સામાજીક વિચાર મારા મનમાં હતા એમ કહેવાય. એ વર્ષને અં બ્રહ્મના તત્વસ્વરૂપ વિષે, તેના અવતરણ સ્વરૂપ વિષે ને વેદ ઈશ્વર પ્રે રિત છે એ વિષે હું નિસંદેહ થયેલો તેની જાંખી મેં ૧૯૩૧ના કારત વદ ચોથે બુદ્ધિવર્ધક સભામાં કરેલાં ભાષણને અંતે વાંચેલી કવિતાની પહેલ કડીમાં કરાવી હતી.–

આપ જાણતાં આપ બલેવડે, યોગ સાધતા થાઓ;
એક ઓમ્ શિંવશક્તિ જયથી, રંગ મુર્તી ને ધાઓ;
સત્ય પ્રેમ શૌર્યે હો, આર્યપણું પામવા હો.

---

* અસલ અમારા આ મુખ્ય વિચારો હતા:–"જગત્કર્તા એક છે તે સકલ સદ્ગુણયુક્ત છે; અનેક નામ તે ગુણ ઊપરથી. વેદ ઈશ્ પ્રેરિત નથી; દેવ પિતર નથી–વ્રત જપતીર્થ એથી ફલ નથી માત્ર મ શુદ્ધિ જોઇએ, શ્રાદ્ધ નિરર્થક છે. અવતાર વળી કેવા; ઈશ્વર નિરાકાર મૂર્તિ ન પુજવી. સ્વર્ગ નર્ક એટલે પાપ પુણ્યનો બદલો. જીવને જન્મ તર નથી, સૌ માણસ સરખાં છે, જાતિભેદનું પ્રયોજન નથી; અન્યધ સાથે ભોજન વહેવારથી ને મદ્યમાંસ વાપરવાથી પતિત થવાતું નથી. ધ ક્રિયાની અવશ્યતા નથી. લગ્નક્રિયા, મરણક્રિયા નિરર્થક છે. સમજ વયે પરણવું–સામસામાં વચન આપીને, અનીતિનો પશ્ચાતાપ એજ પ્ર યશ્ચિત, નીતિમાન થવા વિના ભક્તિમાન થવાય નહિ ઈત્યાદી. સંક્ષેપ સગુણ એક પરમેસ્વરને માનવો, તેના કામ નિયમ જોઇ તેની સ્તુતિ પ્ર ર્થના કરવી, પાપને માટે માફી માગવી ને સાદી સ્થિતિને માટે તેની કૃ માંગવી, એ પુણ્ય પાપનો બદલો છે, મુંવા પછી પણ જીવ છે, બીજો વો કર્મમાર્ગ ખોટો છે."

સોળ વર્ષે સ્વધર્મથી પતિત રહ્યા પછી પાછો સ્વધર્મના સિદ્ધાંતોને ત્ય માનતો થયો. ૧૯૩૩–૩૪માં નિવૃત્તિ પ્રવૃત્તિના ભાષણ કીધાં ને ૯૩૫ માં ગ્રહણકાળ પાલવા વિષે પત્રિકા પ્રસિદ્ધ કીધી તેથી લોક સૌએ ણ્યું કે મારા વિચાર બદલાયા.

આર્યલોકે જાણવું કે ઇશ્વિરપ્રતિ જીવના કર્તવ્ય એ વિષયમાં પૂર્વેના ાચાર્યોનું બોધેલું તેજ સત્ય છે; સમાજવાળાનું નહી. સમયનો ધર્મ અવ્યવસ્થિત છે તે પાછો વ્યવસ્થિત થશેજ, પણ અમણા (આપત્કાળમાં) ાએ પોત પોતાની બુદ્ધિને રૂચતો સ્થાપિત સંપ્રદાયમાંથી કોઈ પણ આ- રી રાખવો; એથીજ તેઓનું બાવરાપણું મટશે ને ચિત્ત વેહેવાર ધંધા- ાં લાગશે.

સમાપ્ત